# તી બંસાલા

ધ્યાય શ્રી પુષ્કર મુનિજી



ી પુસ્તક ભંડાર, અમદાવાદ.

# સતી બંસાલા

❋

ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી

# શ્રી લક્ષ્મી પુસ્તક ભંડારનાં શ્રેષ્ઠ પ્રકાશનો

| | | |
|---|---|---|
| જિંદગીનો આનંદ | ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી | ૧૨–૫૦ |
| જીવનનો ઝંકાર | ,, | ૯–૦૦ |
| સફળ જીવન | ,, | ૭–૫૦ |
| પુણ્યનો પ્રભાવ | ,, | ૨૫–૦૦ |
| બુદ્ધિનો ચમત્કાર | ,, | ૨૩–૦૦ |
| નારી–નરથી આગળ | ,, | ૨૫–૦૦ |
| મહાસતી મદનરેખા | ,, | ૨૫–૦૦ |
| રાજકુમાર મહાબલ | ,, | ૨૫–૦૦ |
| સતી પદ્મિની | ,, | ૩૦–૦૦ |
| વીર અંબડ | ,, | ૩૦–૦૦ |
| કર્મરેખા | ,, | ૩૦–૦૦ |
| માનભંગ | ,, | ૩૦–૦૦ |
| વીરાંગદ–સુમિત્ર | ,, | ૩૦–૦૦ |
| બોલતાં ચિત્રો | શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી | ૩–૦૦ |
| ભગવાન મહાવીર એક અનુશીલન | ,, | ૪૦–૦૦ |
| ચિંતનની ચાંદની | ,, | ૭–૦૦ |
| ધર્મ અને સંસ્કૃતિ | દેવેન્દ્રમુનિ | ૯–૦૦ |
| અતીતનાં અજવાળાં | ,, | ૧૧–૫૦ |
| શ્રી જૈનતત્વ પ્રકાશ | આચાર્ય આનંદ ઋષિજી | ૭૦–૦૦ |
| યાત્રી | કવિ રત્ન શ્રી કેવલ મુનિજી | ૨૬–૨૫ |
| સુવર્ણ કંકણ | ,, | ૩૨–૦૦ |
| તરંગવતી | ,, | ૨૩–૭૫ |
| હાર–જીત | ,, | ૧૮–૦૦ |
| યોગીનું વરદાન | ,, | ૧૮–૦૦ |
| સુરસુંદરી | ,, | ૧૮–૦૦ |
| મૈનાસુંદરી | ,, | ૨૨–૦૦ |
| વિધાતાના લેખ | ,, | ૨૨–૦૦ |
| વિચિત્ર ન્યાય— | | ૩૨–૦૦ |
| જીવનમાં સ્વર્ગ અને નરક ૧–૨ | લે. મુ. નેમિચંદ્રજી | ૪૦–૦૦ |
| ભ. મહાવીરનું જીવન અને દર્શન | શ્રી રાજેન્દ્ર મુનિ | ૩–૦૦ |
| ત્યાગવીર જમ્બૂ | ,, | ૨૫–૦૦ |

# સતી બંસાલા

લેખક

ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી

સંપાદક,

શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી

શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ : અમદાવાદ-૧

'Sati Bansala'
by Devendra Muni
Price : Rs 37–50

પ્રકાશક :
શ્રી ધનરાજભાઇ ઘાસીરામ કોઠારી
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર,
ગાંધી માર્ગ, અમદાવાદ-૧.

(C) શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર

પ્રથમ આવૃત્તિ ૧૯૮૨

કિંમત રૂા ૩૭–૫૦

મુદ્રક :
માનવ રોજગાર કાર્યાલય,
એ. ૭ જે. કે. એસ્ટેટ
રૂસ્તમ મિલ સામે,
અમદાવાદ.

# પ્રકાશકીય

વાર્તા લોક-સાહિત્યનું હૃદય છે. સાક્ષર, નિરક્ષર, બાળક-વૃદ્ધ, ધનવાન કે ગરીબ બધાને તે સમાન રીતે ઉપયોગી છે. વાર્તા સાહિત્યની આ એક વિશેષતા છે કે, જે જેટલી સાંભળવામાં આવે છે, તે બધી જ કુદરતી રીતે યાદ રહી જાય છે. જીવનમાં સંસ્કાર રેડવા માટે વાર્તા કરતાં અન્ય કોઈ સુગમ સાધન નથી. આ જ કારણને લીધે વિશ્વના દરેક ભાગમાં વાર્તા સાહિત્ય લોકપ્રિય રહ્યું છે.

જૈન વાર્તાસાહિત્ય ખૂબ વિશાળ છે, જે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને વિવિધ પ્રાન્તીય ભાષાઓમાં લખાયેલું છે. શ્રદ્ધેય સદ્‌ગુરૂવર્ય અધ્યાત્મયોગી ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી મહારાજે જૈન કથાઓ આધુનિક ભાવ-ભાષામાં રજુ કરીને હિન્દી સાહિત્યને એક મહાન ભેટ આપી છે. કથાની ભાષા સરળ અને રોચક છે. કથાની ઘટના અને વસ્તુ સરળ આકર્ષક છે.

આ કથાઓનું સંપાદન કરવાનું શ્રેય સમર્થ સાહિત્યકાર શ્રી દેવેન્દ્ર મુનિજી તથા કલમ-કલાધર શ્રીચન્દજી સુરાના 'સરસ'ને છે. આ સાહિત્ય ગુજરાતીમાં પ્રગટ કરવાની અનુમતિ આપવા બદલ પૂજય ગુરુદેવ શ્રી પુષ્કર મુનિજી તથા શ્રી દેવેન્દ્ર મુનિજીનો અત્યંત આભાર માનું છું.

આવા સાહિત્યનું ગુજરાતીમાં ભાષાંતર થાય અને ગુજરાતની જનતા તેનો લાભ લઈ શકે તે હેતુથી ગુજરાતીમાં આ પુસ્તક રજુ કરતાં આનંદ અનુભવું છું.

મારા સ્નેહી શ્રી ચંદ્રકાન્તભાઇ અમીનને ગુજરાતી અનુવાદનું કામ સોંપવામાં આવ્યું અને તેમણે સહર્ષ ઉમંગથી ત્વરિત અનુવાદ કરી આપ્યો તે બદલ શ્રી ચન્દ્રકાન્તભાઇ અમીનનો પણ આભાર માનું છું.

આ જ રીતે મુનિજીનું સાહિત્ય ગુજરાતી જનતા સમક્ષ પાંચ પુસ્તક રૂપે પ્રકાશન કરવાની યોજના હતી. પરંતુ ગુજરાતની કદરદાન જનતાના આવકારને લક્ષમાં લઇને આ ચૌદમું પુસ્તક સતી બંસાલા 'વાચકોના કરકમળમાં મૂકતાં આનંદ અનુભવું છું, ગુજરાતની જનતા આ સાહિત્યને આવકારશે એવી અપેક્ષા સાથે.

—ધનરાજભાઈ કોઠારી

# સંપાદકીય

સાહિત્યમાં કથા સૌથી વધુ સરળ સરસ અને શીઘ્ર અસર કરનારી વિદ્યા છે. વિશ્વ-સાહિત્યમાં પણ વાર્તા-સાહિત્ય સૌથી વધુ પ્રિય રહ્યું છે, તેથી બીજા સાહિત્ય કરતાં તેનો વિસ્તાર પણ વ્યાપક ફલક પર થયો છે. ભાર-તીય સાહિત્યમાં પણ વાર્તાઓના રૂપમાં વિશાળ સાહિત્ય જોવા મળે છે. વાર્તાસાહિત્યનો અખૂટ ભંડાર ભારતીય સાહિત્યની વિશેષ સંપત્તિ છે.

ભારતીય સાહિત્યમાં પણ જૈન તથા બૌદ્ધ કથાસાહિત્ય પોતાનું વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. શ્રમણ પરંપરામાં જૈનો તથા બૌદ્ધોએ ભારતીય વાર્તા-સાહિત્યમાં વધારો જ નથી કર્યો, પરંતુ તેને નવી દિશા પણ આપી છે. વાર્તાનો મૂળ હેતુ મનોરંજન તથા મનોરંજનના માધ્યમ વડે બોધ આપવાનો છે, શ્રમણ પરંપરાના વાર્તા-સાહિત્યમાં વાર્તા ફક્ત મનોરંજન માટે જ નથી, પણ મનોરંજન સાથે વૈરાગ્ય, આચાર, ધર્મ, દર્શન, નીતિ, પુનર્જન્મ કર્મ-ફળ વગેરે વિષયોની રજુઆત કરવાનું રહ્યું છે. બૌદ્ધોની જાતક કથાઓ પણ લગભગ આ જ શૈલીની છે. જૈન વાર્તાસાહિત્યનો તો મૂળ હેતુ જ આ પ્રમાણે રહ્યો છે—'વાર્તાના માધ્યમ દ્વારા કોઈ ને કોઈ સત્પ્રેરણા આપવી.'

આગમોથી શરૂ કરીને પુરાણ, ચરિત્ર, કાવ્ય, રાસ તથા લોકકથાના રૂપમાં જૈન ધર્મની હજારો વાર્તાઓ પ્રસિદ્ધ છે. પુરાણ, રાસ તથા આખ્યાનના રૂપમાં તે આજે પણ રસપૂર્વક વંચાય છે. મોટા ભાગનું વાર્તા-સાહિત્ય પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, ગુજરાતી અને રાજસ્થાની ભાષામાં

હોવાને કારણે અને તે પદ્ય–બધ્ધ હોવાને કારણે મોટા ભાગના વાચકો તેનો લાભ ઊઠાવી શકતા નથી, ફક્ત તેનો મહિમા અને વર્ણન સાંભળીને જ કંઈક જાણી શકે છે.

જૈન કથા–સાહિત્યના આ અમૂલ્ય ભંડારને આજની લોકભાષા રાષ્ટ્રભાષા હિન્દીમાં રજૂ કરવાનું કાર્ય અત્યંત જરૂરી છે. એ અંગે કેટલાક સુંદર પ્રયાસો પણ શરૂ થયા છે, પણ અપાર, અથાગ વાર્તાસાહિત્યનો સંગ્રહ કરવો એ કોઈ એક વ્યક્તિનું કામ નથી. જેમ જગન્નાથના રથને હજારો હાથ ભેગા મળીને ખેંચે છે, તેવી રીતે પ્રાચીન કથાસાહિત્યનો પુનઃઉધ્ધાર કરવા માટે અનેક મનસ્વી ચિંતકોના લાંબા ગાળાના પ્રયત્નોની જરૂર છે. આ જરૂરિયાતને પૂર્ણ કરવાના હેતુથી પૂજ્ય ગુરૂદેવ, રાજસ્થાન કેસરી અધ્યાત્મયોગી ઉપાધ્યાય શ્રી પુષ્કરમુનિજી મહારાજ અનેક વર્ષોથી પ્રયત્ન કરી રહ્યા છે. પૂજ્ય ગુરૂદેવશ્રીએ પોતાના વિશાળ અધ્યયન–અનુશીલનના આધારે સેંકડો જૈન વાર્તાઓ લખી છે. તે પ્રાચીનતમ સભ્યતા સંસ્કૃતિ, તથા માનવ સ્વભાવને પારખવામાં ઉપયોગી છે.

અમારૂં મોટું સદ્ભાગ્ય છે કે, પૂજ્ય ગુરૂદેવ દ્વારા લખાયેલ ગદ્ય–પદ્યાત્મક એ વિરાટ કથાસાહિત્યનું સંપાદન કરવાની જવાબદારી અમને મળી છે. એ પ્રયત્નમાં અમે કેટલા સફળ ગયા છીએ તેનો નિર્ણય તો વિજ્ઞ વાચકો જ કરશે, અમને તો એ વાતનો આનંદ થાય છે કે સાહિત્ય-સેવાનો શુભ પ્રસંગ અમને મળ્યો અને જન–સમુદાયને માટે સત્સાહિત્યના રૂપમાં એક સન્મિત્રને તમારી સમક્ષ મૂકવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

–શ્રી દેવેન્દ્ર મુનિ

# લેખકની કલમે

## જૈન કથાસાહિત્ય : પ્રયોજન અને સ્વરૂપ

જૈન આગમોના ઐતિહાસિક સંશોધનથી એટલું જાણવા મળે છે કે ભગવાન મહાવીર પોતાના ધર્મોપદેશમાં કથા–વાર્તા–રૂપક વગેરેનો પ્રયોગ કરીને ધર્મ તથા તત્ત્વજ્ઞાનના ગંભીર તત્ત્વને વધુમાં વધુ સરળ, સુબોધ અને રૂચિકર બનાવવામાં અત્યંત નિપુણ હતા. નાયધમ્મકા, વિપાકસૂત્ર, નિરયાવલિકા, ઉત્તરાધ્યયન વગેરે આગમોમાંથી એટલી વાત તો સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરે એવાં હજારો દૃષ્ટાન્તો અને રૂપકોનો ઉપયોગ પોતાના ઉપદેશમાં કર્યો હતો. દુર્ભાગ્યવશ તેમાંથી થોડોક જ ભાગ આજે પ્રાપ્ત છે અને મોટો ભાગ આજે નાશ પામ્યો છે.

ભગવાન મહાવીરના ઉપદેશોમાં વધુ તો લઘુકથા, આખ્યાયિકા અને લઘુ–રૂપકોનો પ્રયોગ જ થયા કરતો હતો. તે કથાઓનો એક પવિત્ર હેતુ રહેતો કે શ્રોતાઓની શુભ જિજ્ઞાસા જાગૃત થાય. અશુભકર્મથી છૂટીને શુભકર્મ-પ્રવૃત્તિની પ્રેરણા મળે. કથા–રચનામાં આવો ઉચ્ચ અને ઉદાત્ત આદર્શ જૈન કથાસાહિત્યની પોતાની વિશિષ્ટતા છે. સામાન્ય રીતે કથાનો હેતુ મનોરંજન હોય છે, પણ જૈનકથા બાબતમાં અધિકારપૂર્વક કહી શકાય કે તેનો હેતુ મનોરંજન માત્ર નથી, પણ મનોરંજનની સાથે કોઈ ઉચ્ચતર આદર્શની સ્થાપના કરવી, અશુભ કર્મોનું કટુફળ-પરિણામ બતાવીને શુભકર્મ તરફ પ્રેરિત કરવાનું રહ્યું છે. ઉચ્ચતર સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી. વ્યક્તિત્વના મૂળભૂત ગુણ-સાહસ, અનુ—

શાસન, ચાતુરી, સજ્જનતા ઉદારતા, સદાચાર અને વ્રતનિષ્ઠા વગેરેને પ્રોત્સાહિત કરવા તથા તેમના ચારિત્ર્યમાં આ સંસ્કારોને રોપવા આ જૈન કથા-સાહિત્યનું મુખ્ય પ્રયો-જન છે.

આગમ સાહિત્ય પછી જે કથા-સાહિત્ય રચાયું, તેની ધારામાં એક નવું પરિવર્તન આવ્યું. આગમ કથાઓ, ચરિત્રો અને મહાપુરૂષોના નાના-મોટા જીવન પ્રસંગોને લઇને મૂળ કથાવસ્તુમાં આડકથાઓને ગૂંથી લઈને તથા મૂળ ચરિત્રને પૂર્વજન્મના પ્રસંગોથી સમૃદ્ધ કરવી, કથા-વસ્તુનો વિકાસ અને વિસ્તાર કરવો પછીથી રચાયેલા સાહિત્યની એક શૈલી બની ગઇ. આ કથાશૈલી પર રામાયણ, મહાભારત તથા જાતક શૈલીનો પ્રભાવ જોવા મળે છે. તેને જો આપણે પૌરાણિક કથાશૈલી કહીએ તો તેનો સૌથી પ્રાચીન કથાગ્રંથ વસુદેવહિંડી છે, (પ્રાકૃત-ગદ્યબહુલ) જે સૌથી વધુ પ્રાચીન આકર ગ્રંથ છે, તે પછી વાલ્મીકિ રામાયણની શૈલી પર વિમલસૂરિએ 'પઉમ-ચરિય' અને વ્યાસના મહાભારતની શૈલી પર 'હરિવંસ-ચરિય' જેવા બે વિશાળ કથાગ્રંથોનું સર્જન કર્યું.

તે પછી તો પૌરાણિક શૈલી એટલી બધી લોકપ્રિય બની કે, મહાપુરુષોના, 'ત્રિષષ્ટિશલાકા પુરૂષચરિત્ર,' 'આદિનાથચરિત્ર,' 'શાંતિનાથચરિત્ર,' 'મલ્લિનાથચરિત્ર,' 'નેમિનાથચરિત્ર,' મહાવીરચરિત્ર' વગેરે અનેક તીર્થંકરો, ચક્રવર્તી વાસુદેવ, બલદેવ વગેરેના સ્વતંત્ર ચરિત્ર ગ્રંથોની રચના થઈ અને એ ચરિત્ર ગ્રંથોમાં સેંકડો આડકથાઓ ગૂંથી લઇને તેને રોચક ને વિસ્તૃત કરવામાં આવી.

આખ્યાનપદ્ધતિ પર પણ જૈનાચાર્યોએ અનેક સરસ કથાગ્રંથોની રચના કરી. પાદલિપ્તસૂરિની 'તરંગવતી' હરિભદ્રસૂરિની 'સમરાઇચ્ચ કથા ઉપદેશપદ' ઉદ્યોતસૂરિની 'કુવલયમાલા કહા,' વિજયસિંહસૂરિની 'ભવનસુંદરી કથા,' જિનેશ્વરસૂરિની 'નિર્વાણ લીલાવતી કથા' વગેરે આખ્યાયિકા કથાશૈલીના મુખ્ય અને પ્રસિદ્ધ ગ્રંથ છે.

કથાગ્રંથોની રચનામાં એક ત્રીજી શૈલીનો વિકાસ પણ થયો, જેને આપણે 'કથાકોષ' અથવા કથાસંગ્રામના રૂપમાં આજે પ્રાપ્ત કરીએ છીએ. જિનેશ્વરસૂરિનું 'કથાકોષપ્રકરણ,' આમ્રદેવસૂરિનું 'આખ્યાનક મણિકોષ,' હરિષેણનું 'બૃહત્કથા-કોષ' ધર્મદાસ ગણિનું 'ઉપદેશમાલા' તથા શુભવર્ધમાન ગણિનું 'વર્ધમાનદેશના' વગેરે વિવિધ કથા-કુસમોને ગુલછડીના રૂપમાં આ કથાગ્રંથો નાનાં દૃષ્ટાંતો દ્વારા સત્કર્મની શુભ પ્રેરણા–સુવાસ ફેલાવી રહ્યા છે. તે ઉપરાંત વિદ્વાન આચાર્યોએ સમયે સમયે કોઈ એક પૌરાણિક ચરિત્ર લઈ ને, કોઈ આગમગત કથાસૂત્રને લઈ ને અથવા સ્વતંત્ર રૂપથી પણ ઘણાં સર્જન કરીને સેંકડો કથાગ્રંથોની રચનાઓ કરી છે. આ કથાગ્રંથો પહેલાં પ્રાકૃતમાં રચવામાં આવતા હતા, પછી સંસ્કૃત શૈલી ચાલી, પછી અપભ્રંશ યુગ આવ્યો તો અપભ્રંશમાં પણ લખાયું અને પછી તો અનેક જૈન કવિઓએ ગુજરાતી મિશ્રિત રાજસ્થાનીમાં રાસ, ચોપાઇ, લખાણના રૂપમાં સેંકડો સરસ, રોચક અને પ્રેરણાદાયક કથાકાવ્યોનો સૃષ્ટિથી સરસ્વતીના ભંડારને સમૃદ્ધ કર્યો. પરંપરાની ભિન્નતા અનુશ્રુતિઓનું અંતર તથા સમયના લાંબા પટને કારણે કથાસૂત્રો પરસ્પર ભિન્નતા અને પ્રસંગોના જોડ-તોડમાં પણ ઠીક ફેર પડી ગયો.

અનેક કથાઓ તો એવી છે, જે અત્યંત પ્રસિદ્ધ હોવા છતાં પણ કથાગ્રંથોમાં જુદી જુદી જોવા મળે છે. કેટલીક કથાઓ આગમોમાં વર્ણવાયેલી છે. તેને પછીના સાહિત્યમાં આડકથાઓ જોડીને વિસ્તૃત પણ કરવામાં આવી છે.

કથાસૂત્રોનું આ વૈવિધ્ય જોયા પછી એ પ્રયત્ન કરવો રહ્યો કે કથાનો મૂળસ્રોત ક્યાં છે–કેવો છે અને એમાં જે મતભેદ અથવા આડકથાઓ છે, તે માન્ય છે કે નહીં–આ કામ ફક્ત જલમંથન કરવા જેવું જ ગણાય.

કથાની ઐતિહાસિકતાને બદલે આપણું લક્ષ્ય તેની પ્રેરકતા તરફ રહેવું જોઇએ. હજારો લેખકોએ જુદા જુદા દેશ કાળમાં જે કથાગ્રંથો રચ્યા છે તેમનામાં મત-ભિન્નતા, કથા-સૂત્રમાં જુદા જુદા પ્રકારની તોડ જોડ તથા નામ વિગેરેમાં વિવિધતા હોવી એ કુદરતી છે. અનેક કથાગ્રંથોના અભ્યાસ પછી અમારો વિશ્વાસ છે કે આપણે પ્રાચીન ગ્રંથોની 'શબ-પરીક્ષા' ન કરતાં, 'શિવ-પરીક્ષા' (કલ્યાણકારી તત્ત્વની પરીક્ષા) કરવાની ટેવ પાડવી જોઈએ જે કથાગ્રંથમાં જ્યાં જે ઉચ્ચ આદર્શ, પ્રેરક તત્ત્વ, અથવા જીવન-નિર્માણ કરનારાં મૂલ્યો જોવા મળે છે, તેને કોઈ પણ પ્રકારના ભેદ-ભાવ વિના સ્વીકારી લેવાં જોઈએ. અનેક ગ્રંથોમાં એવું જોવા મળે છે કે એક જ કથાનક જુદા જુદા પ્રસંગમાં જુદા જુદા રૂપમાં લખાયેલું જોવા મળે છે. ક્યાંક કથાનો પૂર્વાર્ધ આપીને તેને છોડી દીધો છે, ક્યાંક ઉત્તરાર્ધ ક્યાંક થોડો ભાગ જ. આવી સ્થિતિમાં કથાસુત્રોને

સંપૂર્ણ રૂપમાં લખવા અત્યંત મુશ્કેલ બની જાય છે. અને તેમાં વિવાદપ્રદ પ્રશ્ન પણ ઉપસ્થિત થઈ શકે છે. અમે એવા પ્રસંગોએ એવો પ્રયત્ન કર્યો છે કે જ્યાં સુધી જે કથાસૂત્ર સંપૂર્ણ મળ્યું છે તેને બે-ત્રણ કથા ગ્રંથના સંદર્ભને જોડીને પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ કથાસાહિત્યની વિશાળતા અને વિવિધતાને જોતાં કોઈ કથાનકની પૂર્ણતા સમગ્રતા અને પ્રાચીનતાની પૂરેપૂરી ખાત્રી આપી શકાય નહીં એ તો બહુશ્રુત વાચકો પર જ આધાર રાખે છે કે, તેમને ક્યાંય કોઇ કથાસૂત્રના સંબંધમાં નવું કથાનક મળે તો તેઓ લેખકને દર્શાવે, જેથી તેમના સંશોધન-પરિવર્ધનમાં પ્રગતિ થઈ શકે.

અમને વિશ્વાસ છે કે આનાથી અનેક વાચકોને અનેક પ્રકારનાં રોચક ચરિત્રોના માધ્યમથી વિવિધપ્રકારની પ્રેરણા મળશે. આ વિવધ પ્રકારની રુચિવાળા વાચકોની વિવિધ રૂચિઓને તૃપ્ત કરવાનો એક સફળ પ્રયત્ન સિદ્ધ થઇ શકશે.

પ્રસ્તુત કથામાળાનું સંપાદન દેવેન્દ્ર મુનિ તથા શ્રી શ્રીચન્દજી સુરાનાએ કર્યું છે તે માટે હું તેમને સાધુવાદ આપું છું.

શ્રી પુષ્કર મુનિ


# સમર્પણ

પરમ શ્રદ્ધેય રાજસ્થાનકેસરી
અધ્યાત્મયોગી ઉપાધ્યાય

**શ્રી પુષ્કર મુનિજી**

જેમનો ધર્મોપદેશ જીવનને
પ્રેરણા આપતો રહ્યો છે તેવા
પૂ. ગુ.શ્રીના ચરણકમળોમાં.

ધનરાજભાઈ કોઠારી



# અનુક્રમણિકા


| | |
|---|---|
| સતી બંસાલા-૧ | ૧ |
| સદયવત્સ સાવલીંગા | ૧૩૧ |
| મખતૂલજાદી | ૧૮૫ |
| સિંહલકુમાર | ૨૩૧ |
| સત્યવાદી હરીશ્ચન્દ્ર | ૩૨૩ |
| દાડમીયા શેઠ | ૪૨૩ |

# સતી બંસાલ:

*

# સતી બંસાલા—૧

પિતાના મૃત્યુ પછી યુવરાજ જયસિંહ પૃથ્વીપુરના રાજા બન્યા. રાજ્યાભિષેક પછી જ તેમનાં લગ્ન થયાં. પૃથ્વીપુરની સજાવટ થઇ. રાજમાર્ગો ફૂલોથી પથરાઈ ગયા. આ યુગની પરંપરા અનુસાર નવપરણેતર રાણીનું નવું નામ રાખવામાં આવ્યું જયસેના.

પત્નીએ બધી જ રીતે પતિને અનુકૂળ જ થવું જોઈએ; ત્યાં સુધી કે નામ પણ પતિ જેવું જ હોય. એટલા માટે રાજકુળમાં અને શેઠકુળમાં જ્યારે લગ્ન કરીને વહુ પતિગૃહે આવતી હતી તો તેનું નામ પતિના નામને અનુરૂપ રાખવામાં આવતું હતું.

મહારાણી જયસેના ગુણ-સ્વભાવથી પણ મહારાજ જયસિંહને અનુકૂળ જ હતી. તે પતિ અનુગામિની, પરમ સુંદરી અને પતિવ્રતા સન્નારી હતી. મહારાજ જયસિંહ ન્યાયપ્રિય શાસક, શૂરવીર યોદ્ધા અને પ્રજાવત્સલ સમ્રાટ હતા. તેમના સુશાનમાં પ્રજા બધી રીતે સુખી હતી.

લગ્ન પછી થોડાં વર્ષ પ્રિયતમ-પ્રિયતમાના મધુ-મધુર આકર્ષણમાં વીતી ગયાં અને હવે બંને જ લગ્નનું ફળ સંતાન માટે વ્યગ્ર થઇ ઊઠયાં.

પણ જ્યારે ભાગ્યમાં જ સંતાન ન હોય તો વ્યગ્ર થવાથી શું થવાનું છે ? ભાગ્ય ઘણું પ્રબળ છે. ભાગ્ય વિના ઉદ્યમ—ઉપાય પણ કશું નથી કરી શકતા. પરંતુ ઉદ્યમ ન કરો, હાથ પર હાથ રાખીને બેસી રહો, એ બધું ભાગ્યમાં ક્યારે લખ્યું હોય છે ?

આમ વિચારીને પૃથ્વીપુર નરેશ મહારાજ જયસિંહે સંતાન પ્રાપ્તિ માટે અનુષ્ઠાન દેવપૂજન વિગેરે ઘણું બધું કર્યું અને પાંત્રીસ વર્ષ એમ જ નીકળી ગયાં. આ બધું ભાગ્ય નહોતું તો બીજું શું હતું કે લગ્નનાં પાંત્રીસ વર્ષ પછી રાજા જયસિંહ પુત્રવાન ના બન્યા અને રાણી જયસેનાનો ખોળો સૂનો જ રહ્યો.

સંતાનાભાવના આ દુઃખે પૃથ્વીપુરની પ્રજાને પણ દુખી કરી દીધી, કારણ કે ઉત્તરાધિકારીના અભાવથી કોણ જાણે ક્યા રાજાનું રાજ થશે, એવી તેમને શંકા રહેતી.

પાંત્રીસ વર્ષ પછી રાજદંપતીનું ભાગ્ય ખૂલ્યું. સૂતેલું ભાગ્ય નિરાશ કરીને પણ જાગે છે. મહારાણી જયસેના ગર્ભવતી થઈ. ચંદ્ર દર્શનનું સ્વપ્ન જોઈને તેણે ગર્ભને ધારણ

કર્યો. રાજા રાણીને એટલી બધી અપાર ખુશી થઈ કે પાંત્રીસ વર્ષ તો નીકળી ગયાં. પણ હવે નવ મહિના નહોતા નીકળી શકતા. રાજા તો એક એક દિવસ ગણતા હતા. એક દિવસ રાણીને કહ્યું–

'હજુ તો ચાર જ મહિના વીત્યા છે. કોઈ એવો ઉપાય નથી કે ચાર મહિના પછી જ તું બાળકની મા બની જાય ?'

શરમાઇને રાણી બોલી—

'કોઇ રાણી હોય કે ભિખારણ, બાળક તો બધાને નવ મહિનામાં જ થશે. ઘણું ધન હોવાથી પ્રકૃતિ નિયમને બદલવા કોણ સમર્થ છે ?'

આખરે નવ મહિના વીત્યા જ. સાત દિવસ બીજા ઉપર વીત્યા. પ્રૌઢ વયે રાણી જયસેનાએ સૂર્યકાંત પુત્રને જન્મ આપ્યો. તેની મુખમુદ્રા ઉદય પામેલા સૂર્યની કાન્તી જેવી હતી.

જન્મોત્સવની વાત જ શી કરવી ? ભિખારીઓની ઝોળીઓ તેમણે ખોળી ખોળીને ભરી દીધી. દાસીઓના હાથમાં સોનાનાં કંકણ ઝળકવા લાગ્યાં. આ બધા પછી પંડિતોની વારી આવી. પંડિત તો આપીને લે છે.

બારમા દિવસે નામ કરણની વિધિ થઈ. સિંહ રાશીમાં જન્મેલા બાળકનું નામ સુકનસિંહ રાખવામાં આવ્યું. નામ

પાડનાર પંડિતોને એક સહસ્ત્ર મહોરો મળી. હવે બાળકની જન્મપત્રિકા બનાવવા વાળા પંડિત આવ્યા. તેમણે મુકનસિંહની જન્મપત્રિકા બનાવી અને તિથિ અનુસાર ભવિષ્ય ફળ પણ લખી નાખ્યું.

સંજોગોવશાત જ પૃથ્વીપુરમાં કાશીના પંડિત આવ્યા. રાજાએ તેમનું દરબારમાં સ્વાગત કર્યું. તેમને આશીર્વાદ આપીને કાશીના જ્યોતિર્વિંદ પંડિત વિષ્ણુભટે પૂજ્યાસન ધારણ કર્યું. રાજા બોલ્યા–

'પૂજ્ય વિપ્ર ! તમે વિદ્યાપુરી કાશીથી આવ્યા છો. મારા પુત્ર મુકનસિંહની જન્મપત્રિકા જોઈને પણ કાંઇક કહો.'

પંડિત બોલ્યા–

'રાજન્ ! જ્યોતિષ એ નેત્ર છે, જેનાથી ભવિષ્ય જોઇ શકાય છે. યોગ્ય તિથિએ હું બધું જ બતાવીશ.'

રાજા જયસિંહે બાળક મુકનસિંહની તે જન્મપત્રિકા મંગાવી, જે પૃથ્વીપુરના પંડિતોએ બનાવી હતી. કાશીના પંડિતે આખી જન્મપત્રિકાનું અવલોકન ધ્યાનથી કર્યું અને પછી બોલ્યા–

'રાજન્ ! તમારો પુત્ર યશસ્વી, પરાક્રમી અને ભાગ્યશાળી છે. આ બધું જ આ પત્રિકમાં લખેલું છે. આ બધું

સાચું તો છે પરંતુ...'

કહેતાં કહેતાં પંડિત વિષ્ણુભટ્ટ અટકી ગયા. રાજાનું મુખ ઉદાસ થઈ ગયું. કારણ કે 'પરંતુ' ના પછીનું અટકી જવામાં કાંઈક અશુભ વાકય છુપાયેલું હતું. ધીરજ રાખીને રાજા બોલ્યા–

'વિપ્ર ! પરંતુની આગળ જે કાંઇ હોય, તે નિઃસંકોચ પણે જણાવો. હું હિંમતથી સાંભળવા તૈયાર છું.'

વિપ્ર બોલ્યા–

'રાજન ! તમારા પુત્રનું આયુષ્ય અલ્પ છે. છ મહિના પછી જ તે મરી જશે.'

ધૈર્યવાન હોવા છતાં પણ રાજા જયસિંહ સાંભળી શકયા નહીં. સિંહાસન પર ઢગલો થઈ ગયા. સભામાં સન્નાટો ફેલાઇ ગયો. પરમેશ્વરની આ હસાવીને રડાવવાની કેવી યોજના હતી ? પ્રયત્ન કર્યા પછી રાજાની મૂર્છા ઉતરી. તે બોલ્યા–

'વિપ્રવર ! ફરી ગણત્રી કરો. તમારાથી ગ્રહ ગોચર જોવામાં કાંઈક ભૂલ થઈ હોય તેમ લાગે છે. ભૂલ બધાથી થાય છે. યશસ્વી અને પરાક્રમી હોવાવાળો બાળક આટલો અલ્પ આયુષ્ય વાળો કેવી રીતે હોઇ શકે ?'

વિપ્ર બોલ્યા—

'રાજન! એક વાર સૂર્ય પશ્ચિમમાં ઊગી શકે છે, પણ કર્મ રેખા નથી ભૂંસાઇ શકતી. લેખ પર મેખ મારવા વાળો અત્યાર સુધીમાં કોણ જન્મ્યો છે? કર્મબળની આગળ તો તાર્થંકરોને પણ ઝુકવું પડ્યું છે. તમારા પુત્ર મુકનસિંહ બાબતમાં મેં જે કાંઇ કહ્યું છે તે મેરૂની જેમ અડગ છે.

'એની સાથે જ આગળ એટલું છે કે જો કોઈ બાર વર્ષની સુલક્ષણા રાજકન્યાની સાથે આ બાળકનાં લગ્ન થઈ જાય તો તે પતિવ્રતાનું તેજ, કવચ બનીને આ બાળકને યમના પાશામાંથી બચાવશે. ત્યારે આ બાળક દીર્ઘ આયુષ્ય વાળો થઇને યશ પ્રાપ્ત કરશે. ચાહે ગમે તે હોય, પણ મારું આ વાકય ખોટું પડી શકે જ નહીં.'

ડૂબતાને તણખલાનો સહારો ઘણો હોય છે. રાજાને આશા મળી ગઈ. તેમની પાસે હવે ઉપાય કરવાની છૂટ હતી. રાજાએ મતિસાગર મંત્રીને કહ્યું-

'મંત્રીવર! છ મહિના હોય છે ય કેટલા? પૂરા બસો દિવસો પણ નથી હોતા. છ મહિના પહેલાં જ મુકનસિંહનાં લગ્ન કરી દેવાં છે. આજથી શું, અત્યારથી જ તમે બાર વર્ષની રાજકન્યાની શોધમાં લાગી જાવ.'

મંત્રી બોલ્યો-

'પણ રાજન ! કન્યા મળી જ ગઇ તો લગ્ન કેવી રીતે થશે ? કયો પિતા પોતાની લગ્ન કરવા યોગ્ય પુત્રીને બાળકની સાથે પરણાવશે ? આ ન બને તેવું કેવી રીતે બની શકશે, અન્નદાતા ?'

કાશીના વિપ્ર વિષ્ણુભટે જવાબ આપ્યો–

'મહામંત્રી ! ન બની શકે તે જ બની શકે છે. રાજતિલક થતાં થતાં દશરથનંદન વન વન ભટકશે એ શું બની શકે તેમ હતું ? દેવની લીલા ઘણી વિચિત્ર છે. રાજપુત્ર મુકનસિંહને બચાવવો છે અને આ ન બની શકે તેવાં લગ્ન બાદ જ બચવું છે, એ જ બની શકે છે. તમે રાજાની આજ્ઞાનું પાલન કરો.'

ત્યાર પછી રાજા જયસિંહે હજારો સોનાની મુદ્રા કાશીના બ્રાહ્મણને આપીને તેમને વિદાય કર્યા. મહામંત્રી મતિસાગર જરૂરી સુભટ-સામન્તોને લઇને કન્યાની શોધમાં ચાલી નીકળ્યા. જે થવાકાળ છે તે થશે જ. એમ વિચારીને બધાએ ધીરજ ધરી.

પૃથ્વીપુરથી સો દોઢસો ગાઉ દૂર કનકવતીપુરી નામની એક નાની સરખી નગરી હતી. મકરધ્વજ ત્યાંના રાજા હતા. તેમણે સાંભળ્યું કે પૃથ્વીપુરના મહામંત્રી આવ્યા છે, તો અહોભાગ્ય માનીને તેમનું સ્વાગત કર્યું. ખબર અંતર

પૂછી અને પૂછ્યું-

'તમારે કેમ પધારવું થયું? તમારી શી સેવા કરીએ? અમે તો નાના રાજા છીએ. પૃથ્વીપુરના રાજા તો આ ધરતીના ઈન્દ્ર છે.'

'રાજન્! મોટા લોકોની ઓળખાણ જ એ છે કે તે પોતાને નાના કહે. સંજોગવશાત્ જ અમને તમારાં દર્શન થયાં. અમારા યુવરાજ માટે અનુકૂળ રાજકન્યા ખોળવા નીકળ્યા છીએ. રસ્તામાં તમારી નગરી આવી, તો તમારાં દર્શન કરી લીધાં!'

હર્ષથી વિભોર થઈને રાજા મકરધ્વજ બોલ્યા–

'મંત્રીવર! એવો કોણ હશે, જે ઘેર આવેલી ગંગા હોવા છતાં પોતે તરસ્યો મરે અને ગંગાને આગળ ચાલી જવા દે?

'મારે પણ એક કન્યા છે. તમે જોશો તો યુવરાજને અનુકૂળ જ લાગશે. નામ છે 'બંસાલા.' અત્યારે બાર વર્ષની છે. પણ આટલી નાની ઉંમરમાં જ તે શું નથી ભણી શકી?

'ચોસઠ વિદ્યાઓમાં પારંગત છે. ધર્મતત્વને પણ જાણવા વાળી છે. મારા જ મોંઢે તેની શી પ્રશંસા કરું? જે ઘરમાં જશે, તે ઘરમાં અજવાળું કરી દેશે.'

મંત્રી મતિસાગર થોડી વાર ચૂપ રહ્યો. એકદમ 'હા'

કહેવી તેને યોગ્ય ન લાગી. તેના મનમાં પાપ હતું. એટલા માટે અસ્પષ્ટ રીતે નકાર કરતાં કહ્યું—

'રાજન્! લોકોમાં એક કહેવત પ્રચલિત છે કે પોતાનાં સંતાન અને બીજાની સ્ત્રી હંમેશાં સારી લાગે છે. આ કહેવતની પાછળ પણ લોકોના અનુભવ છે. બીજાની કુવડ સ્ત્રી પણ સુલક્ષણા લાગે છે અને પોતાનો કાણો પુત્ર પણ રાજકુમાર જેવો લાગે છે.

'કહેવા તો હું કાંઈ બીજું જ ઈચ્છતો હતો. એક વાત યાદ આવી ગઈ. તેથી કહી જ દઉં.

'એક રાજાએ પોતાની કન્યા માટે વર શોધવા એક હજામને મોકલ્યો અને કહ્યું કે જે છોકરો તને સુંદર લાગે, તેની સાથે જ નક્કી કરી આવજે. મહિનાઓ સુધી ફર્યો પછી હજામ પાછો આવ્યો અને રાજાને કહ્યું— મેં ઘણા બધા છોકરા જોયા પણ મારા છોકરાથી વધારે સુંદર બીજો કોઇ દેખાયો નહીં. તે હજામનો છોકરો કાણો હતો.'

મંત્રી મતિસાગરે પોતાની વાત એવો ઢબથી કહી કે બધા હસવા લાગ્યા. રાજા મકરધ્વજ પણ હસ્યા. તે બોલ્યા–

'સાચું કહો છો મંત્રી! પણ એક વાર તો તમારે મારી બંસાલાને જોવી જ પડશે. તેના રૂપ અને સૌંદર્યની બાબતમાં મેં કશું જ નથી કહ્યું. કહીશ પણ નહીં. પણ

તેની યોગ્યતા બાબતમાં કહ્યા વગર નથી રહી શકતો. આટલી નાની ઉંમરમાં પણ તે કોઇ કોઇ વાર મને એવી સલાહ આપે છે કે હું દંગ થઈ જાઉં છું. હું તો તેને મારો પુત્ર જ માનું છું.'

'રાજન્ ! જ્યારે તમે કુંવર મુકનસિંહ બાબતમાં સાંભળશો ત્યારે તમે પોતે જ તૈયાર નહીં થાવ. કુંવરના રૂપનું શું વર્ણન કરું ? તે સાક્ષાત કામદેવ છે. પણ અમારા રાજાની શરત ઘણી જ કઠોર છે. કુંવરીનાં લગ્ન કુંવરની કટારી સાથે થશે. લગ્ન પહેલાં તેમનાં દર્શન તમે નહીં કરી શકો. જ્યોતિષિઓએ એવું જ કહ્યું છે. આ બ્રાહ્મણોનાં ધતીંગ પણ અજીબ છે. તમે એ શરત માનશો ?'

થવાકાળ જેવું કહેવડાવવા માગે છે, એવું જ વક્તાની વાણી ઉપર બેસીને કહેવડાવે છે. તે હાથોમાં વસીને જ ઇચ્છે છે, તે જ કરાવી લે છે અને પગોમા એવું લપેટાય છે કે જે હોય છે, તેને યોગ્ય સ્થાને લઈ જાય છે. મુકન-સિંહ અને બંસાલાનાં લગ્નની ભવિતવ્યતા રાજા મકરધ્વજ-ની વાણી પર બેસી ગઇ. તેમણે મંત્રી મતિસાગરને કહ્યું—

'મંત્રીવર ! બ્રાહ્મણોએ સમાજના માટે જે મર્યાદાઓ સ્થાપિત કરી છે, તેના જ બળ વડે સમાજમાં એક વ્યવસ્થા છે. તેમની વાતોને આપણે ધતીંગ કેવી રીતે કહીએ ?

જ્યોતિષની જ વાત લઇએ તો આ વિદ્યાને ઢોંગી-પાખંડી બ્રાહ્મણોએ જ બદનામ કરી છે.

'જે બ્રાહ્મણોએ જ્યોતિશશાસ્ત્રોની રચના કરી છે. એ એક અપૂર્વ ચીજ છે. પછી આવી વાત તો ભાગ્ય છે. જોયા વગર જ હું બંસાલાનાં લગ્ન મુકનસિંહ સાથે કરવા તૈયાર છું. તેનું ભાગ્ય જ તેનું જીવન બનાવશે યા બગાડશે. યુવરાજની તલવાર અને ફેંટો તો તમે સાથે લાવ્યા જ હશો !'

મનમાં ને મનમાં જ પુલકિત થઇને મંત્રી મતિસાગરે પોતાના મનમાં જ કહ્યું દૈવેચ્છા બલીયસી । પછી મોટેથી બોલ્યો—

'રાજન ! આ રહ્યો ફેંટો અને તલવાર. વર નકકી કરો.'

રાજા મકરધ્વજે પાન સોપારી અને શ્રીફળ હાથમાં લઇને એક મહિનાના મુકનસિંહનો ફેંટો અને કટારને સ્પર્શ કરીને તેને બંસાલાનો વર નકકી કરી દીધો. એક મહિના પછી લગ્નની તિથિ પણ નિશ્ચિત થઈ ગઇ.

આ બધું બનવા કાળ જ હતું કે પરમ અલ્પ આયુષ્ય વાળા મુકનસિંહ અને બાર વર્ષની રાજકુમારી બંસાલાની જન્મ પત્રિકાઓ લગ્નની દષ્ટિએ મેળવાઇ ગઈ. લગ્ન શોધવા

વાળા પંડિતોએ કહ્યું કે વર અને કન્યાના જન્મગ્રહો અને નાડીઓનો અપૂર્વ મેળ થયો છે.

તે પંડિત એ ન જાણી શકયો કે વર અલ્પ આયુષ્ય વાળો છે. વરના આયુષ્યના ગ્રહો જોવાની વાત પણ નહોતી. ત્યાં તો માત્ર લગ્નના જ ગ્રહો શોધવાના હતા. બનવાકાળ જ એવી વસ્તુ છે કે કાંઇક બતાવે છે અને કાંઇક છુપાવે છે.

મહામંત્રી મતિસાગર પૃથ્વીપુર આવ્યો. બંને પક્ષોને ત્યાં લગ્નની તૈયારીઓ થવા લાગી. એક મહિનો પણ વીતવા આવ્યો. મુકનસિંહ બે મહિનાનો દૂધ ભરેલા મોં વાળો બાળક હતો અને તેના આયુષ્યના માત્ર ચાર મહિના જ બાકી હતા. તે જ દૂધમુખ વાળો બાળક બાર વર્ષની બંસાલાને પરણવા કનકવતીપુરી જઇ રહ્યો હતો.

યોગ્ય સમયે પૃથ્વીપુરના રાજા જાન લઇને કનકવતીપુરી પહોંચ્યા. રાજપુત્ર મુકનસિંહને લઈને એક ચતુર ધાવમાતા પાલખીમાં બેઠી હતી. રાજા મકરધ્વજે જાનનું અપૂર્વ સ્વાગત કર્યું. પાલખી તરફ ઈશારો કરીને રાજા જયસિંહે રાજા મકરધ્વજને કહ્યું—

'રાજન ! આ પાલખીમાં મારો પુત્ર અને તમારો જમાઈ યુવરાજ મુકનસિંહ બેઠા છે. લગ્ન તો ફેંટો અને કટારીની સાથે જ થશે. લગ્ન બાદ તમે બધા બીજા દિવસે

વરને જોઈ શકશો. એક વાત બીજી પણ છે. તે એ છે કે લગ્ન પછી વહુ બંસાલા અમારા શિબિર ખંડમાં રાત ભર અહીં રહેશે. તેનો પતિ અહીં તેના સેંથામાં સિંદૂર પૂરશે.'

રાજા મકરધ્વજે કહ્યું.—

'રાજન ! હવે બંસાલા તમારી જ થઇ રહી છે. તમે જે ઇચ્છો છો તે જ થશે. મારૂં મોટું ભાગ્ય છે કે જે તમારા પરિવાર સાથે મારા પરિવારનો સંબંધ જોડાયો.'

સ્વાગત સત્કાર અને હળવા મળવાના રીત રિવાજ થતાં થતાં લગ્નની વેળા પણ આવી ગઈ. હજારો ચતુર્મુખી દીવાઓથી લગ્નનો મંડપ ઝગમગી રહ્યો હતો. મંગળ ગીતો પણ ગવાયાં.

અગ્નિની સાક્ષીએ મુકનસિંહના ફેંટા કટારની સાથે બંસાલાનાં લગ્ન થઈ ગયાં. સાતમા ફેરા પછી જ મંડપની નજીક બેઠેલી મકરધ્વજ રાજાની રાણી રડી ઊઠી- 'હાય ! મારી દીકરી આજે પારકી થઈ ગઈ.'

રાજાએ સમજાવ્યું—

'પ્રિયે ! રડે છે ? મારે ત્યાં તું પણ તો પારકી થઇને આવી હતી. સમાજની આ વ્યવસ્થા આવી રીતે જ ચાલતી રહેશે. લોકોમાં એ કહેવત કેટલી પ્રચલિત છે કે દીકરી તો

રાજાની પણ બાપના ઘરે નથી રહેતી. બધાને પતિને ઘેર જવું જ પડે છે.'

છેવટે લગ્નના બધા રીત રિવાજ પૂરા થયા. લગ્નના કામમાં રાત ખાસી વીતી ગઈ હતી. રથમાં બેસાડીને બંસાલાને ત્યાં પહોંચાડી, જ્યાં જાન ઉતરી હતી. કનકવતી નગરીની બહાર બાગમાં બનાવેલા મકાનમાં જાનને ઉતરવાની વ્યવસ્થા હતી. સેવકો અને સૈનિકો માટે તંબુ તાણી દેવાયા હતા. બંસાલા રંગમહેલમાં પહોંચી. દાસીઓએ તેની પથારી પાથરી. મુકનસિંહનો ફોટો એને કટાર બંસાલાની પથારીમાં ઓશિકે મૂકયા હતા. પહેલેથી શીખવીને તૈયાર કરેલી દાસીએ કહ્યું-

'નાની સ્વામિની ! યુવરાજ મુકનસિંહ થોડા વિલંબ પછી આવશે. તમે સૂઇ જાવ. તે જ તમને આવીને જગાડશે. અમારા રાજકૂળમાં આજ રીતિ છે. વિધિ-વિધાનથી રાજપુત્રની વેશસજાવટ થઈ રહી છે. એટલા માટે વિલંબ થશે.'

થોડી વાર વાતો કરીને દાસીઓ જતી રહી. રાજકુમારી મધુર મિલનની કલ્પના કરવા લાગી. હજુ તો તે કિશોરી હતી. બંસાલા ચંચળ બાળકી જ હતી. બાર જ વર્ષની તો હતી. તે વિચારી રહી હતી-

'સાંભળ્યું છે કે મારા પ્રાણપ્રિય કામદેવના અવતાર

છે. આજે તેમને જોઇશ. મેં તો તેમનું ચિત્ર પણ નથી જોયું.'

આવી કલ્પનામાં તેની આંખ મળી ગઈ. આખરે કયાં સુધી જાગે ? બંસાલા એ મધુર કલ્પનાને લઇને સૂઈ ગઇ હતી કે 'તે' આવીને મને જગાડશે અને હું જાગીને પણ નહીં જાગું. ત્યારે તે મને ઢંઢોળશે. હું ઊંઘવામાં અજાણ બનીને તેમને વળગી પડીશ, પછી શરમાઇ જઇશ. મારી ચોખવટ કરીશ–

'મને તો મારા પિતાના ઘરની યાદ હતી. જયારે રાણી મા મને જગાડતી હતી, ત્યારે હું આવી રીતે જ વળગી પડતી હતી. મને શી ખબર કે તમે હશો.' ત્યારે તે હસીને મને બાથમાં ભરી લેશે.

અર્ધાથી પણ વધુ રાત વીતી ગઈ અને બંસાલા

સ્વપ્નલોકમાં પહોંચી ગઇ. પૃથ્વીપુરના રાજાએ પ્રયાણની બધી જ વ્યવસ્થા કરી લીધી હતી. એક પત્ર પહેલેથી જ લખેલો તૈયાર હતો. પત્ર આ રીતનો હતો–

'પ્યારી પુત્રવધૂ બંસાલા,

'તારું સૌભાગ્ય આયુષ્યવાન થાય. તારો પતિ હજુ દૂધમુખો બાળક છે. તે બે જ મહિનાનો છે. તેનું આયુષ્ય કુલ છ મહિનાનું છે. હવે તારા પાતિવ્રત્યનું કવચ પહેરીને આ મુકનસિંહ દીર્ઘાયુ થશે. દીકરી, મને માફ કરજે. હું

કપટી-પ્રપંચી નથી. પુત્રના મોહને કારણે લાચાર થઇને મારે તારી સાથે આ કપટ કરવું પડયું છે. એક ભવિષ્યવેત્તા-એ દાવાની સાથે એ કહ્યું હતું કે જો બાર વર્ષની કોઈ સુલક્ષણા કન્યા સાથે એનાં લગ્ન કરવામાં આવે તો આ મુકનસિંહ આયુષ્યવાન બને. નહીંતર છ મહિના પછી તે ચાલ્યો જશે. માની જેમ તારે એનું પાલન કરવાનું છે. તારાં પુણ્યો તારા સૌભાગ્યની રક્ષા કરે.

—પિતા તુલ્ય તારા સસરા-રાજા જયસિંહ.'

આ પત્ર લખીને મુકનસિંહના ગળામાં બાંધી દીધો. ધીરે પગલે ધાવમાતા બાળક મુકનસિંહને બાથમાં લઇને બંસાલાના શિબિરમાં પહોંચી. તે નિશ્ચિંત રીતે સૂતી હતી. બાળક પણ સૂતો હતો. ધાવે બાળકને બંસાલાની નજીક ચુપચાપ સૂવડાવી દીધો અને દબાયેલા પગલે પ્રયાણ કર્યું.

રાતમાં તો તેમને યોજનો દૂર નીકળી જવાનું હતું, એવો નિશ્ચય તેમનો હતો. અહીં બાગમાં પતિ-પત્ની-બે જ એકલાં રહી ગયાં. સન્નાટો અને સ્તબ્ધતા સાથે લઈને રાત પ્રભાતની તરફ આગળ વધી રહી હતી.

*

પથારીમાં પેશાબ કર્યા પછી મુકનસિંહ રડવા લાગ્યો. બંસાલાની સાડી ભીંજાઇ ગઇ. તે ચોંકીને ઊઠી.

'આ શું દૈવી માયા છે. હું શું સ્વપ્ન જોઇ રહી છું? પણ આ તો સ્વપ્ન નથી. આ બાળક કોણ છે? કયાંથી આવ્યો ?' દાસીને બૂમ પાડી. રંગમહેલની બહાર આવી તો સન્નાટો. જે ખૂંટાઓ સાથે ઘોડાઓ બાંધ્યા હતા તે ખૂંટાઓ ઉખડીને પડયા હતા. જ્યાં ત્યાં ઘોડાની લાદ પડી હતી. ત્યાં કોઇ નહોતું. બંસાલાએ વિચાર્યું—

'ચોકકસ જ આ કોઇ દેવમાયા છે. આ બાળક જ હશે.'

માની જેમ મુકનને ખોળામાં ઊઠાવી લીધો. ગળામાં એક ગાંઠમાં કાંઈક બાંધ્યું હતું. ખોલ્યું તો રેશમના કપડા પર કાંઇક લખ્યું હતું. બંસાલા પત્ર વાંચીને હસી–

'મારું ભાગ્ય આવું છે? પૂર્વ ભવનાં મારાં કરેલાં કર્મનું શું કહું તમને? દોષ તો મારાં કર્મોનો જ છે. આ પત્રમાં સસરાએ મારી પાસે માફી માગી છે. પણ હું કોણ છું તેમને ક્ષમા કરવાવાળી? હવે મારા શિશુ પતિને પાળીશ. બનવાકાળ બનીને રહેશે અને હું મારાં કર્મોનું ફળ સમભાવથી ભોગવીશ.

'પતિવ્રતા તો આકાશને પણ હલાવી નાખે છે. જોઉં યમ મારા સૌભાગ્યને કેવી રીતે ઝુંટવી લે છે. સાવિત્રીએ તો યમ પાસેથી સત્યવાનને ઝુંટવી લીધો હતો. પણ તે

એક વાર્તા છે. તે વાર્તા પણ સાચી જ હશે. હવે હું આ કરીને બતાવીશ. મારે પણ સાવિત્રી બનવું છે.'

પોતાના બાળક પતિને બંસાલા ખવડાવવા લાગી. જાનને વિદાય કરવા અને સવારનો નાસ્તો કરાવવાના વિચારથી રાજા મકરધ્વજ મંત્રીઓની સાથે ત્યાં આવ્યા. જ્યાં જાન ઉતરી હતી, ત્યાં કોઇ નહોતું. બંસાલા એક બાળકને લઇને શિબિરના દ્વાર પર ઊભી હતી. પ્રભાતની સોનેરી આભા બંને પર પડી રહી હતી. આશ્ચર્યથી રાજા મકરધ્વજે પ્રશ્ન પૂછી નાખ્યા

'આ બાળક કોનું છે, દીકરી ? જાન ક્યાં ગઇ ? તું એકલી કેમ છે ?'

'તમારા બધા પ્રશ્નોના જવાબ આમાં છે.'

બંસાલાએ પિતાના હાથોમાં બે લાકડી વચ્ચે લપેટાયેલું રેશમી વસ્ત્ર આપી દીધું. રાજા મકરધ્વજ કપડું સીધું કરીને વાંચવા લાગ્યા. તેમણે ત્રણ ચાર વખત પત્ર વાંચી નાખ્યો. પછી બોલ્યા—

'તો આ ખેલ કર્યો છે, રાજા જયસિંહે ? તેમને જોઈ લઇશ. હજુ વધારે દૂર જાન નહીં પહોંચી હોય. બધાને ધૂળ ચાટતા કરી દઇશ. તે શું સમજી બેઠા છે મને ?'

રણવીર મકરધ્વજ ક્રોધથી દાંત કચકચાવવા લાગ્યા.

બંસાલાએ સમજાવ્યા—

'તાત ! આ તો વિધાતાના ખેલ છે. મને આશીર્વાદ આપો કે હું મારા સૌભાગ્યની રક્ષા કરી શકું. કનકવતીપુરી હવે મારા માટે પારકી છે, આને લઇને હું મારી ભાગ્ય-પરીક્ષા કરવા જઇશ !'

'દીકરી ! હવે તને કેવી રીતે જવા દઉં ? તારા આ બાળપતિનું લાલન-પાલન તો મારે ત્યાંની ધાવ કરતી રહેશે.'

'પિતાજી ! એ નહીં બને. એમના જીવનની રક્ષા માટે મારે જ એમનું પાલન કરવું છે. સતીની એક વાતનો બીજો વિકલ્પ નથી થતો.'

ઘણી આજીજી-વિનંતી કરીને એક બે દિવસ માટે રાજા મકરધ્વજ બંસાલાને રાજભવન પર લઇ ગયા. પછી પોતાના પતિને ઉંચકી લઇને તેણે પ્રયાણ કર્યું. લાચાર થઇને માતા-પિતાને અનુમતિ આપવી જ પડી.

એટલું ચોક્કસ થયું કે ઘણે જ દૂર સુધી રાજાનો સારથિ બંસાલાને રથમાં મૂકી આવ્યો. સાથે એક વાસણમાં દૂધ હતું. તેને પીવડાવીને બંસાલા પોતાના પ્રિયતમની ભૂખ શાંત કરતી.

વનમાં રાજદુલારી પગપાળા જ ચાલી. બધું જ ભાગ્ય પર છોડીને વનમાં સૂઇ ગઇ. પછી દિવસે ચાલી અને ફરી

એક વડના વૃક્ષની નીચે રાત્રે આશરો લીધો. સાથે લીધેલું ગાયનું દૂધ ખલાસ થઇ ગયું હતું. ભૂખ્યો મુકનસિંહ રડવા લાગ્યો. હવે બિચારી કરે પણ શું ?

મા હોત તો સ્તનપાન કરાવત, પણ પત્ની સ્તનપાન કરાવીને શિશુપતિની ભૂખ શાંત કરે, એ જગતનું એક બીજું આશ્ચર્ય હોત. પહેલું આશ્ચર્ય તો એ જ ઘણું હતું કે પત્નીના ખોળામાં પતિ રડતો હતો.

બાળકને રડતો મૂકીને બંસાલા નવકાર મંત્રનો જાપ કરવા બેસી ગઈ. ખરાબ થયેલું સુધારવાવાળું તો સ્વધર્માચરણ-થી મેળવેલું પુણ્ય જ હોય છે. નવકારથી મોટો દુ:ખીઓનો સહારો બીજો છે પણ કોણ ? રાત વીતવા આવી. જ્યારે રડતો રડતો મુકનસિંહ થાકી જતો હતો, ત્યારે જાતે જ ચુપ થઇ જતો હતો અને પાછો રડવા લાગતો હતો, સતીનો જપ ચાલી રહ્યો હતો.

આકાશ માર્ગે એક દેવી પોતાના વિમાનમાં બેસીને જઇ રહી હતી. બંસાલાના નવકાર જાપે તેને પોતાના તરફ ખેંચી. દેવી નીચે ઉતરી. રડતા બાળકને ખોળામાં લેતાં બોલી—

'આંખો ખોલ. તને શું દુ:ખ છે ?'

બંસાલાએ સામે ઉભેલી દેવીને જોઇ. તેમના ચરણોમાં

માથું ઝુકાવ્યું અને પોતાની દુઃખદ વાત સંભળાવ્યા પછી કહ્યું-

'દૂધ વિના આ જંગલમાં આ દૂધમુખા બાળક પતિને કેવી રીતે પાલવું ?'

દેવી બોલી—

'ભાગ્યની વિરુદ્ધ તો અમે દેવ-દેવીઓ તમારી કોઇ સહાયતા નથી કરી શકતાં. તો પણ ગભરાઇશ નહીં. દીવો પ્રગટાવીને પણ રાત તો વીતાવી શકાય છે. તારા સૌભાગ્ય સૂર્યનો ઉદય પણ થશે. હું તને તેટલી મદદ જરૂરથી કરીશ.'

દેવી અંતરધ્યાન થઈ ગયાં. બંસાલા જોઇ જ રહી કે હમણાં તો તે કહી રહ્યાં હતાં કે હું તને શકય તમામ મદદ કરીશ અને હવે કોણ જાણે કયાં ચાલ્યાં ગયાં. બંસાલા દેવી બાબતમાં આમ વિચારી જ રહી હતી કે દેવી ફરીથી આવ્યાં. આ વખતે તેમની સાથે એક હરણી હતી—પ્રસૂતા હરણી.

બંસાલાને હરણી સોંપતાં દેવીએ કહ્યું—

'આ હરણી પોતાના બચ્ચાની સાથે જ તારા શિશુ સ્વામીને પણ સ્તનપાન કરાવશે. હવે હું જાઉં છું. બીજું મારા આ વાળ આપી જાઉં છું. તારા પર જ્યારે પણ

કોઇ સંકટ આવે, તો આ વાળને સામે રાખીને મારું સ્મરણ કરજે. હું ચાલી આવીશ.'

દેવી ચાલ્યાં ગયાં. હરણીએ મુકનસિંહને દૂધ પીવડાવ્યું. એક મૂંઝવણઉકલી ગઇ. હરણી પણ વડના વૃક્ષ નીચે બંસાલાની સાથે રહેવા લાગી. બંને બહેનપણીઓ બની ગઇ. બંસાલા હરણી માટે ત્યાં લીલું લીલું ઘાસ અને કોમળ પાન લઈ આવતી. મૃગના બચ્ચાને પણ તે પોતાના હાથથી લીલું ઘાસ ખવડાવતી. મુકનસિંહ માટે ભરપૂર દૂધ મળી જતું.

ભાવિની કેવી વિચિત્રતા છે કે એક બાળકને તેની પત્ની પાલી રહી હતી અને તે માનવ પુત્ર એક હરણીના દૂધથી ઉછરી રહ્યો હતો. બંસાલા વનમાં રહીને સરળતાથી પોતાનો સમય વિતાવવા લાગી. પોતાના બાળક પતિને નજીકના સરોવર પર લઈ જતી અને સ્નાન કરાવતી અને રાત્રે તે બાળક સ્વામીના પગ પણ દાબતી. કેવી કઠણ તપશ્ચર્યા હતી આ પતિવ્રતાની! આ દષ્ટિએ સીતા, સાવિત્રી અને મદનરેખા કરતાં પણ બંસાલા સતી આગળ હતી.

આવી રીતે પંદર દિવસ વનમાં વીત્યા અને એક દિવસ દુર્દૈવની કાળી ઘટાઓ ઘેરાઇ આવી. બંસાલા બપોરે સૂતી હતી. પાસે જ બાળક પતિ પણ સૂતો હતો. પતિની રક્ષા માટે તે રાત્રે જાગતી હતી અને દિવસે તેને ઊંઘ

આવી જતી હતી.

કંચનપુરના રાજા મણિચૂડને બે રાણીઓ હતી. જ્યારે પહેલીથી સંતાન ન થયું તો બીજાં લગ્ન કર્યાં. પરંતુ બીજાં લગ્ન કરવા છતાં પણ તે નિઃસંતાન જ રહ્યો. ભાગ્યની સામે કોઈનું કાંઇ ચાલતું નથી. ભાગ્યમાં પુત્ર હોય તો પહેલી રાણીથી જ થાત.

એક દિવસ રાજા મણિચૂડ નાની રાણીને લઇને વનમાં ફરવા આવ્યા. સંજોગોવશાત તેઓ વિશાળ વડના વૃક્ષના નીચે ઊતર્યા, જેની નીચે બંસાલા સહિત ચાર જીવ રહેતા હતા—હરણી, હરણબાળ અને શિશુ સ્વામી મુકનસિંહ. નાની રાણીએ સૂતેલા મુકનસિંહને જોયો, તો તેનો સ્વાર્થ જાગ્યો. નાની રાણીએ રાજા મણિચૂડને કહ્યું-

'સ્વામી! મારો ખોળો હજુ સુધી નથી ભરાયો, પણ આજે ભરાશે. આ બાળકને ઊઠાવી લો. હું તેનું મારા પુત્રની જેમ પાલન કરીશ. તમે પણ તો પુત્રનું મોં જોવા તલસો છો. કંચનપુરની પ્રજાને ભાવિ રાજા મળી જશે.

રાજા મણિચૂડ બોલ્યા—

'કેવી રીતે ઉઠાવી લઉં ? રાજા થઈને રક્ષક બનવું કે ભક્ષક ? પોતાની મા પાસે નીરાંતે સૂઈ રહ્યો છે. એક મા પાસેથી પુત્રને વિખૂટો પાડવો એ ઘોર પાપ છે. હું એ

નહિ કરું.'

રાણીએ દલીલ કરી—

'મને તો આ એનો પુત્ર નથી લાગતો. જ્યારે આપણે અહીં આવી રહ્યાં હતાં ત્યારે મેં દૂરથી જોયું હતું કે પાસે બેઠેલી હરણી તેને પોતાનું દૂધ પીવડાવી રહી હતી. જો આ તેની મા હોય તો પોતાનું દૂધ પીવડાવે.'

રાજાએ બીજી વાત કહી—

'મોટી રાણી જોશે તો ધુમરાણ મચાવી દેશે. બે શોકયોમાં બધાથી વધારે ઈર્ષા સંતાનને કારણે જ સળગી ઊઠે છે. મોટી રાણી કહેશે કે વનમાંથી પુત્ર લઈ આવ્યાં અને નાનીને સોંપી દીધો. હું વાંઝણીની વાંઝણી રહી.'

નાની રાણીએ આ વિચાર પણ કાપી નાખ્યો—

'મોટી રાણી તો આ દિવસોમાં પોતાના પિયર છે. તેમની પાછળ જ આનો જન્મોત્સવ ઉજવીશ. તમે પ્રચાર કરજો કે નાની રાણીને ગુપ્ત ગર્ભ હતો.'

રાજા મણિચૂડે દાસ-દાસીઓની તરફ દૃષ્ટિ સંકેત કરતાં કહ્યું—

'અને આ લોકો ?'

'તેમને હું બરાબર કરી લઈશ.' નાની રાણીએ પ્રશ્નનો ઉકેલ કરતાં કહ્યું— 'ધન આપીને હું તેમનું મોં બંધ કરી

લઈશ.'

સ્ત્રી હઠ આગળ કંચનપુરના રાજા મણિચૂડને ઝુકવું પડ્યું. તેમણે ચુપચાપ રીતે બંસાલાની પાસે સૂતેલા મુકન-સિંહને ખોળામાં લીધો અને કંચનપુરનો રસ્તો પકડયો. બંસાલાને કાંઈ જ ખબર પડી નહીં. રાજા મણિચૂડ રાત્રે અંધારામાં પહોંચ્યા. જે દાસ-દાસીઓ સાથે હતાં, તેમને નાની રાણીએ જોઈતું દ્રવ્ય આપીને કહ્યું કે કોઇને નગરમાં કહેશો નહીં કે આ બાળક જંગલમાંથી મળ્યું છે. બાળકને લઇ નાની રાણી પ્રસૂતિગૃહમાં સૂઈ ગઈ. કંચનપુરમાં ધમાલ મચી ગઈ કે નવ મહિનાથી નાની રાણીએ ગર્ભને છુપાવ્યો હતો. અડધી રાત્રે તેમણે એક સુંદર પુત્રને જન્મ આપ્યો છે.

કંચનપુરમાં ઘણો જ મોટો ઉત્સવ ઊજવવામાં આવ્યો બારમા દિવસે તેનું નામ રાખવામાં આવ્યું રણજીતસિંહ. જેવી રીતે આત્મા વારંવાર દેહ બદલે છે, એવી રીતે જીવનું નામ પણ બદલાઇ જાય છે. દેહ અને દેહીનાં કાંઇ પણ નામ નથી હોતાં- પોતાની સુવિધા!થી સંબંધી કાંઈ પણ નામ રાખી લે છે અને નામ વગરનો દેહી, તે નામનો થઈ જાય છે. મુકનસિંહ રણજીતસિંહ બની ગયો. નાની રાણીના આગ્રહથી રાજા મણિચૂડે વચન પણ આપ્યું કે રણજીસિંહ મોટો થયા પછી હું એને અડધા રાજ્યનો માલીક બનાવી લઇશ.

બપોર વીતી. સાંજ પડી ત્યારે બંસાલા જાગી. ઊઠીને જોયું તો તેનો બાળક પતિ મુકનસિંહ નહોતો. આમ-તેમ જોયું. શોધ્યો. બંસાલા પાગલ જેવી થઈ ગઈ. વડના ઝાડ નીચે બેઠેલી હરણીને ઢંઢોળી નાખી—

'તું અહીં બેઠી છે. મારા સ્વામી ક્યાં ગયા ? તું તો તેમની મા હતી. તારી સામે જ તારા પુત્રને ઉઠાવવા દીધો. તો શું કોઈ વાઘ ઉઠાવીને લઈ ગયો ? તેમને ક્યાં શોધું ?'

બંસાલા ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગી. પણ તેનું રડવું તો અરણ્યરુદન હતું. તેનું કોણ સાંભળે ? બીચારી હરણી પણ ટીકી ટીકીને જોઈ રહી હતી. જંગલ જ જંગલ. બંસાલા આગળ વધવા લાગી. પાછળ પાછળ હરણી અને તેનું બચ્ચું હતાં. અતિશય શોકમાં કાંઈ સૂઝતું પણ નહોતું. બંસાલાને પણ કાંઈ સૂઝતું નહોતું. જ્યારે શોક થોડો ઓછો થયો તો દેવીનો ભરોસો યાદ આવ્યો. તેમણે આપેલા વાળને સામે રાખીને તેમનું સ્મરણ કર્યું. તરત જ દેવી આવ્યાં અને બોલ્યાં—

'બંસાલા ! હવે શું દુઃખ છે ?'

બંસાલાએ બધું જ જણાવ્યું. દેવીએ અવધીજ્ઞાનનો પ્રયોગ કરીને જોયું કે મુકનસિંહ ક્યાં છે. પછી બંસાલાને કહ્યું—

'તારા સ્વામી મુકનસિંહ તો હવે રણજીતસિંહનું ઉપનામ ધારણ કરીને કંચનપુરના રાજાને ત્યાં ઉછરી રહ્યો છે. તે ઘણા જ સુખમાં છે.'

'દેવી ! તેમના વિના હું નથી રહી શકતી.'

કાંઈક વિચારીને દેવી બોલ્યાં—

'તો હું તને કંચનપુર પહોંચાડી દઉં છું. તારા સ્વામીના નગરમાં જ રહેજે, પણ ક્યારેય તેને મળવાની કોશિશ કરીશ નહીં. નહીતર તારા બાળપતિનું સુખ, દુઃખમાં બદલાઈ જશે.'

બંસાલાએ દેવીની વાત માની લીધી. અને દેવીએ તેને કંચનપુરના બાગમાં ઉતારી દીધી. બાગની રક્ષિકા ઘરડી માળણ હતી. બંસાલાએ તે માળણ સાથે સમજુતી કરી લીધી અને તેની સાથે રહેવા લાગી. ઘરડી માળણને પણ બંસાલાથી એક સહારો મળી ગયો. માળણ ફૂલ તોડી લેતી અને બંસાલા તેની સાથે બેસીને હાર ગૂંથતી. હાર ગૂંથતાં ગૂંથતાં માળણે વાત કાઢી–

'જ્યારથી નાની રાણી પુત્રવતી થઈ છે, ત્યારથી તેનુ માન ઘણું વધી ગયું છે. એમ તો પટરાણી મોટી રાણી જ છે. જેને પિયુ ઇચ્છે તે જ સોહાગણ છે !

ફૂલોને દોરામાં પરોવવાનું બંધ કરીને બંસાલાએ

પૂછ્યું-

'તો તમે રાજકુમારને જોયો છે ? મારા સ્વામી કેવા છે ?'

'તારા સ્વામી ?' આશ્ચર્યથી માળણે પૂછ્યું.

બંસાલાના મોંમાંથી સાચી વાત નીકળી ગઇ હતી. ભંડો ફૂટી ન જાય એટલે વાત બદલીને બોલી-

'સ્વામી તો છે જ. હવે હું તેમના રાજ્યની પ્રજા બની ગઇ છું. એક દિવસ તે જ તો રાજા થશે.'

માળણ બોલી-

'એમાં પણ ઝગડો છે. મહારાજ મણિચૂડ પટરાણીથી ડરે પણ છે. એ તો બિચારી વાંઝણી છે અને નાનીનો પુત્ર આખા રાજ્યનો રાજા બનશે. એને મોટી રાણી કેવી રીતે સહી શકે ? તેથી મહારાજે રાજકુંવર રણજીતસિંહને અડધું રાજ્ય આપવાની જાહેરાત કરી છે.'

બંસાલાએ જલ્દી જલ્દી હાર પૂરો કર્યો અને માળણને આપતાં બોલી-

'આજે મારો આ હાર મારા સ્વામી રાજકુમારને આપજો.'

'ફૂલોને જોઈને તે ઘણા ખુશ થાય છે.' માળણે કહ્યું-'હજુ દૂધમુખો બાળક છે, તેથી હાથ પગ હલાવીને ઝટ

તોડી નાખે છે.'

આ ક્રમ ચાલતો રહ્યો. જ્યારે માળણ રાજમહેલેથી પાછી આવતી તો બંસાલા પોતાના બાળક પતિની ખબર અંતર પૂછી લેતી. આ જીવનમાં જ તેને સંતોષ હતો.

તેના શિશુ પતિનું પાલન પોષણ પાંચ ધાયોના હાથથી થઈ રહ્યું હતું. પરંતુ વિધાતા તો કાંઇ બીજું જ કરવા ઇચ્છતી હતી. મોટી રાણી પિયરથી આવી. નાની રાણીનું માન પાન જોઇને અને તેના પુત્રને જોઇને બળીને ખાખ થઇ ગઇ.

એક દિવસ એવો હતો કે જ્યારે બંને નિઃસંતાન હતી અને સરખા દુઃખોથી દુઃખી હતી ત્યારે બંનેમાં ઘણો પ્રેમ હતો. દુઃખ દુઃખીઓને નજીક લાવે છે અને સુખ દૂર ફેંકી દે છે. નાની રાણીને સંતાનનું સુખ મળી ગયું તેથી મોટી રાણી ઈર્ષાથી બળીને ખાક થઇ જતી. તે વિચારવા લાગી-'હવે મને કોણ પૂછશે ? પ્રજા પણ આને જ ચાહશે. એક દિવસે આ રાજમાતા બની જશે....પરંતુ તેને પુત્ર થઈ ગયો કેવી રીતે ? રાજવૈદે તો અમને બંનેને વાંઝણી જ જાહેર કરી હતી. જરૂર ક્યાંકથી ઉઠાવ્યો છે. કોઇ દાસીને ફોડું. બધો જ ભેદ ખુલી જશે.

બધો જ ભેદ ખૂલી ગયો. મોટી રાણીએ નાની રાણીની

એક દાસીને ઘણું જ ધન અને બીક બતાવીને ઉધડો લીધો. રાજપુત્ર રણજીતસિંહ કયાંથી આવ્યો ? હવે તો તે શેરની સવાશેર થઈ ગઈ. એક દિવસ તેણે રાજાને કહ્યું-

'તમે આવા કપટી છો ? આ જંગલી હવે યુવરાજ બનશે ? હું તેને નહીં રહેવા દઉં. અથવા તો તમે એને જંગલમાં પાછો છોડી આવો. નહીં તો હું રાજ્ય ભરમાં આ સમાચાર ફેલાવી દઈશ કે 'મહારાજ મણિચૂડ એક અજ્ઞાત કુળશીલ બાળકને કંચનપુરનો ઉત્તરાધિકારી બનાવવા ઇચ્છે છે.' પ્રજા તેને કયારેય સ્વીકારશે નહીં. જો તમે એને નહીં કાઢો તો હું મારા પ્રાણ આપી દઈશ.'

બીજી સ્ત્રીહઠ આગળ રાજા મણિચૂડને ઝુકવું પડયું. જયારે બધું જ જાણ્યું ત્યારે નાની રાણી સ્તબ્ધ બની ગઈ. હવે તેની એકેય વાત ન ચાલી. રાજા મણિચૂડે એક લાકડાની પેટી મંગાવી. તેમાં રણજીતસિંહને સુવડાવ્યો. એક વચન પત્ર લખીને તેના ગળામાં બાંધ્યું. તેમાં લખ્યું હતું કે-

'આ બાળક મને અમુક વનમાં વડના વૃક્ષ નીચેથી મળ્યું હતું. આ અજ્ઞાત કુળ-શીલ બાળકનું નામ મેં રણજીતસિંહ રાખ્યું હતું. એને મેં અડધું રાજ્ય આપવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પ અનુસાર આ બાળક મોટો થઇને આ પત્રને લઇને જયારે પણ આવશે, હું તેને અડધું

રાજ્ય આપીશ.'

આ પ્રતિજ્ઞાપત્ર એક તાવીજમાં મઢીને રણજીતસિંહના ગળામાં બાંધ્યું હતું. પાણીમાં બચવાના બધા સુરક્ષા ઉપાય કર્યા પછી તે બાળકને ગંગા નદીમાં વહેવડાવી દેવામાં આવ્યું. મુકનસિંહ ઉર્ફે રણજીતસિંહ વહેતો જ રહ્યો.

'જેને રાખે રામ' એ વિધાન પ્રમાણે એક દિવસ કાશીના કિનારે તે જઈ પહોંચ્યો.* દેવ સંયોગથી નંદ નામનો એક ગોવાળ પોતાની ગાયોને ગંગામાં પાણી પીવડાવવા આવ્યો હતો. નંદ ગોવાળ નિઃસંતાન હતો. તે ખોલ્યા વગર જ પેટી ઘેર લઇ ગયો. તેણે ઘેર જઇને પેટી ખોલી તો પુત્ર રત્ન મળ્યો.

નંદ ગોવાળ બહુ જ ધનવાન હતો. તેને હજારો ગાયો હતી. અનેક દાસ દાસીઓ હતાં. વાણિયો ન હોવા છતાં પણ લક્ષ્મી તેના ઘરમાં રહેતી હતી. તેની ઘરવાળીનું નામ પણ લક્ષ્મી જ હતું.

ઘણા ઠાઠ માઠ સાથે નંદ ગોવાળે બાળકનો જન્મોત્સવ ઉજવ્યો. તેને ગંગા મૈયાએ આ બાળક આપ્યું હતું.

---

* મૂળ પુસ્તકમાં અયોધ્યા નગરીનો ઉલ્લેખ કર્યો છે. અમે અયોધ્યાને બદલે કાશી કર્યું છે, કારણ કે અયોધ્યામાં સરયુ નદી છે, ગંગા નહીં.

તેથી તેનું નામ રાખવામાં આવ્યું ગંગાસિંહ. મુકનસિંહમાંથી રણજીતસિંહ બન્યો અને હવે બની ગયો નંદસિંહનો સુપુત્ર ગંગાસિંહ ગોવાળ.

પોતાના બાળક પતિના દરરોજ જ ખબર અંતર પૂછવા વાળી બંસાલાને એક દિવસ અચાનક જ ઘટના સાંભળવા મળી કે તેનો બાળક સ્વામી ગંગામાં વહેવડાવી દીધો છે. આ વખતે બંસાલા રડી નહીં. તેને દેવી ઉપર ઘણો જ ભરોસો હતો.

એક દિવસ રાતમાં જ ચુપચાપ તેણે કંચનપુરનો બગીચો છોડી દીધો. બંસાલા વનમાં પહોંચી. દેવીએ આપેલા વાળ સામે રાખીને તેમનું સ્મરણ કર્યું તો દેવી આવી ગયાં અને બંસાલાની ઇચ્છા અનુસાર તેને નંદ ગોવાળના ઘેર કાશીમાં પહોંચાડી દીધી. બંસાલા નંદના ઘરની દાસી બની ગઈ. હવે તેને પતિ-સેવાનું સૌભાગ્ય સુખ પણ મળી ગયું. પોતાના પતિની પાંચ ધાયોમાં એક તે પણ હતી. દૂર થયેલાં મુકનસિંહ-બંસાલા હવે ફરી ભેગાં થઇ ગયાં.

આ તરફ કનકવતીપુરીના રાજા મકરધ્વજે વિચાર્યું હતું કે મારી પુત્રી બંસાલા પોતાના બાળ-પતિને લઈને પોતાના સાસરે પૃથ્વીપુર ગઈ હશે. બીજે જાય પણ કયાં ? લગ્ન પછી તો પતિનું ઘર જ પત્નીનું ઘર હોય છે. આમ

વિચારીને રાજા મકરધ્વજે પૃથ્વીપુર દૂતને મોકલ્યો કે બંસાલાના ખબર—અંતર લઈ આવે. દૂત આવ્યો તો આશા વિરૂદ્ધ સમાચાર આવ્યા.

'રાજપુત્રી બંસાલાનો ક્યાંય પત્તો નથી.'

રાજા મકરધ્વજ ઘણા જ ચિંતાતુર થયા. ચારેય દિશાઓમાં દૂત મોકલ્યા. દૂર દૂર સુધી ખોળીને દૂત નિરાશ થઈને પાછા ફર્યા. રાજા રાણી બંને શોક મગ્ન રહેવા લાગ્યાં. એક દિવસ કનકવતીપુરમાં એક જ્ઞાની જ્યોતિષી આવ્યો. રાજા મકરધ્વજે જ્યોતિષીને સન્માન પૂર્વક આસન આપ્યું અને પૂછ્યું-

'મારી દીકરી બંસાલા જીવે છે કે મરી ગઈ છે ? જો તે જીવતી પણ હોય તો તે પાછી આવશે કે નહીં ? અને જો આવવાની હોય તો ક્યારે ?'

વિચાર કરીને જ્યોતિષીએ ભવિષ્યનું ફળ બતાવ્યું-

'રાજન ! ધીરજથી રાહ જુઓ. જે દિવસથી તે ગઇ છે. તે દિવસથી એકવીશ વર્ષ પછી તે પોતાના પતિ મુકનસિંહની સાથે આવશે. જેવી રીતે તમારી પુત્રી પતિવ્રતા સ્રીઓમાં આદર્શ છે, તેવી રીતે તમારા જમાઇ મુકનસિંહ પણ ચારેય દિશાઓમાં પોતાનો યશ ફેલાવતા-ફેલાવતા આવશે. યુવાન થઇને તે બીજાં પણ લગ્ન કરશે. તેમના આ

યશ-વૈભવનું કારણ તમારી પુત્રીની પતિ-ભક્તિ છે. તમારા જમાઈ એક મોટા રાજાના રૂપમાં લાવ લશ્કર સહિત આવશે.'

આ ભવિષ્યના વાકયથી રાજા મકરધ્વજને શાંતિ થઇ. તેમની ચિંતા મટી ગઈ. થાળ ભરીને જ્યોતિષીને સોનાની મુદ્રાઓ આપીને વિદાય કર્યા. આ તરફ તેમની રાજદુલારી સુકુમારી બંસાલા ગોવાલણ લક્ષ્મીના પણ તે ઘાંટા અને માર ખાતી હતી. કોઇ કોઈ વાર નંદ ગોવાળ પણ તેને લઢતો. પોતાના પતિને લીધે તે બધું જ સહન કરતી હતી. એક દિવસ એવો પણ હતો જ્યારે દાસ-દાસીઓ તેના ઇશારા પર નાચતાં અને આજે તે એક ગોવાળના ઘરની દાસી બની હતી. પતિવ્રતાઓનું જીવન આવું જ કાંટાઓથી ભરેલું હોય છે. હરિશ્ચન્દ્રની પત્નીને પણ તો પતિના માટે વેચાવું પણ પડ્યું હતું. દ્રૌપદી પણ તો રાજા વિરાટની રાણીની દાસી બની હતી.

ધીરે ધીરે સાત વર્ષ વીતી ગયાં. ગોવાળ પતિ ગંગા-સિંહ સાત વર્ષનો થઈ ગયો. હવે તે શાળામાં જવા લાગ્યો. તેનાં બધાં જ કામ બંસાલા જ કરતી હતી. તે પણ બંસાલાની સાથે હળી મળી ગયો હતો. તેને શું ખબર કે આ દાસી નથી, મારી પત્ની છે. ભણવામાં જે સમય વધતો તેટલો સમય તે બીજા ગોવાળ બાળકોની સાથે વનમાં ગાયો ચરાવવા જતો. આ જમેલામાં તેનું ભણવું બંધ થઇ ગયું.

હવે તે સવારથી જ ગાય વાછરડાં લઈને ચાલ્યો જતો. બપોરે ભોજન કરવા આવતો અને પાછો જઈને સંધ્યા સમયે પાછો આવતો. બંસાલાથી પોતાના સ્વામીનું આ દુઃખ જોયું ના ગયું. તેણે પોતાની માલીકણ લક્ષ્મીને કહ્યું-

'સ્વામિની ! કુંવર બપોરે ભોજન કરવા આવે છે. તેને ના પાડી દો કે તાપમાં ના આવે. બપોરનું ભોજન હું તેમના માટે લઇને રોજ જઈશ.'

ગોવાળણ ઘણી ખુશ થઇ. ખુશ થઈને બોલી—

'તું કેટલી નીતિ વાળી દાસી છે. બધી દાસીઓ ઘરના કામ માટે નિમેલી છે. એટલા માટે હું કોઈને કહી પણ નથી શકતી કે તું ભોજન લઇને વનમાં જા. તું તો ઘણી સારી છે.'

'સારાં તો તમે છો, જે તમે મને સેવાનો અવસર આપ્યો. સ્વામીની સેવા તો તન મનથી કરવી જોઈએ.' બંસાલાએ મનની છાની વાત કહી દીધી અને ગોવાળણ કાંઈ સમજી શકી નહીં. હવે તે નિયમિત પોતાના કિશોર સ્વામીનો માટે ભોજન લઈને જંગલમાં જતી. બંસાલાનો શિશુ સ્વામી હવે કિશોર સ્વામી થઇ ગયો હતો. ઘણા જ પ્રેમથી બંસાલા સ્વામીને ભોજન કરાવતી અને તેનું વધેલું ઘટેલું ભોજન તે ખાતી. ગંગાસિંહે પહેલા દિવસે રોકી:

'બંસાલા ! તું મારું એંઠું ખાઇશ ? આ તો અયોગ્ય છે. તું દાસી થઇ તો શું માણસ નથી ? મને તો આ બધું

સારુ નથી લાગતું.'

બંસાલાએ કહ્યું—

'સ્વામી ! તમારું એંઠું ખાવાથી મારું જીવન ધન્ય બની જશે. હું ભાગ્યશાળી સેવિકા છું, જે મારા સ્વામીનું એંઠું ખાઉં છું.'

'બંસાલા, તું ઘણી જ ભાવુક છે ! તારૂં સ્વામી કહેવું પણ મને અટપટું લાગે છે. મારાથી તું કેટલી મોટી છે ! તારી આગળ તો હું તદ્દન બાળક છું.'

'સ્વામી ! ભાગ્ય કયારેક કયારેક બાળકને તરૂણ યુવતીનો સ્વામી પણ બનાવી દે છે. ભાગ્યએ જ તો મને તમારી દાસી બનાવો છે.'

'પણ તમે તો મારી મા લક્ષ્મીનાં દાસી છો, મારાં નહીં. તેમની આજ્ઞાથી મારૂં કામ કરો છો ને ? પછી મારી દાસી કેવી રીતે થયાં ?'

'તમારી સેવા કરવાને કારણે જ હું તમને જ મારા સ્વામી માનું છું.'

'પણ હું તો બધી જ દાસીઓને માતા અથવા બહેન માનું છું. માતાની જેમ જ તો બધાંએ મારૂં પાલન કર્યું છે.'

'બીજાની વાતો હું નથી જાણતી. હું તમારા પગે પડું છું. મને સ્વામી કહેવાનો અને તમારી સેવિકા બની રહેવાનો અધિકાર આપી દો.'

હસીને ગંગાસિંહ બોલ્યો—

'રાજસભામાં હું ઘણાને ઘણું બધું આપું છું. તમારી ઇચ્છા પણ પૂરી કરીશ. હવે તમે જાવ. મારો દરબારનો વખત થઈ ગયો છે.'

ભોજન કર્યા પછી ગંગાસિંહ વનમાં જ પોતાનો દરબાર ભરતો હતો. એક ઘટાદાર વૃક્ષની નીચે તેણે ગોવાળ સાથીઓથી ઉંચો ચબુતરો બનાવી લીધો હતો. તેને તે રાજ સિંહાસન માનતો હતો, અને તેના પર રાજા બનીને બેસતો.

સાથી ગોવાળોમાંથી કોઇને મંત્રી બનાવતો. કોઇને સેનાપતિ, કોઇને દ્વારપાળ બનાવીને બેસાડી દેતો. બાકીના ગોવાળ સભાસદ-દરબારી બની જતા. તેનું નાટક ખૂબ જામતું. તે નકલી કાલ્પનિક વાદી બનાવીને તેનો ન્યાય પણ કરતો.

એક ખૂણામાં બેસીને બંસાલા પણ ગંગાસિંહનો આ રાજઅભિનય જોતી અને મનમાં વિચારતી-'આજે તો આ રમત રમવાના રાજા છે. પણ કોઈ દિવસ શું અસલી રાજા નહીં બને ? અધિકાર પૂર્વક જ એ ત્રણ મોટા રાજ્યોના રાજા તો બન્યા-બનાવ્યા છે. પૃથ્વીપુરના રાજા જયસિંહનું રાજ્ય તો ઉત્તરાધિકારમાં એમને મળશે જ. મારા પિતા મકરધ્વજનું રાજ્ય પણ તો આમનું જ છે, કારણકે મારા પિતાને બીજું કોઈ સંતાન નથી. કંચનપુરના રાજા મણિચૂડે પણ અડધું રાજ્ય આપવાની જાહેરાત કરી હતી. પણ

મોટી રાણીએ વાત બગાડી નાખી. કયારેક તો આ ખરાબ દિવસોનો અંત આવશે ને? તેમને શી ખબર કે હું કોણ છું. હું પણ તો તેમને નથી જણાવી શકતી. આ ચબૂતરાના સિંહાસન પર બેસીને પણ કેવા શોભે છે.

સમયનું ચક્ર ફરતું જતું હતું. તેમની ગતિ નિર્બાધ હતી. દેવની માયાને દેવ જ જાણે. જે વડના વૃક્ષની નીચે ગંગાસિંહ રાજા બનવાની રમત રમી રહ્યો હતો, તે જ વડના ઝાડ ઉપર એક દેવ રહેતા હતા. એક દિવસે દેવે વિચાર્યું,

'રાજા બનીને આ નકલી કાલ્પનિક વાદીઓના ન્યાય તો ઘણી સૂઝ-સમજ અને ન્યાય-નીતિથી કરે છે. એની પરીક્ષા લઇ જોઉં. જોઉં છું, તે શું કરે છે.'

વડ વાસી દેવને એક દિવસ ગંગાસિંહની પરીક્ષા લેવાની તક મળી ગઇ. સંધ્યા થવા આવી હતી. ગાય વાછરડાંને લઇને ગંગાસિંહ પોતાને ઘેર પહોંચી ગયો. કાશીનો જ એક વિપ્રકુમાર પોતાની પત્નીને તેના પીયરથી તેડીને લાવી રહ્યો હતો. વડના વૃક્ષની પાસે આવીને બ્રાહ્મણ પતિએ પોતાની પત્નીને ત્યાં બેસાડી દીધી અને પોતે સંડાસથી નિવૃત્ત થવા થોડે દૂર વહેતા નાળાની પાસે ગયો. વડ ઉપર રહેવા વાળા દેવે પોતાની માયાથી બ્રાહ્મણ પુત્રના જેવું જ આબેહુબ રૂપ લીધું. કપડાં પણ તેવાં જ. બ્રાહ્મણ પુત્રની પત્નીની પાસે આવીને બોલ્યો.

'ચાલ હવે.' બ્રાહ્મણી પોતાના નકલી પતિની સાથે ચાલવા લાગી. આ તરફ સંડાસથી પરવારી અસલી બ્રાહ્મણ પુત્ર આવ્યો તો જોયું, મારી પત્ની તો કોઈ બીજા પુરૂષની સાથે જઈ રહી છે. તે બ્રાહ્મણ પતિનું નામ સુયશકુમાર હતું. સુયશ કુમાર દોડયો અને તેની પત્નીને પકડી. કડકાઇથી બોલ્યો-

'કોની સાથે ભાગી જઇ રહી હતી ?'

'તું કોણ છે એને રોકવા વાળો ?'

નકલી સુયશકુમારે પણ આંખો કાઢી. બ્રાહ્મણી મૂંઝાઇ. બંને એક સરખા અને બંને અસલી હોવાનો દાવો પણ કરે છે. હવે તે કોને પોતાનો પતિ માને ? બંનેને હાથ જોડીને બોલી—

'તમારા બંનેમાં મારા અસલી પતિ કોણ છે ? હું ઘણી મૂંઝવણમાં છું.'

નકલી બોલ્યો-

'તારો પતિ સુયશકુમાર હું જ છું. આ તો કોઈ ભૂત છે. તેને ધમકાવી નાખ. એના ચકકરમાં પડીશ નહીં.'

અસલીએ વિરોધ કર્યો-

'હું જ અસલી છું. જો આની સાથે જઇશ તો હું તારા પગ ભાંગી નાખીશ.'

'પગ તો હું તારા ભાંગીશ. આ મારી ઘરવાળી છે. હું જ એને મારા સાસરેથી લાવી રહ્યો છું.'

બંને 'તું તું હું હું' કરવા લાગ્યા. બંનેમાં એટલી બધી સમાનતા હતી કે એક વાર તો બુદ્ધિની અધિષ્ઠાત્રી દેવી પણ મૂંઝાઇ જાય. બ્રાહ્મણી માથું પકડીને બેસી ગઇ. પછી બોલી—

'તમે બંને ઘર સુધી ચાલો. કાશીના રાજા તો મોટા ન્યાયી છે. તે અસલી–નકલીનો ભેદ ખોલશે.'

બંનેની સાથે બ્રાહ્મણી પહોંચી. સુયશકુમારના પિતાએ જોયું તો મૂંઝાયા.

'મારો તો એક જ પુત્ર સુયશકુમાર છે. હે ભગવાન્ ! આ બે સુયશકુમાર ક્યાંથી આવી ગયા ?'

વળી પાછો અસલી નકલીનો ઝગડો ! સુયશકુમારની માતા પણ અવાજ સાંભળીને આવી ગઇ. ભીડ જામી ગઈ. આવો અચંબો કોઈએ જોયો નહોતો. બ્રાહ્મણે આદેશ આપ્યો.

'તમે બંને રાતભર બહાર રહો. વહુ ઘરમાં રહેશે. સવારે કાશીનરેશની ન્યાયસભામાં અસલી નકલીનો નિર્ણય થશે.'

બીજા દિવસે રાજાની સભામાં બધા પહોંચ્યા. રાજા પણ એ નિર્ણય ના કરી શકયા કે આ બંને સુયશકુમારોમાં વાદી કોણ અને પ્રતિવાદી કોણ ? મહામંત્રીની સુઝ સમજ પણ ગાયબ થઈ ગઇ. ન્યાયપીઠના બધા આત્માઓએ માથું ઝુકાવી લીધું.

કાશીનરેશે સાત દિવસ વિચાર કરવા માટે માગ્યા. પણ સાતમા દિવસે પણ તે કશું જ ન કરી શકયા. અને તેમણે ફટાક લઇને જવાબ આપી દીધો કે હું કશું નહીં કરી શકું. અંતમાં સુયશકુમારના પિતાએ પોતાની પુત્રવધૂને કહ્યું—

'વહુ ! આ બંનેમાં કોણ તારો અસલી પતિ છે અને કોણ મારો અસલી દીકરો છે, એનો નિર્ણય તો હવે રાજ-ગૃહમાં જ થશે. રાજગૃહના રાજા શ્રેણિકનો પુત્ર અભયકુમાર મોટો ચમત્કારી છે. તે જ શ્રેણિકનો મહામંત્રી છે. તેમની સુઝ સમજનું તો શું કહેવું ! આપણે ત્યાં જઈએ.'

અસલી સુયશકુમાર, નકલી સુયશકુમાર, વૃદ્ધ બ્રાહ્મણ અને તેમની પુત્રવધૂ રાજગૃહ તરફ ચાલ્યાં. સાથે થોડા કાશીના પ્રતિષ્ઠિત માણસોને પણ લીધા. આ ન્યાય-નિર્ણયને જોવાની ઉત્સુકતા બધામાં હતી. રસ્તામાં વડના વૃક્ષની નીચે ગોવાળ કુમાર ગંગાસિંહનો દરબાર ભરાયો હતો. તેણે પોતાનો દ્વારપાળ મોકલીને બધાને પોતાની પાસે બોલાવ્યા. સુયશકુમારના પિતાએ કહ્યું-

'તું તો નંદ ગોવાળનો પુત્ર છે. તને તો હું ઓળખું છું. અમારી સમસ્યા તો તું જોઇ જ રહ્યો છે. મારો એક સુયશકુમાર હતો અને હવે આ બે થઈ ગયા.'

ગંગાસિંહ બોલ્યો-

'આમાંથી એક તો નકલી જ હશે. એમાં હેરાન થવાની શી જરૂર છે ? નકલીનો તિરસ્કાર કરો અને અસલીને અપનાવી લો.'

'વાહ ! અપનાવવું અને તિરસ્કારવું એટલું સહેલું છે ? અસલી નકલીનો ભેદ કોણ કરે ? કાશીનરેશ પણ કાંઈ જ ન કરી શકયા.'

એક ગોવાળિયો જે ગંગાસિંહનો મંત્રી બન્યો હતો તે બોલી પડયો-

'અમારા મહારાજા ગંગાસિંહ માટે કાંઈ પણ મુશ્કેલ નથી. વાદી-પ્રતિવાદી સામે આવે. ન્યાય થશે.'

વૃદ્ધ બ્રાહ્મણને વિશ્વાસ ન આવ્યો. હસીને તેમણે પોતાની સાથેના લોકોને કહ્યું—

'આ ગોવાળપુત્રનું પણ નાટક જોઈ લો. રાજગૃહે તો જવું જ પડશે. એક પ્રહર પછી ચાલ્યા જઈશું.'

ગંગાસિંહની સામે બંને અસલી નકલી સુયશકુમારો હાજર થયા.

'હું મારી પત્નીને તેના પિયરથી લઈને આવી રહ્યો હતો. રસ્તામાં આ બીજો કોણ જાણે કયાંથી મારું રુપ લઈને આવી ગયો ! આ વૃદ્ધ બ્રાહ્મણ મારા પિતા છે અને આ યુવતી મારી પત્ની છે. હું જ અસલી સુયશકુમાર છું.'

આજ વાત નકલી સુયશકુમારે, વડ તરુવાસી દેવે પણ

કહી અને એ જ એવી જ વાત અસલી સુયશકુમારે ફરીથી દોહરાવી. ગંગાસિંહે થોડી વાર વિચાર કર્યો. પછી એક ઉપાય સૂઝી ગયો. તેણે વિચાર્યું- 'ચોકકસ જ આમાંથી એક કોઇ ભૂત, યક્ષ, કિન્નર અથવા દેવ છે. દેવ કામરુપ હોય છે. પોતાની કામનાથી મનમાં ઇચ્છે એવું રુપ બનાવી લે છે. દેવ તો સૂક્ષ્મ રુપ ધારણ કરી શકે છે.'

ગંગાસિંહની પાસે ઝાડના થડમાં પાણી પીવાનો એક ઘડો રાખવામાં આવતો હતો. બધા ગોવાળ બાળકો તેમાંથી પાણી પીતા હતા. ગંગાસિંહે મંત્રી બનેલા ગોવાળને કહ્યું-

'પાણીનો ઘડો લાવો.' મંત્રી બનેલા ગોવાળિયાએ પ્રતિહાર બનેલા ગોવાળિયા પાસે ઘડો ઉઠાવી મંગાવ્યો. ગંગાસિંહની સામે ઘડો રાખવામાં આવ્યો. બધા વિચારમાં હતા. હવે આ ગોવાળિયો શું કરશે ? રાજા બનેલા ગંગા-સિંહે નિર્ણય કર્યો-

'તમે બંને સુયશકુમારોમાંથી જે પણ ત્રણ વાર આ ઘડામાં ઘુસીને બહાર નીકળશે, તે અસલી સુયશકુમાર માનવામાં આવશે.'

અસલી મૂંઝાયો. ગુસ્સે થઇને બોલ્યો-

'આ પણ કોઇ ન્યાય છે ? મારું તો માથું પણ આ ઘડામાં નહીં આવે અને હું જ અસલી સુયશકુમાર છું.'

નકલી ખુશ થઇને બોલ્યો-

'ન્યાયમૂર્તિની જય ! હું હમણાં ઘુસું છું. ત્રણ વારનું શું કહ્યું તમે ? ત્રણ વાર ઘુસીને બતાવું છું.'

નકલી સુયશકુમાર તો દેવ હતો. સૂક્ષ્મ રુપ ધારણ કરીને તે ઘડામાં ઘૂસી ગયો. ગંગાસિંહે તરત જ ઢાંકણાથી ઘડો બંધ કરી દીધો. બધા દર્શકો ચક્કરમાં પડી ગયા. ઘડામાં બંધ થયેલો દેવ ગભરાયો. તેણે ગંગાસિંહને પ્રાર્થના કરી-

'હે પૃણ્યાત્મા ! મને છોડી દે. તમારી બુદ્ધિની પરીક્ષા લેવા માટે મેં આ નાટક કર્યું હતું. હવે હું અહીંયાંથી ચાલ્યો જાઉં છું અને વચન આપું છું કે જ્યારે બોલાવશો, ત્યારે આવીશ અને શકિત સામર્થ્ય ભર તમારું હિત કરીશ.'

ગંગાસિંહે કહ્યું-

'એક વચન બીજું આપો કે ઘડામાંથી નીકળીને તમારા રુપમાં આવી બધાને તમારી અસલિયત બતાવશો.'

દેવે વચન આપ્યું. ગંગાસિંહે ઘડાનું ઢાંકણું ઉઠાવ્યું. દેવ બહાર આવ્યો અને પોતાના રુપમાં આવીને બોલ્યો-

'હું આ વડના વૃક્ષ પર રહેવા વાળો દેવ છું. આ વડના ઝાડ પાસે થઈને સુયશકુમાર પોતાની પત્નીને લઈને જઈ રહ્યો હતો. ગંગાસિંહની બુદ્ધિની પરીક્ષા લેવા મેં સુયશકુમારનું રુપ લીધું હતું. હવે હું મારા લોકમાં જાઉં

છું.'

જોત જોતામાં દેવ અલોપ થઈ ગયો. ગંગાસિંહની જય જય કાર થવા લાગી. સુયશકુમાર તેનાં ચરણોમાં પડવા ગયો કે ગંગાસિંહે તેને ઉપર ઉઠાવી લીધો અને બોલ્યો-

'તમે બ્રાહ્મણ છો. બ્રાહ્મણના ચરણે રાજા પડે છે. તમે આ શું કરો છો ?'

ગદ્‌ગદ્ થઇને સુયશકુમાર બોલ્યો—

'આજે તમે મને બચાવી લીધો. મારી પત્ની પણ મારો વિશ્વાસ નહોતી કરતી. નકલી અસલી બની ગયો હતો. તમે કેવા ચમત્કારી છો ! કાશી નરેશ પણ કાંઈ ન કરી શકયા.'

પોતાની પત્ની અને પિતા વિગેરેને લઈને સુકશકુમાર પોતાને ઘેર પહોંચ્યો. ગંગાસિંહે પોતાની ગાયો હાંકી અને ગોવાળ મિત્રોની સાથે ઘેર પહોંચ્યો. નંદ ગોવાળે જાણ્યું તો ગંગાસેંહને છાતીએ લગાવી દીધો. ગોવાળણ લક્ષ્મીએ ઓવારણાં લઈને કહ્યું-

'મારા લાલને નજર ન લાગે. કોઇ દેવ જ મારા ઘરે પુત્રરુપે આવી ગયો છે !'

બંસાલા એક ખૂણામાં ઊભી ઊભી હસી ખુશીનાં આંસુ વહાવી રહી હતી. તેના પતિએ આજે એવું કામ કર્યું, જેને કાશીના ન્યાયપરાયણ રાજા પણ ન કરી શકયા અને તેના માટે બ્રાહ્મણ કુમાર સુયશ પોતાની પત્ની અને પિતાને

લઈને રાજગૃહમાં અભયકુમારની પાસે જઈ રહ્યો હતો. આમ વિચારી વિચારીને બંસાલા ફૂલી નહોતી સમાતી અને એ વિચારે દુઃખી પણ હતી કે આજે હું પાસે હોવા છતાં પણ મારા સ્વામીથી દૂર છું. એ દિવસો ક્યારે આવશે, જ્યારે તેઓ મને પોતાની છાતીએ લગાવશે ?

કાશીપુરીમાં ધૂમ મચી ગઈ. ત્યાંના રાજાએ સાંભળ્યું તો મંત્રીને કહ્યું-

'આપણી નગરીમાં આવા બૃહસ્પતિ પણ રહે છે. મંત્રી! નંદ ગોવાળના લાડકાએ આવો ચમત્કાર કરી દીધો. આપણે તેનું સન્માન કરીશું. આજે જ સભામાં બોલાવો.'

મંત્રી બોલ્યો-

'રાજન ! ગંગાસિંહ પણ પોતે રાજા છે. જંગલમાં બેસીને રાજા બને છે. તેની પણ સભા મળે છે. જઈને તેનો દરબાર જુઓ. રાજાનો અભિનય કરતાં કરતાં તેણે સાચેસાચ રાજાથી પણ વિશેષ કામ કર્યું છે.'

'એ તો છે જ.' કાશીનરેશ બોલ્યા- 'કાલે તેની સભામાં જઈને જોઈશું કે તે સભાનું સંચાલન કેવી રીતે કરે છે.'

(અનુસંધાન 'સતી બંસાલા ૨')

# સતી બંસાલા—૨

બીજા દિવસે કાશીના રાજા અને મહામંત્રી આઠ અંગરક્ષકો સહિત વનમાં પધાર્યા. થોડી વારમાં જ તેમણે જોયું કે ગંગાસિંહની રાજસભા જામી છે. થોડે દૂર ગાય વાછરડાં લીલું લીલું ઘાસ ચરી રહ્યાં છે. સઘન પાંદડાંવાળા વિશાળ વડની ડાળખી સહિત ઝાડનાં પાંનના બે ચામર બનાવી લીધાં છે અને બે ગોવાળિયા બંને બાજુ ઊભા રહીને પલ્લવ ચામર ઢોળી રહ્યા છે. કેળના પાનને લાકડાની સળીથી વીંધીને એક છત્ર બનાવી લીધું હતું. એક ગોવાળિયો રાજા બનેલા ગંગાસિંહની ઉપર છત્ર ધરીને ઊભો હતો. સિંહાસનની નીચે ચાર ગોવાળિયા દંડધરના રુપમાં કાનથી ઊંચી લાકડીઓ લઇને ઊભા છે. બંને તરફ સભાસદો બેઠા છે. સિંહાસન રૂપી ચબૂતરાની જમણી તરફ એક ગોવાળિયો મંત્રી થઇને બેઠો છે. દ્વારપાળ, પ્રતિહાર, સૂચક વિગેરે પોતાના સ્થાન પર ઊભા છે.

કાશીનરેશ અને મહામંત્રી દ્વારપાળની નજીક આવ્યા

અને દ્વારપાળ બનેલા ગોવાળ બાળને હસીને કહ્યું-

'આ કયા દેશના રાજાનો દરબાર છે ?'

દ્વારપાળ રૂપી ગોવાળિયો બોલ્યો-

'ચરાવાહ રૂપી રાજ્યના રાજા ગંગાસિંહની આ રાજસભા છે. વડપુર તેની રાજધાની છે.'

'તમારા રાજાને કહો કે કાશીના રાજા તેમનાં દર્શન કરવા ઇચ્છે છે.'

દ્વારપાળ ગોવાળિયાએ ગંગાસિંહને રાજમર્યાદાને અનુરૂપ જ કાશી નરેશના પધારવાની સૂચના આપી. ગંગાસિંહે કહ્યું-

'રાજ અતિથિને આદર સહિત લઈ આવો.'

હસતાં મલકાતાં કાશીનરેશ અને મહામંત્રી સભામાં આવ્યા. ઘાસ પાથરેલાં બે સ્થાનો પર બંને બિરાજ્યા. ગંગાસિંહે તેમનું ઊઠીને સ્વાગત કર્યું અને કાશીનરેશને પોતાના સિંહાસન પર જ બેસાડયા. ગંગાસિંહનું સુંદર રૂપ અને એક રાજા જેવો ગૌરવપૂર્ણ અભિનય જોઇને કાશીનરેશ ગદ્દગદ્દ થઇ ગયા. વાતો શરૂ થઇ. અનૌપચારિક રૂપમાં પોતાપણાના લહેકામાં કાશીના રાજાએ પૂછ્યું-

'બ્રાહ્મણપુત્ર સુયશકુમારનો ન્યાય કેવી રીતે કર્યો ? એ તો બંને એક સરખા જ હતા. લાગતું હતું કે બંને અસલી

છે અથવા તો પછી બંને જ નકલી. તમે અસલી નકલીનો ભેદ કેવી રીતે કર્યો ?'

ગંગાસિંહ બોલ્યો-

'નકલી અસલી બની જાય છે, પણ કેટલી વાર માટે ? એક ને એક દિવસ તો નકલીનો રંગ ઉતરી જ જાય છે. નકલી પોતાની વિદ્યાથી અસલી બને છે. નકલીથી અસલી બનતી વખતે તેને પોતાની વિદ્યાનો અહંકાર હોય છે. તેના અહંકારને ઉશ્કેરો તો તે પોતે જ એવી મૂર્ખામી કરી બેસે છે ને પકડાઇ જાય છે.

'રાજન્ ! એક કલાકારે તો યમરાજાને પણ દગો કરવા વિચાર્યું. પણ તેના અહંકારથી ઉદ્ભવેલી મૂર્ખતાને કારણે પકડાઇ ગયો. તેને ખબર હતી કે હું કયા દિવસે મરવાનો છું. તેના જેવી જ તેણે આઠ પ્રતિમાઓ બનાવી અને તે જ પ્રતિમાઓની વચ્ચે પ્રતિમા બેમીને ચુપચાપ શ્વાસ રોકીને બેસી ગયો. યમદૂત પ્રાણ લેવા આવ્યા. આ જોઇને તે પાછો જતો રહ્યો. યમરાજાએ દૂતને પૂછ્યું કે કલાકારના પ્રાણ કેમ ન લાવ્યા ? યમદૂતે પોતાની સમસ્યા કહી કે ત્યાં તો નવ કલાકાર એક જ રુપમાં બેઠા છે. હું કોના પ્રાણ લાવું ? યમરાજા બોલ્યા—

'તે નવમાં એક અસલી અને બાકીની આઠ નકલી

પ્રતિમાઓ હશે. ચાલ મારી સાથે.'

યમરાજ દૂતને લઈને જાતે કલાકારના પ્રાણ લેવા ગયા. નવ પ્રતિમાઓ જોઈને બોલ્યા—

'વાહ ! શું કમાલ કરી છે ! કશામાં જરા પણ ફેર નથી પરંતુ એક ખામી તો પણ રહી ગઇ.'

'રાજન્ ! કલાકારના અહમ્‌ને ઠેસ વાગી. ફટ લઇને બોલ્યો. શું ખામી રહી ગઈ ? યમે તરત જ તેનો હાથ પકડી લીધો અને બોલ્યા. આ પ્રતિમાઓ તારા જેવી મૂર્ખ નથી બનાવી. હવે હું તારા પ્રાણ લઇ જઉં છું.

'રાજન ! એવી રીતે જ મેં નકલી બ્રાહ્મણ પુત્રને પકડયો હતો. તેમાંનો એક દેવ હતો, જે અસલી સુયશકુમાર બની ગયો હતો. અહંકારમાં ફુલાઇ જઈને મૂર્ખામી કરી તે ઘડામાં ઘુસી ગયો. પોતાની જાતે જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ ગયું.'

કાશીનરેશ ઘણા જ પ્રસન્ન થયા. આનંદિત બનીને ગંગાસિંહને છાતીએ લગાવી લીધો. આ સમય દરમિયાન બપોરનું ભોજન લઇને બંસાલા આવી ગઇ. ગંગાસિંહના મનમાં સંકોચ હતો કે બધો જ વ્યવહાર તો હું રાજાની જેમ જ કરી રહ્યો છું. જો રાજા થઈને મારા રાજઅતિથિઓને ભોજન સન્માન ના દઇ શકયો તો આ રુપક અધૂરું

જ રહેશે.

એના આ સંકોચને બંસાલાના આગમને દૂર કરી દીધો. ગંગાસિંહ તેની જ રાહ જોઇ રહ્યો હતો અને તેને ડર હતો કે જો બંસાલાના આવતા પહેલાં જ કાશીનરેશ વિદાય માગી લેશે તો શું થશે ?

બંસાલાએ ભોજન માટે એક ઉપર એક વાસણ રાખેલાં નીચે ઉતાર્યાં. દૂધના બનેલા અનેક પદાર્થ હતા. દહીં, માખણ, રબડી, કેટલીય જાતનાં શાક, રાઇતું વિગેરે બહુ જ પ્રકારની વાનગી હતી. નંદ ગોવાળ ઘણો મોટો હતો. તેનું ખાણું-પીણું તેની મોટાઇને અનુકૂળ હતું. વડપુર રૂપ વટ-વૃક્ષના રાજા ગંગાસિંહે કાશીના રાજા અને મંત્રીને આગ્રહ કરીને કહ્યું—

'ભોજનનો સમય થઇ ગયો છે. તમે અમારી સાથે જ ભોજન કરશો.'

કાશી નરેશે સ્વીકાર કર્યો અને ત્રણેયે સાથે મળીને ભોજન કર્યું. બંસાલા દાસીએ પીરસ્યું. આજે તે પણ ઘણી જ ખુશ હતી. બંસાલા વિચારતી હતી-'મારા સ્વામી આટલા બધા પુણ્યાત્મા છે. આજે દાસી બનીને પણ હું રાણી જેવી જ છું. પુણ્યાત્માનાં પુણ્ય જંગલમાં પણ જાગે છે.'

ભોજનનો કાર્યક્રમ પૂરો થયો. દરબાર તો પહેલાં જ વિસર્જન થઈ ચૂકયો હતો. થોડા ગોવાળિયાઓ પોતાની સાથે લાવેલું ભોજન કરી રહ્યા હતા અને થોડા પોત પોતાને ઘરે ચાલ્યા ગયા હતા. હવે જુદી વાતો થવા લાગી. બંસાલા ભોજનનાં વાસણો ભેગાં કરી રહી હતી. અને બંનેની વાતો પણ સાંભળતી જતી હતી.

ભૂમિકા બાંધતાં કાશીના રાજાએ ગંગાસિંહને કહ્યું-

'એમ તો તમે મારા પુત્રની બરાબર છો. પણ અત્યારે તો રાજા છો. હું પણ રાજા અને તમે પણ રાજા. રાજા, રાજાની પાસે કાંઇ માગે છે. બોલો આપશો ?'

ગંગાસિંહ હસ્યો અને બોલ્યો-

'રાજા, રાજાની પાસેથી શું માગશે ? માગે તો બ્રાહ્મણ છે. તમે માગશો ?'

કાશીનરેશ પણ હસવા લાગ્યા. અને બોલ્યા-

'તમે તો ઘણા જ ચતુર છો. પણ લેવું દેવું અને બરાબરીનું આદાન પ્રદાન કોનામાં નથી ચાલતું ? જો માગવું લેવું રાજાઓમાં ન હોય તો બધા રાજકુમારો કુંવારા જ બેસી રહે. હું પણ કાંઇક એવું જ માગીશ.'

નમ્ર થઈને ગંગાસિંહ બોલ્યો-

'હું જંગલી રાજા છું. તમે તો સાચેસાચ રાજા છો.

આપ આજ્ઞા તો કરો, શું માગવું છે. હું વચન આપું છું કે શકિત સામર્થ્યની સાથે તમારી ઈચ્છા પૂરી કરીશ.'

કાશીના રાજા બોલ્યા—

'તો પછી તમે આજથી જ ગાય વાછડાં ચરાવવાનું બંધ કરી દો અને તમારું અધુરૂં શિક્ષણ પૂરૂં કરવામાં જોડાઈ જાવ. એક રાજાની જેમ તમારે શસ્ત્ર શાસ્ત્રોમાં નિપુણ થવાનું છે.'

ગંગાસિંહ બોલ્યો—

'આ પણ કાંઈ માગવાની વાત છે ? આ તો આપવાનું થયું. માગવાના બહાને તમે આટલું બધું વધારે આપી રહ્યા છો. રાજન્ ! તમારા જેવા ઉદાર કોણ હશે ?'

'તો પછી માગું છું.' કાશી નરેશ બોલ્યા—'હું તમને માગું છું તમે મારા થઈ જાવ.'

'શું હું આમ જ તમારો નથી ? રાજન્ ! તમારી પ્રજા છું ! પ્રજા તો રાજાની જ હોય છે.'

'એમ નહીં. હું એ રૂપમાં તમને માગી લેવા ઇચ્છું છું કે તમારૂં રુપ બદલીને મારા બનાવી લઉં.'

ગંગાસિંહ હસીને બોલ્યો—

'રૂપ બદલીને તમે મને શું બનાવશો ? તમારી પાસે રૂપ પરિવર્તનની વિદ્યા હશે ? મારૂં રૂપ બદલો. હું હાજર

છું.'

'તો હું તમને મારા જમાઈ બનાવવા ઇચ્છું છું.'

ગંગાસિંહ પોતાના ભાગ્ય પર હસ્યો. દેવ, તું આવો ચમત્કારી છે ! વાત વાતમાં તું કયાં લઇ જાય છે ? હું ગોવાળનો છોકરો શું રાજાનો જમાઇ બનવા લાયક છું ? ગંગાસિંહ થોડી વાર મૌન બેસીને વિચારતો રહ્યો. રાજા બોલ્યા—

'મારું આ રૂપ પરિવર્તન સ્વીકાર્ય નથી શું ?'

ગંગાસિંહ વિચારમાંથી જાગીને બોલ્યો—

'રાજન્ ! લગ્ન સંબંધ તો માતા-પિતા અથવા વડીલો કરે છે. જેવી રીતે રાજકન્યાના પિતા તમે છો, એવા મારા પિતા પણ તો છે. પિતાશ્રી નંદસિંહ ગોવાળને કહો. આ બાબતમાં તો તેમનો જ નિર્ણય અંતિમ હશે.

'કુંવર ગંગાસિંહ ! તમને મળીને હું ધન્ય થયો છું.' કહેતાં કાશીનરેશ ઉઠયા. ગંગાસિંહ થોડે દૂર સુધી તેમને વિદાય કરવા આવ્યો. રાજાએ પછી નંદ ગોવાળને બોલાવીને મનની વાત કહી. તેને તો વિશ્વાસ જ ન થયો. ગળગળો થઈને નંદ ગોવાળ બોલ્યો —

'સ્વામી ! કયાં તમે કાશીના રાજા અને કયાં હું નંદ ગોવાળ ? એવું કેવી રીતે થઈ શકે ?'

રાજા બોલ્યા—

'હું તમારી આવી વાતો નહીં સાંભળું. નાત અને સંબંધને વૈભવથી ના બાંધો, નંદસિંહ ! રૂપ ગુણ અને શીલ સંસ્કાર ઘણી મોટી વસ્તુ છે. હીરા શું ધરતીમાંથી નથી નીકળતા ? કોલસા પણ ત્યાંથી જ નીકળે છે. ગાય ચરાવવા વાળા આહીરોમાં કૃષ્ણ પણ તો એક થયા હતા. એ તો વાસુદેવ હતા. કોઈ પણ કુળમાં પુણ્યાત્મા હોઇ શકે છે. તમારો પુત્ર મારો જમાઇ કેમ ન બની શકે ?'

નંદને ભલા શો વાંધો હોય ? તરત જ પંડિત બોલાવ્યા અને બંનેની સગાઈ નકકી થઇ ગઇ. ગંગાસિંહ હવે શાળામાં જવા લાગ્યો. ભણવાનું શું હતું, જ્ઞાનનો વિકાસ જ કરવાનો હતો. પુણ્યાત્મા અને પ્રતિભાશાળી જીવ તો પૂર્વભવમાં ભણેલા ભણાવેલા હોય છે. થોડાં જ વર્ષોમાં ગંગાસિંહ અનેક કળાઓમાં નિષ્ણાત થઇ ગયો. હવે તેના ખભા પર ધનુષ અને પીઠ પર ભાથું શોભતાં હતાં. કમરમાં તલવાર પણ ઝુલતી રહેતી હતી. રાજવી વેશમાં હવે તો પૂરો રાજકુમાર જ લાગતો હતો. તે રાજકુમાર તો હતો જ. દૈવે રાજકુમાર મુકનસિંહમાંથી ગોવાળ ગંગાસિંહ બનાવી દીધો હતો. જેવી રીતે દેખભાળ કર્યા વગર સોનું કાળું પડી જાય છે અને પછી ઘસારો લાગતાં ચમકવા લાગે છે, એવી જ દશા ગંગાસિંહની હતી.

રાજકુમારના વેશમાં શણગારાઇને એક દિવસ કુંવર ગંગાસિંહ પોતાની જુની જગ્યાને જોવા ગયો, જ્યાં તે ગાયો ચરાવતાં રાજા બનવાની રમત રમતો હતો. જે વડના ઝાડ નીચે ચબૂતરાના રૂપમાં તેનું સિંહાસન બન્યું હતું, ગંગા-સિંહના મનમાં આજે અચાનક જ તેને જોવાની ઇચ્છા પ્રબળ થઇ ઊઠી. ગંગાસિંહ વનમાં પહોંચ્યો. પશ્ચિમ દિશા લાલ થઇ રહી હતી. સૂર્ય ડૂબી રહ્યો હતો. વડના વૃક્ષના થડ આગળ બેઠાં બેઠાં પોતાના વીતી ગયેલા જીવન વિષે ગંગાસિંહ વિચારવા લાગ્યો. હું અહીંયાં બેસીને ગાયો ચરાવ્યા કરતો હતો. ગાયો તો પોત પોતાની મેળે ચરતી રહેતી હતી. હું અહીંયાં બેઠો બેઠો રાજા બનીને નાટક કર્યા કરતો હતો. એવી રીતે જ સમય બદલાઈ જાય છે. આ વડ તો રહેશે જ, પણ મારી રાજસભા હવે અહીં નહીં મળે. પછી વિચાર બદલ્યો તો બંસાલા પર જઈ અટક્યો. આ બંસાલા કોણ છે મારી ? કોઇ દાસી શું આટલો પ્રેમ કરી શકશે ? જેવી રીતે પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિની સેવા કરે છે, એવા જ તન મનથી તે મારી સેવા કરે છે. મારૂં કોઇ પણ કામ કોઈ બીજી દાસીને કરવા જ નથી દેતી. એક દિવસ માએ તો હસીને કહ્યું હતું-'બંસાલા ! તું તો મારા ગંગાસિંહ કરતાં ઘણી મોટી છે. જો સમાન ઉંમરની હોત તો હું તને જ મારી વહુ બનાવી દેત.' સાંભળતાં જ બંસાલા શરમથી લાલ થઈ ગઇ. પછી તેની

આંખોમાંથી બે આંસુ પણ ટપકયાં. માએ ઘણું જ પૂછ્યું—'કેમ રડે છે બંસાલા?' પણ બંસાલાએ કાંઇ જ ન જણાવ્યું અને ઊઠીને ભાગી ગઇ.

વિચારતાં વિચારતાં અંધારૂં થઈ ગયું. સંધ્યા રાતમાં બદલાઇ ગઇ. ગંગાસિંહ જવા માટે ઊઠયો–'અરે! હું બેઠાં બેઠાં કોણ જાણે શું વિચારતો રહ્યો અને અહીં તો રાત પણ થઈ ગઇ. હવે તો જાઉં.' ત્યારે તેને વડના વૃક્ષ ઉપર થોડી સ્ત્રીઓના હસવાનો અવાજ સંભળાયો. ગંગાસિંહ ચોંકી જઇને ઉપરની તરફ જોવા લાગ્યો, પણ ત્યાં અંધારામાં શું દેખાય? એમ તો અંધારૂં પણ નહોતું. ચૈત્ર સુદી નોમની થોડી સરખી ચાંદની ફેલાયેલી હતી. થોડી જ વાર પછી કાંઇ વાતો સંભળાઇ. ગંગાસિંહ ફરીથી વડના વૃક્ષના થડમાં ઝાડને ટેકવીને બેસી ગયો અને વડ ઉપર બેઠેલી સ્ત્રીઓની વાતો સાંભળવા લાગ્યો.

વડના વૃક્ષ ઉપર બેસીને ચાર દેવીઓ વાતો કરી રહી હતી. એકે પૂછ્યું—

'તો આજે કયાંય બીજે નહીં આવો? શું રાત ભર આ વડ પર રહેશો?'

બીજી બોલી—

'જવું તો મહેન્દ્રપુરી છે. પણ ત્યાંનો જોવા લાયક

ઉત્સવ તો સૂર્યોદયના ઉદય પછીનો છે.'

'ત્યાં એવી શી વાત છે ?' ત્રીજીએ પૂછ્યું.

બીજી દેવીએ ફરીથી જણાવવું શરુ કર્યું—

'તો સાંભળો પૂરી વાત–અહીંયાંથી ત્રણસો ગાઉ દૂર મહેન્દ્રપુરી નામની નગરી વસી છે. અલકાપુરી જેવી જ મહેન્દ્રપુરી સુંદર છે. ત્યાં અરિમર્દન નામનો રાજા રાજ્ય કરે છે. વસંતતિલકા રાણી છે. તેમને એક જ પુત્રી છે પદ્માવતી. પદ્માવતીની સુંદરતા તો બસ જોવા લાયક જ છે. તે રાજકન્યા આપણી દેવીઓ કરતાં પણ સુંદર છે. વિદ્યામાં નિપુણ થઈને હવે તે લગ્ન કરવા યોગ્ય થઈ છે. રાજા અરિમર્દનને રાજકન્યાના લગ્નની ચિંતા થઈ અને તેના માટે તેમણે ગજમુખી ગણેશને પ્રસન્ન કર્યા. જ્યારે ગજાનંદ પ્રસન્ન થયા તો રાજાએ પૂછ્યું—

'ગિરિજાનંદન ! મારી દીકરી ડાહી થઈ ગઈ છે. તેને અનુકૂળ વર ક્યાં મળશે ?'

ગણેશજીએ કહ્યું–

'રાજન ! તમે ચિંતા ના કરો. ત્રણ મહિના પછી ચૈત્ર સુદી દશમ દિવસ સોમવારે સૂર્યોદયના એક પહોર પછી એક તરુણ ચાર સ્ત્રીઓની સાથે ઉત્તર દિશાએથી આવશે. તેની સાથે તું પદ્માવતીનાં લગ્ન કરી દેજે.'

'તેથી સખીઓ ! કાલે જ તે દિવસ અને તિથિ છે. જોવાનું એ છે કે કયો તરુણ ચાર સ્ત્રીઓને લઈને આવશે. આ કૌતુક અને પદ્માવતીના લગ્નઉત્સવને જોવા આપણે મહેન્દ્રપુરી જવું છે.'

ચોથી દેવીએ કહ્યું—

'તો પછી આજે જ ચાલો. રાત ભરમાં તો ત્યાં પહોંચી જઇશું અને સવારે કૌતુક જોઇશું.'

'સારું.' બીજી દેવી બોલી—'આ વડના વૃક્ષને ઉખાડીને ઊડાવી લઇ જઇએ અને આના પર આપણે ચારેય પાછી ફરીશું.'

વડના ઝાડને ટેકો દઇને બેઠેલા ગંગાસિંહે વિચાર્યું—

'હું થડના પોલાણમાં બેસી જાઉં અને હું પણ તો જોઉં કે ચાર સ્ત્રીઓની સાથે કયો ભાગ્યશાળી તરૂણ ત્યાં આવે છે. આનાથી સારી તક ક્યાં મળવાની છે ?'

ગંગાસિંહ વડની બખોલમાં સંતાઈ ગયો. ચારેય દેવીઓએ દેવશકિતથી વડના વૃક્ષને ઉડાવ્યું અને બ્રાહ્મમુહૂર્તમાં જ તેઓ મહેન્દ્રપુરી પહોંચી ગઈ. નગરીની બહાર વિશાળ ઝાડને રોકી દીધું. ત્યાં બેસીને ચારેય વાતો કરવા લાગી. એકે કહ્યું—

'હજુ તો બહુ જ અંધારૂં છે. સૂર્યોદય પછી જ

નગરમાં પ્રવેશ કરીશું.'

બીજી બોલી—

'ક્યા રૂપમાં જઇશું ?'

પહેલીએ જણાવ્યું-

'આપણે ચારેય દેવીઓ છીએ. બધા જ પ્રકારનાં રૂપ બનાવવાનું જાણીએ છીએ. માનવીઓનું રૂપ રાખીને જઈશું અને નગરીની સ્ત્રીઓમાં ભળી જઈશું. આપણને કોણ ઓળખશે ? મંડપમાં બેસીને ગીત પણ ગાઇશું. બધા એવું સમજશે કે મહેન્દ્રપુરીની જ કોઈ સ્ત્રીઓ છે. નગરીની શોભા પણ જોઈશું. ફરી ફરીને રાત્રે અહીં આવી જઇશું. આ વડના ઝાડને જ્યાં હતું ત્યાં પહોંચાડી દઈશું.'

'એ જ બરાબર છે.' બાકીની ત્રણેએ સંમતિ આપી. 'સૂર્યોદય થવામાં હજુ એક પહોરની વાર છે. ત્યાં સુધી અહીં ગપસપ કરીએ.

દેવીઓને ગપસપ કરતી છોડીને ગંગાસિંહ સંડાસ વિગેરેથી નિવૃત્ત થવા ચાલ્યો ગયો. યોગ્ય સમયે તે સામાયિક, સ્નાન અને સંધ્યાથી નિવૃત્ત થઈને આવી ગયો.

સૂર્યનાં સોનેરી કિરણો ધરતી પર વેરાઈ ગયાં. ધરતી પર ફેલાયેલી લીલોતરી ઘટવા લાગી, પરંતુ તેની રમણીયતા વધી. લાલ, પીળી, ભૂરી, અને લીલી એમ ચાર રંગની સાડી

પહેરી ઝાંઝરના ઝણુકાર કરતી ચાર સ્ત્રીઓ નગરી તરફ ચાલી. ચારેય દેવીઓ જ આ બાળાઓ હતી.

પાછળ પાછળ ગંગાસિંહ દબાતે પગલે ચાલી રહ્યો હતો. ઈશ્વરની ઈચ્છાથી એક પણ સ્ત્રીએ પાછું ફરીને જોયું નહીં. તે જ સંજોગ બની ગયા જે ગણપતિએ રાજા અરિમર્દનને જણાવ્યા હતા. ચાર સ્ત્રીઓની સાથે એક તરૂણ ઉત્તર દિશાથી નગરીમાં જઈ રહ્યો હતો.

દેવીઓને શી ખબર કે અમારા દ્વારા જ આ સંજોગ બનશે અને ગંગાસિંહને પણ કયાં ખબર હતી કે ચાર સ્ત્રીઓની સાથે આવવા વાળો તરૂણ હું જ બની જઇશ. ભાગ્યની કોને ખબર પડે છે ? જો આ સંજોગ ભાગ્ય ન હોય તો પછી આને શું કહેવું ?

રાજા અરિમર્દનના માણસો રસ્તા પર રાહ જોઈને જ તૈયાર બેઠા હતા. ચાર સ્ત્રીઓને જોઇને પહેલાં તો તેઓ મુંઝાયા– તરૂણ તો કોઈ છે જ નહીં. પછી તે સ્ત્રીઓની પાછળ ગંગાસિંહને જોયો તો આગળ આવીને ચારેય તરફથી ઘેરી લીધો. સ્ત્રી રૂપી દેવીઓ આગળ વધી ગઈ. તે કાંઈ જ ન જાણી શકી. રાજસેવકોએ ગંગાસિંહને કહ્યું—

'અમે તમારી જ રાહ રહ્યા જોઇ હતા. તમે યોગ્ય સમયે આવી ગયા. બધા જ સંજોગો એવા છે, જે ગિરિજા-

નંદન ગણેશજીએ જણાવ્યા હતા. સૂર્યોદય થયે એક પહોર તો થયો છે.'

ગંગાસિંહ સ્તબ્ધ થઈને જોવા લાગ્યો. સંજોગો એવા જ હતા કે તે વિરોધ ના કરી શક્યો.

એક સેવક રાજા અરિમર્દનની પાસે દોડી ગયો. તે સોનાથી મઢેલા રથમાં આવ્યા, તે પણ સમાચારની પ્રતીક્ષામાં બેઠા હતા.

રાજાએ આગ્રહ કરીને ગંગાસિંહને રથમાં બેસાડયો. રથ રાજ ભવનમાં પહોંચ્યો. ગંગાસિંહને વર વેશમાં શણગારવામાં આવ્યો. ઘણી બધી તૈયારીઓ તો પહેલેથી જ થઈ ચૂકી હતી. તો પણ સંધ્યા થઈ ગઈ. લગ્નનાં કામમાં ગણત્રી જ ક્યાં હોય છે ?

સંધ્યા વખતે ગંગાસિંહનાં લગ્ન રાજકન્યા પદ્માવતીની સાથે થયાં. અતિ અધિક ખુશીમાં ઘણી જ ભૂલો થઈ જાય છે. રાજા અરિમર્દનને પણ એટલો અવકાશ ના મળ્યો કે નિશ્ચિંતતાથી ગંગાસિંહની પાસે બેસે અને તેનું નામ ઠામ પૂછે. અવકાશ હતો નહીં. બધું જ તો ઝડપથી થયું હતું.

વર-વધૂ રંગમહેલમાં પહોંચ્યાં. ગંગાસિંહે પોતાની નવી પરણેતરનો ઘુંઘટ ઉઠાવ્યો. તો સાચે જ વાદળોની ઘટાઓમાંથી પૂનમના ચંદ્રનો ઉદય થયો હોય તેમ લાગતું

હતું. ગંગાસિંહે સેંથામાં સિંદૂર પૂર્યું. મધુર ક્ષણો મૌનમાં વીતી. ગંગાસિંહ એ પ્રતીક્ષામાં હતો કે પદ્માવતી સૂઈ જાય તો હું વડની બખોલમાં જઈને બેસું, નહીંતર મોટો અનર્થ થશે. પછી હું કાશી કેવી રીતે પહોંચી શકીશ ?

પરંતુ પદ્માવતી પણ ઘણી ચતુર બાળા હતી. તે શા માટે સૂઇ જાય ? આ રાત્રે ઊંઘની શી મજાલ છે કે તે પાસે આવી શકે ? જ્યારે ઘણી વાર સુધી કોઈ કશું બોલ્યાં નહીં તો ગંગાસિંહ જ બોલ્યો—

'રાત ઘણી જ થઇ ગઇ છે. હવે સૂઇ જા પ્રિયે !'

પદ્માવતી બોલી—

'તમે સૂઈ જાઓ. હું તમારા પગ દબાવીશ.'

ગંગાસિંહ બોલ્યો—'મને તો ઊંઘ નથી.'

પદ્માવતીએ કહ્યું-

'ઊંઘ તો મારી શોક છે. હું તેને મારી પાસે કેવી રીતે આવવા દઉં ?'

ગંગાસિંહ હસ્યો અને બોલ્યો-

'તો પછી કાંઈક રમીએ. ચોપાટ તો છે અહીંયાં.'

બંને ચોપાટ રમવા લાગ્યાં. ગંગાસિંહનું મન રમવામાં નહોતું લાગતું. વચમાં જ બોલ્યો-

'હું લઘુશંકા કરવા જાઉં છું. આવીને રમીશ.'

'હું પણ સાથે આવું છું.' પદ્માવતી સાથે જવા લાગી. ગંગાસિંહ ઘણી મૂંઝવણમાં ફસાયો. થોડી વાર થોભ્યો. પછી બોલ્યો—

'મારે દીર્ઘશંકા માટે પણ જવું છે. તું મારી સાથે રહીશ ? મને તો ઘણી શરમ આવશે.'

આમ કહેતાં ગંગાસિંહ એક ઝાટકે ઊભો થઇને જતો રહ્યો. પદ્માવતી ફાટી આંખે બૂમો પાડતી જ રહી–

'ઊભા રહો, હું પણ આવું છું.'

ત્યાં સુધીમાં તે અદૃશ્ય થઈ ગયો. મન મારીને પદ્માવતી ત્યાં ઊભી રહી.

ગંગાસિંહ જલ્દી જલ્દી વડના વૃક્ષ પાસે પહોંચ્યો અને બખોલમાં સંતાઈ ગયો. સંજોગો તો જુઓ કે થોડી જ ક્ષણો પછી દેવીઓ આવી. તે વડના ઝાડ ઉપર બેઠા અને ગંગાસિંહને લઇ વડનું ઝાડ કાશી નગરીના વનમાં યોગ્ય સ્થાને રોપાઇ ગયું.

મહેન્દ્રપુરીમાં પણ સવાર થઈ ગયું. પદ્માવતીનો પ્રિયતમ પાછો ન આવ્યો. વિયોગિની રડવા લાગી. લગ્ન પછી તરત જ તે પતિ વિહોણી બની ગઇ. પુત્રીને છાતીએ લગાડીને રાણી વસંતલિકા પણ રડી. રાજા અરિમર્દને કહ્યું-

'દીકરી ! ભૂલ મારાથી પણ થઇ છે અને તું પણ ભૂલ

કરી બેઠી. તેનું નામ ઠામ કાંઇ જ ન પૂછ્યું તેં ?'

પદ્માવતી તરફથી રાણીએ કહ્યું-

'પૂછે ક્યાંથી ? તે તો ટકયા જ નથી. કોણ જાણે ક્યાં જતા રહ્યા.'

રાજાએ ચારેય દિશાઓમાં પોતાના દૂત મોકલ્યા. પણ બધા જ નિરાશ થઇને આવ્યા. તેમને ગંગાસિંહ કેવી રીતે મળે ? અંતમાં પદ્માવતીએ કહ્યું-

'તાત ! જે ગણપતિ મહારાજની કૃપાથી મારાં લગ્ન થયાં છે. તેમની કૃપાથી મારા સ્વામી મને પાછા મળશે. હું તેમની ઉપાસના કરીને તેમને પ્રસન્ન કરીશ.'

રાજાએ અનુમતિ આપી. ગણેશના મંદિરમાં જઇ પદ્માવતી ગણેશની ઉપાસના કરવા બેસી ગઇ. ત્રીજા દિવસે ગણેશજી પ્રસન્ન થયા અને બોલ્યા-

'દીકરી ! હું તારી ઇચ્છા જાણું છું. ભાગ્યમાં લખેલાને હું પણ નથી ભૂંસી શકતો. પૂર્વભવનાં કૃતકર્મો અનુસાર તારાં લગ્ન એક અમિટ પુણ્યાત્મા તરૂણની સાથે થયાં છે. પૂર્વભવના કૃતકર્મોના ફળ સ્વરૂપે જ તારે છ મહિના સુધી હજુ તેમની રાહ જોવી પડશે. છ મહિના પછી તારો પતિ જાતે જ તારી પાસે અહીં મહેન્દ્રપુરીમાં આવશે.'

આટલું કહી ગણેશ દેવ અંતર્ધાન થઇ ગયા. પદ્માવતી

એ પણ ન પૂછી શકી કે મારા પતિ કોણ છે અને કયાંના રહેવાવાળા છે ? આ બધી ભાગ્યની જ વાત હતી કે પતિ વિહોણા રહેવાની સાથે જ પદ્માવતીને પતિનું નામ-ઠામ પરિચયથી પણ અજાણ રહેવાનું હતું.

આ તરફ સવારે જ ગંગાસિંહ ઘેર પહોંચ્યો. તેને દ્વાર પર બંસાલા જ મળી. તેણે ખભા પરથી ધનુષ ઉતાર્યું. ભાથું હાથમાં લીધું અને બોલી—

'સ્વામી ! આખી રાત કયાં રહ્યા ?'

ત્યારે લક્ષ્મી ગોવાળણ અને નંદ ગોવાળ પણ આવી ગયા. તે બંનેએ પણ પૂછ્યું—

'ગંગાસિંહ ! કયાં રહ્યો હતો ? તારી એક માત્ર દાસી બંસાલાએ તો કાલનું ભોજન પણ નથી કર્યું. સૂર્યાસ્તના થોડા વખત પહેલાં પણ જાણે કયાં ચાલ્યો ગયો ? હવે કાંઈક ખા-પી અને એ પણ બતાવ કે રહ્યો કયાં ? એવું ના રહ્યા કર. સમય ઘણો ખરાબ છે.'

પિતાની પૂરી વાત સાંભળી ગંગાસિંહ બોલ્યો-

'આખી રાત રહેવાની વધાઇ આપો. પિતાજી ! મા ! તું પણ આપ. બંસાલા પણ આપશે. મેં અહીંયાંથી ત્રણસો માઇલ દૂર મહેન્દ્રપુરીની રાજકુમારી પદ્માવતીની સાથે લગ્ન કર્યું છે. તમે બધા તો એમ જ કહેશો કે રાતમાં મેં

લગ્નનું સ્વપ્ન જ જોયું હશે. પણ આ કંકણ તો જુઓ. બધા બેસો. સંભળાવું છું.'

ગંગાસિંહે દેવીઓની વાતચીતથી લઇને અંત સુધીની બધી વાતો સંભળાવી દીધી. તણખલું તોડતાં લક્ષ્મી ગોવાળણ બોલી—

'મારા દીકરાને નજર ન લાગે. તું તો કોઇ વિદ્યાધર અથવા દેવ છે. મનુષ્ય શું આવા હોય છે? પાછલા જન્મમાં મેં એવાં કોણ જાણે ક્યાં પુણ્યો કર્યાં હતાં કે તું મારો પુત્ર થયો. પણ ગાંડા! રાજકુમારીને ત્યાં છોડી આવ્યો? બિચારી શું વિચારતી હશે?'

ગંગાસિંહ હસીને બોલ્યો—

'ચિંતા કેમ કરે છે મા? જ્યારે તું કહીશ ત્યારે લઇ આવીશ.'

બંસાલા દૂધ લેવા ગઇ અને તેની આંખો પલળી ગઈ. એકાંતમાં ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. 'મારા સ્વામીએ મારા માટે શોકની સૃષ્ટિ કરી દીધી. હવે તેમના પ્રેમની વહેંચણી થશે. પણ હું શા માટે ચિંતા કરું? હું તો એમનાથી ફૂલાઇ જાઉં છું કે મારા સ્વામી આટલા પુણ્યાત્મા છે કે વિદ્યાધર અથવા દેવ સમજવામાં આવે છે. એ તો રાજા છે. રાજાને અનેક રાણીઓ હોય છે. જ્યારે અનેક જ થાય છે,

તો મળીને રહે છે. એકબીજા સાથે ઈર્ષા શા માટે કરીએ ?

તરત જ તેણે આંસુ લૂછી નાખ્યાં અને દૂધ લઈને ગંગાસિંહ પાસે ગઈ. તેણે દૂધ પીધું. થોડા દિવસો એમ જ સામાન્ય વીત્યા. બનવાકાળ કે ફરીથી ગંગાસિંહના મનમાં ઈચ્છા થઇ.

ગંગાસિંહને ઈચ્છા થઈ કે વડના ઝાડ ઉપર બેસીને ફરીથી દેશ–દેશાંતરોમાં ફરું. જે દેવ નકલી સુયશકુમાર બન્યો હતો, તેણે મને વચન આપ્યું હતું કે જયારે બોલાવશો, ત્યારે આવીશ. એ દેવ તો મારો મિત્ર બન્યો. મારો દેવ મિત્ર જ પોતાની દેવશકિતથી વડના ઝાડને લઈને ઊડશે અને મને દેશાટન કરાવશે.

ગંગાસિંહ વનમાં પહોંચ્યો. વડના વૃક્ષ નીચે બેસીને દેવનું સ્મરણ કર્યું તો દેવ પ્રગટ થઇ ગયા. તેણે પૂછ્યું—

'મિત્ર ! કેમ યાદ કર્યો ?'

ગંગાસિંહે મહેન્દ્રપુરીનો બધો અહેવાલ જણાવીને કહ્યું—

'મિત્ર ! દેશાટન કરાવો.'

'બસ, આટલી જ વાત ? હવે બખોલમાં સંતાવાની શી જરૂર છે ? મારી સાથે વૃક્ષ ઉપર બેસ. ખૂબ ફેરવીશ.'

બંને મિત્રો વડના વૃક્ષ પર બેઠા. દેવે વડ આકાશમાં

ઉડાવ્યો. વન-પર્વત સર-સરિતા જોયાં. ઘણાં જ નગરો ઉપરથી જોયાં. એક નગરનું ભવ્ય મકાન, તેના પર ફરકતી ધજાઓ અને નગરની શોભાએ ગંગાસિંહને પોતાની તરફ ખેંચ્યો. તેણે દેવને કહ્યું-

'મિત્ર ! આ નગરમાં થોડા દિવસ રહીશું !'

દેવે એક એકાંત જગ્યાએ વૃક્ષ ઉતારી દીધું અને વૃક્ષ ઉપરથી ઉતરીને બંને નગરમાં ફરવા લાગ્યા. એક નાગરિકને પૂછ્યું-

'આ નગરનો થોડો પરિચય તો આપો અને કોઈ વિશેષ સાંભળવા-જોવાલાયક વાત હોય, તે પણ જણાવો.'

નાગરિકે જણાવ્યું—

'આ નગરનું નામ ધારાપુર છે. આની શોભા તો આપ જોઈ જ રહ્યા છો. મોટા મોટા ધનકુબેરો આ નગરમાં રહે છે. સ્વર્ગ તો અમે જોયું નથી પણ વિચારીએ છીએ કે સ્વર્ગ પણ આવું જ સુંદર હશે. જિતશત્રુ અહીંના રાજા છે. તેમને ત્રણ દીકરીઓ છે. તમે નામ પણ પૂછશો તેથી પહેલેથી જ બતાવી દઉં. મોટી કમલશ્રી છે, બીજી અથવા વચલીનું નામ છે કમલાવતી અને ત્રીજી કમલપ્રભા છે....'

વચમાં જ ગંગાસિંહ બોલ્યો—

'આ રાજકુમારીઓનાં નામ પણ ના મળ્યાં ? ત્રણેય

કમલ જ કમલ છે ?'

નાગરિક બોલ્યો-

'તમે નામની શી વાત કરો છો ? તેમનું કામ તો સાંભળો. તેમણે એકસો એકાવન રાજકુમારોને બંદીવાન કરી રાખ્યા છે. તમે કહ્યું હતું તે કે કોઈ જોવા સાંભળવા લાયક વાત હોય તો બતાવો.

આ રાજકુમારીઓની પ્રતિજ્ઞાની ખૂબી જુઓ. ચોપાટ રમવામાં તેઓ અદ્વિતીય છે. તેમની જાહેરાત છે કે જે અમને જુગારમાં હરાવશે, તેમની સાથે લગ્ન કરીશું. હું તો વિશ્વાસથી કહું છું કે ત્રણેય કુંવારીઓ રહેશે. એમને કોણ હરાવશે ? મોટા મોટા રાજપુત્રો આવ્યા.

ધારાપુરના નાગરિકે પોતાની વાત પૂરી કરી. ગંગાસિંહે દેવ-મિત્ર તરફ જોયું. બંને હસી પડયા. નાગરિક પાસેથી વિદાય લઇને બંને નગર જોતા જોતા રાજસભામાં પહોંચ્યા અને રાજકુમારીઓની સાથે જુગાર રમવાની માગણી કરી. રાજાએ સમજાવ્યું-

'રમીને શું કરશો ? અત્યાર સુધી જે આવ્યા તે બધા રમીને હારી ગયા. તમે પણ બંદી બનશો.'

ગંગાસિંહ બોલ્યો-

'ક્યારેક ને ક્યારેક તો કોઈ જીતવાવાળો પણ આવશે.

શી ખબરઅંતમાં કોણુ હશે ? તમે સંમતિ આપો.'

'સંમતિ છે.' રાજાએ એક દ્વારપાળને આદેશ આપ્યો- 'આ બંને યુવકોને રાજકુમારીઓના મહેલમાં લઇ જાવ.'

દ્વારપાળ બોલી-

'અન્નદાતા ! રાજકુમારીઓ સાથે એક એક કરીને જુગાર રમાશે. આ જ નિયમ છે. પહેલાં એક જશે. તેના હાર્યા પછી બીજો.'

દ્વારપાળની વાત રાજા જિતશત્રુએ પણ ગંગાસિંહ અને દેવને સમજાવી દીધી. દેવે કહ્યું-

'સારૂં, મારો મિત્ર જ જશે, હું નગર જોઇશ.'

માર્ગમાં વચ્ચે દ્વારપાળના જોતાં જ દેવ નગર શેરીમાં ચાલ્યો ગયો અને ગંગાસિંહ પ્રતિહારીની સાથે રાજકુમારી ઓના મકાન તરફ ચાલ્યો. પરંતુ પોતાના મિત્રની ભલાઇ માટે દેવ અદૃશ્ય થઇને ગંગાસિંહની સાથે જ રહ્યો.

ગંગાસિંહ જુગારગૃહમાં પહોંચ્યો. રાજકુમારીઓએ તેનું ખાવા પીવાથી ખૂબ સ્વાગત કર્યું. જ્યારે રાત પડી ત્યારે ચોપાટ જામી. ત્રણેય રાજકુમારીઓ અને ગંગાસિંહ જામી ગયાં. રમત શરુ થઈ અને ગંગાસિંહ પહેલી બાજી હારી ગયો.

આ જુગારની રમતમાં રાજકુમારીઓ એક ચાલ રમતી હતી. દીવાના દંડની નીચે એક બિલાડી સંતાઇ રહેતી હતી. તેને ખૂબ કુશળ કરી દેવામાં આવી હતી.

જ્યારે પાસા ફેંકવામાં આવતા ત્યારે, શિખવાડેલી ભણાવેલી બિલાડી ચુપચાપ એક પાસો ખેંચીને રાજકુમારી-ઓને જીતાડતી હતી. આ ચાલથી અત્યાર સુધી દોઢસોથી ઉપર રાજકુમારો હારીને બંદીવાન થઈ ગયા હતા અને આ ચાલથી ગંગસિંહ પણ પહેલી બાજી હારી ગયો હતો.

બીજી વાર અદૃશ્ય દેવ સાવધાન થઇ ગયો. તે ઉંદરનું રૂપ લઇ બિલાડી પાસે ગયો. બિલાડી તેના પર ત્રાટકી અને દીપાધાર હાલી ગયું, જેનાથી દીવો પડી ગયો. દાસીઓએ ફરીથી દીવાને સરખો કર્યો. આ બાજીમાં હાર જીતનો કોઇ નિશ્ચય ન થઈ શકયો.

ત્રીજી વારની બાજીમાં દેવે બિલાડીને સ્થંભિત કરી દીધી. તે હાલી ચાલી શકી નહીં. હવે તો ગંગાસિંહ દરેક બાજી જીતતો ગયો અને એક એક કરીને તેણે ત્રણેય રાજકુમારીઓને હરાવી દીધી.

રાજકુમરઓનાં મુખ મુરઝાઈ ગયાં. પરંતુ તરત તેઓ

જ આનંદિત થઇ ગઈ અને ગંગાસિંહના ગળામાં વરમાળાઓ પહેરાવી દીધી. બધી બાજુ વાત ફેલાઈ ગઇ.

રાજા જિતશત્રુએ સાંભળ્યું તો તે પોતે જુગાર ગૃહમાં આવ્યા. ઘણા સન્માન સાથે ગંગાસિંહને રાજસભામાં લઇ ગયા. અને પોતાના સિંહાસનની નજીક જ બેસાડીને બોલ્યા–

'હવે તમે મારા જમાઇ થયા. જમાઇ ! તમે મોટા ચમત્કારી છો ? તમે આ છોકરીઓનો અહંકાર ચૂરે ચૂરા કરી નાખ્યો. હવે તમારો પરિચય આપીને તૃપ્ત કરો.'

ગંગાસિંહે પોતાનો પરિચય આપ્યો–

'રાજન ! ગોવાળના કુળનો છું. કાશીના ગોવાળ નંદસિંહ મારા પિતા છે અને લક્ષ્મી માતા છે. બસ આ જ મારો પરિચય અને આ પરિચય અનુસાર હું તમારો જમાઇ બનવા યોગ્ય નથી.'

'આ તો કોઇ વાત નથી !' રાજા જિતશત્રુ બોલ્યા–

'કમળ તો કાદવમાં પેદા થાય છે. ગોવાળ કુળમાં તમે કોઇ દેવ જન્મ્યા છો. હવે કાંઈ ન કહો. હું બધું જ જાણું છું. લાલ તો ફાટેલા ચિંથરામાં પણ નથી છુપાતો.'

ગંગાસિંહને માનવું પડ્યું. પછી અદૃશ્ય દેવ પહેલાં

જેવું માનવ રુપ લઈને સભામાં આવ્યો. રાજાએ કહ્યું-

'લો, તમારા મિત્ર પણ આવી ગયા.' પછી દેવ મિત્રને કહ્યું- 'તમે કયાં ફરતા રહ્યા ? તમારા મિત્રે તો મારી પુત્રીઓનો અહંકાર ઢીલો કરી દીધો. હવે તમે જ બતાવો, હું આમને મારા જમાઈ કેમ ન બનાવું ?'

દેવ મિત્રે સમર્થન આપ્યું-

'લગ્ન તો પ્રતિજ્ઞાને આધીન છે. જે વખતે મારા મિત્રએ તમારી પુત્રીઓની પ્રતિજ્ઞા પૂરી કરી દીધી, એ જ વખતે એ તેમનો પતિ બની ગયો.'

રાજા જિતશત્રુ હસવા લાગ્યા અને બોલ્યા-

'હવે તો તમારા મિત્ર પણ મારી તરફ છે.'

પંડિત બોલાવવામાં આવ્યા. લગ્નની તિથિ નકકી કરવામાં આવી. ધામધૂમથી ગંગાસિંહનાં લગ્ન કમલશ્રી, કમલાવતી અને કમલપ્રભાની સાથે થઈ ગયાં. રાજા જિતશત્રુએ કરિયાવરમાં ગંગાસિંહને બે વિદ્યાઓ આપી. એક હતી આકાશ-ગામિની અને બીજી રુપ પરિવર્તનની. ગંગાસિંહ કેટલો ભાગ્યશાળી હતો ? હવે તેને ચાર પત્નીઓ થઈ ગઈ. એક પદ્માવતી મહેન્દ્રપુરીમાં હતી. એક બંસાલા, પાંચમી પણ હતી અને પહેલી પણ. પણ એ તો બાળક મુકનસિંહની પત્ની હતી. મુકનસિંહ ગંગાસિંહ બનેલો હતો.

ગંગાસિંહની હવે આ ચાર બીજી જ્યારે ફરીથી મુકનસિંહ બનશે ત્યારે પાંચ થશે. એક રાજકન્યા કાશીનરેશની પુત્રી તેની વાગ્દત્તા હતી. મુકનસિંહ ઉર્ફે ગંગાસિંહ અને બંસાલાના જીવનમાં કોણ જાણે હજુ શી ઉલટ સુલટ થવાની છે ? ઇશ્વરના મનની વાત કોણ જાણે ?

ગંગાસિંહ થોડા વખત સુધી ગંગાપુરમાં જ રહ્યો. ત્રણેય પત્નીઓ સાથે ખૂબ આનંદ કર્યો. પછી પોતાનું કર્તવ્ય યાદ આવ્યું. માતા પિતાને કાંઈ કહ્યા વગર જ ચાલ્યો આવ્યો હતો. પત્નીઓ પાસેથી વિદાય માગી. પણ તેઓ ગંગાસિંહને કેવી રીતે છોડી દે ? તેમણે ઘણી જ હઠ કરી કે અમે પણ સાથે આવીશું. ગંગાસિંહે કહ્યું-

'પ્રિયાઓ ! મારા પ્રેમ પર વિશ્વાસ તો કરો. શું હું તમારા વિયોગમાં ઓછો દુઃખી રહીશ ? પણ કર્તવ્ય ધર્મ ઘણો જ કઠણ છે. આપણા વિયોગનો પણ એક આનંદ છે. મારું ઠેકાણું તમારાથી છુપું નથી. હવે વિદાય આપો, જલ્દી જ આવીશ.'

લાચાર થઇને ત્રણેય પત્નીઓએ પોતાના પ્રિયતમને વિદાય કર્યો. ગંગાસિંહ સીધો વડ ઉપર જઇ ચડયો. દેવનું સ્મરણ કર્યું તો તે પણ આવી ગયો. બંને મિત્રો કાશી પહોંચી ગયા. વડનું વૃક્ષ યોગ્ય સ્થાને ઊભું રહી ગયું. દેવ

પોતાના લોકમાં ગયો અને ગંગાસિંહ પોતાને ઘેર. નંદસિંહ ગોવાળે અને લક્ષ્મી ગોવાળણે પ્રશ્નોની ઝડી વરસાવી–

'અરે પુત્ર ! તું આટલા દિવસ કયાં રહ્યો ? તું તો આ ગજબ કરે છે !'

ગંગાસિંહે બધાને હસી–હસાવીને જણાવી દીધું અને આ વખતે અસલી વાત ન બતાવી. પણ બંસાલા જાણી ગઇ કે મારા સ્વામી અમિત પુણ્યાત્મા છે અને ઠેર ઠેર લગ્ન કરતા ફરે છે. પતિની સફળતા પર તે આનંદિત થઈ ગઇ. પતિવ્રતા પોતાના એ દુઃખમાં પણ આનંદિત રહે છે, જેમાં પોતાનો પતિ સુખી રહેતો હોય અને યશ મેળવતો હોય. બંસાલા પણ તો સન્નારી હતી. એ તો એ વિચારતી હતી કે ભલે હું મારા સ્વામીની અંકશાયિની ન બનું, પણ એ આવી રીતે રહે અને હું તેમની દાસી જ બનીને રહું. ગંગાસિંહના દિવસો ફરીથી સામાન્ય વીતવા લાગ્યા.

હવે ગંગાસિંહના પ્રથમ રુપ મુકનસિંહની જન્મભૂમિ પૃથ્વીપુર જઇએ. ગંગાસિંહના જન્મદાતા પિતા હતા જયસિંહ અને માતા રાણી જયસેના. અહીંથી આપણી વાર્તા શરૂ થઈ હતી. આશા તૂટી ગયા પછી લગ્નનાં પાંત્રીસ વર્ષ પછી રાજા જયસિંહે પુત્રનું મોં જોયું હતું. પુત્ર તો થયો, પણ ન થયા

બરાબર. તેનું આયુષ્ય કુલ છ મહિનાનું હતું.

જયોતિષીના કહેવા અનુસાર રાજા જયસિંહે કપટપૂર્વક બાર વર્ષની રાજકન્યા બંસાલા સાથે પોતાના બે મહિનાના પુત્ર મુકનસિંહનાં લગ્ન કરી દીધાં, જેથી પતિવ્રતા પત્નીના પ્રતાપથી મુકનસિંહની જીવન રક્ષા થઈ જાય. હવે તો વર્ષો વીતી ગયાં હતાં અને ખબર નહોતી કે બંસાલા કયાં છે અને મુકનસિંહ કયાં છે.

પૃથ્વીપુરના નરેશ ઘણા જ ચિંતાતુર રહેતા હતા. અંતમાં તેમણે પોતાની કુળદેવીનું ધ્યાન કર્યું. દેવી પ્રગટ થયાં. રાજા જયસિંહે પૂછયું-

'માતેશ્વરી ! અમે મારા પુત્રને બંસાલાની નજીક સૂવડાવીને રાતોરાત અહીં આવી ગયા હતા. પુત્રના ગળામાં એક પત્ર બાંધી દીધો હતો. હવે તેની ખબર નથી કે કયાં છે ? જીવતો પણ છે કે નહીં ? છે તો કયાં રહે છે અને કયારે આવશે ?'

કુળદેવી બોલી-

'રાજન ! મને થોડો અવકાશ આપ. હું આખી પૃથ્વી પર ફરીને તારા બધા પ્રશ્નોના જવાબ લાવું છું.'

આટલું કહી રાજા જયસિંહની કુળદેવી અંતર્ધાન થઈ ગઈ અને મુકનસિંહ અને બંસાલાની શોધમાં લાગી ગઈ.

આ તરફ જ્યારે થોડા દિવસ વીત્યા તો ગંગાસિંહ બનેલા મુકનસિંહના મનમાં ફરીથી ફરવાનો વિચાર જાગ્યો. તેને કમલશ્રી, કમલાવતી અને કમલાપ્રભાની યાદ આવવા લાગી. તેમની સાથે તેના કેટલાક દિવસો વીત્યા હતા. વીસ દિવસ તે ધારાપુરમાં રહ્યો હતો. દેવને યાદ કર્યો. દેવ આવ્યો. ગંગાસિંહે કહ્યું-

'ફરી ચાલ, વડના વૃક્ષ પર બેસીને ધારાપુર જઈએ.'

દેવ બોલ્યો-

'મિત્ર ! આ વખતે તું એકલો ઘોડા પર બેસીને જમીન માર્ગે જા. એકલામાં જ કર્મની પરીક્ષા થાય છે. છતાં પણ તું એકલો તો નથી. પાછલા ભવમાં તેં જેટલાં પુણ્ય કર્યાં છે, એ બધાં તારી સાથે જ હશે.'

'સાચું તો છે જ. હું એકલો જ ચાલી જઈશ.' ગંગાસિંહે કહ્યું-'તો પણ પરદેશમાં એક કરતાં બે હંમેશાં સારા હોય છે.'

દેવ બોલ્યો-

'જ્યારે પણ તું કોઈ સંકટમાં ફસાય ત્યારે મને યાદ કરીશ તો હું તરત આવી જઈશ.'

અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ થઈને ગંગાસિંહ સફેદ રંગના ઘોડા પર સવાર થયો અને ધારાપુર તરફ ચાલી નીકળ્યો.

નદી-નાળાં પર્વત પાર કરતાં કરતાં એક વનમાં ફસાઈ ગયો. ગંગાસિંહ કયાં જવું છે એ બધું ભૂલી ગયો. વનમાં રસ્તો શોધવા લાગ્યો. ત્યાં તેને એક વૃદ્ધા મળી. કમર જાણે ધનુષ હતી. ગંગાસિંહે પૂછયું-

'માજી ! તમે આ વનમાં કેવી રીતે આવી ફસાયાં ? અહીંયાં શું કરવા આવ્યાં હતાં ? હું તો ફસાયો પણ તમેય ફસાયાં ?'

વૃદ્ધા બોલી-

'બેટા ! મારૂં ઘડપણ તો તું જોઈ રહ્યો છે. કયારેક હું પણ જવાન હતી. આજે મારી જુવાની ખોવાઈ ગઈ છે. તે ખોવાઇ ગયેલી જુવાનીને શોધી રહી છું.'

ગંગાસિંહ બોલ્યો-

'માજી ! આ તમે શું કહો છો ? આ ઘડપણ જ એવું છે જે એક વખત આવ્યા પછી જતું નથી. જુવાની કયારે કોઇની પાછી આવે છે ? યુવાનીમાં તો બધા એ જ વિચારે છે કે આપણે તો યુવાન જ રહીશું. કયારેય ઘરડા નહીં થઇએ. કોણ જાણે જુવાની કયાં જતી રહે છે ? આવો છે આ સંસાર ?

'માજી ! આવો મારા ખભા પર બેસી જાવ. જયાં સુધી મારી જુવાની છે ત્યાં સુધી તો ઘરડાની સેવા કરી

લઉં. શું ઘરડાની સેવાથી મારી જુવાની ધન્ય નહીં થાય ?'

ગંગાસિંહની આવી અમૃતમય વાણી સાંભળીને વૃદ્ધા બોલી-

'તું ચિરંજીવી છે પુત્ર ! તારા જેવા જ ભલા યુવકો હોય તો આ ધરતી પણ સ્વર્ગ કેમ ન બની જાય ? મારે ક્યાંય નથી જવું. હું તારા પર ઘણી જ પ્રસન્ન છું. સેવાના બદલે મેવા તો મળે જ છે. આ લે, હું તને આ આપું છું. આ તારે ઘણા જ કામમાં આવશે. તું પરોપકારી છે ને, એટલે પરોપકાર કરવા માટે જ હું તને આ જડી આપી રહી છું.

'આના ગુણ તને બતાવું છું. પાણીમાં ઘસીને ચાહે જે રોગના રોગી પર છાંટી દેજે. બસ, રોગ ગમે તેવો હશે, તરત દૂર થશે. આના પ્રભાવથી જન્મથી આંધળા પણ જોવા લાગે છે, કોઢ વાળાની કાયા પણ કંચન જેવી થઇ જાય છે.'

ગંગાસિંહે જડી હાથમાં લીધી અને વૃદ્ધા કોણ જાણે ક્યાં અદૃશ્ય થઇ ગઇ. ગંગાસિંહ જોતો જ રહી ગયો. આ વૃદ્ધા હતી પૃથ્વીપુરના રાજા જયસિંહની કુળદેવી. ગંગાસિંહના રૂપમાં મુકનસિંહને પોતાની આંખોથી જોઇ તેને શાંતિ થઇ. તેના સંબંધની બાકીની વાતો અવધિજ્ઞાનથી જાણી. કુળદેવી

પૃથ્વીપુર પહોંચ્યાં અને જયસિંહને તેમના સંતોષ થવા માટે જોઈતી જાણકારી આપતાં કહ્યું-

'રાજન ! તારો મુકનસિંહ તો હવે દીર્ઘજીવી અને અમિત પુણ્યાત્મા છે. જ્યાં પણ છે, સુખમાં છે. પ્રયાણના એકવીશ વર્ષ પછી તે વૈભવ સંપન્ન થઈને તમને મળશે.'

રાજા રાણી અને નગરવાસીઓને સંતોષ થયો. આ તરફ પ્રયત્ન કરીને ગંગાસિંહે વન પસાર કર્યું. એક રસ્તો મળી ગયો તેને જ પકડી લીધો. આ રસ્તે ધારાપુર ન પહોંચતાં એક બીજા જ નગરમાં પહોંચી ગયો. આ નગર હતું જનકપુર. સૌ પ્રથમ એક આંધળો મળ્યો. ગંગાસિંહે તેને રોકીને કહ્યું-

'ભાઈ ! થોડું પાણી પીવડાવશો ?'

'પાણી ?' લાચાર થઈને આંધળો બોલ્યો-'તમે મારી પાસે પાણી માગ્યું અને હું પાણી પીવડાવવામાં લાચાર છું. હું તો આંધળો છું. ક્યાંક બીજે પી લો. બનતા સુધી પરદેશી છો ?'

ગંગાસિંહ બોલ્યો-

'તમે પણ મારી સાથે આવો. હું તો પાણી પી જ લઈશ. તમારૂં આંધળાપણું પણ સારૂં કરી દઉં છું.'

'તમે કહો છો એટલે હું તમારી સાથે આવવા તો

તૈયાર છું, પણ મશ્કરી કેમ કરો છો ? આંધળાપણું પણ ક્યારેય દૂર થઈ શક્યું છે ?

'હવે તો એવું જ કહેશો. પણ જ્યારે બધું જ જોઇ શકશો, ત્યારે તો માનશો જ. અત્યારથી હું વિવાદ કેમ કરૂં ?'

ગંગાસિંહ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો. અંધળાનો હાથ પકડી લીધો. તેને એક જગ્યાએ પાણી મળી ગયું. ખોબામાં પાણી લીધું. તેમાં જડીબુટ્ટી ઘસી અને બબ્બે ટીપાં જ્યોતિ વગરના આંધળાની આંખોમાં નાખ્યાં. આંધળો આંખો મીંચકારવા લાગ્યો. પહેલાં ઝાંખું-ઝાંખું દેખાવા લાગ્યું. પછી તો એકદમ તેની આંખોમાં એવી જ્યોતિ આવી ગઈ કે ગંગાસિંહના પગમાં પડી ગયો. આંધળો બોલ્યો :

'સાચે સાચું બતાવો, તમે દેવ છો અથવા કોઇ જાદુગર. આવો ચમત્કાર તો મેં વાર્તાઓમાં સાંભળ્યો છે.'

ચારેય તરફ ભીડ જામી ગઇ. થોડી જ ક્ષણોમાં ગંગાસિંહ આખા જનકપુરમાં પ્રસિદ્ધ થઈ ગયો. ચમત્કારનાં કિરણો સૂર્યનાં કિરણોથી વધારે ગતિમાન હોય છે.

કર્ણસિંહ જનકપુરના રાજા હતા. તેમની પુત્રી રત્નવતી બાર વર્ષથી કોઢીલી હતી. એ તો નિરાશ જ થઈ ચૂકયા

હતા. રાજા કર્ણસિંહ બિચારા ઢંઢેરો પિટાવી-પિટાવીને થાકી ગયા હતા.

ગંગાસિંહની વાત સાંભળી તો તેમની આંખોમાં આશાની ચમક આવી ગઇ. ગંગાસિંહને તો બોલાવવાનો જ હતો. તેને ઘણા આદરથી બોલાવવામાં આવ્યો. પરોપકાર માટે તો તે તૈયાર જ રહેતો હતો. મૂળ વાત તો એ છે કે જડીબુટ્ટીના દિવ્ય પ્રભાવથી તેણે રાજકુમારી રત્નવતીના કોઢને અદૃશ્ય કરી દીધા. હવે તે રાજકન્યા દેવકન્યા જેવી સુઘડ–સુંદર થઈ ગઇ. ગંગાસિંહ રાજાનો મહેમાન બન્યો.

હવે તે ભવ્ય મકાનમાં રહેવા લાગ્યો. દાસ દાસીઓ સેવામાં હાજર જ રહેતા અને જે સાંભળતા તે ગંગાસિંહની પાસે આવતા. બધાનાં દુઃખ દૂર થતાં હતાં. રાજા કર્ણસિંહ પહેલા જ દિવસથી વિચારવા લાગ્યા હતા કે શા માટે આને હું મારો જમાઇ ન બનાવી લઉં ?

વાતમાં ને વાતમાં ગંગાસિંહને તેમણે એક દિવસ પરિચય પણ પૂછી લીધો. રાણીની સલાહ લીધી. રાણીએ એક જ વારમાં તત્વની વાત કહી દીધી–

'આ પણ કાંઇ પૂછવાની વાત છે ? દીવો લઇને ખોળશો તો પણ રત્નાવતી માટે ગંગાસિંહના જેવો વર નહિ મળે.'

રાજા કર્ણસિંહ પણ તો આવું જ વિચારતા હતા.

પતિ-પત્નીની મરજી એક થઈ ગઈ. રત્નાવતી અને ગંગાસિંહનાં લગ્ન થઇ ગયાં. લગ્નનો દિવસ વૈશાખ સુદી બારસ હતો. પહેલી જ મિલનની રાતમાં જ બંનેનો વિયોગ થઈ ગયો અને અચાનક અને ચમત્કારી ઢંગથી આ બધું થયું.

નવપ્રિયા રત્નવતીની સાથે વાતો કરતાં કરતાં ગંગાસિંહ સૂતો હતો. આકાશમાંથી બે દેવીઓ ઉતરી અને સૂતેલા ગંગાસિંહને વિમાનમાં બેસાડીને ઊડી ગઇ. ગંગાસિંહ જાગ્યો. ચકિત દુઃખી થઇને દેવીઓને પૂછ્યું—

'મને ક્યાં લઇ જઇ રહ્યાં છો ?'

'રાજા બનાવવા. તને રાજા બનાવીશું.' ટૂંકો જ જવાબ આપીને દેવીઓ મૌન થઇ ગઈ. ગંગાસિંહ કાંઇ વધુ પૂછે ત્યાં સુધીમાં દેવીઓએ પોતાનું વિમાન પર્વત પર રહેલા એક બાગમાં ઉતાર્યું. ત્યાં બે દેવીઓ બીજી પણ આવી.

ચારેયે નૃત્ય કર્યું. ગીતો ગાયાં. ગંગાસિંહે તલ્લીન થઇને જોયું. પછી સવાર થતાં થતાંમાં દેવીઓએ ગંગાસિંહને ચંપાપુરીના બાગમાં ઉતારી દીધો અને પોતાના લોકમાં જતી રહી. ગંગાસિંહ બાગમાં એકલો બેઠો બેઠો વિચારી રહ્યો હતો—

'હું કયા ચકકરમાં પડી ગયો ? હું સારા ભલા જનક-

પુરમાં શાંતિથી રહેતો હતો. જે દશા પદ્મમાવતીની મહેન્દ્ર-પુરીમાં અને કમલશ્રી, કમલાવતી તથા કમલપ્રભાની ધારા-પુરમાં થઈ રહી હતી એ જ દશા જનકપુરમાં રત્નાવતીની હશે. હવે હું કયાં જાઉં ? દેવીઓ રાજા બનાવવા લાવી હતી અને અહીં બાગમાં લાવીને ફેંકયો. ભાગ્યની વાત ઘણી વિચિત્ર છે.'

આ બધુ વિચારતાં વિચારતાં ગંગાસિંહની નજર સામેની ભીડ પર પડી. ભીડ આ તરફ જ આગળ વધી રહી. ચારેય બાજુ સૂર્યનાં કિરણો પ્રકાશી રહ્યાં હતાં. ઘોડા, રથ અને પદાતિ લોકો બાગ તરફ આગળ વધી રહ્યા હતા.

બધા ગંગાસિંહની એકદમ પાસે આવી ગયા. બધાથી આગળ શણગારેલી હાથણી હતી. ગંગાસિંહની આગળ ઊભા રહીને ચીસ પાડી ઘોડા પણ જોરથી હણહણવા લાગ્યા. હાથણીએ પોતાની સૂંઢમાં પકડેલી પુષ્પમાળા ગંગાસિંહના ગળામાં નાખી દીધી. પછી સૂંઢથી જ કળશ લઇને તેના ઉપર પાણી રેડયું. તેનો અભિષેક થયો. પછી તો જય જયનો અવાજ થઇ ઊઠયો. ગંગાસિંહ સ્તબ્ધ થઇને આ બધું નાટક જોઇ રહ્યો હતો. પછી થોડા ભદ્ર માણસો આવ્યા. તેમાંથી એકે કહ્યું—

'હવે તમે ચંપાપુરીના રાજા છો. આવીને રાજસિંહા-

સનની શોભા વધારો. હવે તમારો રાજસભામાં વિધિસર રાજ્યાભિષેક થશે. નરનાથ ! આશ્ચર્ય ન કરો ! અમારે ત્યાંની આ જ રીત છે. ચંપાપુરીના પહેલા રાજા અજિતસેન નિઃસંતાન મરી ગયા. સિંહાસન કયાં સુધી સૂનું રહે ? તેમનો વારસદાર કોઈ નહોતો. આ વિધિથી નવા રાજાની નિમણુંક થાય છે.'

હવે ગંગાસિંહની સમજમાં ભાગ્યના ખેલની સમજ પડી. તે વિધિસર ચંપાપુરીનો રાજા બન્યો. નરપાલ ગંગાસિંહની સભા ભરાવા લાગી. રાજકાજ ચાલવા લાગ્યું. જેવી રીતે કેળના પાનમાંથી પાન નીકળતાં જાય છે. એવા રીતે જ પુણ્યાત્માના પુણ્યનો એક પછી એક ઉદય થતો રહે છે. ગંગાસિંહ અથવા મુકનસિંહ પુણ્યાત્મા તો હતો જ.

આ તરફ જનરકપુરમાં શોક છવાઈ ગયો. કોઈને આવતાં જતાં જોયો નથી અને ગંગાસિંહ અલોપ થઈ ગયો. રત્નાવતી રડી રડીને વિલાપ કરી રહી હતી. રાજાએ બધે જ શોધ કરાવી. પણ ગંગાસિંહ મળ્યો નહીં. મળે કેવી રીતે ? એ તો ચંપાપુરીનો રાજા થઈને બેઠો હતો.

ઉદ્યમ અને પરિશ્રમથી નિરાશ થયેલી વ્યકિત જ્યોતિષનો સહારો લે છે. જનકપુરના રાજાએ પણ જ્યોતિષીને

બોલાવ્યો. તેમણે પૂછ્યું-

'મારા જમાઈ ગંગાસિંહ કયાં છે ? રત્નવતીના મહેલમાં જ સૂતા હતા અને સવારે જોયું તો ગાયબ. કાંઈક તો બતાવો.'

જ્યોતિષીએ બતાવ્યું—

'રાજન્ ! ચિંતા ના કરશો. દુઃખનો સહારો તો ધર્મ અને ધૈર્ય આ બે જ છે. તમારા જમાઈ ચંપાપુરીના રાજા બની ગયા છે અને હવે જાતે જ છ મહિના પછી અહીંયાં આવશે.'

જનકપુરના રાજા અને તેમની પુત્રી રત્નાવતી વિગેરે બધાને શાંતિ થઈ. ગંગાસિંહને ચંપાપુરીમાં રાજ્ય કરતાં-કરતાં થોડા દિવસો થયા તો ઘર યાદ આવ્યું. શાસનનો ભાર મંત્રીઓને સોંપ્યો. દેવનું સ્મરણ કર્યું, અને દેવે વડના ઝાડ પર ઉડાડીને ગંગાસિંહને કાશીની નજીક વનમાં ઉતારી દીધો.

આ વખતે ગંગાસિંહ ઘેર પહોંચ્યો ત્યારે માતા પિતાનો તેને ઘણો ઠપકો મળ્યો. આ વખતે પણ તેણે બધાને ખરું-ખોટું સંભળાવી દીધું. દુનિયા ભરની કલ્પિત ઘટનાઓ સાંભળાવી દીધી. સાચી વાત આ વખતે પણ ના જણાવી. પણ બંસાલા તો ઘણી ચતુર હતી. તે ચિંતાતુર થઈ–

'મારા સ્વામી કપટી છે. દરેક વખતે બહાનાં બતાવી દે છે. તે ચોકકસ જ લગ્ન કરતા ફરે છે. કેટલાંય લગ્નો કરી લીધાં. મોટી તો હું જ રહીશ. એમનાં લગ્નોના ક્યારેક તો ભેદ ખુલશે.'

ગંગાસિંહ કાશીના દરબારમાં ગયો. તેમણે પણ પૂછ્યું–

'ભાવિ જમાઇ ! હવે તો ઘણા ગાયબ રહો છો ? ક્યાં રહો છો ?'

ગંગાસિંહ બોલ્યો–

'રાજન ! ગાય-વાછરડા ચરાવવાનું તમે બંધ કરાવી દીધું. હવે મારી પાસે કામ જ શું રહ્યું ? તેથી ફરવા ચાલ્યો જાઉં છું. પતંગ ક્યાં ફરે. અંતમાં તો તે ત્યાં જ આવે છે જેના હાથમાં તેનો દોર હોય. હું પણ ફરી-ફરીને કાશીમાં આવી જાઉં છું.'

ગંગાસિંહની મીઠી વાણી સાંભળીને કાશીના નરેશ સંતુષ્ટ થઇ ગયા. થોડા દિવસો વીત્યા. ગંગાસિંહ વનમાં ગયો અને દેવને બોલાવ્યો. દેવ આવ્યો, તો તેણે કહ્યું–

'દેવ ! તેં મને એકલો મોકલ્યો તો ક્યાંનો ક્યાં પહોંચી ગયો. ધારાપુર તો પહોંચી જ ન શકયો અને જનકપુર પહોંચી ગયો. હવે મહેન્દ્રપુરી પહોંચાડ. પદ્મા યાદ કરતી

હશે.'

દેવ હસીને બોલ્યો-

'એકલા જઇને પણ ખોટમાં તો નથી રહ્યો જનકપુર નવું સાસરૂં થઇ ગયું. વડ પર બેસ. હમણાં મહેન્દ્રપુરી પહોંચી જઇશું.'

ગંગાસિંહ મહેન્દ્રપુરી પહોંચી ગયો. વડ ઉપરથી ઉતર્યો પછી દેવને કહ્યું-

'અહીંયાંથી હું ચાર સ્ત્રીઓની સાથે નગરમાં ગયો હતો. ગજાનન ગણેશના કહેવા અનુસાર મારાં લગ્ન પદ્માવતીની સાથે થયાં હતાં. આજે છ મહિના પછી આવ્યો છું.'

દેવ બોલ્યો—

'તું તારી પ્રિયાને મળ. હું મારા લોકમાં જાઉં છું.'

ગંગાસિંહ મહેન્દ્રપુરીના રાજા અરિમર્દનની રાજસભામાં પહોંચ્યો. દ્વારપાળને સમાચાર આપ્યા-

'રાજાને જઇને કહો-ગણેશજીની આજ્ઞા અનુસાર જેની સાથે રાજકન્યા પદ્માવતીનાં લગ્ન થયાં હતાં તે આવ્યા છે.'

દ્વારપાળે રાજાને સમાચાર આપ્યા. રાજા અરિમર્દન સિંહાસન પરથી ઉઠીને આવ્યા અને ગંગાસિંહનો હાથ પકડીને લઇ ગયા. પછી પૂછ્યું.

'જમાઇ ! તમે તો એમને એમ જ ભાગી ગયા ? નામ

ઠામ પણ ના બતાવ્યું ? પણ ગણેશજીએ કહ્યું તે બંને વાર સાચું નીકળ્યું. પહેલાં કહ્યા પ્રમાણે તમે ચાર સ્ત્રીઓની સાથે ઉત્તર દિશા તરફથી જ આવ્યા હતા. બીજી વાર તેમણે મારી પુત્રીને કહ્યું હતું કે તમે છ મહિના પછી આવશો.'

રાજકન્યા પદ્માવતીની પાસે પણ સમાચાર પહોંચી ગયા. સખીઓ તેને શણગારવા લાગી અને તે રાત્રીની રાહ જોવા લાગી. રાત પણ પડી. પતિ-પત્ની બંને એક ઓરડામાં હતાં. પણ પદ્માવતી દૂર જ ઊભી રહી. ગંગાસિંહની પાસે ના આવી. તેણે સ્પષ્ટ કહ્યું-

'કેવી રીતે માની લઉં કે તમે જ મારા પતિ છો ? પહેલાં કોઈ ખાત્રી આપો.'

ગંગાસિંહ બોલ્યો-

'તારા પિતાએ ગણેશજીની આજ્ઞાથી મારી સાથે લગ્ન કર્યાં હતાં. હું તારો પતિ છું. આનાથી વધારે ખાત્રી હું કાંઈ આપી શકતો નથી.'

પદ્માવતીએ આંખો કાઢી. સિંહાણની જેમ ગર્જના કરીને બોલી-

'મારા ઓરડામાંથી નીકળી જાવ. ચોકકસ જ તમે

કોઇ લંપટ અથવા કપટી છો. મારા પતિની પાસે તો ખાત્રી છે અને તમે ખાત્રી આપવામાં અસમર્થ છો.'

ગંગાસિંહે પદ્માવતીને ખૂબ ચીડવી. તેના પાતિવ્રત્યની પરીક્ષા જ્યારે લઇ રહ્યો તો બોલ્યો—

'મેં તને પહેલી રાત્રે કહ્યું હતું કે રાત બહુ થઈ ગઈ છે. પ્રિયે હવે સૂઈ જા. જવાબમાં તેં કહ્યું હતું કે તમે સૂઈ જાવ. હું તમારા પગ દાબીશ. પછી જ્યારે મેં કહ્યું કે મને ઊંઘ નથી તો તેં કહ્યું હતું કે ઉંઘ તો મારી શોક છે. હું તેને મારી પાસે કેવી રીતે આવવા દઉં ?

'ત્યાર પછી આપણે થોડી વાર ચોપાટ રમ્યાં હતાં. હું લઘુશંકા કરવા જવા લાગ્યો તો તું મારી પાછળ પાછળ આવી. પછી હું તને ધક્કો મારીને ભાગી ગયો. મારી પાસે આ જ ખાત્રી છે.'

પદ્માવતી ગંગાસિંહના પગમાં પડી ગઈ. ગંગાસિંહે તેને બાથમાં લપેટી દીધી. પછી તે બોલી—

'પ્રાણેશ્વર ! પતિ–પત્નીની અંગત વાતો તે બે જ જાણે છે. આ વાતો બીજું કોણ બતાવી શકે ? મને વિશ્વાસ તો થઈ ગયો પણ મેં તમને કડવા શબ્દો કહ્યા, લંપટ સુધી કહી નાખ્યું. પ્રાણનાથ ! ક્ષમા કરી દો !'

'પ્રિયે ! તેં તારા શીલનો પરિચય આપ્યો. તારા આ કડવા શબ્દોએ તો એવો ખુશ કર્યો છે કે તને હું શું કહું ?'

મિલનની રાત વીતી. પછી તો રાતો વીતવા લાગી. દિવસો પણ વીત્યા. હવે ગંગાસિંહે સમજાવી પટાવીને પદ્માવતી અને સસરા અરિમર્દન પાસેથી વિદાય લીધી અને દેવના સહારે વડના ઝાડ ઉપર બેસીને કાશીની નજીક વનમાં પહોંચ્યો.

'(અનુસંધાન સતી બંસાલા-૩)'

# સતી બંસાલા—૩

એ વનમાં એક જાન રોકાઈ હતી. કોઈક રાજા પોતાના રાજકુમારને ભરતપુરના રાજાની પુત્રીની સાથે પરણાવવા જઈ રહ્યો હતો. જાને રાતનો વસવાટ કાશીના આ વનમાં રાખ્યો હતો. વડના વૃક્ષ ઉપર બેઠેલા દેવે પોતાના મિત્ર ગંગાસિંહને કહ્યું–

'મિત્ર ! જે કન્યાને પરણવા આ રાજકુમાર જઈ રહ્યો છે, એને તું પરણે તો કાંઈ વાત બને.'

ગંગાસિંહ બોલ્યો–

'જે બોલે તે ઉપાય બતાવે. તેં વાત ઉપાડી છે, તો તું જ કાંઈ યુક્તિ કર.'

દેવ બોલ્યો–

'મારી યુક્તિનો ચમત્કાર તું સવારે જોજે. સવારે અહીં જાનની આગળ પાછળ ફરજે. પછી જોજે, મેં તારા માટે શું કર્યું છે ?'

ગંગાસિંહ બોલ્યો—

'ત્યારે તો બંને રાત અહીં ઝાડ ઉપર જ કાપીએ. તું તારા લોકમાં જતો રહેજે અને હું અહીંયાં જાનની સાથે રહીશ.'

દેવે પોતાની માયા ફેલાવી. જાનના બધા લોકોને વિકૃત કરી દીધા. બધા જ કદરૂપા થઈ ગયા. કોઈના દાંત બહાર નીકળી આવ્યા અને કોઈનું નાક બેસી ગયું. કોઈનો હોઠ ઊંટની જેમ લટકવા લાગ્યો. જાન ભૂતડાંના સંઘ જેવી થઈ ગઇ.

વરની દશા પણ વધારે વિચિત્ર હતી. તેની કદરૂપતા જોઇને ઘૃણા જેવું થતું હતું. વરના પિતાએ સવારે બધાને જોયા તો ચકકર આવી ગયાં. તે રાજા પોતાના પુત્ર વરને જોઇને તો રડવા લાગ્યા. તેમણે મંત્રીને કહ્યું-

'મંત્રી ! હવે શું થશે ? તમારી અને મારી શકલ પણ જુઓ. વરના શા હાલ થઈ ગયા ? ભરતપુરના રાજા ગુણપાલ હવે પોતાની પુત્રી ગુણમંજરીનાં લગ્ન મારા પુત્રની સાથે કેવી રીતે કરી આપશે ? આ શી માયા થઈ ગઇ ?'

'રાજન ! વખત પર તો પહોંચવું જ પડશે. નહીં તો બંને પક્ષોની પ્રતિષ્ઠાનો ભંગ થશે. આ કાશી નગરીમાંથી એક સુંદર છોકરો લઇ લો એને વર બનાવીને લગ્ન કરીને ભગાડી દઇશું. ગુણમંજરી તમારી પુત્રવધૂ બની જશે.'

'ગગાસિંહ ત્યાં જ આજુ બાજુ ફરી રહ્યો હતો રાજાની નજર તેના ઉપર પડી તો તેને બોલાવ્યો અને તેને કહ્યું-

'અમારૂં કામ કરી આપો. તું તમે વર બની જાવ. તમારો અમે ઘણો જ અહેસાન માનીશું.'

ગગાસિંહે પૂછ્યું-

'આ કામ માટે મને શું આપશો ?'

'એક સહસ્ર સોનાની મુદ્રાઓ આપીશું.'

'સારૂં પણ બે શરતો મારી બીજી પણ છે.'

'કહો.'

'પહેલી એ કે વરવેશનાં કપડાં હું નહીં આપું. અને બીજી એ કે રાત્રે હું વધૂના ખંડમાં-રંગમહેલમાં રહીશ.'

'અમને તમારી આ શરત મંજુર છે.'

ગંગાસિંહને વરવેશમાં શણગારવામાં આવ્યો. જાન ભરતપુર પહોંચી. રાજા ગુણપાલ અને સ્વાગત કરનારા હસવા લાગ્યા-

'અરે ! આ તો ભૂતોની જાન છે. એક પણ માણસ સારા ચહેરાવાળો નથી.'

પછી રાજા ગુણપાલે જ ફરીથી કહ્યું-

'જાન સાથે આપણે શી લેવાદેવા ? વર તો ઘણો જ સુંદર છે. દેવકુમાર જેવો છે.'

યોગ્ય સમયે ગંગાસિંહ અને ગુણમંજરીનાં લગ્ન થઈ ગયાં. ગંગાસિંહ રંગમહેલમાં ગયો. નવપ્રિયા ગુણમંજરીની સાથે રસભરી વાતો થઈ. બંને આખી રાત જાગ્યાં. પછી જ્યારે રાતનો ચોથો પ્રહર ગયો ત્યારે ગંગાસિંહે વરવેશનાં કપડાં ઉતારીને ગુણમંજરીને આપી દીધાં અને બોલ્યો—

'આ કપડાં તારી માતાને આપી દેજે. તેની જરૂર પડશે. હવે હું જાનમાં જાઉં છું. તું પણ સખીઓ સાથે જા.'

ગંગાસિંહ જાનમાં આવ્યો. પોતાનાં કપડાં પહેર્યાં. વરના પિતા પાસેથી એક સહસ્ર સોનાની મુદ્રાઓ લીધી અને દેવનું સ્મરણ કરી તેને બોલાવ્યો તથા પાછો કાશી ગયો. આ તરફ દેવે પોતાની માયા સમેટી લીધી તો બધા જાનૈયાઓનાં વિકૃત રુપ સારાં થઇ ગયાં. વર પણ સુંદર થઇ ગયો. ગુણસુંદરીની વિદાય વણપરણ્યા વરની સાથે થઇ ગઈ અને તે પોતાના સાસરે પહોંચી. સાસરીમાં સુહાગ-રાત આવી તો ગુણમંજરીએ વરનો તિરસ્કાર કરી દીધો—

'તમે કોણ છો ? તમારી સાથે તો મારાં લગ્ન થયાં જ નથી. શું હું મારા પતિને નથી ઓળખતી ? તમે કોણ જાણે કોણ છો ?'

વરે વિશ્વાસ આપ્યો-

'શું કહે છે ગુણમંજરી ? શ્રીપુરના રાજા અનંગસિંહનો

પુત્ર શ્રીચંદ હું જ છું. હું જ જાન લઇને તને પરણુવા ભરતપુર ગયો હતો. મારી સાથે જ તારાં લગ્ન થયાં છે.'

'ભલે જ તમે સાચું કહેતા હોય, પણ હું આ વાતને ક્યારેય નહીં માનું. તમે મારા પતિ છો જ નહીં. કોઇ પણ સ્ત્રી પોતાના પતિને ઓળખવામાં ભૂલ નથી કરી શકતી.'

શ્રીપુરના રાજકુમાર શ્રીચંદે બહુ જ હઠ કરી ત્યારે અંતે ગુણમંજરી બોલી-

'વરવેશનાં કપડાં લાવીને મને બતાવી દો. ત્યારે જ હું માની લઇશ.'

હવે તો શ્રીચંદ ફાંફાં મારવા લાગ્યો. તેને પાછા જવું પડ્યું. મિત્રો આગળ રડ્યો. પણ મિત્રો શું કરે ? એકે કહ્યું-

'દગાનું ફળ તો આવું જ હોય છે. જેની સાથે ફેરા ફરી એ જ તો એનો પતિ થશે. બીજાની પત્ની તને મળે પણ કેવી રીતે ?'

રાજા અનંગસિંહે પણ ગુણમંજરીને ઘણી જ સમજાવી પણ તે પોતાના શીલવ્રત પર મેરૂની જેમ અડગ રહી. થોડા દિવસ પછી તેના પીયરવાળા લેવા આવ્યા. ગુણમંજરી પોતાના પિયર જતી રહી અને તેણે પોતાના પિતા રાજા

ગુણપાલને સ્પષ્ટ કહ્યું-

'પિતાજી ! હવે હું ભૂલમાં પણ મારા કહેવાતા સાસરે શ્રીપુર નહીં જઉં. મારી સાથે દગો થયો છે.'

ગુણમંજરીએ પૂરી વાત કરી. રાજા ગુણપાલે તેને ધીરજ આપી-

દીકરી ! તારા ધર્મ પર અડગ રહે. એક ને એક દિવસે તારો અસલી પતિ અવશ્ય મળશે.'

'દાન જપ તપ, વ્રત ઉપાસના વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરતાં કરતાં ગુણમંજરી પોતાના પ્રાણપ્રિયતમની રહ જોવા લાગી.

એક દિવસ શ્રીપુરના રાજા અનંગસિંહ પોતાના પુત્ર શ્રીચંદને લઇને ગુણમંજરીને તેડવા ભરતપુર આવ્યા. પણ તેમને તિરસ્કાર જ મળ્યો. બાપ દીકરાને નિરાશ થઇને જવું પડયું.

આ તરફ કૌતુકી ગંગાસિંહ વડના ઝાડ પર બેસીને દેવની સાથે ફરીથી દેશાટન કરવા નીકળ્યો અને ચિતોડ પહોંચ્યો. નગરની બહાર વડનું ઝાડ રોપી દીધું અને બંને મિત્રો નગર તરફ આગળ વધ્યા તો જોયું કે નગરનાં સ્ત્રી પુરૂષો બાગ તરફ દોડી રહ્યાં હતાં. તેમની સાથે વૃદ્ધો અને બાળકો પણ હતાં. પગથી ચાલીને

પણ જનારાં હતા અને રથ-પાલખીઓમાં સવાર થઈને પણ જઈ રહ્યા હતા. ગંગાસિંહે એકને આશ્ચર્યથી પૂછ્યું—

'આજે તમારા નગરમાં શી વાત છે ? બધા લોકો સાજ શણગાર કરીને કયાં જઈ રહ્યા છે ?'

તેણે જલદી જલદી બતાવ્યું-

'અમારા નગરમાં જૈન મુનિ આવ્યા છે. તેમનાં દર્શન કરવા બધા જાય છે.'

ગંગાસિંહે પૂછ્યું-

'આ જૈનમુનિ શું હોય છે ?'

'અરે, બધું મને જ પૂછશો ? મારે મોડું થાય છે. કોઈ બીજાને પૂછજો.'

બતાવવા વાળો ચાલતો થયો. ગંગાસિંહે દેવને કહ્યું-

'મિત્ર ! હવે તો આપણે પણ મુનિનાં દર્શન કરવા જઇએ. મેં કયારેય જનમુનિઓનાં દર્શન કર્યાં નથી, તેમની વાતો પણ નથી સાંભળી. આજે તો સાંભળીશ.'

બંનેય મિત્ર ગયા. દેવ અદૃશ્ય થઇને મુનિની ધર્મ-સભામાં બેઠો. મુનિનો બોધ એવો હતો કે અજ્ઞાનીને પણ જ્ઞાન થઈ જતું હતું. સૂર્યનાં કિરણો ફેલાય તો અંધારું તો દૂર થાય જ.

ગંગાસિંહ પવિત્ર જીવ હતો. તેણે એક એક શબ્દને ઊંડો

ઉતાર્યો. પછી તો તેણે શ્રાવકનાં બાર વ્રતો પણ ગ્રહણ કર્યાં. પરસ્ત્રી ત્યાગનો અને સ્વપત્નીસંતોષનો નિયમ પણ લીધો. તેનું જીવન હવે ધર્મમય બની ગયું. પાંચેય ઇન્દ્રિયો અને છઠ્ઠો દેહ વિગેરેના કામ અને તેને વશમાં કરવા સંબંધી વાતો મુનિશ્રીએ વિસ્તારથી શ્રોતાઓને સમજાવી.

બોધ પૂરો થયો. મુનિને વંદન કરીને ગંગાસિંહ બાગની બહાર નીકળ્યો. બહાર જઇને સમવયસ્ક મિત્રના રૂપમાં તેને દેવ મળ્યો. બંને સાથે સાથે નગરમાં પહોંચ્યા.

ચિતોડના રાજા હતા કામધ્વજ અને તેમની પુત્રી હતી ફૂલવતી. ફૂલવતી સાત અક્ષર બોલીને કહેતી હતી કે આ અક્ષરોમાંથી એવા શબ્દો બનાવીને બતાવશે, કે જે મારા મનમાં છે, તેની સાથે હું લગ્ન કરીશ. કોણ જાણે તેના મનમાં શું હતું કે ઘણા જ આવ્યા પણ કોઇ બતાવી ન શક્યા.

હવે ગંગાસિંહે પણ ચિતોડની રાજકુમારીની પ્રતિજ્ઞા સાંભળી તો તે પણ રાજભવન તરફ ચાલ્યો. દેવ હવે અદૃશ્ય રૂપમાં તેની સાથે હતો. બીજા પણ રાજકુમાર આવ્યા હતા. બધા સાથે ફૂલવતીના શબ્દો જણાવવા બેઠા.

રંગમંડપમાં ઊંચા આસન ઉપર ફૂલવતી બેઠી હતી. બે દાસીઓ ચામર ઢોળી રહી હતી. તેની સામે ઉત્તરો

આપવા વાળા રાજકુમારો બેઠા હતા. રાજા કામધ્વજ અને મંત્રી વિગેરે બધા હતા. રાજકુમારીએ કહ્યું-

'કા. આ. ના. જી. સ. ઈ. ક. આ સાત અક્ષર. તે સાત શબ્દોના પહેલા અક્ષર છે જે મારા મનમાં છે. તે શબ્દ કયા છે, તમે લોકો એક એક કરીને જણાવો.'

એકે જણાવ્યું-

'રાજકુમારી ! કા થી કાન્યા, આ થી આર્ય, ના થી નારી, જી. થી જીવન. સ થી સરિતા, ઇ થી ઇશ્વર અને ક થી કષ્ટ આ સાત શબ્દ થયા. આ જ સાત શબ્દો તમારા મનમાં છે.'

ફૂલવતી હસીને બોલી-

'આમાંથી એક પણ નહીં. જિનેશ્વરના સોગંદ ખાઇને કહું છું, જે શબ્દ મારા મનમાં છે, તે જ બતાવીશ. કોઇને હેરાન કરવાનો મારો બિલકુલ ઉદ્દેશ નથી. મને તો એવા જીવન સાથીની શોધ છે, જે ધર્મને સમર્પિત હોય !'

બીજા રાજકુમારોએ પણ અટકળ કરી જોઇ. અંતમાં ગંગાસિંહનો વારો આવ્યો. ગંગાસિંહે થોડી વાર પહેલાં જ મુનિનો બોધ સાંભળ્યો હતો. તે એ પણ જાણી ગયો હતો કે રાજકુમારી ધર્મનિષ્ઠ છે. મુનિનો બોધ તેના મનમાં ગૂંજવા લાગ્યો. ગંગાસિંહ તે બોધમાં કહેલા શબ્દોને જ

શોધવા લાગ્યો. અરિહંતાણંનું મનમાં ને મનમાં ઉચ્ચારણ કર્યું અને બોલ્યો-

'રાજકન્યે ! કા થી કાન, આ થી આંખો, ના થી નાસિકા, જી થી જીભ, સ નો અર્થ શરીરથી છે અને ઇ થી પાંચેય ઇન્દ્રિયોને વશમાં કરવાનો ભાવ છે. ક નો અર્થ છે કે આમને કબજામાં લો.'

પછી ગંગાસિંહે પાંચ ઇન્દ્રિયો તથા તેની ઉપયોગીતાને જણાવી જેનાથી લોક પરલોક બને છે. ફૂલવતી હર્ષથી ફૂલાઈ ઊઠી. અને બધાની હાજરીમાં ગંગાસિંહના ગળામાં વરમાળા આરોપી દીધી. તેના મનમાં આ જ બધું હતું. રાજા કામધ્વજ બોલ્યા-

'જમાઇ ! વિધાતા પણ વિચિત્ર છે. પહેલેથી બનેલા બનાવેલા જોડાને જાત જાતના ઢંગ સાથે મેળવે છે. અત્યાર સુધી કેટલાય આવ્યા, પણ કોઇ દીકરીના મનની વાત ન જણાવી શક્યા. મને હવે તમારો શુભ પરિચય આપો.'

ગંગાસિંહ બોલ્યો-

'રાજન ! હવે પાણી પીને જાત પૂછો છો ? જમાઇ બનાવીને પણ પરિચય પૂછવામાં આવે છે ?'

'પરિચય તો મેં પહેલેથી જ જાણી લીધો હતો કે તમે કોઈ અસાધારણ પુરુષ છો. પણ પોતાપણાના સંબંધથી

પરિચય તો પૂછીશ જ.'

ગંગાસિંહે પોતાનો પરિચય જણાવ્યો. ગંગાસિંહ અને ફૂલવતીનાં ધામધૂમથી લગ્ન થયાં. ગંગાસિંહ થોડા દિવસ તો ચિતોડમાં જ રહ્યો. પછી સસરા કામધ્વજ પાસે પ્રયાણની અનુમતિ માગી અને પોતાના તરફથી કહ્યું કે હું ફૂલવતીને તરત જ લેવા આવીશ.

ગંગાસિંહ આ વખતે સીધો જ ચંપાપુરી પહોંચી ગયો. રાજ વ્યવસ્થાને જોઈ. પોતાની બધી જ રાણીઓ માટે મકાન શણગારવામાં આવ્યું. પછી બધાને એકઠા કર્યા. બધાથી પહેલા મહેન્દ્રપુરીના રાજા અરિમર્દનની પુત્રી પદ્માવતીને, પછી ધારાપુરના રાજા જિતશત્રુની ત્રણેય પુત્રીઓ કમલશ્રી, કમલાવતી અને કમલપ્રભાને લાવ્યો. જનકપુરના રાજા કર્ણસિંહની પુત્રી રત્નાવતીને પણ લઈ આવ્યો. ચિતોડની ફૂલવતીને પણ લઇ આવ્યો. ચંપાપુરીના રાજા ગંગાસિંહને બધાય સાસરેથી અપાર ધન, રથ, ઘોડા, અને સેના મળી. તેની ચતુરંગી સેના ઘણી વિશાળ થઇ ગઈ. તેની છ પત્નીઓ હવે તેની સાથે તેના અંતઃપુરમાં હતી.

ગંગાસિંહની ત્રણ પત્નીઓ હજુ બીજી પણ હતી. બધાથી પહેલાં તો બંસાલા જ હતી. જેના વિશે તે પૂરેપૂરો અજ્ઞાન હતો. અને તેને પોતાના ઘરની દાસી જ સમજતો

હતો. બીજી કાશીના રાજાની વાગ્દત્તા પુત્રી કનકવતી હતી. તેની સાથે વિવાહ જ નક્કી થયો હતો. અને હવે ત્રીજી ભરતપુરના રાજા ગુણપાલની પુત્રી ગુણમંજરી હતી. જેની સાથે ભાડાનો વર બનીને લગ્ન કર્યાં હતાં.

છયે પત્નીઓની વ્યવસ્થા કર્યા પછી આકાશમાર્ગે જ ગંગાસિંહ ચંપાપુરીથી ભરતપુર પહોંચ્યો. સીધો રાજસભામાં ગયો. ભરતપુરના રાજા ગુણપાલ તેના રૂપ અને વ્યકિતત્વથી પ્રભાવિત થયા. ગંગાસિંહ વીર વેશમાં હતો. રાજા ગુણપાલે આ નવા આગંતુક અતિથિને આસન આપ્યું અને પૂછયું-

'કહો, કેમ આવ્યા ? તમે કોણ છો ?'

ગંગાસિંહે કહ્યું-

'હું તમારો જમાઇ ગંગાસિંહ છું. ભાડેથી મારી સાથે તમારી પુત્રીનાં લગ્ન થયાં હતાં.'

સભાસદો હસવા લાગ્યા. રાજા ગુણપાલ પણ હસ્યો. રાજા બોલ્યા-

'કયાંય ભાડા પર પણ લગ્ન થાય છે ! તમે કેવી વાતો કરો છો ? દેખાવમાં તો તમે રાજકુમાર લાગો છો. પણ વાતો ગાંડા જેવી છે.'

ગંગાસિંહ બોલ્યો-

'વાત તો એવી જ છે કે કોઇ વિશ્વાસ ન કરે. પણ

આ સાચું છે રાજન ! તમારી પુત્રીને પરણવા શ્રીપુરના રાજાનો રાજપુત્ર શ્રીચંદ આવ્યો હતો. વરના પિતાએ એક સહસ્ર સોનાની મુદ્રાઓ આપીને મને ભાડેથી લીધો હતો. તે રાત્રે હું જ વર બન્યો હતો. મને તમારી પુત્રી તો ઓળખતી જ હશે.'

રાજા ગુણપાલ વિચારવા લાગ્યા. આને ગુણમંજરી ચોકકસ ઓળખશે. શ્રીચંદને તો તેણે પોતાનો પતિ માન્યો જ નહોતો. કહેતી હતી- મારી સાથે દગો થયો છે. તો આની સાથે તેનાં લગ્ન થયાં હશે.

પછી તો રાજા ગુણપાલે ગંગાસિંહનો અપૂર્વ સત્કાર કર્યો. રાત પડી તો ગંગાસિંહ ગુણમંજરીના મહેલમાં પહોંચ્યો. ગુણમંજરી તેને જોતાં જ ઓળખી ગઈ. અને બોલી-

'તો તમે મારા પ્રાણેશ્વર છો. મને છોડીને કયાં ચાલ્યા ગયા હતા ? જ્યોતિષીઓએ જણાવ્યું હતું કે છ મહિના પછી તમે આવશો. યોગ્ય સમયે આવ્યા છો.'

ગુણમંજરી જેવી પતિના ચરણનો સ્પર્શ કરવા આગળ વધી કે એક વિચાર આપતાં જ તે અટકી ગઈ. વિચારવા લાગી 'તેમને રાતમાં જ તો જોયા હતા. હતા તો આ જ. પણ શી ખબર કોઈ બીજા હોય. એક સરખા ચહેરાવાળી વ્યકિત

પણ હોય છે જ ને. પાછો દગો ન ખાઈ જાઉં.'

આ બધી વાતો પર વિચાર કરીને ગુણમંજરી બોલીઃ

'પહેલાં ખાત્રી આપો કે તમે મારા પતિ છો. નહીંતર હું તમને કોઇ કપટી જ માનીશ. ખાત્રી આપ્યા વગર તમે અહીંયાં એક ક્ષણ પણ નહીં રોકાઇ શકો.'

ગંગાસિંહે ગુણમંજરીને ચિડવી અને બોલ્યો-

'ખાત્રી તો તારું હૃદય જ છે. શું તું મને નથી ઓળખતી ? હવે આ વાતોમાં શું રહ્યું છે ? આવ, મારી ભુજાઓમાં સમાઇ જા.'

ગંગાસિંહ આગળ વધ્યો અને ગુણમંજરી પાછી ખસી. તે બોલી.-

'ખબરદાર ! આગળ ના વધો. કેવળ સીકલના આધારે હું તમને મારા પતિ ના માની શકું.'

'તો પછી લાવ મારો એ પોશાક કે જે મેં તને આપ્યો હતો.' ખાત્રી આપતાં ગંગાસિંહ બોલ્યો-'યાદ છે ને તને ? લગ્ન વાળી રાતે આ રંગમહેલમાં મેં મારા વર વેશનાં કપડાં ઉતારીને તને આપ્યાં હતાં અને કહ્યું હતું કે આને તારી માની પાસે થાપણના રુપમાં મૂકી દેજે અને જ્યારે માગું ત્યારે આપજે. તો હવે તું આ કપડાં લઈ

આવ.'

હવે ગુણમંજરીને વિશ્વાસ આવ્યો. તરત જ પોતાની માના મકાનમાં પહોંચી અને બોલી-

'મા ! પેલાં કપડાં લાવો, જે મેં તમને આપ્યાં હતાં.'

કપડાં લઇને ગુણમંજરી પાછી ગંગાસિંહ પાસે આવી અને બોલી-

'આ રહી તમારી થાપણ. પણ એ ભેદ તો જણાવો કે તમારાં લગ્ન મારી સાથે કેવી રીતે થયાં ?'

ગંગાસિંહે બધી વાત સંભળાવી. પછી બંને આખી રાત વાતો કરતાં રહ્યાં. બીજા દિવસે રાજજમાઇ ગંગાસિંહના આગમનની ખુશીમાં મોટો ઉત્સવ મનાવવામાં આવ્યો. ગંગાસિંહ થોડા દિવસ ભરતપુરમાં જ રહ્યો. પછી પોતાની આ સાતમી પત્ની ગુણમંજરીને લઇને ચંપાપુરી ગયો. ગંગાસિંહ સેના અને ધન વિગેરે જે કંઇ પણ દહેજમાં મળ્યું, તે બધું લઇ ચાલી નીકળ્યો.

ચંપાપુરીમાં હવે તેની સાત પત્નીઓ થઈ ગઇ. હવે અહીંયાંથી તે પાછો કાશી પહોંચ્યો. નંદ ગોવાળ અને લક્ષ્મી ગોવાળણ આ વાતનાં અનુભવી થઇ ગયાં હતાં કે તેમનો ગંગાસિંહ ઘરમાં રહે અથવા બહાર તેમને કોઇ મતલબ નહોતો. વારંવાર પ્રશ્નો કરવાથી તેઓ પણ કંટાળી

ગયાં હતાં અને એ નિશ્ચય કરી લીધો હતો કે આપણા રોકવાથી તે રોકાવાનો નથી. હોશિયાર છોકરાને રોકવો પણ કેવી રીતે ?

આ તરફ કાશીના રાજા પણ વિચારતાં હતા કે ગંગા-સિંહ સત્તર વર્ષનો થઈ ગયો. જ્યારે મારી પુત્રીની સાથે તેમની સગાઈ થઇ હતી ત્યારે મારી કનકવતી પણ નાની હતી અને તે પણ કિશોર વયના હતા. હવે રાજકુમારી કનકવતી પણ પંદર વર્ષની થઇ ગઇ હતી. ગંગાસિંહ કોણ જાણે કયાં કયાં ફરે છે ? મહિનાઓ સુધી કાશીની બહાર રહે છે. લગ્નના બંધનમા બંધાઇ જશે ત્યારે જ કાશીમાં ઠરીને રહેશે.

પરંતુ બિચારા કાશીરાજને કયાં ખબર હતી કે ગંગા-સિંહની સાત પત્નીઓ ચંપાપુરીમાં છે અને તે ત્યાંનો રાજા છે. પોતાની પુત્રીની સાથે ફેરા ફેરવવાના ચકકરમાં બાંધીને પણ તે તેને એકની એક જગ્યાએ રાખી શકતા નહોતા. કાઇ પણ હોય તેમણે નંદ ગોવાળને બોલાવ્યા. લગ્નની વિધિ નકકી કરવામાં આવી. કાશીના બધા ગોવાળો ફૂલ્યા નહોતા સમાતા. તે એ ગૌરવથી ફૂલી રહ્યા હતા કે અમારી જાતિનો છોકરો રાજાને ઘેર પરણવા જઇ રહ્યો છે ઘણી ધામધૂમ સાથે ગંગાસિંહનાં લગ્ન કાશીની રાજકન્યા

કનકવતીની સાથે સંપન્ન થઈ ગયાં.

જો કે નંદ ગોપાલ સમૃદ્ધ હતો. પોતાની નાતમાં તે મોખરે હતો. તો પણ રાજાની ટક્કર કેવી રીતે લે! તેથી બંને તરફના લગ્નનો પ્રબંધ કાશીના રાજાએ જ કર્યો.

કાશીના રાજાએ ગંગાસિંહને એક રાજમહેલ જેવો મોટો અને ભવ્ય મહેલ આપ્યો. દહેજમાં ઘણું જ ધન આપ્યું. હવે નંદ ગોફાળ પણ આ મોટા મહેલમાં રહેતો હતો. રાજકુમારી કનકવતીની સેવા કરવા માટે તેના પિતાએ દાસીઓ દહેજમાં આપી હતી. રાજ્યના જમાઇની રક્ષા માટે એક મોટી સેના પણ રહેતી હતી.

ગંગાસિંહ શું નો શું થઈ ગયો. નંદ ગોપાળને સ્વપ્નેય વિશ્વાસ નહોતો કે ગંગામાંથી મળેલો ગંગાસિંહ પુત્રમાંથી રાજા જેવો થઈ ઐશ્વર્યવાન બની જશે. ગોવાળ જાતિના બધા લોકોએ જુદા બેસીને એ નિશ્ચય કર્યો કે ધન વૈભવ મેળવીને લોકો પોતાના નિર્ધન ભાઈ-ભાંડુને પણ ભૂલી જાય છે. એક દિવસ નંદસિંહ પણ ભૂલી જશે. કદાચ નંદસિંહ ન ભૂલે, પણ ગંગાસિંહ આપણને એક દિવસ પોતાનાથી દૂર કરી દેશે. તેથી એક ગોવાળ કન્યા સાથે પણ તેનાં લગ્ન કરી દેવાં જોઇએ.

આ રીતે ચર્ચા- વિચારણા કરીને બધા ગોવાળો નંદસિંહ ગોવાળના મકાન પર પહોંચ્યા. હવે તેના

મકાનમાં સંતરીઓનો પહેરો હતો. ગોવાળોમાંથી પંચે કહ્યું—

'ભાઇ નંદ! તમારો પુત્ર ગંગાસિંહ રાજાનો જમાઇ બની ગયો. હવે તમે પણ રાજાની સમાન છો. પણ અમારી સમાન પણ તો બનો. જાતિમાં જ રહેવું જોઇએ. તમારે એક કન્યા ગોવાળની પણ લેવી પડશે.'

નંદસિંહે સહજ ભાવથી આ પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો. અતિ સ્વરુપવાન કાશીના એક ગોવાળની કન્યા સ્વર્ણમંજરીની સાથે ગંગાસિંહનાં લગ્ન થઈ ગયાં. ગંગાસિંહની સાત પત્નીઓ ચંપાપુરીના અંતઃપુરમાં હતી અને કનકવતી તથા સ્વર્ણમંજરી–આ બે કાશીમાં હતી. નવનિધિની જેમ હવે તે નવ પત્નીઓનો સ્વામી હતો.

દસમી બંસાલા પણ હતી. દસમી શું, તે તો પહેલી જ હતી. પણ આજે પણ તે દાસીની દાસી જ બની રહી છે. તેની પતિભકિત, પતિસેવા અને ત્યાગ-તપસ્યાનું વર્ણન શું વાગ્દેવી સરસ્વતી પણ કરી શકશે? પતિવ્રતાઓના ત્યાગ-તપનું વર્ણન તો હજાર મુખવાળા શેષનાગ પણ નથી કરી શકતા. બંસાલાએ ઘણું સહન કર્યું. પણ કયાં સુધી સહન કરે? હવે તે સમય આવી ગયો હતો, જયારે બંસાલા અસલી ભેદની જાણ કરે. એક દિવસ તે સમય આવી જ ગયો.

આખો પરિવાર એક જગ્યાએ બેઠો હતો. નંદસિંહ ગોવાળ અને લક્ષ્મી ગોવાળણ સાથે-સાથે બેઠાં હતાં. ગંગાસિંહની જમણી તરફ ક્રમવાર કનકવતી અને સ્વર્ણ-મંજરી બેઠી હતી. દાસીઓ થોડે દૂર આજ્ઞાની રાહમાં હારબંધ ઊભી હતી. તે દાસીઓમાં બંસાલા બધાથી આગળ હતી.

થોડી આગળ વધીને બંસાલા ધરતી પર બેસી ગઈ અને બંને હાથ જોડીને ગંગાસિંહને કહ્યું–

'સ્વામી ! તમે મારા સ્વામી છો. પણ હું તમારી એવી દાસી નથી જે તમે સમજો છો. જેવી રાતે કનકવતી અને સ્વર્ણમંજરી તમારી પત્નીઓ છે, એવી જ હું પણ તમારી પ્રથમ પત્ની છું.'

ગંગાસિંહ આશ્ચર્યથી જોઈ રહ્યો, તે બહુ જ હસ્યો. પછી બોલ્યો—

'બંસાલા ! એ તો હું પણ જાણું છું કે તેં મારી તન મનથી સેવા કરી છે. પણ એ સેવાના બદલે તું મારી પત્ની બનવાનાં સ્વપ્નાં ક્યારથી જોઈ રહી છે ? એમ તો કદાચ હું તારી વાત પણ માની લઉં. પણ તારી અને મારી વચ્ચેનો ઉમ્મરનો તફાવત તો જો. મને સારી રીતે યાદ છે કે હું તારી આગળ નાગો ફર્યા કરતો હતો અને તું મને પકડીને કપડાં પહેરાવતી હતી. તું મારી મા બરાબર છે !'

બંસાલાએ ફરીથી કહ્યું-

'ઉંમરનું આ અંતર વિધાતાનું બનાવેલું છે. જ્યારે તમારાં લગ્ન મારી સાથે થયાં હતાં ત્યારે તમે બે મહિનાના દૂધમુખા બાળક હતા અને મારા શિશુ સ્વામી હતા. ત્યારે મારી ઉંમર બાર વર્ષની હતી. આ ન બનવા જેવી વાત છે પણ છે તો સાચી.'

'આ તું શું ધડ માથા વિનાની વાતો કરે છે?' નંદગોવાળે બંસાલાને વઢતાં કહ્યું- 'તારા એ દિવસોને યાદ કર જ્યારે તું નિરાધાર મારી પાસે દાસી બનવા માટે આવી હતી અને આજે મારી પુત્રવધૂ બનવા ઇચ્છે છે? મેં જ તને રાખી હતી અને હવે હું જ તને કાઢી રહ્યો છું.'

બંસાલાએ નિર્ભયતાથી કહ્યું-

'તમે કાઢી મૂકવાની શું ધમકી આપો છો? આંખો ના કાઢો, હું જાતે જ અહીંયાંથી ચાલી જવા માટે અત્યાર સુધી છુપાયેલા રહસ્યને ખોલવા જઈ રહી છું. હું તો જઈશ જ, પણ મારા સ્વામીને પણ સાથે લઈ જઈશ. હું મારો અધિકાર કેવી રીતે છોડી શકું? જન્મ આપ્યા વગર તમે એમના પિતા બની ગયા છો અને હું પરણેતર થઈને પણ એમની પત્ની ન બનું? તમે જણાવો. શું આ તમારો ઔરસ પુત્ર છે? આમને તમારી પત્ની લક્ષ્મીએ જન્મ આપ્યો છે? તમે સોગંદ ખાઈને સાચે સાચું કહો. નહીં

તો ખાત્રી સાથે હું જ કહીશ.'

બંસાલાની ગૌરવભરી વાણી સાંભળીને નંદસિંહ ગોવાળને ચક્કર જેવું આવી ગયું. ગંગાસિંહે પિતા નંદસિંહને કહ્યું-

'પિતા! તમે જણાવો. મારો જન્મ શું તમારા ઘરમાં નથી થયો ?'

નંદસિંહે જણાવ્યું-

'હા બેટા ! એ સાચું કહે છે. ગંગામાં વહેતી એક પેટી મને મળી હતી. એમાંથી મને તું મળ્યો. મેં તારું નામ ગંગાસિંહ રાખ્યું. પણ એમાં શું થઈ ગયું ? તો પણ તું મારો પુત્ર છે. આ રહસ્ય ખૂલવાથી એ કેવી રીતે નક્કી થઈ શકે કે બંસાલાનો પતિ તું છે. હવે હું બંસાલાને નહીં કાઢું. બંસાલા ! તું અહીં રહે પણ મારા પુત્રને મારાથી જુદો ના કર.'

બંસાલા બોલી-

'તમે કેવી વાત કરો છો ? તેમનાં અસલ મા-બાપ એમની યાદમાં ક્યાં સુધી તરફડ્યા કરશે ? પૃથ્વીપુરના રાજા જયસિંહ એમના પિતા છે અને માતા મહારાણી જયસેના છે ! હું કનકવતીપુરના રાજા મકરધ્વજની પુત્રી બંસાલા છું. એમના ગળામાં જે તાવીજ બાંધ્યું છે તે ખોલીને વાંચો તો.'

નંદસિંહ કાંઇ કહે તે પહેલાં જ ગંગાસિંહે પોતાના ગળાના તાવીજને તોડી નાખ્યું. એમાં કંચનપુરના રાજા મણિચૂડનું પ્રતિજ્ઞાપત્ર છે, જેમાં લખ્યું હતું કે આ બાળક મને વનમાંથી મળ્યું હતું. મેં એનું નામ રણજીતસિંહ રાખ્યું હતું. મોટો થઇને આ બાળક મારા આ પ્રતિજ્ઞા પત્રને લઇને આવશે તો હું તેને મારું અડધું રાજ્ય આપીશ.

આ પ્રતિજ્ઞાપત્ર ગંગાસિંહે નંદસિંહ ગોવાળ તરફ કહ્યું–

'તો હું થોડા દિવસ કંચનપુરમાં પણ રહ્યો હતો ? આજે મારા જીવનના શા શા ભેદ ખુલી રહ્યા છે ? બંસાલા! તું તો બધું જ જાણે છે ! હજુ પણ કાંઈક જણાવ. એ પણ જણાવ કે બાલ્યાવસ્થામાં મારાં લગ્ન તારી સાથે કેમ થયાં અને કેવી રીતે થયાં?'

'હવે તો વધારાની વાતો હું કાશીના રાજા સમક્ષ જ જણાવીશ.'

નંદસિંહ ગોવાળનું દિલ બેસી જવા લાગ્યું હતું. લક્ષ્મી ગોવાળણ ઢીલી થઇ ગઇ. કનકવતી અને સ્વર્ણમંજરી સ્તબ્ધ થઇને ક્યારેક બંસાલાને જોતી હતી અને ક્યારેક ગંગાસિંહના મોં પર આવેલા ભાવને જોઇ લેતી હતી. ગંગાસિંહના હૃદયમાં મોટી ઉથલ પાથલ મચી હતી.

પોતાના રહસ્ય મય જીવનનું રહસ્ય જાણવા માટે તે

ઘણો જ ઉત્સુક હતો, તરત જ એક સેવકને આજ્ઞા આપી-

'મહારાજા કાશી નરેશને કહેજો કે મોટી ગરબડ ઊભી થઈ છે. તરત જ આવે.'

સેવકો રાજાની પાસે ગયા. જમાઈ ઉપર કોણ જાણે શું સંકટ આવ્યું છે, એ વિચારે કાશીના નરેશ ચિંતિત થઈને ગંગાસિંહના મહેલમાં આવ્યા. બેસતાં જ તેમણે પૂછયું-

'શું થયું જમાઇ ? તમે બધા ચુપ કેમ છો ?'

ગંગાસિંહે પોતાના સસરા કાશી નરેશને બધી વાત ટૂંકમાં સંભળાવી. તેમણે બંસાલાને કહ્યું-

'બંસાલા ! એ તો સાચું હોઇ શકે કે કંચનપુરના રાજા મણિચૂડને એક બાળક વનમાંથી મળ્યું હતું અને તેનું નામ રણજીતસિંહ રાખ્યું. એ પણ સાચું હશે કે રાજા મણિચૂડે રણજીતસિંહના ગળામાં અડધું રાજ્ય આપવાનું વચનપત્ર બાંધી પેટીમાં બંધ કરી ગંગામાં વહેવડાવી દીધો. એ પણ સંભવિત છે કે ગંગામાં વહેતી પેટીમાં જે બાળક નંદસિંહને મળ્યું, તે રણજીતસિંહ જ હોય અને તે જ આજે ગંગાસિંહના રૂપમાં આપણી સામે છે. પણ તું ગંગાસિંહની પત્ની છો. એ કેવી રીતે સાચું મનાઈ જાય ?'

બંસાલા બોલી-

'રાજન ! મારી વાતની ખાત્રી કરાવવા માટે એક દેવી આવશે. તેને બોલાવીશ. તે જ તમને બધું જણાવશે.'

'દેવી દ્વારા આપવામાં આવેલા વાળ અને એ પત્ર જે પૃથ્વીપુરના રાજા જયસિંહે પોતાના પુત્ર મુકનસિંહના ગળામાં બાંધીને પુત્રને બંસાલાની પાસે સૂવડાવી દીધો હતો- આ બંનેય વસ્તુ બંસાલા પોતાની પાસે બ્લાઉઝમાં આખો વખત સંતાડીને રાખતી હતી. તેણે કંચુકીમાંથી દેવીએ આપેલા વાળ કાઢયા અને તેને સામે રાખીને દેવીનું સ્મરણ કર્યું. તરત દિવ્ય રૂપ વાળી એક દેવી પ્રગટ થઈ. તેને જોઈ તો બધાની આંખો સ્તબ્ધ જેવી થઈ ગઇ. કાશીનરેશના મોંમાંથી એક પણ શબ્દ ન નીકળ્યો. દેવીએ બંસાલાને પૂછ્યું-

'હવે તને શું દુઃખ છે ?'

'માતેશ્વરી ! તમે તો બધું જાણો છો. આ બધાની સામે મારા જીવનનું રહસ્ય પ્રગટ કરો.'

રાજાએ ઊભા થઈને કહ્યું:

'હવે અમે પણ ઉત્સુક છીએ. બધું જણાવો.'

દેવીએ મુકનસિંહના જન્મથી અંત સુધીની વાત કહી નાખી. પછી બંસાલાને કહ્યું-

'પૃથ્વીપુરનરેશના હાથનો પત્ર પણ હવે કાશીનરેશને બતાવ.'

બંસાલાએ પત્ર રાજાના હાથમાં આપ્યો. ગંગાસિંહે પણ તે પત્ર વાંચ્યો. રાજાએ બંસાલાની પ્રશંસા કરતા કહ્યું:

'બેટા ! તારાં ગુણગાન કોણ કરશે ! તું તો કનકવતીની

મોટી બહેન છે. તેં તારા બાળ-સ્વામી માટે આટલાં દુઃખ વેઠયાં. હું આજે કેટલો ખુશ છું ? મારો જમાઇ ગોવાળ પુત્ર નથી, પરંતુ એક રાજપુત્ર છે. આ તો પૃથ્વીપુરના રાજા જયસિંહનો રાજદુલારો મુકનસિંહ છે.'

નંદ ગોવાળની ઉદાસી દૂર કરતાં મુકનસિંહે કહ્યું:

'પિતા ! તમે શા માટે દુઃખી થાવ છો ? તમારા માટે તો હું આજે પણ ગંગાસિંહ છું. મને તમે અને માતા લક્ષ્મીએ પાલવ્યો છે. કયાંય પણ રહીશ, તમારી સેવા હું પણ કરીશ અને તમારી પુત્રવધૂઓ પણ કરશે.'

નંદસિંહ ગોવાળ અને લક્ષ્મી ગોવાળણનું દુઃખ દૂર થઇ ગયું. લક્ષ્મી બોલી:

'પુત્ર ! અમે તારાં માતા-પિતા બનવા લાયક પણ નહોતાં. કયાં તું વિદ્યાધર જેવો રાજપુત્ર અને કયાં અમે ગોવાળ ! સૌથી વધારે દુઃખ તો મને એ વાતનું છે કે હું બંસાલાને લઢયા કરતી હતી. એ તો એવી દેવી છે કે એની અમારે પૂજા કરવી જોઇએ.'

બંસાલાએ વિનય ભાવથી કહ્યું-

'તમે તો મારાં માલિકણ છો જ. પરંતુ હવે તો સાસુ થઇ ગયાં. હું તમારા માટે પણ તે જ છું, જે પહેલાં હતી.'

હવે દેવી બોલી-

'હજુ રહસ્ય આખું નથી ખૂલ્યું. હવે બાકીની રહસ્યમય વાતો મુકનસિંહ જણાવશે.'

કાશીનરેશે મુકનસિંહ સામે જોયું. મુકનસિંહ બોલ્યો-

'બધાં રહસ્યો તેના સમયે જ ખુલે છે. મારૂં રહસ્ય પણ હું ખોલું છું. હું ચંપાપુરીનો રાજા છું. ત્યાં મારી સાત પત્નીઓ છે. મહેન્દ્રપુરી, ધારાપુર, જનકપુર, ભરતપુર, વિગેરે નગરોના રાજાઓની પુત્રીઓ સાથે મારાં લગ્ન થઈ ચૂકયાં છે.'

રાજા ચોંકયા. બંસાલા હસી. કનકવતી ચકકરમાં પડી ગઈ અને સ્વર્ણમંજરી દુઃખી થઈ ગઈ. રાજા બોલ્યા-

'જમાઇ ! તમે આવા કપટી છો ? કયારથી આ ભેદ છુપાવ્યા હતા ?'

મુકનસિંહ કાંઈ જ ન બોલ્યો. બંસાલા બોલા-

'હું તો થોડું થોડું જાણતી હતી. જ્યારે તે મહિનાઓ સુધી કાશીની બહાર રહેતા હતા, તો હું સમજી જતી હતી કે જરૂર લગ્ન કરતા હશે.'

રાજા બોલ્યા.

'બેટા બંસાલા ! તેં તો જમાઇનું પાલન પણ કર્યું છે. હવે એમને બાંધીને રાખજે. હવે તો તમે દસ થઈ ગઇ છો. દસે દિશાઓની જેમ આ એકના માટે દસ બહુ જ છે.'

બંસાલા હસીને બોલી-

'પણ શી ખબર એ પત્નીઓની સેના બનાવવા જ ઇચ્છતા હશે !'

બધા હસવા લાગ્યા. નંદ ગોવાળ પણ હસ્યો. હવે તો મુકનસિંહના યશ અને વૈભવની ચર્ચા કાશીના દરેક ઘરમાં થવા લાગી. બંસાલાની પ્રશંસા કરતાં તો સ્ત્રીઓ ધરાતી જ નહોતી. હવે તો મુકનસિંહ અને બંસાલાની જ ચર્ચા હતી. બંસાલા, કનકવતી અને સ્વર્ણમંજરી આ ત્રણ પત્નીઓની સાથે મુકનસિંહ કાશીમાં રહેતો હતો. તેની સાત પત્નીઓ ચંપાપુરીમાં તેની રાહ જોઈને બેઠી હતી. ત્યાંની શાસન વ્યવસ્થા મંત્રી સંભાળી રહ્યા હતા અને હવે મુકનસિંહ બધું વિખરાયેલું સમેટવાનું વિચારી રહ્યો હતો.

રણજીતસિંહની જેમ ઉપનામ ગંગાસિંહ પણ ભૂંસાઈ ગયું હતું અને હવે મુકનસિંહ હતો. જો કે મુકનસિંહની નવ પત્નીઓ બીજી પણ હતી, પણ રામ સીતાની જેમ તેનું નામ બંસાલાની સાથે જ જોડાતું હતું. મુકનસિંહ અને બંસાલા.

*

વિશાળ રણવાહનો, રથ, હાથી, ઘોડા વિગેરેની સાથે જયારે મુકનસિંહે કાશીપુરીથી પ્રયાણ કર્યું તો બધાની આંખો ભરાઇ આવી હતી. વિદાય અને વિયોગની ક્ષણો આવી જ હોય છે. નંદસિંહ ગોવાળ અને તેની પત્ની બંસાલાને છાતીએ લગાવતાં કહી રહ્યાં હતાં.

'વહુ ! તું જઈ રહી છે. તું તો મારા ગંગાસિંહની મા જ

છે. તારા મુકનસિંહને અમે તો ગંગાસિંહ જ કહીશું. તું પોતે તો સમજદાર છે. એનો ખ્યાલ રાખજે. તારા ઉપરાંત નવ બીજી પણ છે. પણ તું, તું જ છે.'

બંસાલાની આંખો પણ ભીની હતી. તે બોલી-

'સાસુજી ! તમારે લીધે જ મારું સૌભાગ્ય સુરક્ષિત રહ્યું. તમને હું કયારેય નહીં ભૂલી શકું. તમારાં દર્શન કરવા માટે કયારેક ચોકકસ આવીશ. તમે તો આવતાં નથી. સસરાજી પણ રાજી નથી, નહીંતર તમે બધાં જ ચંપાપુરી આવત. અમે બધાં તમારી સેવા કરીને ધન્ય તો થાત જ.'

નંદસિંહ ગોવાળ બોલ્યો-

'વહુ બંસાલા ! ગંગાસિંહે પણ અમને ચંપાપુરી આવવા માટે ઘણું જ કહ્યું. પણ કેવી રીતે જઉં ? પોતાની જન્મભૂમિ તો સ્વર્ગથી પણ અધિક હોય છે. અહીંયાં મારૂં કુટુંબ છે. આ કાશીમાં અમારી પેઢીઓ વીતી ગઇ. તમે સુખેથી રહો.'

કાશીના રાજાએ પોતાની પુત્રીને સમજાવી-

'બેટા ! બંસાલા તારી મોટી બહેન છે. તેનું માન રાખજે. તેના પગલે ચાલીને તું પણ પતિને પરમેશ્વર સમજજે. બંસાલાનો અને તારો પતિ પણ મુકનસિંહ ઓછા આયુષ્ય વાળો હતો. પણ સતી બંસાલાના પતિવ્રત્યે તેને બચાવી લીધો. પતિના સુખને જ સુખ માનજે બેટા ! પતિવ્રતાઓના બળે જ તો ધરતી ટકી છે.'

બંસાલા, કનકવતી અને સ્વર્ણમંજરીને લઇને મુકન-સિંહ ચંપાપુરી પહોંચી ગયો. હવે તેના વૈભવનું શું કહેવું ? બધા જ સાસરેથી તેને એટલી બધી સેના મળી હતી કે સાંભળી સાંભળીને પડોશી રાજા ધ્રજતા હતા.

મોટા મોટા રાજાઓ ભેટ લઇને આવ્યા. મુકનસિંહ પોતાની પ્રજાનું પાલન સંતાનની જેમ જ કરતો હતો. તેની દસ રાણીઓ અંતઃપુરમાં હતી. દસેય તેની સેવા કરતી. આખો દિવસ દસેય રાણીઓ હસતી ગુંજતી હતી. પણ ઈર્ષા અને વેરનો તેમને કાંઈ જ પરિચય નહોતો.

આવી રીતે સુખેથી રહેતા મુકનસિંહને ચંપાપુરીમાં ઘણા જ દિવસ થઇ ગયા. સુખમાં માણસ મોટા ભાગે ભૂલી જ જાય છે. હવે મુકનસિંહને પણ ઘર-બારની યાદ આવતી નહોતી. હવે તે એકવીશ વર્ષનો થઇ ગયો હતો. બંસાલાએ તેને યાદ અપાવી-

'સ્વામી! સાસુ-સસરાનાં દર્શન કરવાની મારી ઘણી ઇચ્છા છે. હવે પૃથ્વીપુર જઇએ.'

'બંસાલા ! તેં સારું યાદ અપાવ્યું !' ક્ષત્રિયનો સ્વાર્થ જાગ્યો તો મુકનસિંહે કહ્યું-'કંચનપુરના રાજા મણિચૂડ પાસેથી મારે અડધું રાજ્ય પણ લેવું છે. પછી મારાં માતા-પિતાનાં દર્શન કરવા પૃથ્વીપુર પણ જઇશ. જઈશ શું, હવે તો પૃથ્વીપુર જ રહીશ.'

મુકનસિંહે દેવનું સ્મરણ કર્યું. દેવ આવ્યો તો મુકન-

સિંહે તેને સમજાવ્યું—

'દેવ ! તારી મારા પર ઘણી કૃપા રહી છે. હું તો મારી પત્નીઓ સહિત ચંપાપુરી છોડી રહ્યો છું. ચંપાપુરીની શાસન વ્યવસ્થા એમ તો મારા સચિવ કરશે. પણ અદૃશ્ય રહીને તું અહીંનું શાસન જોજે. મારી પ્રજાને દુઃખ ના પડે. હું પણ અહીંયાં આવ્યા કરીશ.'

દેવે ચંપાપુરીનો ભાર સંભાળી લીધો. જ્યારે મુકનસિંહનાં લગ્ન ધારાપુરના રાજા જિતશત્રુની કન્યાઓ-કમલશ્રી, કમલાવતી અને કમલપ્રભાની સાથે થયાં હતાં ત્યારે રાજા જિતશત્રુએ મુકનસિંહને કરિયાવરમાં આકાશગામિની અને રુપ પરિવર્તિની આ બે વરદાન આપ્યાં હતાં.

હવે મુકનસિંહે બંને વિદ્યાઓ સિદ્ધ કરી લીધી. પછી એક વિશાળ અને ભવ્ય વિમાન બનાવ્યું. અત્યાર સુધી તો તે દેવના સહારે વડના વૃક્ષ પર બેસીને આકાશ ગમન કર્યા કરતો હતો. અને હવે તેનું આકાશ ગામી વિમાન તૈયાર હતું. ખાસી સેના તેણે ચંપાપુરીમાં છોડી અને ઘણી બધી સેનાને કચંનપુર આવવાનો આદેશ આપ્યો. ચારેય સેનાઓના સેનાપતિએ સેનાની સાથે કંચનપુર તરફ પ્રયાણ કરી દીધું.

પછી વિમાનમાં પોતાની દસેય પત્નીઓ સહિત મુકનસિંહ કંચનપુરના બાગમાં પહોંચી ગયો. બાગની રક્ષિકા માળણને બંસાલા મળી. હવે માળણ ઘણી જ વૃદ્ધ થઈ ગઇ

હતી. આંખોએ પણ ઓછું દેખાતું હતું. તો પણ તેણે બંસાલાને ઓળખી લીધી અને બોલી—

'બેટા ! તું ક્યાં જતી રહી હતી ? તું એકાએક જ ગાયબ થઈ ગઈ ? તારી સાથે આ કોણ છે ?'

મુકનસિંહે પોતાનો પરિચય આપ્યો—

'માળણ મા ! હું એ જ રણજીતસિંહ છું જે મણિચૂડ રાજાની નાની રાણીનો દીકરો હતો. મોટી રાણીના કલેશથી લાચાર થઇને પિતાએ મને પેટીમાં બંધ કરીને ગંગામાં વહેવડાવી દીધો હતો. હવે મોટો થઇને અહીં આવ્યો છું આ મારી પત્ની છે.'

માળણની સમજમાં જાણે કાંઈ જ ન આવ્યું. તેણે બંસાલાને કહ્યું-

'બેટા ! હું ઘરડી થઇ ગઇ છું, પણ આવો અચંબો તો ક્યારેય સાંભળ્યો નહોતો કે દૂધમુખા બાળકની પત્ની આટલી મોટી હોય !'

બંસાલાએ આદિથી અંત સુધીની બધી વાતો વૃદ્ધ માળણને સમજાવી. માળણ ખૂબ જ ખુશ થઈ. મુકનસિંહ અને બંસાલા વૃદ્ધ માળણનાં મહેમાન બન્યાં. દસ બાર દિવસ વીત્યા હશે કે મુકનસિંહની સેના પણ આવી ગઈ. હવે મુકનસિંહે પોતાના શિબિર બનાવ્યા. રાજા મણિચૂડને એક પત્ર લખ્યો.

'નરરાજ મણિચૂડ !

'હું ચંપાપુરીનો રાજા મુકનસિંહ આ પત્ર તમારી પાસે મોકલી રહ્યો છું. તમે મને જંગલમાંથી ઉઠાવ્યો હતો. પુત્રની જેમ મારો જન્મોત્સવ પણ ઉજવ્યો અને મારૂં નામ રણજીતસિંહ રાખ્યું હતું. તમે મને ગંગામાં વહેવડાવી દીધો હતે

તમે અડધું રાજ્ય આપવાનું જે વચન આપ્યું હતું, તેથી હું તમારો રણજીતસિંહ હવે મોટો થઇને આવી ગયો છું. હવે મને અડધું રાજ્ય આપો. તે મારૂં છે. નહીંતર તમારા દ્વારા રાખવામાં આવેલ રણજીતસિંહ નામ અનુસાર રણજીતસિંહ તમારી સામે રણમાં ઝુકાવશે.'

મુકનસિંહનો આ પત્ર લઇને દૂત મણિચૂડની સભામાં પહોંચ્યો. મંત્રીએ પત્ર વાંચી સંભળાવ્યો. રાજા મણિચૂડે તરત જ જવાબ લખ્યો-

'રણજીતસિંહ !

થવાકાળ ઘણો પ્રબળ છે. મારા ગંગામાં વહેવડાવવ'માં પણ તારૂં હિત જ છુપાયેલું હતું. આજે તું ચંપાપુરીનો રાજા છે. તું મારો આત્મજ નથી, તો પણ પુત્ર તો મેં તને માન્યો જ હતો. ક્ષત્રિયનું વચન કયારે મિથ્યા થયું છે ?

મારૂં લખેલું વચનપત્ર લઇને અહીં આવ. તને રાજ્ય મળશે. તું નાની રાણીનો પુત્ર છે. તારી પાછળ મોટી રાણી

પણ પુત્રવતી બની ગઈ હતી. અડધું-અડધું રાજ્ય તમને બંનેને આપીને હું નિશ્ચિંત બની જઇશ.'

મુકનસિંહે આ પત્ર વાંચ્યો અને રાજસભામાં પહોંચ્યો. તેની પત્નીઓ પણ ગઈ. બધાનું અપૂર્વ સ્વાગત થયું. રાજા મણિચૂડે વિધિસર મુકનસિંહને અડધા રાજ્યનો રાજાના રુપમાં અભિષેક કર્યો. પોતાના બીજા પુત્ર સાથે ભેગા કરતાં રાજા મણિચૂડે મુકનસિંહને કહ્યું-

'આ તારો ભાઈ છે. આની સાથે કયારેય વિશ્વાસઘાત ના કરીશ. અડધા અડધા રાજયના તમે બંને માલિક છો. હું હવે આત્મસાધના કરીશ.'

મણિચૂડ રાજા અણગાર બની ગયા. તેમની બંને રાણીઓ પણ સાધ્વી બની ગઈ. મુકનસિંહ થોડા દિવસો કંચનપુરમાં રહ્યો. પછી અહીંની વ્યવસ્થા મંત્રીઓને સોંપી અને હવે પૃથ્વાપુર જવા માટે પ્રયાણ કરી દીધું.

મુકનસિંહ લાવ લશ્કર સાથે પૃથ્વીપુર પહોંચ્યો. જો અહીંનું વર્ણન કરવા કોઇ કવિ બેસે તો સહસ્ર શ્લોકો બનાવી નાખે. રાણી જયસેના તો મુકનસિંહને જોઈને રડતી હતી. અતિ હર્ષમાં પણ દડ દડ આંસુ ઝરે છે. જયસેના બોલી-

'મુકનસિંહ ! તું આટલો મોટો થઈ ગયો, એકવીસ વર્ષ શું વીત્યાં, કેટલાય યુગ વીતી ગયા. હવે તો હું ઘરડી

થઈ ગઈ.'

મુકનસિંહ હસ્યો અને બોલ્યો-

'મા! તારી વહુને તો જો, કેટલી મોટી છે બંસાલા!'

બંસાલા શરમાઈ ગઈ. રાજા જયસિંહ બોલ્યા-

'બેટા ! વચ્ચે વચ્ચેથી તો બધું સાંભળ્યું. હવે તું મને શરૂઆતથી સંભળાવ. હું તારા પતિને તારી પથારીમાં સુવડાવીને અહીંયાં ભાગી આવ્યો હતો, પછી તમે બન્ને કેવી કેવી રીતે રહ્યાં ?'

બંસાલાએ હરણીના દૂધ પીવડાવ્યાથી લઈને અહીં સુધીની વાત સંભળાવી વાત સાંભળી સાંભળીને તેઓ ઊંડા શ્વાસ પણ ભરતા હતા. બંસાલાના કઠણ તપની પ્રશંસા તે કરી નહોતા શકતા. બધા વિચારી વિચારીને રહી જતા હતા. પૃથ્વીપુરમાં મહિનાઓ સુધી ઉત્સવ સમારંભ થતા રહ્યા. રાજા જયસિંહે ઘણું જ દાન આપ્યું.

કાશીના બ્રાહ્મણ વિષ્ણુ ભટને પણ બોલાવાયા. તેમણે તો મુકનસિંહનું આવું ભવિષ્ય જણાવ્યું હતું. જે પથ્થર પર દોરેલી લીટી બની ગયું. રાજા જયસિંહે તે જ્યોતિર્વિદ પંડિતને બાર ગામ આપ્યાં. અને સોનાનો હજારો મુદ્રાઓ આપી.

મુકનસિંહની પાસે બધા જ રોગ નાશ પામવાની જડીબુટ્ટી હતી. આ જડીબુટ્ટીના પ્રભાવથી તેણે રત્નવતીના

કોઢ દૂર કરીને તેની સાથે લગ્ન કર્યાં હતાં અને હવે આ જડીબુટીથી તેણે પૃથ્વીપુરના સેંકડો અસાધ્ય રોગીઓને નીરોગી કરીને નવું જીવન આપ્યું. એ માણસ કેટલો ભાગ્યશાળી છે, જેને પરોપકાર કરવાનો કોઇ અવસર મળે છે. મુકનસિંહ ભાગ્યશાળી જ હતો.

રાજા જયસિંહ હવે વૃદ્ધ થઈ ગયા હતા. લગ્ન પછી પાંત્રીસ વર્ષે તો મુકનસિંહ જન્મ્યો હતો. હવે મુકનસિંહ પણ ચોવીસ વર્ષનો થઇ ગયો હતો. તેમને ઘરડા તો થવાનું જ હતું. તેમણે વિચાર્યું-

'હવે રાજ્યને વળગી રહેવું બિલકુલ યોગ્ય નથી. પૃથ્વીપુરમાં મુનિ ધર્મઘોષ પણ આવેલા છે. આ અવસરને નહીં છોડું. મુકનસિંહ હવે બધી રીતે યોગ્ય છે.'

રાજા જયસિંહ પોતાના સમસ્ત પરિવાર સહિત મુનિ ધર્મઘોષનો બોધ સાંભળવા ગયા. બોધ સાંભળ્યા પછી તો તેમનો નિશ્ચય પાકો થઇ ગયો. તેમણે મુનિ પાસે દીક્ષાની અનુમતિ માગી. મુનિશ્રીએ અનુમતિ પ્રદાન કરી દીધી.

મુકનસિંહે ચિતોડમાં ફૂલવતીની સાથે લગ્ન કરતા પહેલાં મુનિનો બોધ સાંભળીને શ્રાવકનાં વ્રત ધારણ કર્યાં હતાં. બંસાલાએ પોતાના પીયરમાં પહેલાં જ વ્રત ધારણ કરી લીધાં હતાં. હવે તેની બીજી પત્નીઓએ પણ શ્રાવકનાં વ્રત ધારણ કર્યાં. રાણી જયસેનાએ પણ પતિની સાથે જ

દીક્ષા લેવાનો નિશ્ચય કરી લીધો. રાજા રાણીનો ભવ્ય દીક્ષા સમારંભ થયો. મુનિ જયસિંહ અને સાધ્વી જયસેનાએ ગુરૂદેવની સાથે અન્ય જગ્યાએ વિહાર કર્યો.

બધું કામ પોતાના સમય પર થાય છે, તેનાથી પહેલાં કેવી રીતે થાય ? હવે કનકવતીપુરી જવાનો સમય આવ્યો તો મુકનસિંહ દસેય પત્નીઓ સહિત પોતાના વિમાનમાં બેઠો અને કનકવતીપુરી પહોંચી ગયો.

રાજા મકરધ્વજે જમાઈનું અપૂર્વ સ્વાગત કર્યું. બંસાલાને છાતીએ લગાવીને તે ખૂબ જ રડયા. રાણી પણ રડી. આ આંસુ પણ ખુશીનાં હતાં. બંસાલાના તપ-ત્યાગની વાત મુકનસિંહે સંભળાવી. રાજા-રાણી સાંભળીને ગદ્ગદિત થઇ ગયાં.

મુકનસિંહ થોડા દિવસ કનકવતીપુરી સાસરીમાં રહ્યો. પછી તે પૃથ્વીપુર પહોંચી ગયો. હવે તે અહીંનો રાજા હતો. મુકનસિંહ પૃથ્વીમાં જ રહેતો હતો.

આકાશ ગામિની વિદ્યા અને આકાશગામી વિમાન તેની પાસે હતાં. તેમાં બેસીને તે કંચનપુર, ચંપાપુરી વિગેરે જગ્યાએ જતો હતો. મહેન્દ્રપુરી, ધારાપુર, જનકપુર અને ચિતોડ વિગેરે પોતાની સાસરીઓમાં પણ જઈ આવતો હતો. હવે અનેક રાજાઓએ મુકનસિંહની અધીનતા સ્વીકારી લીધી હતી. ન્યાય-નીતિથી તે પોતાની પ્રજાનું પાલન કરતો

હતો.

મુકનસિંહની પત્નીઓ હવે પુત્રવતી બની ગઇ હતી. મુકનસિંહ દસ પુત્રોનો પિતા હતો. તેના બધા જ પુત્રો સુંદર અને સ્વરૂપવાન હતા. સમય જતાં બધા મોટા થયા અને બધા જ વિદ્વાન થયા. લગ્ન પણ બધાનાં થઇ ગયાં હતાં. ઘરમાં દેવ કન્યાઓ જેવી સુંદર વહુઓ આવી.

મુકનસિંહના બધા જ સસરા વૃદ્ધ થઇ ગયા હતા અને પોતાના રાજ્યનો ભાર મુકનસિંહને સોંપીને તે બધા અણગાર બની ગયા હતા. આ બધા રાજ્યોની વ્યવસ્થા મુકનસિંહ કરતો હતો.

પ્રજાનું પાલન કરતાં કરતાં મુકનસિંહને વર્ષો વીતી ગયાં. હવે તેને પણ વૃદ્ધાવસ્થાનો. સ્પર્શ થઈ ગયો હતો તેનાં ભાગ્ય જાગ્યાં તો પૃથ્વીપુરમાં તેના પિતા–મુનિ જયસિંહ આવ્યા. મુકનસિંહ પિતા–મુનિનો બોધ સાંભળવા ગયો. ઘણો લાંબો બોધ મુનિશ્રીએ આપ્યો.

અંતમાં એટલું જ કહ્યું કે આ વૈભવ તો અહીંયાં રહી જાય છે. ધર્મ જ પરભવનો સહારો છે. એનાથી આ વૈભવ મળે છે, આનાથી જ સ્વર્ગ અને મોક્ષ મળે છે. એ મેળવ્યા પછી કશું જ મેળવવાની જરૂર રહેતી નથી અને મોક્ષ મેળવવા માટે જ માણસને જન્મ મળે છે.

બોધની સમાપ્તિ પછી બંસાલાએ મુકનસિંહની સામે જોઇને કહ્યું–

'હવે શું વિચારો છો સ્વામી ? હું તો દીક્ષા લઇશ.'

મુકનસિંહ બોલ્યો-

'પ્રિયે ! હું તને કેવી રીતે છોડી શકું ? હું પણ તો તૈયાર બેઠો છું.'

પદ્માવતી, કમલશ્રી, કનકવતી, વિગેરે બાકીની નવ પણ બોલી પડી-

'તો તમે બંને જ જશો ? તમે એવાં સ્વાર્થી છો ? અમે પણ સાથે આવીશું.'

બંસાલા હસીને બોલી.

'બહેનો ! તમને હું કેવી રીતે છોડી દઉં ? આપણે સૌ સંયમ ધારણ કરીશું.'

બધાએ સંયમ લીધો, મુકનસિંહે પોતાના પુત્રોને બધા દેશોનું રાજ્ય સોંપ્યું. આકાશ માર્ગથી તે કાશી ગયો અને નંદ ગોવાળ અને લક્ષ્મી ગોવાળણની પણ અનુમતિ લઈ આવ્યો. તેના સસરા તો પહેલાં જ અણગાર બની ગયા હતા. પૃથ્વીપુરમાં ઘણો ભવ્ય દીક્ષા સમારંભ થયો. મુકનસિંહે દીક્ષા લઇ લીધી. બંસાલા સહિત તેની દસેય પત્નીઓ પણ સાધ્વી બની.

વર્ષો સુધી આ અગિયારેય મુમુક્ષુઓએ ચારિત્રનું પાલન કર્યું. મૃત્યુ આવવાથી બધાગી નશ્વરદેહનો ત્યાગ કરીને શિવપુરમાં વાસ કર્યો. મુકનસિંહ-બંસાલા આજે નથી, પરંતુ તેમની કીર્તિગાથા આજે પણ છે અને ભવિષ્યકાળમાં પણ સદાય ચમકતી રહેશે.

સમાપ્ત

# સદયવત્સ–સાવલિંગા

ભવ્ય, સૌમ્ય અને શીતળ સુધાકરમાં પણ કાળાશ છે. એકલો ચંદ્ર તો રાતને નથી ભૂંસી શકતો, પણ અંધારું તો ભૂંસી જ નાખે છે. એટલા માટે આટલા ગુણોવાળા ચંદ્રનું કલંક ખટકતું નથી, પરંતુ રુપનું કલંક ખટકતું લાગે છે.

આ વાત તો રાજકુમાર સદયવત્સ બાબતમાં છે. તેનું રૂપ એવું છે કે કામદેવનો ભ્રમ થઈ જાય. શકિત સંપન્ન પણ છે. વીર યોદ્ધો હોવાની સાથે સાથે દાનશૂર પણ છે. માતા પિતાનો ભકત છે. પ્રજા જનોને વહાલો છે અને કુંવારી કન્યાઓ તેને જોઈને નિસાસા નાખે છે. વિનયી, નીતિવાળો, શિષ્ટ, મધુરભાષી અને બોતેર કલાઓનો તે જ્ઞાની છે.

આટલા સારા ગુણોવાળો રાજપુત્ર સદયવત્સ જુગારનો વ્યસની છે. જુગાર રમવામાં તેને ઘણો આનંદ આવે છે. ઉજ્જયનીના સમ્રાટ પ્રભુવત્સ જાણે છે કે મારો પુત્ર જુગાર રમે છે, પણ વિચારે છે, 'જ્યારે લગ્ન થશે અને માથા

પર શાસનનો ભાર આવશે તો પોતાની જાતે સમજી જશે. જવાબદારીનો ભાર બધાને હોશિયાર બનાવી દે છે. હું શું હંમેશાં બેસી રહીશ? એક દિવસ માળવાનો રાજા તો આને જ બનવાનું છે. પછી આટલો અવકાશ જ નહીં મળે કે જુગાર રમવા બેસે. આમ વધુ વિચારીને નરેશ પ્રભુવત્સ વધારે ધ્યાન આપતા નહોતા.

મહારાણી મહાલક્ષ્મીના પણ આ જ હાલ છે. એકલો દીકરો છે. તેને શું કહે? વિચારે છે, 'રમવા-ખાવાની ઉંમર છે. મને ક્યાં દસ વીસ દીકરા છે? ઘણું બધું દાનમાં જતું રહે છે. થોડું અમથું સદયવત્સ જુગારમાં બગાડે છે, તો શું થયું?'

આ જ તો માનો પ્રેમ છે. અતિશય લાડથી હોશિયાર બાળક પણ બગડી જાય છે. પરંતુ એવું પણ નથી કે માતા પિતાએ ક્યારેય કુમારને ન સમજાવ્યો હોય. જ્યારે ક્યારેક સમજાવતા તો રાજકુમાર મોટા ભાગે દાર્શનિકોના જેવી વાત કરતો. મહારાજ હસીને વાત ઉડાવી દેતા.

કુમાર કહેતો-

'જુગાર ક્યાં નથી? વ્યાપારી ધનનો ઉપયોગ કરે છે. ક્યારેક લાભ થાય છે તો ક્યારેક નુકશાન. તેમાં પણ જુગારની જેમ હાર જીત છે.

ગર્ભવતી ઉદરનો ભાર વહન કરે છે. તેને શી ખબર હોય કે છોકરી હશે કે છોકરો ? આ પણ જુગાર થયો.

'રાજાઓમાં યુદ્ધ થાય છે. બંને પક્ષો વિચારે છે કે હું જીતીશ.પરંતુ જીતે છે તો એક જ. જીવનનું દરેક કાર્ય જુગાર છે. આંખો ખોલીને જુઓ તો જુગારે હાર જીતનાં અસંખ્ય રૂપ ધારણ કરી લીધાં છે.

'લાભ–નુકશાન, જય–પરાજય; મિલન–વિયોગ, આશા નિરાશા વિગેરે બધા હાર–જીતના અસંખ્ય રૂપોમાંથી એક છે. મારી જુગારની રમત પણ જીવનનો પૂર્વાભ્યાસ છે.'

આટલી વાતો સાંભળતાં તો મહારાજ પ્રભુવત્સ કહેતા–

'હવે તારી સાથે દલીલ કોણ કરે ? જેવી તારી ઈચ્છા. પણ એટલું તો કહીશ જ કે જુગાર એક ખરાબ વ્યસન છે. આ એક ખરાબ વ્યસનની સાથે ચોરી, માંસ સેવન વિગેરે બીજાં પણ ખરાબ વ્યસનો લાગુ પડે છે. ત્યારે માણસ આ જીવન હારી જાય છે.

'તમે જ્યારે કોઈનું ધન જીતો છો, ત્યારે હારવાવાળાને કેટલી પીડા થતી હશે. પારકી પીડા તો દરેક દશામાં હિંસા છે અને હિંસા એ પાપ છે. હવે બોલ, શો જવાબ છે તારી પાસે ?'

કુમારે જવાબ આપ્યો. જવાબ આપતાં પહેલાં બં

કાન પકડયા અને બોલ્યો-

'પિતાજી ! એવું તો કયારેય નહીં થાય કે જુગાર માટે હું ચોરી કરૂં અને માંસનું સેવન પણ કરવા લાગું. એવું તો હું વિચારીશ પણ નહીં. મેં અત્યાર સુધી મારી જુગારની રમતને ન તો વ્યસનનું રૂપ આપ્યું છે અને ન આપીશ.

'જે પોતાની જીવિકા માટે રમે છે, તે વ્યસની છે. હું હારવાવાળાને દુઃખી નથી કરતો, પરંતુ જીતવાથી તેને કોઈ સન્માનિત ઢંગથી જીતેલું ધન પાછું આપી દઉં છું. હું હારૂં છું તો ખિન્ન નથી થતો. મુનિ કહેતા હતા કે જીવન-ના દરેક દ્વન્દ્વમાં સમતા લઇ આવો તો નવાં કર્મોના બંધનમાં પડાતું નથી. હું મારી જુગારની રમતમાં સમતાનો રસ પીઉં છું. ખેલાડીની ભાવનાથી જ રમું છું.'

બસ, પછી મહારાજે કાંઇ ન કહ્યું. આ ક્રમ ચાલતો તો રહ્યો પણ મંત્રી બહુ જ ગુસ્સે થતા હતા. લોકોમાં કહેવાય છે કે કોઇ ભાર ભરે અને કોઇના પ્રાણ નીકળે. મહામંત્રી સદયવત્સને જુગારથી બહુ જ ઘૃણા હતી. વિચારતો હતો-

'માતા પિતા આને રોકતાં નથી. રાજયનું ધન શું આમ ઉડાવવા માટે છે ? મહારાજ ના રોકે, પણ ધનની

પૂંજી તો મારા હાથમાં છે. હું રાજકુમારને ધન જ નહીં આપું. મારી ફરિયાદ કરશે. જોઈએ રાજા મને કેવી રીતે કહે છે કે કુમારને જુગાર માટે ધન આપી દો ? કહી પણ શકે. જો કહેશે તો હું રાજ પરિષદ અને લોક પરિષદની સામે આખી વાત મૂકી દઈશ.'

મહામાત્ય સદયવત્સને ખૂબ જ હેરાન કરતો. સદય-વત્સ જ્યારે પણ ધન માગતો તો કહેતો–મહારાજ પાસેથી આજ્ઞાપત્ર લખાવી લાવો. પણ સદયવત્સ પિતાની પાસે જતો નહોતો. પોતાના ખીસા ખર્ચમાંથી નિયમિત તેને રોજ મળતું. તેમાંથી પોતાનો શોખ પૂરો કરી લેતો. સદયવત્સ વિચારતો–

'મંત્રી ભલે ધન ન આપે. જુગાર તો ભાગ્ય પરીક્ષા છે, જ્યારે ભાગ્ય ખુલશે તો પોતાની જાતે ધન આવશે.'

મહામંત્રીનું આ ન આપવું એ તો રાજ્યની હિત ચિંતાનું તો એક બહાનું હતું. અસલ વાત હતી રાજકુમાર પ્રત્યે સ્વાભાવિક ચીડ. આવી રીતે બધું ચાલતું હતું.

શાલિવાહન, પ્રતિષ્ઠાનપુરના રાજા હતા. સાવલિંગા તેમની પુત્રી હતી. રાજકુમારી ઘણી જ રૂપવતી હતી. રાજાએ તેનો સ્વયંવર રચ્યો તો ઉજ્જયિની પણ નિમંત્રણ મોકલ્યું.

મહામંત્રીએ કહ્યું-

'મહારાજ ! સ્વયંવરનું નિમંત્રણ આવ્યું છે તો તમે જાવ.' ત્યારે નરેશ પ્રભુવત્સ હસવા લાગ્યા અને મહામંત્રીને કહ્યું-

'તમે સ્વયંવરમાં જાવ.'

'હું ? હું શા માટે જાઉં ? લોકોમાં કયારેય એવું નથી બન્યું કે રાજકન્યાના સ્વયંવરમાં મંત્રી જાય.'

રાજા પાછા હસ્યા અને બોલ્યા-

'મંત્રી ! આજે તમે આટલા બુધ્ધુ કેવી રીતે થઈ ગયા ?'

'રાજન્ ! તો આ બુધ્ધુને સ્પષ્ટ આદેશ આપો. તમારી કોયડાની ભાષા હું સમજી શકયો નથી.'

'મંત્રી ! તમે સ્વયંવરમાં જાવ, કારણ કે રાજપુત્ર સદયવત્સ એકલો તો જશે જ નહીં. અંગ રક્ષક હશે, સેના હશે અને તમે પણ સાથે રહેજો. હું હવે લગ્ન કરીશ નહીં. હવે તો સદયવત્સનાં લગ્ન થશે.'

હવે મંત્રીની સમજમાં વાત આવી. પરંતુ મંત્રી ચિડાઇ ગયો. કોણ જાણે કેમ સદયવત્સ તેને ખટકતો જ રહેતો હતો. મન મારીને મંત્રી સદયવત્સની સાથે પ્રતિષ્ઠાનપુર ગયો. સદયવત્સ તો રૂપ અને ગુણોનો સાગર હતો. તેથી

રાજકુમારી સાવલિંગા તેને વરી ગઈ.

લગ્ન થયાં. દહેજ મળી. મહોત્સવની સાથે સાવલિંગા ઉજ્જયિનીના ભવનમાં આવી. વહુનું રૂપ જોઈને સાસુ મહાલક્ષ્મીનું હૃદય પુલકિત થઈ ઊઠયું. રાજાને કહ્યું- હું ધન્ય બની ગઈ. જેવો દીકરો, એવી વહુ. મારા ઘરમાં અજવાળું થઇ ગયું.

સદયવત્સ અને સાવલિંગાની જોડી કામ-રતિની જોડી જેવી જ હતી. બંનેમાં અતિશય પ્રેમ હતો. લગ્નનું ફળ પ્રેમ હોય તો સોનામાં સુગંધ જ સમજો. રાજપુત્રનું મન તેની પ્રિયામાં લાગી ગયું. દાંપત્ય સુખ ભોગવતા સદયવત્સના દિવસો ઘણા સુખપૂર્વક વીતી રહ્યા હતા.

* * *

ઉજ્જયિની માળવા દેશની મહાનગરી હતી અને રાજધાની પણ. પ્રભુવત્સ ત્યાંના ધીર-વીર અને ન્યાયપ્રિય રાજા હતા. મહારાણી મહાલક્ષ્મી પણ પતિવ્રતા સન્નારી હતી. નગરીની શોભા પણ મનને મોહતી હતી. પ્રકૃતિની સમૃદ્ધિ પણ ત્યાં વેરાયેલી હતી. બાગોની હરિયાળી અને ઝરણાંના નિર્મળ પ્રવાહ દૂરથી જ ખેંચાતા હતા.

ધનવાન શેઠિયાઓ, કલાકાર અને શ્રમજીવીઓ ઉજ્જયિનીમાં રહેતા હતા. શૈવમતના બ્રાહ્મણ હતા.

જ્યોતિષીઓ પણ હતા અને જિનમતાનુયાયી પણ હતા. હવે રાજકુમાર સદયવત્સનાં લગ્ન પણ થઈ ચૂકયાં હતાં. બધી બાજુથી પૂર્ણતા હતી. તેથી હવે નરેશ પ્રભુવત્સ સદયવત્સને યુવરાજનું પદ આપવા ઇચ્છતા હતા.

ઉજ્જયિનીમાં જ્યાં ધનવાન શેઠ રહેતા હતા ત્યાં મહાદેવ બ્રાહ્મણ જેવો નિર્ધન પણ હતો. બ્રાહ્મણથી તો આમેય લક્ષ્મી રીસાયેલી જ રહે છે. પરંતુ બ્રાહ્મણ મહાદેવને ત્યાં તો રોટલાનાં પણ સાંસાં પડતાં હતાં. એક દિવસ બ્રાહ્મણીએ કહ્યું–

'તમારૂં જ્યોતિષનું જ્ઞાન શા કામનું, જે પોતાની ગરીબાઈ પણ દૂર ના કરી શકે ? રાજદરબારમાં જાવ અને રાજાને તમારો પાંડિત્ય ચમત્કાર બતાવી આવો. ત્યારે જ ગરીબાઈ ભાગશે.'

જ્યોતિષી મહાદેવને બ્રાહ્મણીની વાત ગમી ગઈ અને તે સીધો પ્રભુવત્સ રાજાની સભામાં પહોંચ્યો. રાજાને આશીર્વાદ આપીને બેસી ગયો. મહાદેવ જ્યોતિષી પહેલી વાર દરબારમાં ગયો હતો. રાજા પ્રભુવત્સનું ધ્યાન તેના તરફ ખેંચાયું અને પૂછયું–

'તમે કોણ છો ? શું ઈચ્છો છો ? પહેલાં કયારેય નથી આવ્યા ?'

એક સાથે ત્રણ પ્રશ્નો. મહાદેવ બોલ્યો–

'પૃથ્વીનાથ ! તમારી પ્રજા છું. સાંભળ્યું છે. જાણું પણ છું કે રાજાને ત્યાં ગુણોની પરખ થાય છે, હું જ્યોતિષી છું. જ્યોતિષની આંખ આગળ-પાછળ બંને તરફ જુએ છે. પણ હું નિર્ધન છું.'

'તો લઉં તમારી પરીક્ષા ? જ્યોતિષ શું છે, તીરમાં તુક્કો છે. કાંઇ બતાવી શકશો ?'

'રાજન્ ! જાણકાર માટે જ્યોતિષ, જ્યોતિષ છે. ભૂત ભવિષ્ય મારા હાથમાં છે. પરીક્ષા કરો.'

'આટલો અહંકાર ! મનુષ્યના જન્મ સમય રાશિ-નક્ષત્રથી તમે થોડું જણાવતા હશો, પણ હું એક એવા જીવ બાબતમાં પૂછું છું કે, જેની કોઇ જન્મપત્રિકા નથી. જયમંગળ મારો પ્રિય હાથી છે. માળવાનું ગૌરવ ગજરાજ જયમંગળ. તેનું આયુષ્ય કેટલું છે તે જણાવો.'

મહાદેવે ગણત્રી કરી અને બોલ્યો–

'રાજન્ ! તમારો હાથી જયમંગળ કાલે બપોરે મરી જશે.'

'શું કહે છે મૂર્ખ ! આવી અશુભ વાત ! સારો-ભલો, સાજો નરવો હાથી કેવી રીતે મરશે ? બસ, આ જ તારી પરીક્ષાનો પુરસ્કાર છે કે તું કારાવાસમાં સડીશ. મેં

તારૂં ભવિષ્ય જણાવી દીધું.'

આજ્ઞા થઈ. મહાદેવ કારાવાસમાં પુરાઈ ગયો. લોકો હસ્યા. બધાએ એક જ વાત કરી.

જ્યોતિષી બીચારો ! પોતાનું ભવિષ્ય નથી જાણતો, જયમંગળ હાથીનું જાણે છે. હાથી કાલે મરશે અને એને અત્યારે કારાવાસમાં પૂરી દેવામાં આવ્યો.

ભાગ્ય હસે છે. જ્યોતિષ–વિદ્યા મારી આગળ પાણી ભરે છે. જ્યોતિષના બળ પર ધન લેવા નીકળ્યો હતો. મૂર્ખાએ એમ ન વિચાર્યું કે હું ઇચ્છીશ તો ઘેર બેઠાં ધનવાન કરી દઇશ. સોનાના બદલે લોખંડની સાંકળ મળી.

આ તરફ રાજા પ્રભુવત્સ પણ દેવને અથવા બનવા કાળને નહોતા માનતા. તેમણે નકકી કર્યું.

'હું તેની જ્યોતિષ વિદ્યાને જોઇશ. જોઉં છું હાથી કેવી રીતે મરે છે.'

મોતને ચારેય તરફથી ઘેરી લેવામાં આવ્યું. વચમાં જયમંગળ. ચારેય તરફ પશુ ચિકિત્સકો અને જાણકારો. રાજાનો કડક આદેશ હતો– હાથીને મરવા દેવાનો નથી. સારી દેખ ભાળ થવી જોઇએ. ચિકિત્સકો પણ સંમત થયા. ઘેરાઇને બેસી ગયા. પીપળાનાં પાન આવ્યાં. થોડાએ ટોકયા– ના, પીપળાનાં પાન ન ખવડાવો. વાયુ કુપિત

થશે. પાનાં ખસેડી લેવાયાં. શેરડી ખવડાવવામાં આવી. સારો રહ્યો. સવારે મળનું નિરીક્ષણ થયું, પેશાબ તપાસાયો. ચિકિત્સકો એક મત હતા. હાથી સ્વસ્થ છે. હવે ના મરી શકે. નીરોગીને કોણ મારશે ? કાળ રોગીને મારે છે. જ્યોતિષ વિદ્યા નિષ્ફળ થશે અને ચિકિત્સા સફળ થશે. બપોર પડેલાં ઘાસ આપવામાં આવ્યું. હવે બપોર પડવામાં વાર જ કયાં હતી ?

હાથીને તપાસનારાઓ, હાથીના સેવકો વિગેરે બધા હાથીને ઘેરાઈને ગપ સપ કરી રહ્યા હતા. હાથીએ સૂંઢ ઉઠાવી, ચીસ પાડી અને પગમાં બાંધેલી સાંકળને તોડીને ભાગ્યો. રસ્તા પર જતી પણીહારીઓના માથા પરથી ઘડા પડી ગયા. ભાગદોડ મચી ગઈ. હાથી જંગલમાં ભાગી ગયો. લોકોનો જીવ બચી ગયો, પણ એક બ્રાહ્મણી ચકકરમાં ફસાઇ ગઈ. બ્રાહ્મણી ગર્ભવતી હતી. ભાગે કેવી રીતે ? તેની અઘરણીના ઉત્સવનો વરઘોડો તેના પીયરથી સાસરે જઇ રહ્યો હતો. સાથે હતા એ તો બધા લોકો ભાગી ગયા, પણ ભારે પગ વાળી બ્રાહ્મણી ન દોડી શકી.

જયમંગળે તેને સૂંઢમાં લીધી. રક્ષક સૈનિક દૂર દૂર થઈ ગયા. બ્રાહ્મણીનો પતિ અવાક્ થઇ ગયો. ફાટેલી આંખે તેણે બૂમ મારી–

'રક્ષકો ! મારી પત્નીની રક્ષા કરો. મારી પાસેનાં બધાં આભૂષણો હું તમને આપી દઈશ. એકી સાથે બે જીવ મરશે. પત્ની પણ અને ઉદરમાંનો વંશદીપ પણ.'

પણ જીવથી તો વધારે આભૂષણો નથી. કોઇ રક્ષક હાથીની પાસે ન ગયો. ભાગ્યના સંજોગે સદયવત્સ ઘોડા પર સવાર થઇ કોણ જાણે કયાંથી આવી ગયો. સાહસ કરીને ભાલો ફેંકયો. હાથી પડી ગયો. બ્રાહ્મણી બચી ગઈ. જયમંગળ મરી ગયો.

રાજાએ પીઠ થાબડી–

'દીકરા ! તેં સારૂં કર્યું. બે પ્રાણીઓના જીવ બચી ગયા. હું ખુશ છું. હવે સમય આવી ગયો છે કે તને યુવરાજ બનાવી દઉં. તારૂં શૌર્ય પ્રશંસનીય છે. સેંકડો સશસ્ત્ર રક્ષકો ઉભા ઉભા કૌતુક જોઇ રહ્યા અને તેં બે જીવોને બચાવી લીધા !'

'પિતાજી ! જીવ તો ત્રણ બચાવ્યા. હવે તો મહાદેવના પણ પ્રાણ બચશે.'

રાજાનું ધ્યાન ગયું. યાદ આવ્યું અને બોલ્યા-

'વત્સ ! મહાદેવ સાચા પડયા. ઉપાય કરવા છતાં પણ હું હાથીને ન બચાવી શકયો. મહાદેવે ન જણાવ્યું હોત તો પણ આ ઘટના બનત જ. તેણે જણાવ્યું એ તેનો

ગુણ છે. ગુણની પૂજા થશે.'

રાજા એવી જ રીતે પાસાં બદલે છે. કયારેક ખુશ અને કયારેક ગુસ્સે. કયારેક શત્રુ અને કયારેક મિત્ર. પ્રભુવત્સ નરેશે મહાદેવ જ્યોતિષીને મુકત કરી દીધો. તેને ધન આપ્યું. પછી પોતાના મંત્રીને કહ્યું.

'મંત્રીઓ ! આજે સાદયવત્સે પોતાનું શૌર્ય બતાવ્યું. હવે આપણે તેને યુવરાજ પદ પર અભિષેક કરીશું અને તેને સાર્વજનિક અભિનંદન આપીશું.'

મંત્રીઓએ ધન્ય ધન્ય કહ્યું. પણ બધાના બોલવામાં મહામંત્રીનું મૌન છુપાઇ ગયું. તેને આ બધું સારૂં ન લાગ્યું. તેણે વિચાર્યું:

'મેં સદવત્સાને ખૂબ જ હેરાન કર્યો છે. તેના ખર્ચ માટે ધન નથી આપ્યું. હવે તે યુવરાજ બનશે તો તેની પીપુડી વાગશે અને એ મને હેરાન કરશે. તો પછી તેને યુવરાજ બનાવવાનું રોકી દઉં. હજુ તો દોરી હાથમાં છે.'

સાંધ્યા વખતે જ્યારે સભા વિસર્જિત થઇ તો મહામંત્રી રાજાની પાસે પહોંચ્યો. બે જ હતા. ચારેય તરફ જોઇને મંત્રીએ મંથરાની જેમ બોલાવાનું શરુ કર્યું–

'રાજન્ ! રાજા કોના માટે છે ?'

'પ્રજા માટે.' રાજાએ કહ્યું.

મંત્રીએ પાછું પૂછ્યું-

'રાજા પ્રજા માટે શું કરે ?

'તેને સુખી કરે, સુરક્ષા કરે અને ન્યાય કરે.'

'બસ, તો ન્યાયની વાત જ સાંભળો. સદયવત્સને યુવરાજ બનાવવો એ ન્યાયનું ગળું દબાવવા જેવું છે.' મંત્રી નીચે પ્રમાણે કહીને ઊભો થઇ ગયો-'કોઇ પણ હોય, પોતાનું હોય કે પારકું, ન્યાયની દૃષ્ટિએ બધા સમાન છે. રાજકુમારે દંડનું કામ કર્યું અને તેને પુરસ્કારમાં યુવરાજનું પદ મળે તે આ ન્યાયનો કેવો હાંસીપાત્ર આદર્શ ગણાશે ?

સારા ભલા પટ્ટ હાથીને રાજકુમારે મારી નાખ્યો. દેશનું ગૌરવ નષ્ટ કરી નાખ્યું, આ પ્રશંસાની વાત થઇ ? મહાદેવ જ્યોતિષીની વાત રાજકુમારે સાચી પાડી. જયમંગલને જાણી બૂઝીને રાજકુમારે મારી નાખ્યો. આવા નિંદા જનક કર્મનાં વખાણ કરવામાં આવે તો ન્યાય જેવી કોઇ ચીજ રહેશે જ નહીં.'

રાજાએ સાંભળ્યું અને તેમનો વિચાર બદલાઇ ગયો. હવે ન્યાયનું ઝનૂન એવું સવાર થયું કે બોલ્યા-

'તો હવે ન્યાય જ થશે. મંત્રી, જો પુત્ર અપરાધી હશે તો તેને પણ દંડ થશે. હવે તો લોકો એવું કહેશે કે રાજા પ્રભુવત્સે ન્યાય માટે પોતાના એક માત્ર પુત્રને પણ દેશ

નીકાલ કરી દીધો.'

આ નિર્ણયથી મંત્રીને ખૂબ આનંદ થયો. પણ મનનો ભાવ છુપાવીને ગંભીર બની ગયો. થોડી વાર બંને મૌન રહ્યા. પછી મંત્રી જ બોલ્યો—

'આટલો કડક કઠોર દંડ ! આ તો અતિશય થશે.'

'હવે તમે એનો પક્ષ લો છો ? તેને યુવરાજ ન બનાવું' એ તો કોઈ દંડ ન કહેવાય. દંડ તો એ છે કે સત્યવત્સ હવે મારા નગરમાં ન રહે.'

સદયવત્સને આજ્ઞાપત્ર મળી ગયો. સવારે ને સવારે જ ઉજ્જયિનીમાં સનસનાટી ફેલાઈ ગઈ. રાત ભરમાં કેવી રીતે પાસા બદલાઈ ગયા ? રામ યુવરાજ બનવાના હતા અને કૈકેયીએ વનવાસ અપાવ્યો. સદયવત્સની તો કોઈ ઓરમાન માતા પણ નથી.

કોઇનેય ખબર નહોતી કે મહામંત્રી જ કૈકેયી બની ગયો હતો. રામ દ્વારા લોક હિત થયું અને સદયવત્સ દ્વારા પણ થોડું થવાનું હતું તેથી આ બધું થયું. જેવી રીતે સીતા રામની સાથે ગઇ તેવી જ રીતે સાવલિંગા પણ સદયવત્સની સાથે ગઈ.

રાજાની આજ્ઞાની કઠોરતા આગળ મહારાણી મહાલક્ષ્મીને પણ ઝુકવું પડયું. તેને તો બસ એટલું જ હતું કે આંસુ વહાવતી રહે તેથી રડતી રહી. પણ એકલી તે જ ના રડી.

ઉજ્જયિની રડી. બધા રડયા. સદયવત્સ બધાનો પ્યારો હતો. નગરીને પ્રણામ કરીને બંને વન તરફ ચાલી નીકળ્યાં. તેઓ હતાં અને તેમનું ભાગ્ય તેમની સાથે હતું.

❊

ઠંડો–શીતળ છાંયો, સઘન વન. પ્રચંડ ગરમી. સદયવત્સ અને સાવલિંગા ઝાડના છાંયડાની નીચે બેઠાં હતાં. તરસને કારણે સાવલિંગા શીતળ છાંયડાનું સુખ પણ નહોતી ભોગવી શકતી. હોઠ પર જીભ ફેરવતાં બોલી–

'અહીંયાં પાણી ક્યાં મળશે ? ઘણી સખત તરસ લાગી છે.' સદયવત્સ ઊઠયો અને બોલ્યો– 'કયાંકથી તો મળશે. તું બેસ. હું હમણાં લઈને આવું છું.' સદયવત્સ ચાલતો નીકળી પડયો. ફલલ, ફલલ ફલલ–અવાજ આવ્યો. અરે ! ક્યાંક પાણી વહી રહ્યું છે. ઝાડીની મધ્યમાં એક ઝરણું ફૂટી રહ્યું હતું. ઘણું ચોખ્ખું પાણી હતું. નીચે નાના નાના પત્થરના ટુકડા હતા. પાણી એવું પારદર્શક હતું કે સોય નાખો તો પણ ચમકવા લાગે.

વત્સે પાંદડાં તોડયાં. સૂકાં તણખલાં લીધાં. પાંદડાંને વીંધ્યાં અને પડિયો તૈયાર થઈ ગયો.

તે પાણી ભરવા લાગ્યો અને અવાજ આવ્યો– 'ઊભા રહો.' વત્સ ચોંકી ગયો. પાછા ફરીને જોયું તો એક વૃદ્ધા

પત્થર પર બેઠી હતી. આ ક્યાંથી આવી ગઇ ?

વૃદ્ધા બોલી—

'આ ઝરણું દેવાધિષ્ઠિત છે. હું પ્રપાલિકા છું. આ ઝરણની રક્ષિકા. અહીંયાં લોહીંના બદલે પાણી મળે છે. જેટલું પાણી લો એટલું જ લોહી આપો.'

'માતા ! મારી સાવલિંગાને માટે તો હું પ્રાણ પણ આપી દઇશ. મને પાણી લેવા દો. મારી સાથે ચાલો. મારી સામે મારી પ્રિયા પાણી પી લે તો હું તમને મારું લોહી આપીશ.'

'સારૂં ! તું પણ પી લે. તેને માટે પણ લઈ લે. હું સાથે આવું છું.'

સદયવત્સે પાણી પીધું. પડિયો ભરીને સાવલિંગાની પાસે ગયો. સાવલિંગા પાણી પીવા લાગી. તેણે ધીરેથી પૂછ્યું-

'આ ડોશી ?'

વત્સે કહ્યું-'લોહીની તરસી છે!' જ્યારે પાણી પી લીધું ત્યારે વત્સે ઇશારો કર્યો- માતા ! અહીં આવો. પ્રતિદાન લો. વત્સે તલવાર ખેંચી અને પોતાના માથા પર મારવા ગયો કે વૃદ્ધાએ તેનો હાથ પકડી લીધો, પછી વૃદ્ધા ગાયબ

થઈ ગઈ અને ત્યાં દિવ્ય સુંદરી ઊભી હતી. તે બોલી–

'સદયવત્સ અને સાવલિંગા ! શું હું તમને બંનેને ઓળખતી નથી ? સદયવત્સના પિતા ઉજ્જનિની નરેશ પ્રભુવત્સ અને સાવલિંગાના પિતા પ્રતિષ્ઠાનપુરના રાજા શાલિવાહન. હું બંને રાજકુળોની કુળદેવી છું- તમારી પરીક્ષા લીધી. તું વીર છે અને તારા વચન પર અડગ છે. વરદાન માગ, હું પ્રસન્ન છું.'

સદયવસ્ત દેવીના ચરણોમાં પડયો અને બોલ્યો—

'અંબા ! મારા પર પ્રસન્ન હો તો જયનું વરદાન આપો. જુગારમાં જય, યુદ્ધ સંગ્રામમાં જય.'

દેવીએ બે પાસા આપ્યા. થોડી કોડીઓ આપી અને જણાવ્યું કે પાસાના જુગારમાં જીતવા માટે આ પાસા છે અને કોડીના જુગારમાં વિજયનો લાભ કરાવવા માટે આ કોડીઓ છે.

'યુદ્ધમાં વિજયી થવા માટે આ કૃપાણ પણ લે. તારો વિજય જ થશે.' વત્સે ત્રણેય વસ્તુઓને સાચવીને રાખી લીધી. પછી કુળદેવી અંતર્ધાન થઇ ગયાં. રાત્રે બંને આ જ વનમાં રોકાયાં. સવારે ઊઠયાં તો સદયવત્સે સાવલિંગાને કહ્યું–

'પ્રિયે ! આપણે તારા પિતાને ત્યાં પ્રતિષ્ઠાનપુર

જઈએ છીએ. કહે કે સાસરી સુખનો સાર. તેથી બે ચાર દિવસ હું પણ મારા સાસરે રહી લઉં. તને પીયર મૂકીને ભાગ્યની પરીક્ષા કરવા નીકળીશ.'

'તો પછી હું કયાંય નથી જતી. જો મારે એકલીને જ રહેવું હોત તો ઊજ્જયિનીમાં શું દુઃખ હતું ? તમારા વગર ઉજ્જયિની અને પ્રતિષ્ઠાનપુર એક સરખાં જ છે. તમે સાથે હો તો વન પણ ઉજ્જયિની છે.'

'સારૂં ત્યારે, જ્યાં પણ રહીશું, સાથે જ રહીશું. હવે તો ચાલ.'

સાવલિંગા ખુશ થઈ ગઈ. બંનેએ પ્રતિષ્ઠાનપુરનો રસ્તો પકડયો અને ચાલતાં રહ્યાં. પછી થોડા દિવસની યાત્રા પછી જ્યારે એક વનમાં રોકાયાં તો એક કૌતુક જોયું. એક સુંદર બાળા બેસીને તપ કરી રહી હતી. અને તેની ચારેય તરફ ઘણી જ સ્ત્રીઓ ઘેરાયેલી હતી. એક પણ પુરુષ નહોતો. સદ્દયવત્સે સાવલિંગાને કહ્યું–

'પ્રિયે ! સ્ત્રીઓના ઝુંડમાં હું કેવી રીતે જાઉં ? તું જાણી લાવ કે તેઓ અહીંયાં કેમ એકઠી થઈ છે ? હું અહીંયાં બેઠો છું.'

સાવલિંગા સ્ત્રીઓના ઝુંડની નજીક પહોંચી. બધાએ ચારેય તરફથી ઘેરી લીધી–'તમે કોણ છો ? કયાંથી આવ્યાં

છો ? અમારી રાજકુમારીને સમજાવો. કદાચ તમારી વાત માની જાય.'

સાવલિંગા બોલી–

'પહેલાં મને આખી વાત તો જણાવો. તમારી રાજકુમારી ક્યાં છે ? તે શા માટે નથી માનતી ?'

એક બોલી–

'આ જુઓ. બેસીને તપ કરી રહી છે. તેની ઇચ્છા પૂરી નહીં થાય તો કાલે ચિતામાં સૂઈ જશે. છ મહિનાથી હઠ પૂર્વક તપ કરી રહી છે. આ દ્વારાવતીના રાજા ધરવીરની એક જ કન્યા છે. ઘણી માનતાઓ પછી રાણી ધારિણીનો ખોળો ભરાયો હતો. મોટી થઈ તો ચોસઠ વિદ્યાઓ ભણી લીધી. રુપ તો તમે જોઈ જ રહ્યાં છો.

'એક વખત અમારી નગરીમાં થોડા વિદેશી વેપારીઓ આવ્યા. તે લોકો ઉજ્જયિનીના હતા. તેમણે સદયવત્સના રુપનાં વખાણ કર્યાં. ત્યારથી જ તેણે હઠ પકડી લીધી કે હું સદયવત્સની સાથે જ લગ્ન કરીશ, નહિંતર ચિતામાં સૂઈ જઈશ. હવે છ મહિના પૂરા થઈ ગયા. કાલે શું થશે....?'

'તો હવે એ નિશ્ચય કરી લો કે તમારી રાજકુમારી લીલાવતી કાલે ચિતાશયન કરશે નહીં. એ તો જણાવો કે

દ્વારાવતી અહીંથી કેટલે દૂર છે ?' સાવલિંગાએ એવું આશ્વાસન આપ્યું કે સખીઓ અને દાસીઓ ખુશ થઇ ગઇ. સાવલિંગાની વધારે નજીક થઇ ગઇ અને બોલી–

'દ્વારાવતી અહીંથી પાંચ ગાઉ છે.'

પછી સાવલિંગા બોલી–

'તમે બધા લીલાવતીને દ્વારાવતી મોકલો. સદયવત્સ ત્યાં જ મળશે. કાલે બંનેનાં લગ્ન થશે.'

બધીય વિચારમાં પડી ગઇ અને બોલી–

'તો તમે કોઇ દેવી છો ? રાજકુમારીના તપથી આકર્ષાઇને અહીં આવ્યાં છો ? અમે ધન્ય થઇ ગયાં. દેવીની જય હો, દેવીની જય હો.' બોલતી બધી જ દોડવા લાગી. લીલાવતીને ઢંઢોળી કાઢી. બૂમો પાડવા લાગી–

'જુઓ જુઓ, દેવી આવ્યાં છે. તમારૂં તપ સફળ થઇ ગયું. આંખો ખોલો.'

લીલાવતીએ સામે ઊભેલી સાવલિંગાને જોઇ. સાવલિંગા બોલી–

'લીલા ! બહેન ! મારી વાત કોઇ સાંભળતું નથી. હું તો તમારી જેમ માનવી છું અને હવે તો તમારી શોક્ય છું. હું મારા સ્વામીને લઇને આવું છું, તમે દ્વારાવતી પહોંચો.'

લીલાવતી સાવલિંગાને ભેટી પડી. ત્યારે તેના હાથમાં વીંટી જોઇ. 'સદયવત્સ–સાવલિંગા' બંનેનું નામ લખેલું હતું. વિશ્વાસ પાકકો થઇ ગયો. લીલાવતી વિચારતી--આ કોઇ માયા તો નથી ને ? મારી શોક પોતે અહીં કેવી રીતે આવી ગઈ ? એ મારાં લગ્ન કરાવશે ! ખુશીની ભાગમદોડ હતી.

આ ભાગદોડમાં સાવલિંગા છટકી ગઇ અને ઝાડ નીચે બેઠેલા સદયવત્સની પાસે પહોંચી. તેણે આખી વાત જણાવી.

સદયવત્સ બોલ્યો–

'પ્રિયે ! આ તેં શું કર્યું ? તારા માટે કાંટા વાવી રહી છે ? તું જાતે જ શોક લાવવા તૈયાર કેવી રીતે થઈ ગઇ ? હું તો દ્વારાવતી નહીં જાઉં.'

'તમને મારા સોગંદ. લીલાવતી તમને પરણુશે. મેં આશ્વાસન આપ્યું છે.'

'એક મ્યાનમાં બે તલવાર કેવી રીતે આવશે?'

'સ્વામી! રાજા ચાર તો કરે જ છે. પહેલી મહારાણી અને ચોથી માનીતી. ચાર પછી પણ મનના ધરાય તો પછી અસંખ્ય. પુરુષ તો યજ્ઞસ્તંભ છે. તેની સાથે અનેક બંધાય છે.'

'આ તું કહી રહી છે ?'

'હા, હું. કારણકે મહિષીનું પદ તો મારું જ છે.'

પાંચ કોસનું અંતર તો સાંજ સુધીમાં કપાઇ ગયું. રાજા ધરવીરના કાને રાજકુમારીનું તપ પૂરૂં થવાની વાત પહોંચી ગઇ હતી. સદયવત્સ અને સાવલિંગા દ્વારાવતી પહોંચી ગયાં. ધરવીર રાજાએ બંનેનું સ્વાગત કર્યું. લીલાવતી અને સદયવત્સનાં સોલ્લાસ લગ્ન થઇ ગયાં. લીલાવતી ભાગ્યની લીલા હતી. વગર મહેનતે સદયવત્સને મળી ગઇ.

થોડા દિવસો લીલાવતીની સાથે દ્વારવતીમાં વીત્યા. પછી સદયવત્સ સાવલિંગાને લઇને જવા તૈયાર થયો તો લીલાવતીએ હઠ કરી કે હું પણ સાથે આવીશ. સદયવત્સે સમજાવ્યું–

'તું તારા પિતાની પાસે રહે અને સાવલિંગા તેના પિતાની પાસે રહેશે. તેને લઇને હું પ્રતિષ્ઠાનપુર જઇ રહ્યો છું. પાછા આવીને બંનેને સાથે લઇ જઇશ. મારું શું છે, કોણ જાણે ક્યાં ક્યાં ભટકવું પડશે.'

લીલાવતી માની ગઇ. સાવલિંગાને લઇને સદયવત્સ પ્રતિષ્ઠાનપુર તરફ ચાલી નીકળ્યો. યાત્રાનો એ જ ક્રમ. આકાશનું ઓઢણું અને ધરતી પાથરણું. વન માર્ગેથી જતાં

સદયવત્સ અને સાવલિંગા એક પહાડી ગુફાની પાસે પહોંચ્યાં. ગુફા પત્થરથી ઢંકાયેલી હતી. પત્થરને ખસેડીને નિર્ભીક અને સાહસી દંપતી ગુફામાં પ્રવેશી ગયાં.

ગુફામાં પાંચ ચોર બેઠા હતા. આ પાંચેય અદૃષ્ટાંજન, સંજીવની, રસસિદ્ધિ વિગેરે વિદ્યાઓના જાણકાર હતા. સદયવત્સની સાથે સાવલિંગાને જોઇ તો તેમનું મન ડોલી ગયું. વિચારવા લાગ્યા કે એકલો છે. ઝુંટવી લઇએ. શું કરી લેશે ? પછી વિચાર્યું–ચોર છીએ તો શું ન્યાય ન કરીએ ? ન્યાયથી લઇશું. એમ વિચારી પ્રસ્તાવ મૂક્યો–જુગાર રમો.

'જુગાર રમીશ. ઘણા દિવસોથી નથી રમ્યો. પહેલાં રમતો હતો. બાજી શાની હશે ?'

'મસ્તકની.' પાંચેયે કહ્યું–'જે હારશે તે પોતાનું મસ્તક આપશે.'

બંને પક્ષ જામી ગયા. વત્સની પાસે દેવીએ આપેલા પાસા હતા, તેથી તે જીતી ગયો. ચોરોએ મસ્તક ઝુકાવી દીધું–'અમારું માથું કાપી લો.'

'ના ભાઇ ! હું ક્ષત્રિય છું. રક્ષા કરવી એ મારી જાતિનો ગુણધર્મ છે, સ્વભાવ પણ છે. હું ખેલાડી છું. રમત રમું છું. પણ કોઇને દુઃખી કરવાનો મારો ધર્મ નથી.'

'પણ અમે તો એવા નથી. અમે જીત્યા હોત તો કાપત.'

'હવે તમે પણ નહીં કાપો. બધાને સારી વાત વધુ અસર કરે છે. તેનો રંગ જુદો જ હોય છે.'

ચોર ઘણા ખુશ થયા અને બોલ્યા—

'તમે પુરૂષ નહીં, મહાપુરૂષ છો. અમે ગરીબ ચોર છીએ. અમારી પાસે થોડી વિદ્યાઓ છે. તેનો સ્વીકાર કરો.'

'ધર્મ વેચાતો નથી. બધામાં એક જ આત્મા છે એ રીતે જોજો. બધા પર દયા કરજો. આ ધર્મ છે. મેં ધર્મનો હાથ પકડયો છે. ધર્મ કરવાના બદલામાં વિદ્યાઓ લઉં ? હું નહીં લઉં.'

આ વાતોની વચ્ચે જ એક ચોરે ચુપચાપ એક કંચુકી વત્સના ઉત્તરીયમાં બાંધી દીધી. આ કંચુકી અસાધારણ હતી. પદ્મિની પત્રવેષ્ટિત એક લાખ રૂપિયાની કિંમતની રત્નની કંચુકી હતી. જ્યારે કુમારે વિદ્યાઓ ન લીધી ત્યારે ચોરોએ કહ્યું–

'સારૂં ! કાંઈ ન લેશો, પણ અમને તમારા તો માની લો. કયારેય મુશ્કેલી આવે તો અમને યાદ કરજો. અમે પાંચેય આવીશું. અમારૂં ઋણ ચૂકવવા.......'

'યાદ કરીશ. હવે વિદાય આપો.' વત્સે સાવલિંગાનો હાથ પકડયો અને આગળ ચાલી નીકળ્યો. પગપાળા ચાલ્યા. મહિનાઓ વીતી ગયા. એક ઋતુ બદલાઇ, બીજી આવી.

સદયવત્સ અને સાવલિંગા એક નગરમાં આવી પહોંચ્યાં. નગર નિર્જન હતું. એમ જ સમજો ઘર, મકાનોનું વન હતું. વનમાં પશુ પક્ષી તો હોય છે જ. અહીંયાં એ પણ નહોતાં. સદયવત્સ સાવલિંગા સૂના રસ્તા પરથી ચાલતાં જઇ રહ્યાં હતાં અને વાતો કરતાં જતાં હતાં–

'જ્યારે રહેવું જ નહોતું તો આવાં સારાં મકાનો શા માટે બંધાવ્યાં ?'

'પહેલાં રહેતાં જ હશે. એનાં લક્ષણોથી ખબર પડે છે. જો આ પારણું લટકાવ્યું છે. કરોળિયાનાં જાળાં પણ લાગી ગયાં છે. એ સ્પષ્ટ જ છે કે કોઇ રમકડા જેવું બાળક ઝુલતું હશે.'

'તો હવે બધાં કયાં ગયાં હશે ?'

'કોઇ યુદ્ધમાં મરી ગયા હશે અથવા કોઇ મહામારીમાં મર્યા હશે.'

'ચાલો જઇએ. આ નગર પણ કોઇ જોવાની ચીજ છે ?

કિનારો ગમે તેટલો સુંદર હોય, મનોહર ઘાટ બનાવેલા હોય, પણ સરોવરમાં પાણી જ ના હોય તો કેવી રીતે શોભે ?'

'જો–જો.' સદયવત્સે સાવલિંગાનો હાથ પકડીને કહ્યું–'જો, કોઈ રડી રહ્યું છે. ધ્યાનથી સાંભળ.'

'હા, કોઇ રડી રહ્યું છે.' સાવલિંગા બોલી– 'કોઈ સ્ત્રી છે. ચાલો, તેની પાસે. બિચારી કોઇ દુઃખિયારી હશે.'

'ના પ્રિયે !' વત્સે કહ્યું–'હું તો નહીં જાઉં. શી ખબર લીલાવતી જેવી કોઇ હઠીલી નીકળી આવી તો ! એ બહુ છે.'

'અરે વાહ ! હવે તો તમે લોહી ચાખી ગયા ! શું હવે લીલાવતી જ મળતી રહેશે ? તેની પાસેથી નગર ઉજ્જડ થઇ જવાની ખબર તો પડશે જ.'

'ચાલો જઈએ.'

બંને પહોંચ્યાં. સાચેસાચ એક સ્ત્રી નીચું મોં કરીને રડી રહી હતી. વત્સે ટોકી–

'કેમ રડો છો ? તમે કોણ છો ?'

સ્ત્રીએ મોં ઊંચું કર્યું. રૂપાળું મોં આંસુઓથી ભીંજાઇ ગયું હતું. સ્ત્રી બોલી–

'તમે આવી ગયા ? મને સાંભળવા વાળું કોઈ નહોતું.

રડતી હતી અને મારી જાતે જ ચૂપ થઈ જતી હતી.'

વત્સ બેસી ગયો. સાવલિંગા પણ બેસી ગઈ. વત્સે ફરી કહ્યું–

'હવે તો બધું જ જણાવી દો. આ નગર પણ કેવું અદ્ભુત છે અને આટલા મોટા નગરમાં તમે એકલાં જ છો.'

સ્ત્રી બોલી--

'તો સાંભળો. હું નંદરાજાની રાજલક્ષ્મી છું. અનાથ થઈ ગઇ. મારા ભાગ્યમાં રડવાનું જ છે. આ નગર જે ઉજ્જડ થઇ ગયું છે તેનું નામ વીરપુર છે. અહીંના રાજા નંદ હતા. રાજા અને પ્રજા બહુ સુખી હતાં.

વર્ષો પહેલાં જ્યારે નગર આબાદ હતું ત્યારે નગરમાં એક તપસ્વી આવ્યા. બ્રહ્મચારી હતા. પણ હવે તો હું તેને ઢોંગી કહોશ. દેખાવ તો મોટા સાધુ હોવાનો કરતો હતો. સ્ત્રી તરફ જોતો નહોતો. ભૂલે ચૂકે કોઇ સ્ત્રીનો પાલવ તેને અડી જતો તો આંખો કાઢતો. પ્રાયશ્ચિતનો ઢોંગ કરતો.

એક વાર નગરની વેશ્યાએ તેનો હાથ પકડી લીધો તો ગુસ્સે થઈ ગયો. નંદ રાજાને ફરિયાદ કરી. પ્રતિવાદી વેશ્યાને બોલાવવામાં આવી તો તેણે કહ્યું–

અન્નદાતા ! મારી પાસે હજારો જાતના પુરૂષો આવે

છે. હું ઉડતાં પંખીને ઓળખું છું. આ ઢોંગી છે. લુચ્ચું શિયાળ છે. એમ જ પોતાનો પ્રભાવ પાડવા માટે આવો પાખંડ રચ્યો છે.' તાપસે પોકાર કર્યો- 'ન્યાયદાતા ! ન્યાય કરો. આ દુષ્ટ મને બદનામ કરે છે. હું સ્રીના પડછાયાથી પણ દૂર રહું છું.' વેશ્યા મજાક કરવાની ખૂબ શોખીન હતી. તે વ્યંગમાં બોલી તો તાપસજી ! સ્રી વગર તમે કેવી રીતે આવ્યા ? તમારા પિતાજી પણ બ્રહ્મચારી હશે ?'

'ભદ્ર !' નંદ રાજાએ વેશ્યાને ઠપકો આપ્યો અને તપસ્વીને કહ્યું-તમે અમારે ત્યાં રહો. આ વેશ્યાને તો હું કાલે શિક્ષા કરીશ.' નંદ રાજા તપસ્વીની પરીક્ષા લેવા ઇચ્છતા હતા. તેમણે પોતાનો ભાવ કોઇના ઉપર પ્રગટ ન થવા દીધો.

જે ઓરડામાં તપસ્વી સૂતો હતો. તેમાં રાણી દૂધ આપવા ગઈ અને બોલી 'કોઈને ખબર નથી, હું તમારા માટે દૂધ લાવી છું.' તદ્દન એકાંત હતું. તપસ્વી કામાતુર થઇ ગયો. ભૂખ્યા વરુની જેમ તે રાણી પર ત્રાટક્યો. રાણીએ બૂમ પાડી. નંદ રાજા ત્યાં જ છુપાઇ રહ્યા હતા. તેમણે તલવારના એક જ ઝાટકે તપસ્વીનું માથું ઉતારી નાખ્યું. પાખંડી મરી તો ગયો પણ મર્યા પછી અસુર

થયો.'

રાજલક્ષ્મીએ આગળ કહ્યું–

'ભદ્ર ! આ વિનાશલીલા તે તપસ્વીની છે. તેણે રાજા રાણીને મારી નાખ્યાં. પ્રજાજનોને પણ માર્યાં. જે બચ્યા હતા તે ભાગી ગયા. નગર વેરાન થઈ ગયું. એક વખત અહીંયાં ઘણી જ હલચલ રહેતી હતી. આજના વીરપુરને જુઓ. કેવું ભયાનક છે ? પણ હું ક્યાં જાઉં ? હવે તો હું તમારા શરણે છું. અત્યાર સુધી અનાથ હતી. હવે તમે નાથ મળી ગયા. હું સનાથ થઇ ગઇ.'

રાજલક્ષ્મીએ સદયવત્સને સંતાડેલા ધન-ભંડાર બતાવ્યા અને બોલી–

'હવે હું તમારી લક્ષ્મી બનીને રહીશ. મારે માટે બધાય રાજા એક સરખા. વીરપુરના નંદ રાજા મરી ગયા તો અહીંના બીજા રાજા તમે થશો.'

સદયવત્સે ધનને હાથ લગાડયો અને બોલ્યો–

'મેં આને ગ્રહણ કરી લીધું. હવે તું મારી થઈ. પણ હવે તો હું પ્રતિષ્ઠાનપુર જઈ રહ્યો છું. પછીથી આનો વિધિસર સ્વીકાર કરીશ અને ત્યારે આ નગર પણ વસાવીશ.'

આશ્વસ્ત બનીને રાજવૈભવની અધિષ્ઠાત્રી દેવી અંતર્ધાન થઇ ગઈ. સાવલિંગાને લઇને સદયવત્સ પ્રતિષ્ઠાનપુર તરફ ચાલી નીકળ્યો. પાછી મહિનાઓની યાત્રા. પણ હવે

સદયવત્સ પોતાની સાસરી પ્રતિષ્ઠાનપુરની નજીક પહોંચી ગયો. નજીકનાં ગામમાં બંને એક ભટ્ટને ત્યાં રહી ગયાં.

*

રાતનો એક પહોર વીત્યો હતો. સદયવત્સ અને સાવલિંગા બે જ જાગી રહ્યાં હતાં. સદયવત્સે કહ્યું–

'પ્રિયે ! આપણે પ્રતિષ્ઠાનપુરની નજીક જ છીએ, પણ જઈએ કેવી રીતે ? આપણા બંનેનાં કપડાં મેલાં છે. આભૂષણોના નામમાં માત્ર વીંટી જ છે. આવી દશામાં આપણને કોણ ઓળખશે ? લોકોમાં તો સારાં કપડાંની જ પ્રતિષ્ઠા ગણાય છે.'

'પણ મા બાપ માટે તો મેલી ઘેલી પુત્રી પણ પ્યારી હોય છે.' સાવલિંગાએ કહ્યું– 'શું મારા પિતા અને તમારા સસરા મહારાજ શાલિવાહન આપણને સન્માન નહીં આપે ?'

સદયવત્સ હસ્યો અને બોલ્યો–

'પ્રિયે ! લગ્ન પછી છોકરી પારકી થઈ જાય છે. છોકરીની સાસરીથી જ તેની પ્રતિષ્ઠા છે. આપણે આવા જઈશું તો કહેશે–દીકરી અને જમાઈ આવી દશામાં આવ્યાં ? મારું નાક કાપી નાખ્યું. દરબારીઓ પણ નાક મોં સંકોચશે. સમયનો ફેર એવો હોય છે કે ધનવાન ઘરમાં પરણાવેલી

એક બહેને સમયના માર્યા પોતાના ગરીબ ભાઈને ઓળખવાની ના પાડી દીધી હતી.'

'તો ?' સાવલિંગાએ પૂછ્યું.

સદયવત્સ બોલ્યો–

'કાલે સવારે હું એકલો જ પ્રતિષ્ઠાનપુર જઈશ. મારા અને તારા માટે વસ્ત્રો અને આભૂષણોનો પ્રબંધ કરીને આવીશ. ત્યારે આપણે બંને સાથે રાજભવન જઈશું.'

'તમારે શું ? ક્યાંક ફસાઈ ગયા તો ફસાઈ ગયા. હું અહીંયાં ક્યાં સુધી લટકી રહું ? એક શરતે જ જવા દઉં કે જો પાંચ દિવસ પછી નહીં આવો તો છઠ્ઠા દિવસે હું ચિતામાં સૂઈ જઈશ.'

'સારું, હું પાંચમા દિવસે ચોક્કસ આવી જઈશ.'

સદયવત્સે આશ્વાસન આપ્યું તો સાવલિંગા આશ્વસ્ત થઈ ગઈ. બીજા દિવસે વહેલી પરોઢે જ સદયવત્સ પ્રતિષ્ઠાનપુર જવા ચાલી નીકળ્યો.

રસ્તામાં તેને એક ઠુંઠિયો મળ્યો. તેના કાન કપાયેલા હતા. હાથ પણ કપાયેલા હતા. વત્સે મોં સંકોચ્યું. દુર્ગંધ ! અપશુકન થઈ ગયા. કોણ જાણે હવે કામ કેવી રીતે થશે ? આ ઠુંઠિયો ક્યાંથી આવી ગયો ? વત્સે રસ્તો છોડી દીધો અને બીજા રસ્તેથી નગરમાં જવા લાગ્યો. ઠુંઠિયો સમજી

ગયો કે આ મુસાફરે રસ્તો કેમ છોડી દીધો. હું પણ હવે તેને શુકન કરાવીશ. તેથી થોડાં ફૂલો વિગેરે માંગલિક વસ્તુઓ લઈને તે ફંટાઇને પાછો સદયવત્સની સામે આવી ગયો. વત્સે ટોકયો–

'તું ફરી આવી ગયો ?'

'હા, પણ હવે તો તમને શુકન કરાવ્યા છે.'

વત્સ ખુશ થઈ ગયો. અને બોલ્યો–

'તું ઠુંઠિયો કેવી રીતે થઈ ગયો ?'

ઠુંઠિયાએ જણાવ્યું–

'આ બધું જુગારનું ખરાબ ફળ છે. જેનું ભાગ્ય રિસાઇ ગયું હોય તે જ જુગાર રમે છે. હું સિંહલના રાજાનો રાજકુમાર છું. મારૂં નામ સુરસુંદર છે. હું મારા પિતા પાસેથી પાંચસો હાથી અને એક કોટિ સોનાની મુદ્રાઓ લઈને આ નગર જેવા આવ્યો હતો. જુગારમાં બધું જ હારી ગયો અને પછી જુગારીઓએ હાથ કાન કાપીને મને વિકલાંગ બનાવી દીધો.'

સદયવત્સની પાસે દેવીએ આપેલા પાસા અને કોડીઓ હતી. તેનો જુગારનો રસ જાગી ઊઠયો. તે બોલ્યો–

'ચાલો મારી સાથે. હું પણ જોઉં તો ખરો કે તે કેવા છે ?'

કુંઠિયાને સાથે લઇને સદયવત્સે પ્રતિષ્ઠાનપુર નગરમાં પ્રવેશ કર્યો. રસ્તામાં સૂર્યપ્રાસાદ નામનું એક ભવન હતું. ત્યાં તું તું, હું હું થઇ રહ્યું હતું. શેઠ અને વેશ્યા વચ્ચે વિવાદ થઇ રહ્યો હતો. મધ્યસ્થ લોકો બંનેને સમજાવી રહ્યા હતા, પણ કોઇ પક્ષ માનતો નહોતો.

સદયવત્સને જોઇને ઉપસ્થિત લોકો પ્રભાવિત થઇ ગયા. મધ્યસ્થે કામસેના વેશ્યાની સંરક્ષિકા વૃદ્ધા નાયિકાને કહ્યું-

'આ તો પરદેશી છે. તેમને માટે તો બંને પક્ષ સરખા છે. અમારૂં ના માને પણ આમનું તો માનીશ ને ?'

શ્રેષ્ઠી દત્તકના પુત્ર સોમદત્તે કહ્યું-

'હા, ભલા માણસ દેખાય છે, મને તો મંજૂર છે. તેઓ જે નિર્ણય આપશે તે હું માની લઇશ.'

નાયિકાએ કહ્યું-

'હું પણ માનીશ.'

સદયવત્સ ન્યાયના આસન પર બેઠો અને પૂછ્યું-

'વાદી કોણ છે ?'

એક મધ્યસ્થીએ કહ્યું-

'વૃદ્ધા નાયિકા વાદી છે, શ્રેષ્ઠીપુત્ર સોમદત્ત પ્રતિવાદી છે.'

'ફરિયાદ શી છે ?'

મધ્યસ્થીએ જણાવ્યું-

'નાયિકાની પુત્રી છે કામસેના. શેઠ દત્તકના પુત્ર સોમદત્તે કામસેનાની સાથે સ્વપ્નમાં ભોગ ભોગવ્યો, એવું સ્વપ્ન કામસેનાએ જોયું છે. તેની કિંમત લેવા માટે નાયિકા આવી છે. પણ શેઠ ધન આપતા નથી, આ વાદ છે.'

પછી સદયવત્સે બંનેને પ્રશ્ન પૂછયા. વાદ પર વિચાર કરીને નિર્ણય આપ્યો-

'શેઠપુત્ર ! કામસેના રાજમાન્ય વેશ્યા છે. રાજમાન્યનો વિરોધ કરવો જોઈએ નહીં. તમારે કિંમત તો આપવી પડશે.'

નાયિકા આનંદથી બોલી ઊઠી-

'ન્યાયમૂર્તિની જય હો. તમારો યશ વધો.'

પણ શેઠનું મોં ઊતરી ગયું. તે નિર્ણય માનવા માટે બંધાયેલો હતો. તેથી એક હજાર સોનામહોર તેણે ગણી આપી. સદયવત્સે પાંચસો સોનામહોર શેઠને પાછી આપી અને પાંચસો નાયિકાને આપી. નાયિકાએ વિરોધ કર્યો-

'આ તો અધૂરો ન્યાય કહેવાય. હું તો પૂરી કિંમત લઈશ.'

સદયવત્સ બોલ્યો-

'ઠીક, તમે પૂરી કિંમત લો. એક દર્પણ તો લાવો.'

શેઠે દર્પણ આપ્યું. સદયવત્સે સોનામહોર દર્પણની સામે મૂકી દીધી અને નાયિકાને કહ્યું-

'પાંચસો સોનામહોર તમારી સામે છે અને એટલી જ દર્પણમાં પ્રતિબિંબિત છે. દર્પણમાં પ્રતિબિંબિત પાંચસો પણ લઈ લો.'

'એ કેવી રીતે બની શકે ? પ્રતિબિંબિત ધન કેવી રીતે લઇ શકાય ?'

સદયવત્સ બોલ્યો-

'સ્વપ્નમાં ભોગ કરવો અને પ્રતિબિંબત ધન લેવું એ એક જ વાત છે. જેમ દર્પણમાં પ્રતિબિંબિત ધન સાચું લાગતું હોવા છતાં પણ જૂઠું છે, એવી જ રીતે સ્વપ્નનો ભોગ પણ વાસ્તવિક લાગતો હોવા છતાં પણ જૂઠો છે. જે પ્રકારનો ભોગ સોમદત્તે કર્યો., એવું જ ધન પણ તને આપી રહ્યો છું.'

નાયિકા નિરુત્તર થઇ ગઇ. ઉપસ્થિત લોકોએ સદયવત્સના ન્યાય-નિર્ણયનાં વખાણ કર્યાં. સોમદત્ત પણ ખુશ થઇ ગયો. નાયિકા પણ અર્ધી કિંમત લઈને પોતાના આવાસ પર જતી રહી અને કામસેનાને બધો વૃત્તાન્ત સંભળાવ્યો.

કામસેના સદયવત્સને જોવા માટે આતુર બની ગઇ

અને સંરક્ષિકા નાયિકાને લઇને નૃત્ય કરવાના બહાને સૂર્યપ્રસાદ આવી. તે સદયવત્સ પર મોહિત થઈ ગઈ અને તેને પોતાના આવાસ પર આવવાનું નિમંત્રણ આપ્યું. ઠુંઠિયાએ સદયવત્સને સમજાવ્યું.

'મિત્ર ! વેશ્યાના ચક્કરમાં ના પડો. તે કોઇની સગી નથી હોતી. તે તો બસ ધનની સગી હોય છે.'

વત્સે કહ્યું-

'મારી પાસે ધન નથી, એટલું તો એ પણ જાણે છે. મારાં કપડાં પણ ગંદાં છે. આટલું હોવા છતાં પણ તે મને લઈ જવા માગે છે તો હું જઇશ તો જરૂર.'

સદયવત્સ માન્યો નહીં અને કામસેના સાથે તેના આવાસ પર પહોંચ્યો. ત્યાં એ પાંચ દિવસ સુધી રસરંગમાં ડૂબેલો રહ્યો. આ પાંચ દિવસોમાં એ નગરના જુગાર ગૃહોમાં પણ ગયો અને ઘણું બધું ધન જીત્યો. આ જીતેલા ધનમાંથી તેણે પૂરતું ધન ઠુંઠિયાને આપીને કહ્યું-

'આનાથી મારી પ્રિયા માટે વસ્ત્ર-આભૂષણ વિગેરે ખરીદી લાવો.'

ધન લઇને ઠુંઠિયો વસ્ત્રાભૂષણ ખરીદવા માટે બજારમાં ગયો.

પાંચમા દિવસે સદયવત્સને સાવલિંગાની પ્રતિજ્ઞાની યાદ આવી. તેથી જીતેલા ધનનો બાકી રહેલા ભાગ કામસેનાને આપીને તેની વિદાય લઇ લીધી.

જ્યારે કુમાર જવા માટે તૈયાર થયો ત્યારે કામસેનાએ તેના ઉત્તરીયમાંથી કમળના પાંદડામાં વિંટાળેલી લાખોની કિંમતની રત્નકંચુકી છોડી લીધી અને પછી સહયવત્સને કહ્યું—

'તમે તો સંબંધ તોડીને જઈ રહ્યા છો. આ કંચુકી મને તમારી યાદગીરી રૂપે આપતા જાઓ.'

ચોરોએ આપેલી તે કંચુકી કુમારે ઉદારદાપૂર્વક કામસેના વેવ્યાને આપી દીધી. સદયવત્સના ગયા બાદ કામસેના એ રત્નકંચુકી પહેરીને ઝુમતી–નાચતી બજારમાં ગઈ. ત્યાં તેને એક શેઠે પકડી અને કહેવા લાગ્યો–

'આ તો મારી રત્નકંચુકી છે. થોડા દિવસ પહેલાં જ ચોરાઈ ગઈ હતી. તું જ ચોર છે.'

વેશ્યાને સાથે લઈને શેઠ રાજા શાલિવાહનના દરબારમાં પહોંચ્યો અને પોતાનો આક્ષેપ જણાવ્યો. રાજાએ વેશ્યા પાસે સ્પષ્ટીકરણ માગ્યું તો કામસેનાએ કહ્યું–

'અન્નદાતા! હું ચોર નથી. મારે ત્યાં બધા પ્રકારના ચોર આવે છે. કોઇના કપાળ પર તો લખેલું નથી હોતું કે આ ચોર છે. મારો એક પ્રેમી મને આ રત્નકંચુકી આપી ગયો છે. મેં તે લઈ લીધી. ચોરી કરી હશે તો તેણે કરી હશે. હું શું જાણું?'

રાજાએ ગુસ્સે થઈને કહ્યું—

'કયો ચોર જાતે સ્વીકારી લે કે હું ચોર છું? તારી પાસેથી ચોરીનો માલ પકડાયો છે, તેથી તને સજા મળશે.

મારા રાજ્યમાં ચોરીની સજા મોત છે.'

રાજાની આજ્ઞા થતાં જ વધિકોએ તેને પકડી લીધી અને નગર-રક્ષકની દેખ-રેખ નીચે વધિકો નગરની બહાર વધસ્થળ પર કામસેનાને લઈ ગયા.

નગરમાં સનસનાટી ફેલાઈ ગઈ કે કંચુકીની ચોરીને કારણે કામસેનાને શૂળીની સજા મળી છે. સદયવત્સના કાને પણ આ વાત પડી અને તે તરત જ વધસ્થળ પર જઈ પહોંચ્યો. તેણે નગરરક્ષકને કહ્યું–

'આ કંચુકીનો ચોર તો હું છું. મેં જ આ કામસેનાને આપી હતી. આ નિર્દોષ છે. તેને છોડી દો અને મને ફાંસીએ ચડાવો.'

નગરરક્ષકે સદયવત્સની વાત માની નહીં તો સદયવત્સે બળજબરીથી કામસેનાને છોડાવી દીધી.

રાજા શાલિવાહન પાસે આ સમાચાર પહોંચી ગયા. રાજાએ પકડવા માટે પોતાનું લશ્કર મોકલ્યું. પણ દેવીના વરદાનને કારણે અજેય સદયવત્સે રાજાના લશ્કરને હરાવી દીધું.

રાજા અત્યંત ગુસ્સે થયો. ગુસ્સે થયેલા રાજા શાલિવાહને સદયવત્સને હરાવવા માટે બાવન વીર બોલાવ્યા. આ તરફ કુમારને સાવલિંગાની ચિંતા થઈ તેથી તેણે કુંઠિયારૂપી સુરસુંદરને કહ્યું–

'તું શૂળી પર ઊભો રહે. હું હમણાં જ પાછો ફરૂં છું. આજે છઠ્ઠો દિવસ છે.'

આમ કહીને કુમાર ઝડપથી સાવલિંગા પાસે પહોંચ્યો.

પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે સાવલિંગા ચિતાશયનની તૈયારી કરી રહી હતી. સદયવત્સે તેને બચાવી અને ફરીથી રજા લઈને વધસ્થળ પર આવ્યો.

તે વખતે ત્યાં બાવન વીર પણ આવી ગયા હતા. તેમની સામે લડવાનું મુશ્કેલ હતું, કારણ કે તેઓ દુર્જેય હતા. એટલે વત્સે પાંચ ચોરોને યાદ કર્યા. ચોર તરત જ પ્રગટ થયા અને તેમણે તેમની વિદ્યાની તાકાતથી બાવન વીરને હરાવી દીધા. હવે તો રાજા શાલિવાહન ખૂબ મૂંઝવણમાં પડી ગયા. તેમણે વિચાર કર્યો—

'આ એકલો જ આવો દુર્જેય છે તો પછી મારે શું કરવું જોઈએ.'

આવો વિચાર કરીને રાજા પોતે ઘટના સ્થળ પર આવ્યો. એકદમ તો તે પોતાના જમાઈ સદયવત્સને ઓળખી શકયો નહીં. તેથી તેણે તેમનું નામ તથા પરિચય પૂછયો. સદયવત્સે જણાવ્યું નહીં એટલે રાજાએ કામસેનાને કહ્યું—

'રાજમાન્ય સુંદરી! તું તો પોતાના પ્રેમીનો પરિચય જાણતી હોઈશ. તું જ કહે.'

કામસેનાએ સદયવત્સની તલવાર રાજા સામે મૂકી અને બોલી—

'પૃથ્વીનાથ! તેમનું નામ લેવા માટે મારી યોગ્યતા કયાં છે? તેમની તલવાર પર જ તેમનું નામ અંકિત છે. આપ વાંચી લો.'

રાજા જયારે તલવાર પર અંકિત નામ વાંચવા લાગ્યા

ત્યારે સદયવત્સે તેમને મૂંઝવણમાં નાખવા માટે કહ્યું–

'રાજન્ ! આ નામ મારું નથી. હું તો ચોર અને જુગારી છું. તમારા શેઠની રત્ન કંચુકી ચોરી અને ઉજ્જયિનીના રાજકુમાર સદયવત્સ પાસેથી જુગારમાં આ તલવાર જીતી.'

રાજા ફરીથી મૂંઝવણમાં પડી ગયો—

'આ તો કોઇ પણ રીતે કાબૂમાં આવતો નથી. હવે શું કરું ?'

રાજાએ વિચાર કરીને ગજ ઘટા બોલાવી અને કહ્યું–

'આને વશ કરી લે.'

પણ સદયવત્સે સિંહનાદ કરીને ગજઘટાને ભગાડી મૂકી. એટલે રાજાએ વિનમ્ર વાણીમાં વિનંતી કરી—

'તો તમે સદયવત્સને જાણો છો ? તે તો મારા જમાઈ છે. તમે મારા જમાઇ સાથે રમ્યા છો, છતાં પણ મને તમારો પરિચય કેમ નથી આપતા ?'

એટલે સદયવત્સ હસ્યો અને બોલ્યો—

'હું તો જાણું જ છું તમારા જમાઇને. પણ નવાઇ તો એ વાતની છે કે તમે તમારા જમાઇને નથી ઓળખતા.'

એટલે રાજાએ તેના તરફ ખૂબ ધ્યાનથી જોયું અને એકદમ ઓળખીને બોલ્યો–

'અરે, તો તમે જ છો સદયવત્સ ! ભારે કપટી છો. તમારું પરાક્રમ બતાવીને મળ્યા. એ સારું પણ થયું, નહીં તો કોને ખબર પડત કે મારો જમાઇ આવો છે, આવો

જઇએ.'

શાલિવાહને સદયવત્સને પોતાની પાસે જ રથમાં બેસાડયો અને પછી પૂછયું—

'તમે એકલા જ આવ્યા ? બેટી સાવલિંગા કયાં છે ?'

'ગામમાં ભટ્ટને ત્યાં છે.'

'આમાં પણ કપટ કર્યું તમે. એ પણ પહેલાં જણાવ્યું નહીં.'

રાજા શાલિવાહને પોતાના પુત્ર શકિતસિંહને આદેશ આપ્યો—

'જા બેટા ! તારી બહેનને લઇ આવ.'

સદયવત્સનો સાળો સાવલિંગાને લઈ આવ્યો. હવે બંને સુખેથી પ્રતિષ્ઠાનપુરમાં રહેવા લાગ્યાં.

સદયવત્સ આખા નગરમાં પ્રસિદ્ધ થઇ ગયો. એક તો તે રાજ જમાઇ હતો. બીજું, તેના રુપ અને પરાક્રમથી બધા અંજાઈ ગયા હતા. વત્સ સવાર–સાંજ નગરમાં ફરતો.

આ સમય દરમિયાન તેની મિત્રતા ત્રણ યુવાનો સાથે થઇ. આ ત્રણે યુવાનો ક્રમશઃ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય હતા. ચારેની મિત્ર મંડળી જામી ગઇ. ચારે મળીને વનભ્રમણ કરતા, નગરનાં દર્શનીય સ્થાનોને જોતા અને સૈર–સપાટા કરતા.

એક દિવસ ચારે મિત્ર બાગમાં બેઠા હતા. તે વખતે ત્યાં કેટલાક પરદેશી મુસાફરો રોકાયા. સદયવત્સે તેમની સાથે વાતચીત કરી અને પૂછયું—

'તમે તો ઘણું ફર્યા છો. મારી પણ ઇચ્છા ફરવાની છે. જો તમે ક્યાંય કોઈ કૌતુક જોયું હોય તો બતાવો.'

એક મુસાફરે જણાવ્યું—

'તુંબવન નામના નગરમાં અમે એક એવું કૌતુક જોયું છે કે એવું કદિ સાંભળ્યું પણ નથી.'

સદયવત્સની ઉત્સુકતા જાગૃત થઇ. તેણે નજીક જઇને પૂછ્યું—

'એવું શું જોયું ? પૂરી વાત જણાવો.'

મુસાફરે જણાવ્યું—

'તુંબવન નગરમાં ધનપતિ નામના શેઠના પિતા મરી ગયા. યથાસમય તેમના અગ્નિ સંસ્કાર કરી દેવામાં આવ્યા. પરંતુ ઘણા દિવસો વીતી જવા છતાં પણ ધનપતિના મૃત પિતા રાતના વખતે જીવતા થઇને દરરોજ ઘેર આવતા હતા. આનાથી વિશેષ કૌતુક બીજું કયું હોઈ શકે ?'

'મારે જોવું પડશે.' સદયવત્સે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વણિક–પોતાના ત્રણે મિત્રોને કહ્યું–'આપણે ચારે તુંબવન નગરમાં જઇએ.'

સાવલિંગા તથા પોતાના સસરા શલિવાહનને કંઈ પણ જણાવ્યા વિના સદયવત્સે ત્રણે મિત્રો સાથે તુંબવન નગર તરફ પ્રયાણ કર્યું.

❊

તુંબવન નગરમાં એક બ્રાહ્મણની કન્યા સીકોતરીના વળગાળથી પીડાઇ રહી હતી. જ્યારે સદયવત્સ નગરમાં પ્રવેશ્યો

તો તેણે તે બ્રાહ્મણ કન્યાને 'હાય હાય' કરતાં જોઇ. બ્રાહ્મણે જણાવ્યું કે રાત્રે સીકોતરી આવે છે અને મારી દીકરીને સતાવે છે. ઘણા જ પ્રયાસો કરવા છતાં પણ અમે તેનાથી મુકિત નથી મેળવી શકયા.'

વત્સે કહ્યું—

'આજે રાત્રે હું તેને જોઈશ.'

જયારે રાત પડી ત્યારે બધા જ આઘા ખસી ગયા. બ્રાહ્મણ કન્યાની પાસે સદયવત્સ જ રહ્યો. યોગ્ય સમયે સીકોતરી આવી તો સદયવત્સે એવી સિંહ-ગર્જના કરી કે તે ડરીને ભાગી ગઈ. સવારે બધાએ આનંદ ઉજવ્યો. બ્રાહ્મણે પોતાની પુત્રીનાં લગ્ન સદયવત્સની સાથે કરવા ઈચ્છા કરી. ત્યારે વત્સે કહ્યું કે હું ક્ષત્રિય છું. શાસ્ત્રની મર્યાદા અનુસાર ક્ષત્રિય બ્રાહ્મણ કન્યાની સાથે લગ્ન ન કરી શકે. ત્યારે વત્સે પોતાના સાથી મિત્રની સાથે તે બ્રાહ્મણ કન્યાનાં લગ્ન કરી દીધાં.

પાછા સૂર્યાસ્ત પછી ચારેય નગરમાં આગળ વધ્યા તો એક શેઠના પિતા મરી ગયા હતા. પરિવારના માણસો એક એવા માણસની શોધમાં હતા, જે આખી રાત શબની રક્ષા કરી શકે. કારણ કે રાત્રે શબનો અગ્નિ સંસ્કાર થાય નહીં અને સ્મશાનમાં આખી રાત શબની રક્ષા કરવી એ લોઢાના ચણા ચાવવા બરાબર હતું. સીકોતરી વેતાળ, ભૂત વિગેરે રક્ષકોને બીવડાવે છે.

એટલે સદયવત્સે શેઠને કહ્યું કે અમે ચારેય મિત્રો

તમારા સ્વજન શબની રક્ષા કરીશું. શું આપશો? શેઠે એક હજાર સોનાની મુદ્રાઓ આપવાનું વચન આપ્યું.

શબ સ્મશાને પહોંચી ગયું. ત્યાં બીજું કોઈ જ નહોતું. આ જ ચાર મિત્રો હતા. એક એક પહોરનો પહેરો વહેંચી લીધો.

પહેલો પહોર વૈશ્યનો હતો. બીજો બ્રાહ્મણનો હતો. ત્રીજી વારી ક્ષત્રિયની હતી. અને છેલ્લે ચોથો પહોર સદયવત્સ માટે હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય અને સદયવત્સ સૂઈ ગયા.

વૈશ્ય પહેરો ભરવા લાગ્યો. પોતાના પહેરામાં તેણે એક સ્ત્રીના રડવાનો અવાજ સાંભળ્યો. વૈશ્યનો પુત્ર તે સ્ત્રીની પાસે પહોંચી ગયો અને રડવાનું કારણ પૂછ્યું. સ્ત્રીએ જણાવ્યું કે મારા પતિને શૂળી પર ટીંગાડયા છે. હું તેમના માટે ભોજન લાવી છું. આટલી ઊંચાઈએ કેવી રીતે પહોંચુ ? હું એટલી બધી અભાગણી છું કે મારા પતિને અંત વખતે ભોજન પણ નથી કરાવી શકતી. હવે તો રડવાનું જ રડવાનું મારા ભાગ્યમાં છે'

વૈશ્યે કહ્યું—

'આટલી વાત માટે શું રડે છે? મારા ખભા પર ચડી જા અને તારા પતિને ભોજન કરાવ.'

સ્ત્રી વાણિયાના ખભા પર ઉભી થઈ ગઈ. વાસ્તવમાં તે સીકોતરી હતી. તેથી શૂળી પર રહેલા પુરુષનું માંસ કાપીને ખાવા લાગી. માંસનો ટુકડો વાણિયા ઉપર પડયો તો તે ચમકયો અને તેણે સ્ત્રીને નીચે ફેંકી દીધી.

સીકોતરી ચીસ પાડીને ભાગી. વૈશ્યે ઝપટ મારીને તેનો હાથ કાપી નાખ્યો અને તેને રેતીમાં દબાવી દીધો. હવે તે શબની પાસે આવ્યો. એક પહોર પૂરો થઈ ચૂકયો હતો. તેથી તેણે બ્રાહ્મણને જગાડયો અને પોતે સૂઈ ગયો.

બ્રાહ્મણે જોયું કે એક રાક્ષસ રાજકન્યાને ખભા પર નાખીને લઇ જઇ રહ્યો હતો. લાચાર રાજકુમારી પગ પછાડી રહી હતી. રાક્ષસે તેનું મોં પકડી રાખ્યું હતું. બિચારી ચીસો પણ નહોતી પાડી શકતી. બ્રાહ્મણ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. એક ઝાડીમાં રાક્ષસે રાજ-કુમારીને નીચે ઉતારી અને તેની પાસે વાસનાની ભીખ માગવા લાગ્યો. રાજકુમારી કાંઈ કહે તે પહેલાં બ્રાહ્મણે પાછળથી રાક્ષસને મારી નાખ્યો અને રાજકુમારીને પોતાની સાથે લાવીને સહીસલામત બેસાડી દીધી.

ત્રીજી વારી ક્ષત્રિયની હતી. તેણે વિચાર્યું, 'ત્યાં સુધી હું દેવતા જ લઇ આવું.' તેથી તે અગ્નિની શોધમાં ચાલી નીકળ્યો. એક જગ્યાએ થોડાં ભૂત ખીર રાંધી રહ્યાં હતાં. સાત યુવકોને ઝાડની સાથે બાંધ્યા હતા. ક્ષત્રિયે ભૂતોને પડકાર્યાં. ભૂતોએ તેને ડરાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. અંતમાં ભૂતો જ ડરીને ભાગી ગયાં. ક્ષત્રિયે યુવકોને બંધન-માંથી મુક્ત કર્યા. આ સાતેય યુવકો રાજકુમાર હતા.

હવે ચોથા પહોરની વારી સદયવત્સની હતી. તેના પહોરમાં પણ એક ઘટના બની. જે શબની આ ચારેય વારાફરતી રક્ષા કરી રહ્યા હતા તે શબ ઊઠીને બેઠું થઈ

ગયું. તેમાં રહેલા વેતાળે કહ્યું—

'જુગાર રમો. જે હારશે, તે પોતાનું માથું આપશે.'

કુમાર જુગાર રમવા બેઠો અને શબમાં રહેલા વેતાળને જણાવ્યું-

'જુગારની સામગ્રી તો છે જ નહીં. રમશો કેવી રીતે?'

વેતાળે પોતાનો હાથ એટલો બધો લાંબો કર્યો કે એક રાજભવનના જુગારગૃહમાંથી બધી સામગ્રી ઊઠાવી લીધી. બંને જુગાર રમ્યા. શબમાં રહેલો વેતાળ હારી ગયો. વેતાળ ડરીને ભાગી ગયો. પછી બીજા ત્રણ મિત્રો પણ જાગી ગયા. ચારેએ મળીને શબનો અગ્નિસંસ્કાર કર્યો. અને સ્નાન વિગેરેથી નિવૃત્ત થઇને શેઠ પાસેથી રક્ષાનું ધન માગ્યું. ત્યારે શેઠ ફરી ગયો અને બોલ્યો-

'શબની રક્ષા માટે તમે કર્યું છે જ શું? આખી રાત ઉંઘ્યા છો. હું કઇ બાબતનું ધન આપું?'

ત્યારે સદયવત્સે તુંબવનના રાજાને ફરિયાદ કરી અને કહ્યું—

'રાજન! શબની રક્ષા માટે શેઠે અમને એક હજાર સોનાની મુદ્રાઓ આપવાનું વચન આપ્યું હતું. મોતને મુઠ્ઠીમાં રાખીને અમે ચારેએ શબની રક્ષા કરી. જે રીતે ધનપતિ શેઠના પિતાના રૂપમાં હંમેશાં રાત્રે વેતાળ આવતો હતો. એમને ત્યાં પણ હંમેશાં આવે જ છે. પરંતુ મેં તેને જુગારમાં હરાવીને ભગાડી મૂકયો. હવે તે કયારેય નહીં આવે. તેથી અમને અમારૂં ધન મળવું જોઇએ.'

સદયવત્સે કહેલી વાતથી રાજાને ઘણું આશ્ચર્ય થયું. ઉત્સુક થઇને તુંબવનના રાજાએ પૂછયું-

'આખી રાત તમે ચારેયે શું શું કર્યું અને શું શું જોયું તે પુરાવા સહિત જણાવો.'

પહેલા પુરાવામાં વૈશ્ય રેતીમાં દાટેલો સીકોતરીનો હાથ લઇ આવ્યો. રાજાએ હાથ જોયો તો વિચારમાં પડી ગયા. આ કાપેલો હાથ રાણીનો હતો. રાણી જ સીકોતરી હતી.

જ્યારે એ સાબિત થઇ ગયું કે રાણી જ સીકોતરી છે તો રાજાએ રાણીને કાઢી મૂકી. પછી રાજકન્યા અને સાતેય રાજકુમારોને હાજર કર્યા. તેમણે પોત પોતાના મોંએ આપવીતી જણાવી. રાજા ખુશ તેમ જ સંતુષ્ટ થયા. શેઠે સદયવત્સને એક હજાર સોનાની મુદ્રાઓ જ ન આપી, પરંતુ ઘણું બધું ધન આપ્યું અને પોતાની કન્યાને પણ પરણાવી. રાજાએ ચારેયને સન્માન આપ્યું.

થોડા દિવસ પછી સદયવત્સ નિર્જન નગર વીરપુરમાં પહોંચ્યો. આ નગરને ઉજાડનાર અસુરદેવની આરાધના કરીને સદયવત્સે તેને પોતાને અનુકૂળ કરી લીધો અને પછી તેના સહયોગથી નગર વસાવ્યું. પછી અનુષ્ઠાન કરીને વિધિપૂર્વક નંદ રાજાની છોડેલી રાજલક્ષ્મીનો સ્વીકાર કર્યો.

સદયવત્સે આ નગરનું નામ 'વીરકોટ' રાખ્યું. નગર સારી રીતે વસી ગયું હતું. ખેડૂતો ખેતી કરવા લાગ્યા. વેપારી વેપારમાંપડી ગયા. દુકાનો ચાલવા લાગી.

નવા સૈન્યની વ્યવસ્થા પણ થઈ ગઇ. બધા રાજ્યના અધિકારી પણ આવી ગયા હતા. થોડા નવા નિયુક્ત થયેલા પણ હતા. મોટા ઉત્સવની સાથે સદયવત્સ રાજા બન્યો.

બધી વ્યવસ્થા બરાબર કર્યા પછી સદયવત્સે પ્રતિષ્ઠાનપુરથી સાવલિંગા તથા દ્વારાવતીથી લીલાવતીને તેડાવી લીધી. હવે તે સુખેથી પ્રજાનું પાલન કરી રહ્યો હતો. તેનો યશ અને વૈભવ દિવસે દિવધે વધતો જ જતો હતો.

તે સમય દરમ્યાન સદયવત્સને બે પુત્રો થયા. સાવલિંગાથી વીરભાનુ અને લીલાવતીથી વનવીર. સૂર્ય–ચંદ્ર જેવા બંને રાજકુમારો મોટા થવા લાગ્યા. યોગ્ય સમયે તેઓ વિદ્યા નિષ્ણાત પણ થયા. એવી રીતે જ સમય વીતી રહ્યો હતો. ત્યાં જ સદયવત્સે ઉજ્જયિની તરફથી આવેલા વેપારીઓ પાસેથી સાંભળ્યું કે ઉજ્જયિનીને શત્રુઓએ ઘેરી લીધી છે. છ મહિનાથી શત્રુની સેના ઘેરો ઘાલીને પડી છે.

ત્યારે ચતુરંગી સેના સહિત સદયવત્સે ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું. શત્રુઓને બેવડો માર પડયો. શત્રુના સૈનિકો ભાગ્યા. જે બચ્યા તે માર્યા ગયા. આ ચમત્કાર જોઈ ઉજ્જયિની નરેશ પ્રભુવત્સ ઘણી મૂંઝવણમાં પડી ગયા. અંતમાં બધું રહસ્ય ખુલ્યું. મહામંત્રી તો હજુ પણ બળી રહ્યો હતો. પણ પ્રભુવત્સ ઘણા જ શરમિંદા હતા. તેમણે સદયવત્સને છાતીએ લગાવતાં કહ્યું–

'પુત્ર ! હું પિતા કહેવડાવવા યોગ્ય નથી. તારા જેવા પુત્રને મેં દેશનિકાલ કરી દીધો. તેં આજે મારી પ્રતિષ્ઠા

બચાવી લીધી.'

વિનયી સદયવત્સે કહ્યું-

'પિતાજી ! પિતા કોઇ દિવસ પોતાના પુત્રનું અહિત નથી કરતા. તમારા દેશનિકાલમાં મારી કેટલી બધી ભલાઈઓ છુપાઈ હતી, એ તો તમે જોઇ જ રહ્યા છો. હું આજે જે પણ છું, તમારા પ્રતાપે જ છું.'

મહારાણી મહાલક્ષ્મીની આંખોમાં ખુશીનાં આંસુ ભરાયાં હતાં. તેમણે બાળકની જેમ તેને પોતાની છાતીએ લગાડી દીધો. હવે રાજા પ્રભુવત્સે ઉજ્જયિનીના સિંહાસન પર સદયવત્સને બેસાડયો અને પોતે મુનિ બની ગયા. મહારાણી લક્ષ્મીએ પણ પતિનું અનુસરણ કર્યું. અને તેમણે પણ શ્રામણી દીક્ષા અંગીકાર કરી લીધી.

વીરકોટ નગરનું શાસન રાજપુત્ર વીરભાનુ અને વનવીર કરી રહ્યા હતા. તેમનાં લગ્ન થઈ ગયાં હતાં. લીલાવતી અને સાવલિંગા ઉજ્જયિનીમાં સદયવત્સની પાસે હતી. બધાના દિવસો સારી રીતે વીતી રહ્યા હતા.

*

આ વાત તો ઠીક છે પણ જ્યાં સુધી મનુષ્યને ચેતવણી આપવા વાળું કોઇ ન હોય, ત્યાં સુધી રાજા–રંક બધા એક સરખા જ છે. મનુષ્ય મોહના નશામાં સૂતેલો રહે છે. પણ થોડાક તો જાતે જ ચેતી જાય છે અને બીજાને પણ ચેતવે છે કે મનુષ્ય શરીર શા માટે મળ્યું છે.

બાગમાં ઘણા લોકો એકઠા થયા હતા. મહાજ્ઞાની

કાલકાચાર્ય બધાને ચેતવી રહ્યા હતા અને બધા તેમની વાતો ધ્યાનથી સાંભળી રહ્યા હતા. આ સાંભળવા વાળાઓમાં ઉજ્જયિનિના રાજા સદયવત્સ, મહારાણી સાવલિંગા અને રાણી લીલાવતી પણ હતાં. રાજ પરિવારના બીજા પણ લોકો હતા. મુનિ કહી રહ્યા હતા-

'સૂર્યના પ્રકાશથી જ જેવી રીતે લોકો સૂર્યને જુએ છે, દીવો સળગાવીને નહીં', એવી રીતે જ આત્માના પ્રકાશથી જ આત્મ દર્શન થાય છે, ભૌતિક જગતની ક્ષુદ્ર શક્તિથી નહીં.

જેવી રીતે વાદળાંઓના છવાઇ જવાને કારણે સૂર્ય દેખાતો નથી, એવી રીતે જ અવિદ્યા અને માયા આત્મ-દર્શનથી વંચિત રાખે છે. ત્યારે શું કરશો ? વાદળાંઓને હટાવો. સૂર્ય ચમકશે. વાયુથી વાદળાં વરસે છે, જપ-તપના વાયુ વેગથી અવિદ્યા અને માયાનો નાશ થાય છે. તમે રાજા હો, કઠિયારા હો, રંક હો, શેઠ હો, ગૂંગા-અપંગ હો. બધાએ મનુષ્ય શરીરને મેળવ્યું પણ આ રાજા-રંકનો ભેદ કેમ થઇ ગયો ? એ જ જાણવાનું છે.

જ્યારે એ જાણવા લાગશો તો વિષય વાસનાને વળગેલા નહીં રહો. મનુષ્ય ભવ જાણવા અને જાગવા માટે છે.

મુનિએ પોતાનો બોધ પૂરો કર્યો કે સદયવત્સ રાજા પોતાના આસનેથી ઉઠયા અને વિનય વાણીમાં બોલ્યા—

'મહામુને ! હું રાજા છું. મારા જીવનમાં ઘણી બધી

ઉલટા સુલટી આવી. આ બધું કેમ થયું ? પ્રભો ! એ જાણવા ઈચ્છું છું.'

મુનિ બોલ્યા—

'તો જાણી લો રાજન ! પહેલા જન્મમાં તમે જે કર્યું તેનું ફળ ભોગવી રહ્યા છો. ફળ ભોગવવા માટે જન્મ મળે છે. પરંતુ મનુષ્ય જન્મ તો એટલા માટે મળે છે કે ફળ ભોગવવામાંથી છુટકારો મળી જાય. જન્મ મરણથી છૂટી જાવ. એના માટે લોઢાના ચણા ચાવવા પડશે. એ તો તમારે વિચારવાનું છે કે ચાવી શકશો કે નહીં. હવે તમે તમારો પાછલો જન્મ સાંભળો.

'રાજન ! ધારલદેવી વિદ્યાચલની પલ્લીમાં વ્યાઘ્ર રાજાની રાણી હતી. ધારલદેવીએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ ગુણસુંદર હતું. ગુણસુંદર ઘણો જ સરળ, વિનયી, દયાળુ અને સદાચારી હતો.

એક વાર પલ્લીમાં શ્યામાચાર્ય આવ્યા. ગુણરત્ને તેમનો બોધ સાંભળ્યો. જીવદાયા અને અભયદાનનો નિયમ લીધો. શ્રાવકનાં બાર વ્રતો પણ ગ્રહણ કર્યાં. તેનું જીવન ધર્મમય થઈ ગયું.

એક ાર ગુણસુંદર વનમાં ફરવા ગયો. તેને વનમાં ચાર પુરુષો મળ્યા. ચારેય હાંફી રહ્યા હતા. ક્યાંકથી ભાગીને આવ્યા હતા. ગભરાયેલા પણ હતા.

ગુણસુંદરે તેમને પૂછ્યું તો તે ચારેએ જણાવ્યું કે વૈતાલીપુર નગરમાં અમને થોડા દુષ્ટોએ પકડી લીધા અને દેવીની આગળ અમારો બલિ ચડાવવા લાગ્યા. ત્યાંના લોકો

ઘણા પાપી છે. નાના-મોટા લાભને માટે બકરો ઘેટું અને પાડાનો બલિ ચડાવે છે.

તથા વિશેષ સ્વાર્થ માટે માણસોને ગાજર-મૂળાની જેમ કાપી નાખે છે. અમે ત્યાંથી ભાગીને આવી રહ્યા છીએ. હવે કોણ જાણે એ દુષ્ટો કોને કોને કાપશે.

ગુણસુંદર દ્રવીભૂત થઈને તરત વૈતાલીપુરમાં બનેલા દેવીના મંદિરમાં ગયો. ઘણા બધા પાખંડીઓએ બલિ માટે માણસોને બાંધી રાખ્યા હતા. ગુણસુંદરે બધાને મુક્ત કરાવ્યા અને દેવીની મૂર્તિ આગળ બોલ્યો—

'જગતમાતા ! તું લોહીથી જ ધરાય છે તો હું તને મારું લોહી આપું છું.' આમ કહીને ગુણસુંદરે તલવાર ઊંચી કરી અને જેવી પોતાના ગળા પર મારવા માટે ઇચ્છા કરી કે તરત જ દેવી સાક્ષાત પ્રગટ થઈ ગયાં. તેણે ગુણસુંદરનો હાથ રોકી લીધો અને બોલી—

'વત્સ ! તારી ધાર્મિકતા, જીવદયા, અને સાહસથી પ્રભાવિત થઈને જ મારે આજે અહીં આવવું પડ્યું. આ રક્તદાન તો હું ક્યારેય સ્વીકાર નહોતી કરતી. આ મૂર્ખાઓ એમ જ મારી પ્રતિમાની આગળ પાપ કરતા રહે છે.'

ત્યારે ગુણસુંદરે દેવીને કહ્યું કે અંબે ! તમારા નામ પર આ લોકો અધર્મને ધર્મ કહેતા ફરે છે. આને તો બંધ કરો જ.' ત્યારે દેવીએ બધાને ઠપકો આપ્યો અને સદાને માટે બલિની પ્રથા બંધ થઇ ગઈ. આનો યશ ગુણસુંદરને જ હતો.

મુનિવર કાલકાચાર્યે સદયવત્સ રાજાને આગળ કહ્યું-

'રાજન ! આટલું સાંભળ્યું, હવે આગળ સાંભળો.'

'ગુણસુંદર મુનિ, સેવક, પાત્રદાન કરવા વાળો વિગેરે અનેક ગુણોથી શોભતો ઉત્તમ શ્રાવક હતો. અંત સમય સુધી તે ધાર્મિક રહ્યો. પછી દેહ ત્યાગી દઈને મનુષ્યનો જન્મ લીધો. એ ગુણસુંદર તમે જ છો. પાછલા જન્મનો ગુણસુંદર આ જન્મમાં ઉજ્જયિનીનો રાજા સદયત્સ છે.'

'રાજન ! પાછલા ભવમાં જીવદયા અને અભયદાન કરવાથી તમે પ્રબળ, પરાક્રમી બન્યા અને આવી રીતે શ્રમણ સેવાથી તમને રાજવૈભવ પ્રાપ્ત થયો છે.

રાજા સદયવત્સે પોતાનો પૂર્વ ભવ ઘણા ધ્યાનથી સાંભળ્યો તો વિચારોમાં ડૂબી ગયો. ત્યારે તેને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પણ ભોગવવાનું બાકી હોવાને કારણે ચારિત્ર ગ્રહણ ન કરી શકયો, પરંતુ હવે તે ઘણી તત્પરતા અને મનોયોગ પૂર્વક શ્રાવક વ્રતોનું પાલન કરતો હતો. આવી રીતે ધર્મ-નિષ્ઠ જીવન વીતાવતાં તેણે અનેક વર્ષો સુધી શાસન કર્યું અને અંતમાં સ્વર્ગ મેળવ્યું.*

---

**આ કથાનો સૌથી પ્રાચીન આધાર છે મુસલમાન કવિ અબ્દુર રહીમ કૃત અપભ્રંશ ભાષાનું સંદેશ રાસક. શ્રી રાહુલ સાંકૃત્યાયનના મત પ્રમાણે આ કૃતિ ૧૦મી શતાબ્દીની હોવી જોઈએ. શ્રી અગરચન્દજી નાહટાના મત પ્રમાણે ૧૪મી શતાબ્દીની છે. તે પછી ઘણા જૈન કવિઓએ ગુજરાતી અને રાજસ્થાની રાસમાં આ પ્રણય-કથાને ગૂંથી છે. અનેક જૈનેતર કવિઓએ પણ આ રચનાઓ કરી છે. જુઓ જૈન ગુર્જર કવિઓ ભાગ-૧ પૃષ્ઠ ૪૮૬ તથા રાજસ્થાન ભારતી શ્રી અગરચન્દજી નાહટાનો લેખ.**

**સમાપ્ત**

# મખતૂલજાદી

[એક પ્રાચીન રાજસ્થાની કથા]

'મારા સ્વપ્ન પ્રિયતમને હું આ બધાની સાથે કેવી રીતે ખોળી શકીશ? રાજકુમારી મખતૂલજાદી વિચારી રહી હતી કે—'આટલા અંગરક્ષક અને સૈનિકો સાથે રહેશે તો હું 'તેમને' મેળવીને પણ ખોઈ બેસીશ.'

કરે પણ શું? એકલી જાય પણ કેવી રીતે? તીર્થયાત્રા-નું જ એક બહાનું હતું. પિતાજીને કહ્યું કે તીરથ કરવા જઈશ. તેમણે સંમતિ આપી દીધી. રસ્તાનો ખર્ચ પણ ઘણો બધો આપ્યો. સાથમાં ઘણા બધા અંગરક્ષક અને સૈનિકો પણ મોકલી આપ્યા. હવે એ મને તીર્થોમાં ફેરવશે.

જો હું કોઈને પણ ઓળખી શકી કે એ જ તે 'મારા' છે, જે રાત્રે મારા સ્વપ્નમાં આવ્યા હતા તો આટલા બધાની વચ્ચે હું તેમને કેવી રીતે મળીશ? આ કામ તો હું એકલી જ કરી શકું છું. શું આ બધાને ઊંઘતા મૂકીને એકલી

ભાગી જાઉં ?

આટલું મોટું જંગલ છે. સમય પણ રાતનો છે. એકલી જાઉં તો સુરક્ષા ? હા, સુરક્ષા તો જરૂરી છે. હું પણ તો અબળા છું. વળી મારો જન્મ પણ તો એક અપ્સરાની કૂખે થયો છે. આ સુંદરતા પણ ઘણી ખરાબ છે. એકાકિની નારી માટે તો અભિશાપ જ છે.

હા, હું પુરુષનો વેશ પહેરીને જઇ શકું છું. પણ મારી પાસે પુરુષ વેશનાં સાધન શું છે ? માર્ગનો ખર્ચ પણ મારી પાસે નથી, એ બધું મારા સંરક્ષકની પાસે છે. તેની કોઈ ચિંતા નથી. મારાં આભૂષણો કિંમતી છે. તેનાંથી કામ ચાલશે. પરંતુ પુરુષ વેશ કેવી રીતે બનાવું ?

સંકલ્પ પાકકો હોય તો સાધન આપ મેળે મળી આવે છે. પૂર્ણપુરીની રાજકુમારી મખતૂલજાદી ધીરેથી ઊઠી. એક ઊડતી નજર તેણે સૂતેલા અંગરક્ષકો ઉપર નાખી. એક અંગરક્ષક સૈનિક ઉઘાડા માથે પાઘડી પર માથું રાખીને સૂઈ રહ્યો હતો. જંગલમાં તકિયા કયાંથી આવે ? કોઇ કોઈ પોતાના હાથના તકિયા બનાવીને સૂઈ રહ્યા હતા.

રાજકુમારીએ એકદમ સૂતેલા સૈનિકના માથા નીચેથી પાઘડીનો તકિયો કાઢી લીધો અને પોતાના માથા પર બાંધી દીધો. પછી તેની આંખોએ શોધવાનું શરુ કર્યું. કોઈની ઢાલ ઊઠાવી, કોઈની તલવાર લઇ લીધી. કોઇનું અંગરખું અને ચાદર ઉઠાવ્યાં. ચાદર વડે મરદાનગી ધોતિયું બાંધ્યું. કમરપટ્ટો

કર્યો અને તેમાં પોતાનાં આભૂષણો પણ સંતાડી દીધાં. હવે તે પુરુષ બની ગઇ.

એક ઘોડો ખોળી લીધો. તેના પર સવાર થઇ અને બધાને છોડીને અજાણ્યા ન જોયેલા રસ્તે આગળ વધી ગઈ.

❊

નક્ષણજાતિ પૂર્ણપુરીના રાજા હતા. રાજકુમારી મખ્ખ-તૂલજાદ્દી તેમનું એકનું એક સંતાન હતી. બધા એમ જ કહેતા હતા કે તેનો જન્મ એક અપ્સરાની કૂખે થયો હતો. ચમત્કારી વાતો પર વિશ્વાસ જલ્દી આવે છે. તેથી બધા એમ જ માને છે કે મખતૂલજાદ્દી અપ્સરાની કન્યા છે અને રાજા નક્ષણજાતિ તો તેના પાલક પિતા છે.

જે કાંઇ પણ હોય, રાજકુમારી એટલી બધી સુંદર હતી કે તેને જોઈને સહેજેય એ વિશ્વાસ આવી જાય કે જરૂર તે કોઇ દેવાંગનાની પુત્રી છે. હવે તે મોટી થઇ ગઈ હતી અને સ્વપ્નાંઓ જોવા લાગી હતી- જુવાન છોકરીઓ લગ્ન પહેલાં સપનાં જુએ જ છે. દિવા સ્વપ્ન જોતાં તે પોતાના ભાવિ પતિના અખૂટ સૌંદર્યને મૂર્ત કરવા લાગે છે. રાતમાં પણ તે 'તેને' જોઈ લે છે.

મખતૂલજાદ્દીનાં લગ્ન થઇ ગયાં હતાં. મિલનની પહેલી રાત હતી. મખતૂલજાદ્દી આજે ઘણી જ શણગારાયેલી હતી. હથેળીઓ લાલ હતી, જે અનુરાગના રંગથી રંગાયેલી લાગતી હતી. તે પોતાના રાજકુમાર પતિ સાથે હસી હસીને વાતો

કરી રહી હતી. એવું લાગતું હતું કે લગ્ન પછી કેટલીય રાતો વીતી ગઇ હોય.

એમ તો તે શરમાળ હતી, પણ તેના પતિએ તેને વાચાળ બનાવી દીધી હતી, તેથી ખુલ્લા દિલથી તે બોલી રહી હતી, આજે જ તેને ખબર પડી હતી કે પુરુષ સ્ત્રીથી વધારે સુંદર હોય છે. તેનો પતિ પણ તો દેવકુમાર જેવો હતો. રહેતાં રહેતાં વાત મિલન-વિયોગ પર ઉતરી આવી. રાજકુમારે કહ્યું-

'પ્રિયે ! આ રાત વધારે લાંબી ના થઈ શકે ?'

'સ્વામી ! રાત તો મોટી હોય છે.'

રાજકુમારે આશ્ચર્યથી પૂછયું—

'એવું તું કહી રહી છે? પ્રેમીઓને તો વર્ષોની રાત પણ ઘડી જેવી લાગે છે.'

મખતૂલજાદી ખડખડાટ હસી પડી અને બોલી.

'સ્વામી ! એક લાંબી રાત જ્યારે અનેક રાતોમાં વહેં-ચાઈ જાય છે તો મોટી રાતો મળીને કઇ રાતોથી ઓછી હોય છે? રાત પછી દિવસ આવશે, તો પછી રાત પણ આવશે.'

'પ્રિયે ! તું ઘણી બુદ્ધિશાળી છે. પરંતુ કાલની રાત પાછી જલ્દી નહીં આવે !'

રાજકુમારીના મોં પર વિષાદ છવાઇ ગયો. તે શંકાશીલ થઈને પૂછવા લાગી—

'એવી શી વાત છે ?'

'પ્રિયે ! કાલે હું રાજના કામ માટે વિદેશ જઈશ.'

'તો શું થયું ? હું પણ સાથે આવીશ.'

'તને હું નહીં લઈ જઇ શકું. થોડી એવી જ લાચારી છે.'

'તો પછી સ્વામી ! જો તમે તરત જ પાછા નહીં ફરો તો હું તમને ખોળવા નીકળીશ અને પોતાની સાથે લઈને પાછી ફરીશ.'

રાજકુમાર હસ્યો અને પૂછવા લાગ્યો–

'તું મને ખોળી શકીશ ?'

'ખોળી કેમ નહીં શકું ?'

'કદાચ ઓળખી ન શકું. કોણ જાણે મારે કયો વેશ રાખવો પડે.'

'સંન્યાસી બનીને પણ તમે મારાથી છાના નહીં રહી શકો. હા, તમે મને નહીં ઓળખી શકો. એ તો મારે જ જણાવવું પડશે હું કોણ છું.'

'અરે હવે સૂઇ તો જા. બેઠાં બેઠાં ક્યાં સુધી વાતો કરીશ ?' રાજકુમારે થોડા એવા ઢંગથી કહ્યું, માની લો કે સૂવાના બહાને કાંઇક બીજું જ કહી રહ્યો હોય. રાજકુમારી પણ ચતુર હતી. તેણે તરત જ કહ્યું—

'તમે સૂઇને આ નાની સરખી રાતને વધારે નાની કરવા શા માટે ઈચ્છો છો ?'

રાજકુમારે પણ સંકેત ભાવથી જણાવ્યું-

'હું તો બાકીની રાતનો સદુપયોગ કરવાની તને સલાહ આપી રહ્યો છું.'

'સદુપયોગ !' રાજકુમારી મખતૂલજાદીએ લુચ્ચાઇથી હસીને કહ્યું. રાજકુમારે રાજકુમારીના લાલ હથેળી વાળા બંને હાથ પોતાના હાથમાં લીધા. આલિંગન આપતાં ધીરેથી બબડયો-

'સૂઇ જવું એ જ તો રાતનો સદુપયોગ છે.'

હવે બંનેની આંખો હસી અને પછી બંને સૂઇ ગયાં. ત્યારે મખતૂલજાદીની આંખ ખુલી. તેનું સ્વપ્ન ભાગી ગયું.

રાજકુમારી મખતૂલજાદી પથારી પરથી ઊઠીને બેઠી થઇ ગઈ. કયાંય કશું જ નહોતું. પૂર્ણપુરીના રાજાનો રાજમહેલ હતો અને એકલી રાજકુમારી પોતાના સ્વપ્નના પ્રિયતમને શોધી રહી હતી, જાણે સતાવવા માટે કયાંય સંતાઇ ગયો ન હોય! પણ આ તો બધું સ્વપ્નું હતું. તો પણ રાજકુમારી સ્વપ્ન પ્રિયતમને મેળવવા માટે તરફડવા લાગી. રાજકુમારી બેઠાં બેઠાં વિચારી રહી હતી-

'આ સ્વપ્ન જૂઠું નથી. સ્વપ્નાં પણ તો સાચાં હોય છે. હું નગરે નગરમાં જઇને તેમને શોધીશ. શું હું તેમને ઓળખીશ નહીં ? તરત ઓળખી લઇશ. પણ તેમને શોધવા કેવી રીતે જાઉં ? શું પિતાજીને સ્વપ્નની વાત કરું ? તેમને કેવી રીતે કહું કે મારા સ્વપ્નના પ્રિયતમ સાથે રાત

ગાળી છે.

'તો પછી મારા અંતરની સખીને કહી દઉં. તે પિતાજીને વાત કરશે. પરંતુ શું પિતાજી મને તેમને ખોળવાની અનુમતિ આપશે? કયારેય નહીં આપે. પરંતુ મારી વાત પર હસશે. લોકો સમજશે કે હું પાગલ છું, સ્વપ્નના પ્રિયતમને મેળવવા ઈચ્છું છું. પરંતુ હું પણ લોકોને પાગલ માનું છું.

'મારું મન તો કહે છે કે તેઓ મને મળશે. શોધવાથી શું નહીં મળી જાય? તો પછી જાઉં કેવી રીતે? હા, તીર્થયાત્રાનું બહાનું સારું રહેશે. પિતાજી સહર્ષ અનુમતિ આપી દેશે.'

રાજકુમારી નિત્ય કર્મથી પરવારી પછી પોતાના પિતા પૂર્ણપુરીના રાજા નક્ષણાજાતિની પાસે પહોંચી અને બોલી-

'પિતાજી! મારી ઈચ્છા તીર્થયાત્રા કરવાની છે.'

રાજા નક્ષણજાતિએ સહર્ષ અનુમતિ આપી દીધી-

'હા-હા, ચોક્કસ જા. એનાથી તને આનંદ થશે. અને અનુભવ પણ વધશે. કયારે જવા ઈચ્છે છે!'

'આજે જ જવા ઈચ્છું છું.'

'આટલું જલ્દી?'

'પિતાજી 'શુભસ્ય શીઘ્રમ્'-તમે જ તો કહો છો કે શુભ કાર્ય કાલ પર ન છોડવું જોઈએ?'

'સારું, એમ વાત છે!' રાજાએ કહ્યું અને દ્વારપાળને

મહામાત્યને બોલાવવાનો આદેશ આપ્યો. પછી મહામાત્ય આવ્યા તો તેમને કહ્યું-

'મહામંત્રી! અમારી લાડલી પુત્રી તીર્થયાત્રા કરવા જાય છે. તેની બધી જ વ્યવસ્થા તેમ જ પ્રબંધ કરો.'

મહામાત્ય જાણતો હતો કે શું કરવાનું છે. તેણે એક મંત્રીને સંરક્ષક નીમ્યો. તેને રાજકુમારી માટે રસ્તામાં જોઇતો ખર્ચ આપ્યો અને સશસ્ત્ર ઘોડેસ્વાર સૈનિકોની સાથે રાજકુમારીની તીર્થયાત્રાની બધી જ તૈયારીઓ થોડી જ વારમાં કરી દીધી.

રાજકુમારી રથમાં બેઠી. યાત્રા શરુ થઇ અને રાત્રે એક વનમાં પડાવ નાખ્યો. જ્યારે બધા સૂઈ ગયા ત્યારે રાજકુમારીએ પોતાની પરિસ્થિતિ પર વિચાર કર્યો. બધાની સાથે તે તેના સ્વપ્નના પ્રિયતમને શોધી શકતી નહોતી અને એકલી જાય કેવી રીતે? અંતમાં તેણે સમસ્યાનો ઉકેલ શોધી કાઢયો. પોતાના સ્વપ્ન પ્રિયતમને શોધવા પુરૂષ વેશમાં તે બધાને સૂતા મૂકીને અજાણ્યા-ન જોયેલા સ્થળે આગળ વધી ગઇ. તેનું મન કહેતું હતું કે તેને 'તે' અવશ્ય મળશે, જે રાત્રે તેના સ્વપ્નમાં આવ્યો હતો.

*

પુરુષ વેશમાં પણ મખતૂલજાદીને શંકા હતી કે તેને કોઇ ઓળખી ન જાય. અને બધું તો ઠીક પણ મોં પર મૂછો ક્યાંથી લાવે? ઉમ્મરના હિસાબે તેના મોં પર મૂંછો ન

હોય એ જ ઉચિત હતું, પણ આછી રુંવટીનું ચિન્હ તો હોવું જ જોઈએ.

તેના માટે મખતૂલજાદીએ એક ઉપાય કર્યો કે સાફાની પાછળ લટકતા છેડાને આગળ કરી દાંતોથી દબાવી દીધો. આનાથી ઉપરના હોઠથી નીચે હડપચી સુધીનો ભાગ ઢંકાઈ ગયો. આ જ વેશમાં તે આગળ વધી રહી હતી.

એક રાત એકલીએ જંગલમાં વીતાવી અને પછી આગળ વધી ગઈ. બપોર પછી એક નદી કિનારે પહોંચી. ઘોડાને ત્યાં જ ઊભો રાખી પાણી પીવા બેસી ગઈ પણ જેવી પાણી પીવા ઝુકી કે સ્તબ્ધ બની ગઈ.

સ્ત્રી માટે અરીસાનું કેટલું મહત્વ છે! કોઈ વાર જ્યારે સ્ત્રી શૃંગાર કરે અને તેની પાસે અરીસો ન હોય તો માની લો કે તેના પ્રાણ જ કોઇએ હરી લીધા હોય. એટલા માટે મખતૂલજાદી પાણી પીતાં રોકાઇ ગઈ હતી, કારણ કે જળ દર્પણમાં તે પોતાનું પ્રતિબિંબ જોઇ રહી હતી. પાણી પીવાથી દર્પણ લહેરાઇને તૂટી જતું હતું.

ઉપરથી પુરુષ હોવા છતાં અંદરથી તો તે શંગાર પ્રિય સ્ત્રી જ હતી. તેથી પોતાનું રુપ જોવા લાગી ગઇ. આંખોનું કાજળ પણ ભૂંસી નાખ્યું, આ કાજળથી તો તે પકડાઈ જાય. આજે એ જ એક વિચિત્રતા હતી કે કયારેક તે કાજળ આંજવા માટે અરીસો જોયા કરતી હતી અને આજે અરીસો જોઇને કાજળ ભૂંસી રહી છે.

મખતૂલજાદીએ પાણી પીધું અને જ્યારે ઊઠી તો તેણે પોતાનાથી થોડે દૂર એક સન્યાસીને ઊભેલા જોયા. સન્યાસી થોડો ઓળખીતા જેવો લાગતો હતો. તે હૃષ્ટ–પૃષ્ટ, સૌંદર્ય-વાન અને યુવાન હતો.

યુવાન સંન્યાસી પણ મખતૂલજાદીને અત્યંત ધ્યાનથી જોઈ રહ્યો હતો. બંનેના મનમાં એક સરખી જ શંકા હતી. રાજકુમારી મખતૂલજાદી વિચારી રહી હતી–

'લાગે છે તો એવું જ કે મારા સ્વપ્નનો પ્રિયતમ આ જ છે, પણ એ સંન્યાસી કેમ છે? તે રાત્રે આ તો મારી સાથે હતા.'

આ તરફ યુવાન સન્યાસી પણ વિચારવા લાગ્યો–

'બસ એ જ એક અંતર છે કે તે રાજકુમાર છે. મારા સ્વપ્નમાં જે આવી હતી, તે બિલકુલ આવી જ હતી.'

આમ વિચારતાં બંને નજીક આવી ગયાં. મખતૂલજાદીએ પૂછ્યું—

'તમે અને હું સાથે સાથે યાત્રા કરી શકીએ છીએ. તમારે ક્યાં જવું છે?'

'આવીશ તો તમારી સાથે જ, પણ તમે તમારો પરિચય તો જણાવો.'

'હું પણ તમારો પરિચય જાણવા ઈચ્છું છું, અને એ પણ જાણવાની ઇચ્છા છે કે તમે યુવાન અવસ્થામાં સંન્યાસી કેવી રીતે બની ગયા.' મખતૂલજાદી જવાબની રાહ જોવા

લાગી.

યુવક સંન્યાસીએ જવાબ આપ્યો—

'તમે ઘણાં રહસ્યપૂર્ણ છો. બધું જ છુપાવવા છતાં પણ અવાજ નથી છુપાવી શક્યાં. તમે સ્ત્રી છો. પુરુષ બનવાની આવશ્યકતા કેમ ઊભી થઈ ?'

'હું પુરૂષને શોધવા માટે જ પુરૂષ બની છું. હવે તમારાથી શું છુપાવવાનું ? હું પૂર્ણપુરીના રાજા નક્ષણજાતિની પુત્રી મખતૂલજાદી છું.'

'તું મને ન ઓળખી શકી, પણ મેં તને ઓળખી લીધી. પ્રિયે ! તને શોધવા માટે જ હું સંન્યાસી બન્યો છું. એક રાત્રે તું મારા સ્વપ્નમાં આવી હતી.'

મખતૂલજાદીનું રોમે રોમ હસી ઊઠયું. તે અત્યંત ખુશ થઈ ગઈ. તેના હર્ષનું વર્ણન કેવી રીતે થઈ શકે ? હર્ષ વિહ્વળ થઈ બોલી–

'સંન્યાસી બનીને પણ તમે મારાથી ના છુપાયા. તમને શોધવા હું નીકળી અને તમને મેળવી લીધા. પણ રાત્રે સ્વપ્નમાં તમે તમારૂં નામ ક્યાં જણાવ્યું હતું ?'

'તો પ્રિયે ! હમણાં જણાવું છું. હું ગુજરાતના રાજા ચિત્રસાલનો કુંવર મોતીરામ છું.'

હવે બંને એક ઝાડની નીચે બેસી ગયાં. રાજકુમારી બોલી–

'આ કેવું આશ્ચર્ય છે કે આપણે એક સરખું જ સ્વપ્નું જોયું અને બંને જ પોત પોતાના સ્વપ્નસંગીને

શોધવા નીકળી પડયાં.'

મોતીરામે કહ્યું–

'પ્રિયે ! હું તો આશ્ચર્ય નથી માનતો. જન્મો જન્મના પ્રણયી અનેક રીતે મળે છે. આ રીતોમાં સ્વપ્ન દર્શન પણ એક છે.'

રાજકુમારી હસી અને કહેવા લાગી–

'હું તો હજુ પણ વારંવાર મારી આંખો ચોળી રહી છું કે કયાંક સપનું તો પાછું નથી જોઇ રહી ને ?'

ઘોડો હણહણ્યો. મોતીરામ ઊઠયો અને બોલ્યો—

'પ્રિયે ! હવે તેં પુરૂષને મેળવી લીધો છે. તેથી સ્નાન કરીને તારાં અસલી કપડાં પહેરી લે. હવે તને કોનો ડર છે ?'

રાજકુમારી 'અસલી' શબ્દનો અર્થ કેમ ન સમજી શકે ? તેણે સ્ત્રીનો વેશ પહેર્યો. મોતીરામની પાસે બીજાં કપડાં નહોતાં. પણ સ્નાન કરીને તેણે પોતાની જટાઓ ધોઇને ચીકણા વાળ કરી લીધા.

બંનેએ અહીંયાંથી પ્રયાણ કર્યું. હવે ઘોડાની લગામ મોતીરામના હાથમાં હતી અને મખતૂલજાદી તેની આગળ લપાઇને બેસી ગઈ હતી, જાણે પહેલી વાર જ ઘોડા પર બેઠી હોય. ધૂળ ઉડાડતો ઘોડો દોડી રહ્યો હતો.

સાંજે બંને કલૂરકોટ નામના નગરમાં પહોંચી ગયાં. નગરમાં પ્રવેશતાં જ તેમને એક કુંભારનું ઘર મળ્યું.

રાજકુમારે વિચાર્યું કે આ કુંભારને ત્યાં રોકાઈએ. પોતાની આ ઇચ્છાને પ્રગટ કરતાં મોતીરામે મખતૂલજાદીને કહ્યું—

'પ્રિયે ! કુંભારને ત્યાં કાચાને પાકું કરવામાં આવે છે.'

મળતૂવજાદીએ મનની વાત કરી કે 'હાં, પાકકા થવા માટે તવામાં તપવું પણ પડે છે.'

મોતીરામે પોતાનો અભિપ્રાય આપ્યો—

'આપણે પણ તો પાકું થવાનું જ છે ને ? તેથી તેમને ત્યાં રહીએ અને આપણું નવું જીવન શરૂ કરીએ.'

રાજકુમારી બોલી—

'નવું જીવન શરૂ કરવાની વાત તો ઠીક છે, પણ કાચા પાકાની વાત ક્યાં આવી ? શું આપણા પ્રણયનો રંગ પાકકો નથી ?'

'પ્રિયે ! પરિણય વગર પ્રેમની સાર્થકતા ક્યાં છે ? અહીંયાં રહીને આપણો પ્રણય એક કરવાનો છે.'

'સ્વામી ! લગ્ન તો આપણાં થઈ ચૂકયાં છે. શું આપણું સ્વપ્ન સ્વપ્ન જ હતું ?'

'પ્રિયે ! સ્વપ્નનાં લગ્નને લોકો કેવી રીતે માનશે ? મનથી તો આપણે પરણેલાં છીએ, પણ દેખાવ તો કરવો જ પડે.'

'તો પછી અહીં રહીશું ?'

'હા, તું અહીં રહે. હું નગરમાં જાઉં છું. કોઈ કામ

જોઇશ. આજે તો તારા હાથની બનાવેલી રસોઈ ખાઇશ.'

મખતૂલજાદી હસી. વાતો કરતાં કરતાં બંને કુંભારની પાસે પહોંચ્યાં. કુંભાર વાસણ બનાવી રહ્યો હતો. તેનો ચાકડો એવી રીતે ફેરવી રહ્યો હતો, જેમ સમયનું ચક્ર હંમેશાં ફરતું રહે છે. અને કોઇને દેખાતું નથી. કુંભારણ સ્ત્રીઓ માટી ગુંદી રહી હતી.

તેમને માટી ગુંદતાં જોઇ માટીની એ ચેતવણી યાદ આવી ગઈ કે તમે મને શું ગુંદો છો ? એક દિવસ હું તમને દબાવી દઇશ. તમે મારામાં મળી જશો. કુંભારણોએ લાલ-ભૂરા રંગની ઓઢણીઓ ઓઢી હતી.

બે ચાર છોકરાં પણ રમી રહયાં હતાં. બાળકો, સ્ત્રીઓ બધાં મખતૂલજાદીને અત્યંત કુતૂહલથી જોઇ રહયાં હતાં. તેઓ એટલું જ જાણતાં હતાં કે આ બંને પરદેશી છે. કુંભારનું ઘર નગરમાં પ્રવેશતાં જ પડતું હતું. તેથી પરદેશી માણસો ત્યાં રહીને પસાર થતાં હતાં.

જયારે મોતીરામ અને મખતૂલજાદી કુંભારને ઘેર પહોંચી ગયાં તો કુંભારણે પોતાની જાતે એક સાદડી બેસવા માટે નાખી. બંને બેસી ગયાં અને કુંભારની આંગળીઓનું કૌશલ જોવા લાગ્યાં. પોતાના હાથોની કુશળતાથી કેવી રીતે તે માટીને નવા નવા આકાર અને રૂપ આવી રહયો હતો ? કુંભારે જ પૂછ્યું—

'પરદેશી છો ? નગર જોવું હશે ?'

'હાં ભાઇ, પરદેશી તો છીએ જ ?' મોતીરામે કહ્યું 'હવે તો તમારા નગરમાં જ રહેવું છે.'

'તમે લોકો મોટા ઘરનાં જણાવ છો. કલૂરકોટ નગર ઘણું જ સારૂં છે. અહીંયાં ઘણા જ મોટા મોટા શેઠ રહે છે.'

'પરંતુ ભાઇ ! અમે તો તમારે ત્યાં રહીશું અમને જગા આપશો ?' મોતીરામે કુંભારને ભાઇ કહ્યું તો કુંભારનું હૃદય ભરાઇ આવ્યું. તેણે ઘણા જ ઉત્સાહથી કહ્યું–

'જગ્યાની કયાં ખોટ છે ? અમને તો કહેતાં સંકોચ થઈ રહયો હતો તેથી ના કહ્યું. તમે અહીં રહો. આ બહેન અમારી સ્ત્રીઓને સારી વાતો શીખવશે.'

કુંભારે જગ્યા આપી દીધી. બંને ત્યાં રહા ગયાં. મોતીરામ જવા તૈયાર થયો તો મખચૂલજાદીએ તેનો હાથ પકડી કહ્યું—

'બેસો.'

'તે બેસી ગયો.'

મખતૂલજાદીએ પોતાના પગનાં ઝાંઝર ( વિશેષ આભૂષણ) કાઢીને મોતીરામને આપ્યાં અને બોલી—

'આ એક લાખ સોનાની મુદ્રાની કિંમતનાં છે. પાંચ-દસ હજારમાં કોઇને ત્યાં ગીરે મૂકી આવો. એનાથી કોઈ ધંધો કરજો. પછી છોડાવી લઇશું.'

મોતીરામે આશ્ચર્યથી પૂછ્યું–

'આ તેં ક્યાં સંતાડયાં હતાં ? આને ગીરે મૂકવાનું મન તો નથી થતું. આ તો તારી શોભા છે.'

'સ્વામી ! જ્યારે હું મારા સૈનિકોને ઊંઘતા છોડીને નીકળી હતી ત્યારે સંતાડી દીધાં હતાં. હવે મારી શોભા તો તમે છો. આને તમે ગીરે મૂકીને આવો. શું હું તમને મજૂરી કરવા દઇશ ?'

'સારૂં, જઉં છું.'

મોતીરામ ચાલ્યો ગયો અને કલૂરકોટની રત્ન ગલીમાં પહોંચ્યો. એક આભૂષણ વેચનારની દુકાન પર એકદમ ખચકાયો. શેઠ ગ્રાહકની રાહ જોઈને બેઠા હતા. અને પાસે જ તેમનો નોકર બેઠો હતો. મોતીરામના સાદા સંન્યાસી વેશને જોઈને શેઠના નોકરે કહ્યું-

'સાધુજી ! અહીંયાં તમારે લાયક કાંઇ જ નથી. કોઈ મીઠાઇની દુકાન પર જાવ.'

મોતીરામે કહ્યું-

'હું તો તમારા કામની ચીજ લાવ્યો છું. જોઇ લો, કદાચ પસંદ પડી જાય.'

શેઠના કાનોમાં જાણે અમૃતનું ટીપુ ટપકયું. તે ઊઠીને બેઠો થઈ ગયો અને બોલ્યો—

'લાવો, લાવો. શું છે ?'

મોતીરામે મખતૂલજાદીનાં ઝાંઝર શેઠને બતાવ્યાં. શેઠ તેને મફતમાં જ પડાવી લેવા ઇચ્છતા હતા, કારણ કે તે ને

એ વિશ્વાસ હતો કે આ સાધુ કયાંકથી ઉઠાવી લાવ્યો હશે. તેથી ધમકાવતાં બોલ્યા–

'તમારી પાસે આ કયાંથી આવ્યાં ? સાચે સાચું જણાવો. અહીંના બાદશાહ ઘણા જ કઠોર છે.'

મોતીરામને શો ડર હતો ? તેણે પણ દૃઢ અવાજે કહ્યું–

'કોનાં ઊઠાવવાનાં ? મારી પત્નીનાં છે. તમારે લેવાં હોય તો લો નહીંતર પાછાં આપો. રત્ન ગલી ઘણી જ મોટી છે. કોઇ બીજા લેશે.'

શેઠ ઢીલા પડી ગયા અને પોતાના નોકરને લઢતાં બોલ્યાઃ

'જુએ છે શું ! થોડું પાણી બાણી તો લાવ.' પછી મોતીરામને કહ્યુંઃ

'ભાઈ ! તમે બેસો. ઉભા છો કેમ ! જણાવો શું લેશો ?' :

'તમે જ જણાવો શેઠજી. જે આપશો તે લઈ લઈશ. મારે વેચવાનાં નથી. ગીરે મૂકવાં છે.'

'ભાઇ ! માલ તમારો છે.' શેઠ બોલ્યા. 'પરંતુ એ તો જણાવો કે તમારી પત્ની છે કયાં ?'

મોતીરામે જણાવ્યુંઃ

'અમે લોકો અમુક કુંભારને ત્યાં રહ્યા છીએ. ત્યાં મારી પત્ની પણ છે.'

થોડી વાર સુધી શેઠ આભૂષણને ઊલટ-સૂલટ કરીને જોતા રહયા અને વિચારતા પણ રહ્યા. પછી બોલ્યાઃ

'ભાઈ ! તમે થોડી વાર અહીં બેસો. હું આ આભૂષણને મારા કારીગરોને બતાવી લાવું. ત્યારે તમને જણાવી શકીશ કે આ કેટલામાં ગીરો રાખી શકાય ?'

મોર્તરામ માની ગયો અને આભૂષણ વેચનાર શેઠ સીધા બાદશાહની પાસે ગયા. શેઠે કલૂરકોટના બાદશાહને કહ્યુંઃ

'હજુર ! હીરા કુંભારના ઘરમાં ! આને તમારા મુગટમાં લગાડો. અપ્સરા તમારા નગરમાં છે.'

બાદશાહના મોંમાં પાણી ભરાઈ આવ્યું. શેઠને પૂછયું.-

'ચોખ્ખે ચોખ્ખું કહો. કોણ છે, કયાં છે ?'

શેઠે મખતૂલજાદીના પગનાં રત્નજડિત ઝાંઝર બાદશાહને બતાવ્યાં અને બોલ્યા-

'મેં આ એક ફકીર પાસેથી લીધાં છે. આ તે ફકીરની પત્નીનાં છે. જેના પગનાં ઝાંઝર આટલાં અત્યંત સુંદર છે, તે શું કોઈ સામાન્ય ચીજ હશે ?'

બાદશાહે ઝાંઝર પોતાના હાથમાં લીધાં અને બોલ્યા-

'હવે આ ઝાંઝર વાળી મારા ખોળામાં હશે. તે સુંદરી મારા હરમ (અંતઃપુર) ની રોનક બનશે.'

બાદશાહે ચાર સિપાઈ અને એક પાલખી જ્યાં મખતૂ-

લજાદી રહી હતી તે કુંભારને ત્યાં મોકલી. એક સિપાઇએ મખતૂલજાદીનાં ઝાંઝર તેને બતાવીને કહ્યું-

'તમારા પતિએ તમને બોલાવ્યાં છે. સાબિતી માટે તેમણે આ ઝાંઝર અમને આપ્યાં છે.'

પોતાનાં ઝાંઝર જોઇને રાજકુમારીને વિશ્વાસ તો આવી ગયો. તો પણ તેણે પૂછ્યું :

'તે ક્યાં છે? તેઓ જાતે કેમ ન આવ્યા? શા માટે મોકાલ્યા છે?'

ચતુર સિપાઇએ જણાવ્યું :

'તેમને બાદશાહના દરબારમાં નોકરી મળી ગઇ છે. રહેવા માટે એક સારું મકાન પણ મળ્યું છે. હવે તમે તરત જ ચાલો. એ તમને ત્યાં મળી જશે.'

રાજકુમારી પાલખીમાં બેસી ગઈ અને તેને બાદશાહના જનાનખાનામાં પહોંચાડી દેવામાં આવી. જનાનખાનામાં પહોંચતાં જ તેને ખાત્રી થઈ ગઈ કે તેની સાથે દગો થયો છે.

આ તરફ આભૂષણ વેચનાર શેઠને બાદશાહે દસ સહસ્ર સોનાના સિક્કા આપ્યા. પાંચ સહસ્ર તેના ઇનામના અને પાંચ સહસ્ર મોતીરામને આપવા માટે. જ્યારે તે પોતાની દુકાને પહોંચ્યો તો મોતીરામ તેને બેઠેલો દુકાને તો મળ્યો. પણ વધારે વાર થવાથી તે કંટાળી ગયો હતો. તેથી શેઠ આવતાં જ તેમના પર ગુસ્સે થઇ ગયો—

'તમે ઘણી વાર કરી? મારા ઝાંઝરનું શું થયું?'

શેઠે પાંચ સહસ્ર સોનાના સિક્કા મોતીરામની સામે ફેંકયા. તેની ચમક અને રણકારથી મોતીરામનો ક્ષોભ દૂર થઈ ગયો. રહ્યો સહ્યો ક્ષોભ શેઠના આ વાકયે દૂર કરી દીધો.

'ભાઈ ! ગુસ્સે કેમ થાવ છો ? આભૂષણની પરખ કરવામાં વાર લાગી ગઈ. આને સંભાળી લો.'

શેઠે મોતીરામને એક કોથળી પણ આપી. મોતીરામે કોથળીમાં સોનામહોર સંભાળીને મૂકી દીધી અને કોથળી કમ્મરે બાંધી દીધી. હવે તે ખુશખુશાલ થઇને મખતૂલજાદીની પાસે ચાલી નીકળ્યો. પરંતુ ત્યાં તો કાંઈક જુદું જ સાંભળવા મળ્યું—

'બાદશાહના માણસો બહેનને લઇ ગયા.'

મોતીરામે રડવા જેવા થઇને પૂછ્યું—

'તમે રોકી નહીં ? તે શા માટે જતી રહી ?'

કુંભારે સ્પષ્ટ જણાવ્યું—

'તમે તો તેમને બોલાવ્યાં હતાં. તમારાં મોકલેલાં ઝાંઝર જોઇને તેઓ તેમને પાલખીમાં બેસાડીને લઇ ગયા.'

મોતીરામ બધું જ સમજી ગયો અને ચક્કર ખાઈને પડી ગયો. કુંભારે તેની સારવાર કરી ત્યારે તેને ભાન આવ્યું. ભાન આવતાં જ તે બાળકની જેમ ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યો. ત્યારે કુંભારે તેને ધીરજ આપી—

'રડવાથી શું મળશે ? પુરુષાર્થ કરો. તે તમને ચોક્કસ મળશે. પરંતુ થોડા દિવસ માટે આ નગર છોડી દો. કારણ

કે બાદશાહ તમને મારી નાખવાની કોશિશ કરશે.'

મોતીરામ હિંમત રાખીને સમય વીતાવવા માટે ચાલી નીકળ્યો. તે સંન્યાસી જ રહ્યો. હવે તો સંન્યાસી બનીને ભટકવાનું જ તેના ભાગ્યમાં હતું. કરે પણ શું ?

*

કલૂરકોટમાં વહલીમા નામનો બાદશાહ રાજ્ય કરતો હતો. તે વિલાસી અને કામી હતો. શાસન વ્યવસ્થા કરતાં વધારે તે પોતાના જનાનખાના પર ધ્યાન આપતો હતો.

તેના જનાનખાનામાં એક એકથી ચડિયાતી સુંદરીઓ હતી. તો પણ તેના રુપની તરસ છીપાતી નહોતી. મખતૂલ-જાદી તો એવી સુંદર હતી કે ઇન્દ્ર વિવેરે પણ તેની આગળ ઝુકવા લાચાર બની જતા. પોતાની ચતુરાઇથી તેણે મખતૂલજાદીનું અપહરણ કર્યું અને ઘણી મુશ્કેલીથી દિવસ પૂરો કરી રાત્રે તેની પાસે પહોંચ્યો.

મખતૂલજાદી પોતાની પરિસ્થિતિથી વાકેફ હતી. કેવળ બુદ્ધિ બળથી જ તે કામી બાદશાહની ચુંગાલમાંથી બચી શકતી હતી. તેણે તેના બચાવનો રસ્તો પણ શોધી કાઢચો હતો. જ્યારે બાદશાહ તેના ઓરડામાં આવ્યો તો તે ઘણા આદરથી ઊભી થઈ અને ભૂમિ પર માથું નમાવી અભિવાદન કર્યું. બાદશાહ વહલીમા પાણી પાણી થઇ ગયો અને બોલ્યો :

'બેસો મારી જાન ! ઘણી સુંદરીઓ જોઈ, પણ તારા જેવી ન જોઇ. આવ મારા હાથમાં સમાઈ જા.'

'ગરીબ પરવર!' મખતૂલજાદી મોહક હાસ્ય સાથે બોલી–'તમારો રાણીવાસ મારે માટે તો સ્વર્ગ બને છે. અત્યાર સુધી તો હું નરકમાં પડી હતી.'

'મારી પ્રાણેશ્વરી! તો પછી વાર કેમ કરે છે?'

મખતૂલજાદીએ કહ્યું—

'બાદશાહ સલામત! હું કુંવારી છું. પહેલાં મારી સાથે લગ્ન કરો. ત્યારે હું તમારી બનીશ.'

'તો નિકાહમાં શી વાર છે? હું હમણાં કાજીને બોલાવું છું.'

'ના, લગ્ન તો મારા રિવાજ મુજબ થશે.'

'તું તારો રિવાજ જણાવ તો ખરી. તને મેળવવા માટે હું તારી બધી જ વાતો માનીશ. તારે માટે હું ફકીર પણ બની શકું છું.'

રાજકુમારીએ કહ્યું—

'ગરીબ પરવર! હું એક વર્ષ સુધી જુદા મહેલમાં રહીશ અને ત્યાં રહીને એક દાનશાળા ખોલીશ. ત્યાર પછી હું તમારી થઈ જઈશ.'

'એક વર્ષ!' આશ્ચર્યથી બાદશાહ બબડયા–'પ્રાણેશ્વરી! તું દાન કરે તેના માટે હું મનાઈ નથી કરતો. પણ એક વર્ષ તો ઘણા જ દિવસ થયા. ત્યાં સુધી હું કેવી રીતે ધીરજ રાખીશ? આ તો અશકય છે.'

'જો તમે મારી લાશની સાથે નિકાહ કરવા ઈચ્છતા

હોય તો હું અત્યારે તૈયાર છું. જો મારી સાથે જ લગ્ન કરવું હોય તો એક વર્ષ સુધીની ધીરજ તમારે કરવાની જ છે. ધીરજનું ફળ ઘણું મીઠું હોય છે.'

બાદશાહે વિચાર્યું—જબર જસ્તી કરવી નકામી છે. નાજનીના દિલને જીતવું જોઈએ. એક વર્ષ પણ પસાર થઈ જશે. ત્યાં સુધી બીજી પરીઓ સાથે દિલ બહેલાવીશ! એમ વિચારી બાદશાહે પોતાનો નિર્ણય આપ્યો—

'પ્રાણેશ્વરી! તારી શરત માન્ય છે. રાત્રે અહીં આરામ કર. દાસીઓ તારી સેવામાં રહેશે. કાલથી તારે માટે જુદા મહેલનો બંદોબસ્ત થઈ જશે. દાનશાળા પણ ખૂલી જશે.'

આમ આશ્વાસન આપીને બાદશાહ પોતાના રંગ મહેલમાં પહોંચી ગયો. ત્યાં તેણે નાચ ગાનનો પ્રબંધ કરાવ્યો હતો. વિચાર્યું તો એ હતું કે મખતૂલજાદીને જોડે બેસાડીને નગરની નાચિકાનું નૃત્ય જોઈશ અને પીશ પણ—થોડું પ્યાલાથી અને થોડું નવી નાજનીની આંખોથી. પરંતુ એકલાને જ આવવું પડ્યું. ટેમની પરીક્ષા થઈ રહી હતી.

બાદશાહ એક મોટી ચોકી પર તકિયાના આધારે બેઠા હતા. બીજા સરદારો પણ નીચે પાથરેલા બિછાનામાં તકિયાના આધારે બેઠા હતા. સરદારોની સામે ચાંદીના કટોરા મૂકયા હતા.

ગૌહરબાઈ નામની સુંદર નાયિકાએ પોતાના હાથથી સોનાના કટોરામાં મદિરા રેડી અને બાદશાહને આપ્યો.

બાદશાહે તેની મદ ભરેલી આંખો જોઇને એક જ શ્વાસે કટોરો ખાલી કરી નાખ્યો. સરદારોએ પણ પોતાના ચાંદીના ભરેલા કટોરા પીધા.

સાજિંદાઓએ વાજિંત્રો વગાડવા માંડયાં. ગૌહરબાઈ સિવાય અન્ય ગાયિકાઓ પણ ઝાંઝર પહેરીને બેઠી હતી. બધાથી પહેલાં યુવાનીમાં મદમાતી ગૌહરબાઇ ઊઠી. સારંગી પર ગજ ફરવા લાગ્યો અને તબલા પર થાપ પડી.

ગૌહરબાઇએ ફારસીની એક ગઝલ ગાઈ. તેના હાવ ભાવ અને ધડકનને જોઇને માથાં હાલવા લાગ્યાં. બાદશાહના મોંએથી વાહ! વાહ! નીકળી અને પછી ચારેય તરફથી વાહ! વાહ! ગુંજી ઊઠયું. આ રંગીન વાતાવરણમાં બાદશાહની રાત કપાઈ. તેને તો હવે પૂરું એક વર્ષ આ રીતે પસાર કરવાનું હતું.

આ તરફ મખતૂલજાદી એક જુદા મહેલમાં રહીને ભિખારીઓને દાન કરવા લાગી. ફકીર, સાધુ હંમેશાં દાન લેવા આવતા હતા. આવી રીતે છ મહિના વીતી ગયા.

મોતીરામ સાધુ વેષમાં થોડા દિવસ તો અહીં તહીં ફરતો રહ્યો. પછી તે કલૂટકોટમાં આવ્યો અને એક દિવસ મખતૂલજાદીની દાનશાળામાં પહોંચી ગયો. બંનેએ એક બીજાને ઓળખી લીધાં. જ્યારે બધા ભિખારીઓ જતા રહ્યા ત્યારે મોતીરામ અને મખતૂલજાદીની વાતો થઇ. મખતૂલજાદીએ અત્યાર સુધીનો બધો અહેવાલ મોતીરામને સંભળાવ્યો.

હવે રાજકુમારી મખતૂલજાદીએ ભાગી જવાની યુક્તિ પર વિચાર કર્યો તથા મોતીરામને કહ્યું—

'પ્રિયતમ ! આ મહિનાના શુક્લ પક્ષની બીજે તમે બે ઘોડા લઇને રાત્રે મારા મહેલની પછવાડે આવી જજો. હું તમારી સાથે ભાગી નીકળીશ.'

રાજકુમાર મોતીરામે કહ્યું—

'તારા ઝાંઝરથી જે પાંચ સહસ્ર સોનાના સિક્કા મને મળ્યા હતા તે તો મેં ગરીબોને વહેંચી દીધાં.'

'એ તમે સારું કર્યું.' થોડી સોનાની મુદ્રાઓ આપતાં રાજકુમારીએ કહ્યું 'આનાથી તમે બે ઘોડા ખરીદી લેજો.'

રાજકુમાર ચાલ્યો ગયો. આ તરફ શુક્લ પક્ષની બીજ આવી તો રાજકુમારીએ બાદશાહને કહ્યું—

'ગરીબ પરવર! એક વર્ષનો સમય તો ઘણો લાંબો છે. મારાથી તો આ સમય કાપ્યો કપાતો નથી. તમે આજે જ નિકાહની તૈયારીઓ કરો.'

બાદશાહ તો હર્ષથી ઉછળી પડયો. અને આવેશમાં રાજકુમારીને બાથ ભરવા ધસી ગયો. રાજકુમારી પાછી ખસી ગઇ અને આંખો કાઢીને કહ્યું—

'આ શું ? લગ્ન પહેલાં કોઇ સંજોગોમાં નહીં.'

બાદશાહ પણ સમજી ગયો અને લગ્નની તૈયારીઓમાં પડી ગયો. દાસ દાસીઓ ભાગ દોડમાં પડયાં હતાં. અને વગર માગ્યાની મળેલી ખુશીમાં બાદશાહે એટલું બધું સુરા-

થ ન કર્યું કે હોશકોશ ખોઇને એક ખૂણામાં પડી ગયો.

આ તરફ સાંજ પડી તો સોનાની હાંસડી જેવો બીજનો ચાંદ પશ્ચિમ દિશામાં નીકળી આવ્યો. મોતીરામ બે ઘોડા લઈને મહેલની નીચે ખડો થઇ ગયો. પ્રતીક્ષાની ક્ષણ કેટલી લાંબી હોય છે! આવું કોઇએ મોતીરામને કહ્યું હતું. તેને મખતૂલજાદી પર ઘણો ગુસ્સો આવી રહ્યો હતો કે હજુ સુધી કેમ ન આવી

આ તરફ ખાપરો નામનો ચોર શાહુકારના વેશમાં પોતાના લાગમાં ફરી રહ્યો હતો. ચોરીના બહાને લાગ જોતો ખાપરો ચોર મહેલની નીચે આવ્યો. મોતીરામે તેને કોઇ શાહુકાર અને ભલો માણસ જ સમજ્યો. તેથી બોલ્યો–

'શેઠજી! ઘડીક તમે મારા આ ઘોડા પકડી રાખો. હું બાદશાહનાં દર્શન કરી આવું.'

ખાપરાએ ઘોડા પકડી લીધા. મોતીરામ ફરીને મખતૂલજાદીની પાસે જવા ઇચ્છતો હતો. તેથી તે બીજી તરફ નીકળી ગયો. આ તરફ પુરુષ વેશમાં મખતૂલજાદી બારીમાંથી નીચે આવી અને ખાપરાને જ મોતીરામ સમજી બોલી–

'ચાલો, જલ્દી ભાગી જઈએ.'

ખાપરો બધું જ સમજી ગયો. ઘોડા પર બેસી ખાપરો આગળ નીકળી ગયો. બીજા પર મખતૂલજાદી બેઠી અને ખાપરાની પાછળ પાછળ ચાલી નીકળી. નગરની સીમા સુધી કોઇ કાંઈ ન બોલ્યું. પછી મખતૂલજાદીએ પૂછ્યું–

'તમારે મારી રાહ ઘણી વાર સુધી જોવી પડી ?'

'હું.' ખાપરાએ કેવળ હું જ કહ્યું. 'હું'થી રાજકુમારી જાણી ન શકી કે આ કોઈ બીજું છે. તેથી આગળ કહેવા લાગી–

'શું કરું ? તકલીફ તો મને પુરુષવેશ બનાવવામાં જ થઈ. જ્યારે પણ હું ફેંટો બાંધવાનું શરું કરું કે કોઇ ને કોઈ દાસી આવી જતી. પછી હું મારાં વસ્ત્રો લઇને સ્નાનાગારમાં ઘૂસી ગઈ. ત્યાં જ વેશ બદલ્યો અને ત્યાંથી જ બારી દ્વારા નીચે કૂદી પડી. હવે કોઇ વાંધો નથી.

'હવે ફરી નવેસરથી જીવન શરુ કરીશું, હવે મારી પાસે પણ બધાં સાધન છે. હું ધનુષ બાણ પણ લઇ આવી છું. હવે તમારી વાત નહીં માનું. તમારા દેશ ગુજરાત સુધી હું પુરુષ વેશમાં જ રહીશ.'

ખાપરાએ જવાબમાં ફરી 'હું' જ કહ્યું. રાજકુમારી બોલી–

'હવે તમે પણ તો કંઇક સંભળાવો. હું જ કેટલી વાગ્થી બકી રહી છું ? બોલ્યા વગર આ રસ્તો કેવી રીતે કપાશે ?'

ખાપરો કાંઈ ન બોલ્યો. રાજકુમારીને થોડો શક પડયો. તે આગળ આવી અને ધ્યાનથી ખાપરાનું મોં જોવા લાગી. બીજનો ચાંદ તો છુપાઈ ગયો હતો. પરંતુ તારાઓની રોશનીમાં મખતૂલજાદીએ એ જોઇ લીધું કે આ કોઈ ચોર

છે. પરંતુ તે ઘણી ચતુર હતી તેથી બોલી—

અરે ! તો તમે તમારી જાતને છુપાવો છો શા માટે ? પતિ તો ભાગ્યથી મળે છે. મારા ભાગ્યે જે મને આપ્યો, તે મને સ્વીકાર્ય છે. હવે તો તમે મારા રસ્તાના સાથી છો અને હવે તમે જીવનના સાથી પણ બનશો. હવે બોલો, વાતો કરો.'

ખાપરાનો ભય દૂર થઈ ગયો. અત્યાર સુધી તેના મનમાં અશાંતિ હતી. ચોરનું મન ક્યારેય શાંત હોતું નથી, ચાહે તેણે ગમે તેટલું ધન મેળવ્યું હોય. હવે તે ચોર હોવા છતાં પણ ચોર ના રહ્યો. કારણ કે મખતૂલજાદી પોતે જ તેની થવા ઇચ્છી રહી હતી. હવે તેણે વાતો કરવાની શરુ કરી અને જણાવ્યું કે મારી પાસે કેટલું ધન છે. આભૂષણોની તો કોઇ ગણત્રી જ નહોતી. મખતૂલજાદીએ કટાક્ષમાં કહ્યું—

'તમારું ધન મારે શા કામનું ? શું હું બીજી સ્ત્રીઓના ગળાના ઉતરેલા હાર પહેરીશ ?'

ખાપરાએ આશ્વાસન આપ્યું—

'તારા માટે હું નવા બનાવડાવીશ.'

'ત્યારે તો જરૂર પહેરીશ.'

'પણ મારી સાથે લગ્ન ક્યારે કરશો ? બધાથી પહેલાં હું લગ્ન કરવા ઇચ્છું છું. પછી બધી ઝંઝટ મટી જાય. કારણ કે કુંવારી રહેવાથી મોટાં મોટાં સંકટ આવી જાય છે.'

'રાજકુમારી ! લગ્ન તો હું હમણાં આ સમયે કરું, પણ અહીં જંગલ છે. રાતનો સમય છે. થોડી જ વારમાં દિવસ નીકળશે અને કોઇ નગરમાં પહોંચીને લગ્ન કરી લઇશું.'

બંને ચાલતાં રહ્યાં. દિવસ પણ નીકળી આવ્યો. સામે કોઈ રાજમહેલ પર ફરકતી ધજાઓ દેખાઇ રહી હતી. ખાપરાએ ખુશ થઇને કહ્યું—

'રાજકુમારી ! જો ! સામે કોઇ નગર દેખાય છે. ત્યાં આપણે લગ્ન કરીશું.'

મખતૂલજાદીએ ઘોડો રોકી દીધો અને બોલી—

'બસ, લગ્ન થઇ ગયાં ! હવે લગ્ન શું મારી લાશની સાથે કરશો ? તરસને લીધે તો મારો જીવ નીકળી રહ્યો છે.'

'અરે ! તો હું હમણાં પાણી લઇને આવું છું. તું અહીં બેસ.'

'હું અહીંયાં એકલી નહીં રહું. શી ખબર ફરી મારા પર કોઇ સંકટ આવી જાય.'

'સારું તો તું પણ ચાલ.'

રાજકુમારીની સાથે ખાપરો પાણી શોધવા લાગ્યો. ઘણી વાર પછી જંગલમાં એક કૂવો મળ્યો. રાજકુમારીએ ઘોડો રોકીને કહ્યું-

'જુઓ, આ રહ્યો કૂવો ! હવે મને પાણી પીવડાવો.

મારો જીવ નીકળી રહ્યો છે.'

ખાપરો ઘણી મીઠાશથી બોલ્યો-

'પ્રિયે ! કોઇ સરોવર પર પાણી પીશું. કૂવામાંથી પાણી કેવી રીતે નીકળશે ? ન તો કોઇ ઝારી છે અને નથી દોરડું.'

રાજકુમારી ઘોડા ઉપરથી નીચે ઉતરી અને કૂવાની નજીક બેસીને બોલી-

'બુદ્ધિના દોરડાથી પાણી ખેંચો અને મને પીવડાવો.'

ખાપરો મૂંઝવણમાં પડી ગયો અને મખતૂલજાદીના મોં તરફ જોવા લાગ્યો અને તેની પાસે આવીને બેસી ગયો. તેણે કહ્યું-

'બુદ્ધિનું દોરડું તું મને આપી દે અને હું પાણી ખેંચી આપું.'

રાજકુમારીએ ખાપરાનો સાફો ઉતાર્યો અને બોલી-

'આને કૂવામાં નાખો અને એને પલાળીને મારા મોંમાં નીચોવતા જાવ. તમે પણ પીવો અને મને પણ પીવડાવો.'

ખાપરાએ પોતાનો સાફો ખોલીને કૂવામાં નાખ્યો. તેના છેડાએ પાણીનો સ્પર્શ પણ કર્યો. હવે તે હલાવી હલાવીને તેને ભીંજવી રહ્યો હતો કે ત્યારે ઢમ્-ધમ્ ગુડપ, ગપ્પનો અવાજ થયો. મખતૂલજાદીએ ખાપરાને કૂવામાં ધકેલી દીધો. બીજનો બદલો ત્રીજે મળી ગયો. ખાપરાએ બીજની રાતે મખતૂલજાદીનું અપહરણ કર્યું હતું, અને

ત્રીજના દિવસે તેને કૂવામાં પડવું પડ્યું.

હવે મખતૂલજાદીએ ખાપરા વાળો ઘોડો પોતાના ઘોડાની પાછળ રાખ્યો અને પોતાના ઘોડા પર બેસી મોતીરામને શોધવા ચાલી નીકળી.

આ તરફ જ્યારે મોતીરામ મહેલની નીચે આવ્યો તો તેને ન તો મખતૂલજાદી મળી કે ન તો બે ઘોડા. તેની સ્વપ્નપ્રિયા બીજી વાર ફરી મળીને હાથમાંથી જતી રહી.

મોતીરામ પોતાનું માથું પછાડીને રડવા લાગ્યો, પણ ત્યાં તેને ધીરજ આપનાર કોણ હતું ? હવે તે ફરી સાધુ બનીને મખતૂલજાદીની શોધમાં નીકળી પડયો.

હવે બાદશાહ વફલીમાનો નશો પણ ઉતરી ગયો હતો. નિકાહનો સમય થયો તો તે પોતે મખતૂલજાદીને બોલાવવા પહોંચ્યો. તે ત્યાં કયાં હતી ? એક દાસીએ જણાવ્યું કે તે સ્નાનગારમાં ગઈ હતી, ત્યાંથી કોણ જાણે કયાં ગાયબ થઇ ગઇ. બાદશાહ પણ સમજી ગયો કે રુપ પરી કયાંક ઊડી ગઈ. બાદશાહ પણ રડવા લાગ્યો અને રડતાં રડતાં જ તેણે સંકલ્પ કર્યો કે–

'બાદશાહના રુપમાં તેને મેળવી શકયો નહીં. હવે ફકીર બનીને જ તેની શોધ કરીશ.'

બાદશાહે શાહજાદાને રાજગાદીએ બેસાડયો. અને ફકીર બનીને રાજકુમારી મખતૂલજાદીને શોધવા નીકળી પડયો.

o

રાત દિવસની સફર કરીને મખતૂલજાદી સિન્ધુ નદીની નજીક જોઈયાના દેશમાં પહોંચી ગઇ. અહીંયાં પણ તેના પર એક આફત આવી. દૂરથી આવતા ચાર સશસ્ત્ર ચોરોએ મખતૂલજાદીને જોઇ. તેની પાસે એક ફાલતુ ઘોડો જોઈ લૂંટારાઓ તેના તરફ આગળ વધ્યા. તે ઘોડો તેમના કામનો હતો. તેઓને તેની તરફ વધતા જોઇ મખતૂલે હવામાં એક તીર છોડતાં બૂમ મારી–

'ખબરદાર જો આગળ વધ્યા છે તો. ચારેયને મારી નાખીશ.'

તેના અવાજથી જોઈયા ચોર સમજી ગયા કે 'મારી નાખીશ' કહેવા વાળો પુરૂષ નહીં, સ્ત્રી છે. તેથી મખતૂલની ઉપેક્ષા કરતાં લૂંટારાઓએ તેને ઘેરી લીધી અને તેમનામાંથી એક બોલ્યો–

'હવે અમારી હાજરીમાં તમારે આ નકલી વેશ ધારણ કરવાની આવશ્યકતા નથી. હવે નીચે ઉતરી આવો.'

હાજરજવાબી મખતૂલે કહ્યું–

'હું પણ આ એકાકી જીવનથી કંટાળી ગઇ છું. સાચે જ હું કોઇ વીર પુરૂષની સાથે લગ્ન કરવા ઇચ્છું છું. પણ ઇચ્છીને કરૂં પણ કેવી રીતે ?'

'કેમ ? શી તકલીફ છે ? અમને પણ જણાવો.'

'એ પણ જણાવવું પડશે ? તમે ચાર છો અને હું એકલી. ચારેયની સાથે તો લગ્ન કરી નહીં શકું.'

'એમાં શી વાત છે ? જેને તું ઇચ્છે, તે એકની સાથે લગ્ન કરી લે. જેવી રીતે રાજકન્યા સ્વયંવરમાં હજારોમાંથી કોઈ એકને પસંદ કરે છે, એવી રીતે અમારા ચારમાંથી તું એકને.......'

મખતૂલ બોલી–

'સારું. હું તમારામાંથી કોઇ એકને વરીશ. મારી પરીક્ષામાં જે પાસ થશે, તે મારા અને હું તેમની.'

'અમે પરીક્ષા આપવા તૈયાર છીએ.'

મખતૂલે ધનુષ પર બાણ ચઢાવ્યું અને બોલી–

'હું ચાર દિશાઓમાં ચાર બાણ છોડું છું. બાણ લઇને જે મારી પાસે પહેલો આવશે, તે મારો.'

રાજકુમારી મખતૂલે ચાર દિશાઓમાં ચાર તીર છોડયાં. સનસનતાં તીરોની પાછળ ચારેય જોઇયા લૂંટારા પણ દોડી ગયા. મખતૂલે હવે તેનું કામ કર્યું. ચાબુક મારીને તેના ઘોડા જ્યાં-ત્યાં ભગાવ્યા. લૂંટારાઓથી જાત છોડાવીને તે પોતાના ઘોડા પર સવાર થઈ આગળ વધી ગઇ.

આ તરફ ખાપરા ચોરને એક રાહદારીએ કૂવામાંથી બહાર કાઢયો હતો. તે બચી તો ગયો પણ બિચારાને ઘણુ વાગ્યું હતું. ઘુંટણો અને કોણીઓ છોલાઈ ગઈ હતી. કાનપટી પર ઘા થયા હતા. આટલું થવા છતાં પણ તે રાજકુમારી મખતૂલને પાછી મેળવવા ઈચ્છતો હતો, તેથી સાધુનો વેશ ધારણ કરી તેને શોધવા નીકળી પડયો.

હવે સિંધુ તટના વનમાં ચારેય જોઇયા લૂંટારા પણ પોત પોતાનાં તીર લઇને આવી ગયા. ત્યાં ન તો પુરુષવેશી રાજકુમારી હતી અને ન તો તેના ઘોડા હતા. એકે આહ ભરીને કહ્યું-

'અરે, તે તો આપણને દગો દઇ ગઈ.'

બીજો બોલ્યો-

'દોષ તો આપણો જ છે, જે આપણે તેની વાતોમાં આવી ગયા.'

'જે થયું તે થયું. હવે તો તેને શોધવી છે.'

'હવે કયાં મળશે ?'

'સાધુ બનીને દેશ દેશમાં ફરીશું. કયાંકથી તો મળશે જ- લગની સાચ્ચી હોય અને પ્રયત્નમાં નિષ્ઠા હોય તો બધું જ મળી જાય છે.'

ચારેય જોઇયા લૂંટારા સાધુ બની ગયા અને મખતૂલ-ને શોધવા નીકળી પડયા. હવે મખતૂલજાદીને ચાહવાવાળા સાત હતા. અને સાતેય વેશમાં તેને ખોળી રહ્યા હતા. અને સાતેય તેના પર જીવ આપતા હતા. પહેલો હતો તેનો સ્વપ્નનો પ્રિયતમ ગુજરાતનો રાજકુમાર મોતીરામ. બીજો હતો કલૂરકોટનો બાદશાહ વહલીમા. ત્રીજો ખાપરો ચોર હતો અને ચાર જોઇયા લૂંટારા હતા.

આ તરફ રાજકુમારી પોતાના સ્વપ્ન પ્રિયતમ માટે ભટકી રહી હતી. ભાગતાં ભટકતાં તે એક સાધુની ઝુંપડીએ

પહોંચી. સંધ્યા પણ થઇ ચૂકી હતી તેથી તેણે અહીં રાત વીતાવવાનો નિશ્ચય કરી લીધો.

'મહાત્મા ! એક રાત રહેવા માટે જગા મળશે ?'

મખતૂલનો અવાજ તેને કયાંય છુપાવા દેતો નહોતો. સાધુએ પણ તેને ઓળખી લીધી. સાધુ ઉંમરમાં પ્રૌઢ હતો અને પરમ વંદનીય સાધુ વેશમાં હતો, તો પણ તે કામ વિહ્વળ થઇ ગયો. આ કામનું પણ કાંઇ ઠેકાણું છે ? આ કામ ભલ ભલાને નચાવે છે. સાધુએ મખતૂલને કહ્યું-

'રાણી ! જગ્યાની કયાં ખોટ છે ? મારી પાસે આવ. આપણે બંને એક સાથે સૂઇશું.'

મખતૂલ બધું જ સમજી ગઈ. ઘણી મિઠાશથી બોલી-

'એનાથી સારી વાત કઇ છે ? હું તો મારૂં જીવન તમારી સાથે જ પસાર કરી નાખીશ, રોજ તમારી સાથે સૂઈશ, પણ ખાઇશ શું ? ભીખના ટુકડા તો હું ખાતી નથી.'

'અરે રાણી. બસ રાતભર માટે જ હું ભિક્ષાજીવી સાધુ છું. કાલે સવારે તો હું રાજા બની જઇશ.'

'રાજા ! તમે આને રાજા ?' રાજકુમારી ખડખટાડ હસી. તેના દાંત એવા ચમકતા હતા કે જેવી રીતે ગુલાબમાં ઝરી ચમકે છે. સાધુ ઊભો થઇ ગયો અને નિશ્ચયના સ્વરમાં બોલ્યો-

'તો શું તું આને મશ્કરી સમજી રહી છો ? પાસે જ

એક રાજા નિસંતાન મરી ગયો છે. ત્યાંનો નિયમ છે કે રાજાની પસંદગી કરતાં રાજપુરૂષ જેને નગરમાં પહેલાં પ્રવેશ કરતાં જુએ છે, તેને રાજા બનાવે છે. હું બધાથી પહેલાં નગરમાં પ્રવેશ કરીશ અને રાજા બનીશ.'

મખતૂલે પૂછ્યું-

'પરંતુ કોઇ બીજું તમારાથી પહેલું પહોંચી ગયું તો ?'

બીજું કોઇ નહીં પહોંચી શકે. આ રહસ્ય મને જ ખબર છે. બધાને ખબર હોય તો કોણ જાણે કેટલાય એકી સાથે પહોંચી જાય. હવે તને વિશ્વાસ આવ્યો ?'

મખતૂલે ખુશાલી પ્રગટ કરી અને બોલી-

'અહા ! મારૂં કેવું ભાગ્ય છે, જે જંગલમાં જ હું મહેલોની રાણી બની ગઈ. પરંતુ લગ્ન પહેલાં હું તમારી અંકશાયિની કેવી રીતે બનીશ ? તમે રાત ભર, ધીરજ ધરો. કાલે તમે રાજા અને હું રાણી.'

સાધુ બોલ્યો-

'સારૂં તો મારી પથારીમાં ના સૂઇશ પણ અંદર તો આવી જા. અહીં જ જુદી સૂઈ જજે.'

'ના મહાત્મા ! આ તો ઘણી જુની કહેવત છે કે આગ અને ઘાસમાં વેર હોય છે. તમે કદાચ સંયમ રાખી શકો કારણ કે તમે સાધુ છો. પણ મને મારા પર વિશ્વાસ નથી. હું તો બહાર મારા ઘોડાનું જીન પાથરીને સૂઇ જઇશ.'

સાધુ પોતાના મનમાં થોડું સમજી ગયો, કારણ કે મખતૂલે તેના સાધુત્વ પર વ્યંગનાં થોડાં બાણ માર્યાં હતાં. તે બહાર જ સૂતી અને અડધી રાત પછી ત્રીજા પહોરે ઝુંપડીનું દ્વાર બંધ કરીને પુરૂષ વેશમાં જ તે નગરમાં પહોંચી ગઈ જ્યાં નવા રાજાની નીમણુંક થવાની હતી. રાજપુરૂષો તો ઘણા સમયથી આ પ્રતીક્ષામાં બેઠા હતા કે અમારા શાસક બનવા કોણ આવશે. જ્યારે મખતૂલે નગરમાં પ્રવેશ કર્યો તો રાજપુરુષોએ તેના ઘોડાની લગામ પકડી લીધી. બધું જ જાણવા છતાં મખતૂલ બોલી—

'અરે! જોવામાં તો તમે રાજપુરુષ લાગો છો, પણ આ લૂંટ-ફાટ કેમ? મારા ઘોડા લેવા ઈચ્છો છો? હું અહીંના રાજાને ફરિયાદ કરીશ. અહીંના રાજા કોણ છે?'

મંત્રીએ આગળ આવીને કહ્યું—

'સ્વામી! હવે તો તમે જ અમારા રાજા છો. અહીંના રીવાજ અનુસાર પહેલાં દર્શન આપવાવાળો અહાંનો રાજા છે. અમને તમારું શુભ નામ જણાવો.'

'રાજકુમાર મખતૂલ.'

જયજયકાર થયો—

'આપણા નવા રાજા મખતૂલની....'

'જય.'

કંકુ ચોખાથી મખતૂલને ચાંલ્લો કર્યો. તેને હાથી પર બેસાડીને રાજભવન પર લઈ ગયા. ત્યાં પછી તેનો વિધિસર

અભિષેક થયો અને હવે રાજકુમારી મખતૂલજાદી રાજા મખતૂલ હતી. હવે તેણે નિશ્ચિંત થઇને મોતીરામને શોધવાની યોજના કરી. યોજના અનુસાર તેના કુશળ શિલ્પી પાસે પોતાના યથાર્થ રુપની ચાર પૂતળીઓ બનાવડાવી અને તેને નગરના ચારેય દરવાજે લગાડી દીધી. તે મૂર્તિઓની પાસે વિશેષ રુપથી એક એક જાગૃત ચોકીદાર રાખ્યા અને તેઓને સમજાવ્યું—

'આ પૂતળીઓને કોઇ પણ ધ્યાનથી જુએ, જોતાં જ ઊભો રહીને નીસાસો નાખે, કાંઈ બબડે—એવા બધા જોનારાઓના સમાચાર મને આપજો.'

એની સાથે જ મખતૂલે દાન શાળાઓ ખોલાવી. આનાથી અનેક ભિખારીઓ દાન લેવા આવવા લાગ્યા. એક વાર એક સાધુ આવ્યો અને મખતૂલની પ્રતિમૂર્તિને જોઇને અટકી ગયો તથા કહેવા લાગ્યો—

'અરે હા! એ જ તો છે, જે મને ઝુંપડીમાં પૂરીને આવી હતી.'

ચોકીદારે તેને પકડી લીધો અને રાજા મખતૂલની સામે હાજર કર્યો. રાજકુમારી મખતૂલજાદીના મુગટમાં કાનોની પાસે મોતીની એક સેર લટકતી હતી જેનાથી તેનું મોં પણ ઢંકાઇ જતું હતું. એટલા માટે કોઇ નજર માંડીને ન તો તેના મોંને જોઇ શકતો હતો અને ન તો તેને ઓળખી શકતો હતો. આ સાધુ પણ મખતૂલને ન ઓળખી શકયો. પરંતુ

મખતૂલે તેને ઓળખી કાઢયો. તેથી તેણે દ્વારપાળને ચુપચાપ આદેશ આપ્યો કે—

'આમને અતિથિ ભવનમાં રાખો. યોગ્ય સમયે એમની વાત સાંભળવામાં આવશે.'

સાધુએ મખતૂલનો અવાજ પણ ન સાંભળ્યો, જેનાથી તેને શંકા જાય. આ જ ક્રમમાં કલૂરકોટના બાદશાહ વહલીમા, જોઇયા લૂંટારા, ખાપરો ચોર પણ આવ્યો અને મખતૂલની પ્રતિમૂર્તિ જોઇને પોત પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો. મખતૂલના પહેલા આદેશ મુજબ એ બધા પણ એક જગ્યાએ રાખવામાં આવ્યા. એક દિવસ પ્રહરીએ મખતૂલને જણાવ્યું-

'પૃથ્વીનાથ! આજે તો વિચિત્ર માણસ આવ્યો છે. પૂતળીને જોતાં જ તે બેભાન થઇને પડી ગયો. તેની દશા બધાથી વિચિત્ર છે.'

મખતૂલ સમજી ગઇ કે એ જ મારા સ્વપ્નનો પ્રિયતમ મોતીરામ છે. તેણે આદેશ આપ્યો—

'તેમને મારી પાસે લઈ આવો. તેમને કહેજો કે તમે તેને પૂતળીના વાસ્તવિક જીવિત રુપ સાથે મિલન કરાવશો.'

રાજસેવક બેભાન મોતીરામની પાસે આવ્યા. થોડાક સેવકો તેને ભાનમાં લાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. જયારે તે ભાનમાં આવ્યો ત્યારે મખતૂલ દ્વારા મોકલી આપેલા રાજપુરુષોએ કહ્યું-

'ભાઈ! જેની આ મૂર્તિ છે, તેની સાથે અમારા રાજા

તમારો મેળાપ કરાવશે. તમે અમારી સાથે ચાલો.'

મોતીરામને રાજા મખતૂલની સામે હાજર કરવામાં આવ્યો. મખતૂલ તેને જોતાં જ ઓળખી શકયો. મોતીઓની લટકતી સેરોથી તેનો ચહેરો થોડા એવા ઢંગથી ઢાંકી દીધો હતો કે સ્પષ્ટ જોઈ શકાતું નહોતું! મખતૂલને મન થયું કે હમણાં જ સ્વપ્નના પ્રિયતમને લતાની જેમ લપેટાઈ જાઉં, પણ તેણે સંયમથી કામ લીધું અને પૂછવાનું શરુ કર્યું-

'તમારું નામ?'

'મોતીરામ.'

'ક્યાંના રહેવાસી છો?'

'ગુજરાતના રાજા ચિત્રસાલનો પુત્ર છું.'

'આ પૂતળી વાળી સ્ત્રી સાથે તમારો શો સંબંધ છે?'

મોતારામે મખતૂલથી છુટા પડવાની વાત સંભળાવતાં કહ્યું-

'જ્યારે હું બાદશાહના મહેલમાંથી પાછો ફર્યો ત્યારે મારા લાવેલા બંને ઘોડા લઇને તે શાહુકાર ભાગી ચૂકયો હતો. ત્યારથી હું સંન્યાસી બનીને મારી સ્વપ્ન પ્રિયાને શોધી રહ્યો છું.'

મખતૂલે પૂછ્યું-

'આ સમય દરમિયાન શું શું કર્યું?'

મોતીરામે જણાવ્યું-

'ચાર રાજ કન્યાઓ સાથે લગ્ન કરીને તેમને તેમના

પિતાની પાસે મૂકીને આવ્યો છું અને મારી સ્વપ્ન પ્રિયાને શોધી રહ્યો છું. તમે આશ્વાસન આપ્યું છે. મને તેનો મેળાપ કરાવો.'

મખતૂલનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. ચાર શોકની કલ્પનાથી જ મખતૂલ કંપી ગઇ. પરંતુ પાછો વિચાર કરવા લાગી–

'આમાં મારા પ્રિયતમ મોતીરામનો જ કયાં દોષ છે. લોક ધર્મમાં જ એવું છે કે રાજવંશમાં ઘણાં લગ્ન થાય છે. એક રાણી વાળા રાજાને લોકો નપુંસક જ માને છે. મારે પણ શોકયોની સાથે રહેવું પડશે તો રહીશ. પણ ઈર્ષા કરીને શા માટે રહું ? જ્યારે રહેવું જ છે તો હસી–ખુશીથી તેમને પણ મારી બહેન માનીને રહીશ. આટલું બધું હોવા છતાં પણ તે મારા કરતાં પણ વિશેષ છે. ચાર લગ્ન કરીને પણ તે મને શોધવા ફરી રહ્યા છે. પોતાની ભાવનાઓને સંયમિત કરીને પછી મખતૂલે પ્રશ્ન કર્યો–

'તમારાં ચાર લગ્ન થઇ ગયાં, તો પછી આ પૂતળી વાળીને શા માટે ચાહો છો ?'

મોતીરામ અધીરો થઇને બોલ્યો–

'રાજન! પત્નીઓ તો અનેક થઈ શકે છે પરંતુ હૃદયેશ્વરી તો એક જ હોય છે. પૂતળી વાળી તો મારો પ્રાણ છે. તેના વિના તો હું ચાલતું ફરતું શબ છું. તમારા આશ્વાસનથી જ હું જીવતો છું. જો તે ના મળી તો હું પ્રાણ

આપી દઈશ.'

મખતૂલજાદીને પૂરો વિશ્વાસ થઈ ગયો કે મોતીરામ મારો છે. હું તેમની છું. ચાર લગ્ન થયાં હોવા છતાં પણ તેમનું હૃદય તે જ છે. થોડી વાર પછી વિચાર કરીને મખતૂલે કહ્યું-

'મોતીરામજી! તમારી સ્વપ્ન પ્રિયા તમને ચોક્કસ મળશે. પરંતુ થોડી રાહ તો જોવી જ પડશે. તેને ચાહવા વાળા બીજા પણ છે. તમારી સામે તેમની વાત પણ સાંભળ-વામાં આવશે. ત્યાં સુધી તમે મારા પોતાના મંત્રી બનીને મારી પાસે રહો.'

વસ્ત્ર આભૂષણોથી સુસજ્જ મોતીરામ રાજા રુપ મખતૂ-લનો મંત્રી બની ગયો. હવે તે રાજસિંહાસનથી થોડે દૂર બેસવા લાગ્યો. મખતૂલે જાણી જોઇને તેને સિંહાસનથી દૂરનું આસન આપ્યું હતું.

બીજા દિવસે દરબાર ભરાયો. મખતૂલે પોતાને ચાહવા વાળા બધા ફકીર સાધુઓને બોલાવ્યા. બધા હારબંધ બેસી ગયા. બધાથી પહેલાં કલૂર કોટના બાદશાહ વહલીમાને હાજર કરવામાં આવ્યો. મખતૂલે તેને પૂછયું—

'ફકીર સાહેબ! તમારો આ પૂતળી વાળી સ્રીના વાસ્ત-વિક રુપ સાથે શો સંબંધ છે ?'

'ગરીબ પરવર! મારી સાથે નિકાહનું વચન આપીને કોણ જાણે કયાં ભાગી ગઈ. તેના માટે ફકીર બન્યો છું.'

'તમને જરા પણ શરમ નથી? દગાથી તમે એક પરદેશીની પત્નીને ફસાવી, અને તેની સાથે નિકાહ પઢવાની હિંમત કરો છો? ભલાઇ એમાં છે કે તમારું રાજ્ય સંભાળો અને જો શાસન કરવાથી મન ધરાઇ ગયું હોય તો ભગવાનની પ્રાર્થના કરો.'

મખતૂલે બાદશાહને વિદાય કર્યો. હવે ખાપરા ચોરની વારી આવી. તેણે પણ પોતાની રામ કહાણી સંભળાવી અને બોલ્યો–

'મને દગો કરીને ભાગી ગઈ. મને કૂવામાં એવો ફેંકયો કે મારા હાથ પગ તૂટી ગયા. ત્રણ દિવસ પછી એક મુસાફરે મને કાઢયો. ત્યારથી સાધુ બનીને તેને ખોળી રહ્યો છું.'

મખતૂલે તિરસ્કાર કરી કહ્યું–

'આટલું થવા છતાં પણ અક્કલ ઠેકાણે નથી આવી? ખરાબ કામનું પરિણામ કયારેય સારું થઈ શકે છે! હવે જાવ અને સુખેથી દામ્પત્ય જીવનનું સુખ ભોગવો. ચોરી, ઠગાઇ વિગેરે પણ છોડી દો.'

ખાપરાએ આશ્ચર્યથી પૂછયું–

'દામ્પત્ય જીવન?'

'હા, દામ્પત્ય જીવન! હું મારી એક કુંવારી દાસી તને આપું છું. તેની સાથે લગ્ન કરી લો અને રહો.'

એક દાસી આપીને મખતૂલે ખાપરાને પણ વિદાય કર્યો. ચારેય જોઇયા લૂંટારાઓની પણ વારી આવી. તેમણે પણ

તેમનો રામ કહાણી સંભળાવી.

મખતૂલે તેમને ઠપકો આપ્યો-

'એક અબળાને તમે ચારેયે ઘેરી. શું તમારો આ અપ-રાધ સાધારણ હતો ? તેણે તમારું શું બગાડયું હતું ? તમે તેને સતાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. હવે ચુપચાપ ચાલ્યા જાઓ અને સભ્ય નાગરિક તરીકે જીવન વીતાવો.'

'રાજન્ ! અમારા ઘોડા ?'

'હા, તે તમને મળી જશે.' મખતૂલે રાજકીય તબેલામાંથી ચાર ઘોડા જોઈયોને અપાવી દીધા અને તેઓ પણ પોતાના દેશમાં ચાલ્યા ગયા.

હવે અંતમા તે સાધુ આવ્યો જેને મખતૂલ ઝુંપડીમાં પૂરીને આવી હતી. તેમણે પણ આપવીતી સંભળાવી. મખતૂલ બોલી-

'સાધુ! તમે તો કમાલ કરી. ઉંમરમાં તો તમે તેના પિતા જેવા લાગો છો. આટલું હોવા છતાં જગત વંદનીય સાધુ ગણાવ છો. તમે આવી નીચતા પર કેમ ઉતરી આવ્યા?'

સાધુએ જણાવ્યું-

'રાજન ! જ્યારથી હું સાધુ બન્યો છું, ત્યારથી સાધુત્વનું પાલન કર્યું. શું કરું ? મન જ તો છે, તેથી વિચલિત થઈ ગયો.'

'તો પહેલાં મનને પાકકું કરો.' મખતૂલે કહ્યું-'એક કુંવારી દાસી તમે પણ લઈ જાવ અને આ વંદનીય સાધુવેશ

ઉતારીને ગૃહસ્થ બનીને રહો. જ્યારે વાસનાથી મન ભરાઇ જાય, ત્યારે પાક્કા મનથી ફરીથી સાધુ બની જજો.'

એક કુંવારી દાસી આપીને મખતૂલે સાધુને પણ વિદાય કર્યા. મોતીરામ બધાનો ન્યાય જોઇ, સાંભળી રહ્યો હતો. આ ન્યાય નિર્ણયમાં તેણે એ જોયું કે તેની સ્વપ્ન પ્રિયા મખતૂલ પર કેવાં કેવા દુઃખ આવ્યાં અને પોતાના બુદ્ધિબળથી જ તે બધાને પછાડતી રહી.

ખાપરાને કૂવામાં ધકેલ્યો, લૂંટારાઓને તીર શોધવા મોકલી દીધા અને સાધુને ઝુંપડીમાં જ પૂરી દીધો. બાદશાહ વહલીમાને પણ નિકાહનું પ્રલોભન આપ્યું; પરંતુ મને ક્યારે મળશે? તેણે સાહસ કરીને મખતૂલને પૂછ્યું-

'રાજન! મને મારી એ મખતૂલ ક્યારે મળશે? તેના વિના મારું બધું જ સૂનું છે.'

મખતૂલ હસી અને બોલી-

'તો તમે તમારી મખતૂલને હજુ સુધી ના ઓળખી શક્યા? હું જ તમારી મખતૂલ છું.'

મોતીરામ આશ્ચર્યથી જોઈ રહ્યો. રાજસભાની મર્યાદાનો વિચાર કરીને તે પોતાના ઉત્સાહને પ્રગટ ન કરી શક્યો. એટલું જ બોલ્યો-

'અવાજ તો મેં ઓળખી લીધો હતો. પણ શંકા થતી હતી કે ક્યાંક હું ભૂલ તો નથી કરતો ને? મારી મખતૂલના અવાજનો ચોર કોઇ રાજા જ અહીં બેઠો છે, એમ જ હું

સમજ્યો હતો.'

મખતૂલે સભા વિસર્જિત કરી. બંનેનાં લગ્ન ધામધૂમથી થયાં. હવે મોતીરામ રાજા હતો અને મખતૂલજાદી રાણી હતી.

થોડા દિવસ બંનેની રાતો જાગતા જાગતા વીતી. વાતો એટલી બધી હતી કે તેનો અંત જ નહોતો.

થોડા દિવસ પછી મોતીરામે પોતાની બીજી ચાર પ્રિયાઓને પણ બોલાવી લીધી. મખતૂલજાદી પટરાણી હતી. તે જ મોતીરામની હૃદયેશ્વરી હતી. પાંચેય મળીને મોતીરામની સેવા કરતી હતી અને હળી મળીને પ્રેમ પૂર્વક રહેતી હતી.

ઘણો જ સમય આવી રીતે વીત્યો. મોતીરામે પોતાના પિતા ચિત્રસાલ અને મખતૂલજાદીના પિતા પૂર્ણપુરીના રાજા નક્ષણજાતિની પાસે શુભ સંદેશો મોકલી આપ્યો. એ બંનેય પોત પોતાનાં સંતાનો માટે દુઃખી તેમ જ ચિંતિત હતા.

બંને મોતીરામ અને મખતૂલજાદીને મળ્યા. નક્ષણજાતિ મોતીરામ જેવા ધીર-વીર અને સુંદર જમાઇને જોઇને પરમ પ્રસન્ન થયા અને ચિત્રસાલ મખતૂલજાદી જેવી ગુણિયલ, ચતુર તથા રૂપવતી પુત્રવધૂને મેળવીને ગદ્ગદિત થયા. થોડો સમય આવી રીતે આનંદથી વીત્યો. ત્યાર પછી મોતીરામ પોતાની પાંચેય પત્નીઓને લઇને પોતાના દેશ ગુજરાત જતો રહ્યો અને સુખ પૂર્વક સમય વીતાવવા લાગ્યો.

સંપૂર્ણ

# સિંહલકુમાર—૧

ફાગણનો ઉમંગ અને મસ્તી કાંઈક જુદી જ હોય છે. પ્રકૃતિનો કણ કણ ઝુમે છે– નાચે છે. ઘરડા જુવાન થઈ જાય છે અને વસંતના મદમાં છકેલી યુવતીઓ જેઠને પણ દિયર કહેવા લાગે છે. આવી છે આ વસંત.

સિંહલપુર વસંતોત્સવે બધાને સમાન બનાવી દીધા છે. રાજા–પ્રજાનો કોઈ ભેદ જ રહ્યો નહીં. મહારાજ સિંહરથ, મહારાણી સિંહલા અને યુવરાજ સિંહલકુમાર— બધા જ એ ભૂલી ગયા છે કે તેઓ રાજપરિવારના લોકો છે. પરણેલી યુવતીઓ જે સિંહરથની વહુઓ છે, તે ટોળે વળીને નાચી-ગાઇ રહી છે. કુંવારી કન્યાઓ જુદી ઝુમી રહી છે. બાળકોની દુનિયા. બધાથી જુદી છે. પોત પોતાની શકિત અનુસાર બધાએ નવાં, ધોયેલાં અને રંગ–બેરંગી કપડાં પહેર્યાં છે, જે અબીલ ગુલાલના છંટકાવને કારણે એથી પણ પધારે વિચિત્ર અને દર્શનીય થઇ ગયાં છે. રાજ બાગની ઝુમતી–નાચતી વન–શ્રીની વચમાં આવીને જો કોઇ ગણિતજ્ઞ ગણના કરવા બેસે તો એ ના બતાવી શકે કે રાજબાગમાં ફૂલ કળી, સફળ

લતા ગુલ્મોની સંખ્યા વધારે છે કે અહીંનાં ઉછળતાં કૂદતાં નર-નારી અને બાળક-બાળકીઓની સંખ્યા વધારે છે.

સિંહલપુરમાં દરેક વર્ષે આવી રીતે વસંતોત્સવ ઊજવવામાં આવે છે. અનેક ગાઉઓની વચમાં લાંબો-પહોળો રાજબાગ છે. દૂર દૂર સુધી લીલા ઘાસની ચાદર પથરાયેલી છે. વચ્ચે વચ્ચે લહેરાતી પગ દંડીઓ અને રથ-માર્ગો બનેલા છે. લાંબી લાંબી કયારીઓમાં ફૂલ જ ફૂલ છે.

આંબા, જાંબુડાં, અંજીર, બેર, શેતૂર, કેળ વિગેરે અનેક ફળવાળાં વૃક્ષો સેંકડોની સંખ્યામાં છે. શીશમ, શાલ્મલી, દેવદાર વિગેરેનાં વૃક્ષો છે. પાકા અને મનોહર ઘાટ વાળા જળ કુંડો છે, જેમાં કમળ ખીલેલાં છે અને તેના પર ભમરાઓ ગુંજી રહ્યા છે, પક્ષીઓ પણ બોલી રહ્યાં છે, અને પક્ષીઓની રાણી -સ્વર સામ્રાજ્ઞી કોયલ પણ ટહુકી રહી છે, પણ આજે આ બધાનું કોઇ સાંભળી રહ્યું નથી. કોયલ જેવા કંઠ વાળી યુવતીઓનાં ગીતોની આગળ આજે કોયલની કુહુકહુ અને પોપટના ટેં ટે પર કોઈ ધ્યાન નથી આપી રહ્યું.

હા, કાગડાનો કર્કશ કા-કા બધાને ચોંકાવી દેતો. તેનો રાગ પોતાની પાસે છે. ન ઇચ્છેલી વસ્તુ જ્યારે સામે આવી જાય છે તો તેના તરફ ધ્યાન તો જાય જ.

'ભાગો ભાગો, હાથી....હાથી !' રંગમાં ભંગ પડી ગયો. રાજા સિંહરથનો એક હાથી ગાંડો થઇ ગયો. પોતાના ભારેખમ પહાડ જેવા શરીરથી ડોલતો તે ધીમો દોડી રહ્યો હતો, પણ લોકો ડરની ચીસો વધારે પાડી રહ્યા હતા. બાળકો ચીસો પાડી રહ્યાં હતાં. સ્ત્રીઓ એકની ઉપર એક પડી જતી હતી. જે વધારે સાહસ વાળા અને વીર હતા, તે બિચારા વૃક્ષો પર ચઢી ગયા. હાથી પોતાની મસ્તીમાં હતો. કયારેક કોઈ ઝાડને ઉખાડતો અને કયારેક તૂટેલી ડાળીને લઈને અહીં તહીં ફરતો. પછી જ્યારે કોઇ સામે દેખાતું તો તેના તરફ દોડતો. પાછળ પાછળ સૈનિકો હતા. કોઈનું પણ સાહસ તેની પાસે જવાનું નહોતું. જ્યારે તે ગગનભેદી અવાજમાં ચિંઘાડતો ત્યારે કહેવાતા વીરોના છક્કા છૂટી જતા હતા.

ઝાડની ડાળીને ઉન્મત્ત હાથીએ એવી રીતે ઝડપી જેમ કોઈ છ મહિનાનું બાળક રમકડું પકડે છે. ડાળી લઇને ઉન્મત્ત હાથી એક તરફ ભાગ્યો, તેને જોઈ સ્ત્રીઓનાં ટોળે-ટોળાં ભાગવા લાગ્યાં અને તેમાંથી ભાગતાં ભાગતાં એક છોકરી પડી ગઇ. જ્યારે તે ઊઠી ત્યારે તેની સામે ઊભેલો હાથી ચિંઘાડતો હતો. છોકરી દોડવાનું ભૂલી ગઇ અને બૂમો પાડવાની સાથે જ હાથીએ છોકરીને સૂંઢમાં ઉઠાવી લીધી

અને તેને લઈને ભાગ્યો. છોકરી હજુ પણ બૂમો પાડી રહી હતી—

'કોઈ માનો લાલ મને બચાવતો કેમ નથી ? શું સિંહલપુરમાં કોઈ વીર જ નથી ?'

છોકરીનો દુઃખી પોકાર બધાએ સાંભળ્યો. પણ પોતાના પ્રાણ ખોવા કોઇ ઈચ્છતું નહોતું. પરંતુ આ સાંભળવા વાળાઓમાં યુવરાજ સિંહલકુમાર પણ તો એક હતો.

તેણે હાથીની પાછળ પોતાનો ઘોડો દોડાવી મૂક્યો અને તેની નજીક જઈને હાથીને લલકાર્યો. હાથી બધું સમજતો હતો. તેણે કુમારના પડકારનો સ્વીકાર કરી લીધો અને થંભી ગયો. કદાચ વિચારી રહ્યો હતો—લડાઈની મઝા તો હવે આવશે.

સૂંઢમાં છોકરીને ઊઠાવીને જ હાથી સિંહલકુમાર તરફ ઘૂમ્યો અને એક એવી ચિંઘાડ મારી કે રાજબાગ કંપી ગયો. કુમાર એકદમ તેની પાછળ આવી ગયો. હાથી તેની તરફ દોડતો અને કુમાર તેની પાછળ થઇ જતો.

આ રમતમાં હાથીને થોડાંક ચકકર ખવડાવ્યાં. હાથીએ છોકરીને છોડી દીધી અને જોરથી કુમાર ઉપર ધસી ગયો. ઘણા સાહસના સાથે કુમાર હાથીના પેટ નીચેથી બીજી તરફ નીકળી ગયો. ગજરાજ ઘણા જ ક્રોધમાં હતો. અને

કુમાર તેને ચિડવી રહ્યો હતો. કુમારે એક નાનુ સરખું ઝાડ જોયું અને પટ લઈને તેના ઉપર ચડી ગયો. હાથી તે ઝાડને જ ઉખાડવા લાગ્યો.

સિંહલકુમારે એક છલાંગ મારી અને હાથી પર સવાર થઈ ગયો. પછી પૂરી શકિત વાપરીને તેના પર એટલી બધી મુઠ્ઠીઓનો પ્રહાર કર્યો કે હાથી ભાનમાં આવી ગયો. તેનો મદ ઉતરી ચૂકયો હતો. બહુ જ દૂર ટોળે વળીને અસંખ્ય સ્ત્રી-પુરૂષો નર અને હાથીનું યુદ્ધ જોઈ રહ્યાં હતાં.

હાથીની ચુંગાલમાંથી મુકત થઈને છોકરી પોતાનાં માતા-પિતાની પાસે ભાગી ગઇ હતી. તેનું હૃદય હજુ પણ જોસમાં ધડકી રહ્યું હતું. આ જ હાથી પર સવાર થઇને સિંહલકુમાર હવે નગરમાં ફર્યો.

રાજભવન પહોંચીને સિંહલારાણીએ કુમારને નાના બાળકની જેમ છાતીએ લગાવી દીધો. પછી તેના બંને હાથને હાથમાં લઇને જોવા લાગી-

'બેટા ! તને કયાંય વાગ્યું તો નથી ને ? તેં આજે ઘણા સાહસનું કામ કર્યું છે!'

'રહેવા દે મા ! મને તો ઉઝરડો પણ નથી પડયો. શું હું હજુ પણ બાળક છું કે મને વાગે ?'

'મારા માટે તો હજુ બાળક જ છે. એ તો જણાવ, તે

છોકરી કોણ હતી તેને તો નથી વાગ્યું ને ?'

'કોણ જાણે કોણ હતી ? મા ? હું એને જોવા રહેત તો હાથી મને જીવતો ન છોડત. તે છોકરી તો કોણ જાણે કયારે ભાગી ગઇ.'

'તું આવી આફતમાં ન પડયા કર. તને કાંઈ થઈ જાત તો હું શું કરત ?'

'આ જ વાત તો પેલી છોકરીનાં માતા-પિતા વિચારતાં હશે. એ તો સાચેસાચ મોતના મોંમાંથી નીકળી છે.'

તે જ વખતે મહારાજા સિંહરથ ખંડમાં પ્રવેશ્યા અને મા-દીકરાને ચોંકાવતાં બોલ્યા-

'હું જાણું છું કે મા દીકરાની પ્રશંસા કરી રહી હશે, પણ એમાં પ્રશંસા કરવાની કોઈ વાત જ નથી.'

'ચાલો ખસો, અહીંથી. તમે તો કોણ જાણે શું કહી રહ્યા છો ? થોડું દાન પુણ્ય કરાવો. આજે કોણ જાણે કયાં પુણ્યો પ્રગટ થયાં જેથી મારા લાલના પ્રાણ બચ્યા. પહાડ જેવા ઉન્મત્ત હાથી સાથે બાથ ભરવી, એ તો તમે કાંઈ સમજતા જ નથી ?'

'મહારાણી ! તું આટલી બધી ભુલકણી છે, એ તો હું આજે જ જાણી શકયો. વીસ વર્ષ પહેલાંની એ વાત તો યાદ કર, જે તેં મને કહી હતી.'

'મેં કહી હતી ?'

'હા, તેં કહી હતી. ભૂલી ગઇ ?'

'તમે કોણ જાણે શું કહી રહ્યા છો ? ચોખ્ખે ચોખ્ખું કેમ નથી કહેતા ? ગોળ-ગોળ વાત શા માટે કરો છો ?'

'તો સાંભળ. કુમાર ! તું પણ સાંભળ.' મહારાજા સિંહરથે કહેવું શરુ કર્યું— 'એક રાતે એક પત્નીએ તેના પતિને રાત્રિના ચોથા પહોરે કહ્યું-સ્વામી ! મેં એક વિચિત્ર સ્વપ્ન જોયું છે. એક સિંહ પહેલાં તો મારા ખોળામાં આવી- બેસી ગયો. પછી મારા મોંમાં સમાઇ ગયો. એ કેવું સ્વપ્નું હતું કે સિંહ મારા મોંમાં સમાઇ જાય ? તું જાણે છે એ પત્ની કોણ હતી ?

રાણી હસી અને બોલી–

'વાતને આટલી ફેરવી ફેરવીને કેમ કહો છો ? પત્નીનું તો તમે જાણો એ કોણ હતી. પણ હું એ જણાવું છું કે પતિએ શું કહ્યું હતું. પતિએ જણાવ્યું હતું કે પ્રિયે ! તારી કૂખે એક એવો પુત્ર થશે, જે સિંહના જેવો પરાક્રમી અને નિભીંક હશે. સ્વપ્નનું ફળ જણાવવાવાળા પતિ તો અત્યારે મારી સામે જ બેઠા છે.'

મહારાજા હસવા લાગ્યા અને બોલ્યા–

'હવે તો યાદ આવી ને વીસ વર્ષ પહેલાંની વાત..

એટલા માટે તો હું કહી રહ્યો હતો કે કુમારે કોઈ પ્રશંસાનું કામ નથી કર્યું. સિંહ તો હંમેશાં હાથીને પછાડે જ છે. આપણો કુમાર સિંહ જેવો પરાક્રમી અને નિર્ભીક છે, એ આજે સિદ્ધ થઈ ગયું. સ્વપ્નએ પોતાનો પ્રભાવ બતાવી જ દીધો.'

'એવી વાત ના કરો. મારા કુમારને નજર લાગી જશે. મા-બાપની નજર જલ્દી લાગે છે. શું તમે પ્રશંસા નથી કરી રહ્યા ?'

'હવે તો એને બાંધીને રાખવો પડશે ?'

'સિંહને કોણ બાંધી શક્યું છે, તે તમે એને બાંધશો ?'

'સિંહણ તો સિંહને બાંધી લે છે. હવે એનાં લગ્ન કરી દેવાં જોઇએ.'

લગ્નની વાત થતી જોઈ સિંહલકુમાર બહાર છટકી ગયો.

*

લવણસમુદ્રમાં સિંહલદ્વીપ નામનો એક દ્વીપ છે અને તે દ્વીપમાં એક નગર છે સિંહલપુર. સિંહલપુરની શોભા અનેરી છે. પ્રકૃતિએ તેને પોતાનું સૌંદર્ય આપ્યું છે અને નગરવાસીઓએ પણ તેને ખૂબ સજાવ્યું છે. ઊંચા અને ભવ્ય મકાનોમાં શ્રી સંપત્તિવાન શેઠ રહે છે.

જન પથ અને રાજ્યપથની બંને બાજુ છાયાદાર વૃક્ષો

છે. માર્ગની બંને બાજુ ચમકતાં મકાનો છે. આ ગલીઓમાં એટલી પણ ધૂળ નથી કે કોઈ પડી જાય તો તેને પોતાનાં કપડાં ઝાટકવાં પડે.

આવા સુંદર નગરના શાસક રાજા સિંહરથ છે. આ નગરની પ્રજામાં ધન નામના એક શેઠ પણ છે. ધનશ્રી તેમની પુત્રી છે. ધનશ્રી રતી જેવી સુંદર અને બધી જ કળાઓમાં નિષ્ણાત છે, અને હવે તો એ યુવરાજ્ઞી બનવાનાં સ્વપ્નાં જોઇ રહી છે. તેની આ જીદથી તેના પિતા ઘણા હેરાન હતા. સ્ત્રીહઠની સાથે બાળહઠ પણ તેનામાં હતી, કારણ કે ધનશ્રીમાં હજુ બાળકબુદ્ધિ છે.

ધન શેઠે પોતાની પત્નીને કહ્યું-

'તો શું ધનશ્રી હવે પ્રાણ જ આપી દેશે ? તેને સમજાવી પટાવીને ભોજન કરાવો.'

'હવે તમે જ સમજાવી જુઓ-'

શેઠાણીએ કહ્યું-'હું તો તેને સમજાવીને હારી ચૂકી છું. તેની તો એક એ જ હઠ છે કે હું તો હવે યુવરાજ સિંહલકુમારની સાથે જ લગ્ન કરીશ અથવા પછી અન્ન જળનો ત્યાગ કરી પ્રાણ આપી દઈશ.'

'શેઠાણી ! હઠ કરતા પહેલાં તેણે તેની ઓખાત તો જોઈ લેવી જોઇએ. આપણી ધનશ્રી વાણિયાની કન્યા છે. બીજું,

આપણે પ્રજા છીએ. લગ્ન તો સમોડિયાની સાથે જ થાય છે. ભલા, મહારાજા સિંહરથ આ સંબંધનો સ્વીકાર કરશે ?'

'તમે પણ તો જીદ કરો છો !' શેઠાણીએ સહેજ ગુસ્સે થઈને કહ્યું-'મહારાજને જઈને કહો તો ખરા. મારું તો મન કહે છે કે જ્યારે તમે ધનશ્રીના અન્ન જળના ત્યાગની વાત તેમને કરશો તો તે આ સંબંધ અવશ્ય સ્વીકારી લેશે.'

'પણ કહું ક્યા મોંઢે ? ધનશ્રીની હઠની યોગ્યતાનું કોઇ કારણ પણ તો હોય.'

'કારણ તો છે. ધનશ્રી કહેતી હતી કે જે મારા પ્રાણ-દાતા છે, તે જ મારા પ્રાણેશ્વર છે. યુવરાજ સિંહલકુમારે ઉન્મત્ત હાથીથી તેના પ્રાણ બચાવ્યા હતા એટલા માટે તેણે આવી પ્રતિજ્ઞા લીધી છે.'

ધન શેઠ મૌન થઈ ગયા. કંઈ જ ન બોલ્યા. જ્યારે ખાસી વાર થઈ ગઈ તો શેઠાણીએ પૂછયું-

'શું વિચારી રહ્યા છો ? શું જશો નહીં ?'

ધન શેઠ ચિડાઈ ગયા અને બોલ્યા.

'તો શું હવે રાત્રે જાઉં ? સવાર તો થવા દો.'

પતિને કાંઇ ન કહેતાં શેઠાણી ધનશ્રીની પાસે જતી રહી. ત્યાં તેની પણ પથારી હતી. તેણે દીકરીને કહ્યું—

'ધનશ્રી ! હવે તો ખુશ થઇ જા. કાલે સવારે તારા

બાપુ રાજાની પાસે જશે. જો તારો વિશ્વાસ પાકકો હશે તો આ લગ્ન ચોક્કસ થશે.'

ધનશ્રી માને વળગી પડી. ખાધા વગર જ તેનું પેટ ભરાઇ ગયું. માને કહ્યું-

'મા ! જો રાત્રિ ભોજનનો મેં ત્યાગ ન કર્યો હોત તો હું હમણાં જ ભોજન કરી લેત.'

'દીકરી ! તારો આ ધર્મપ્રેમ જ તારી ઈચ્છા પૂરી કરશે.'

માદીકરી વાતો કરતાં કરતાં સૂઇ ગયાં. બીજા દિવસે ધન શેઠ રાજા સિંહરથની પાસે પહોંચ્યો અને પોતાની વાત સંભળાવી. રાજાએ બધું ધ્યાનથી સાંભળ્યું અને બોલ્યા-

'બસ, આટલી જ વાત ? લગ્ન તો છોકરા છોકરીનાં થશે. આપણે બંને વચમાં રોડું શા માટે બનીએ ? જેવી રીતે તમારી દીકરી ધનશ્રીએ કુમારની સાથે લગ્ન કરવાનું પણ લીધું છે, એવી રીતે જો સિંહલકુમાર રાજી હશે તો ઝટપટ લગ્ન થઈ જશે. હું તેને પણ તો પૂછી લઉં.'

થોડા અસ્વસ્થ થઇને ધન શેઠ પોતાને ઘેર આવ્યા. તેમના મનમાં શંકા હતી કે જો યુવરાજ અસ્વીકાર કરશે તો શું થશે ? આ તરફ રાજાએ રાણીને વાત કરી. રાણી

બોલી-

'કુમારને પૂછી લો, પણ એણે તો ધનશ્રીને જોઈ પણ નથી, પછી તે સંમતિ કેવી રીતે આપશે ?'

'જોઈ કેવી રીતે નથી ?' રાજાએ કહ્યું-'એ જ તો છે જેને સૂંઢમાં લઈને આપણો હાથી ભાગી રહ્યો હતો અને જેને આપણા કુમારે બચાવી હતી.'

એ જ વખતે કુમાર પણ આવી ગયો. રાજાએ પૂછયું-

'સારૂં થયું તું આવ્યો, હું તને બોલાવવાનો હતો. બોલ, શેઠની કન્યા ધનશ્રીને તેં જોઇ છે ? તે તારી સાથે જ લગ્ન કરશે. તેમ નહીં થાય તો પછી પ્રાણ છોડી દેશે.'

કુમાર મૌન રહ્યો. ત્યારે રાણીએ પૂછયું-

'બેટા, જણાવી દે. તારી સંમતિને અમે ઇચ્છીએ છીએ.'

'મા ! તો શું તું એમ સમજે છે કે હું કોઈના પ્રાણના અંતનો નિમિત્ત બનું ? એક વાર જેના પ્રાણ બચાવવાનું બહાનું બન્યો, હવે તેના પ્રાણનો હત્યારો હું બનું ? અહીં સંમતિનો પ્રશ્ન જ નથી, પ્રશ્ન છે પ્રાણની રક્ષા કરવાનો.'

રાણી હસી અને બોલા-

'કુમાર ! તું ઘણો ચતુર છે. સંમતિ તો આપી, પણ ફેરવી ફેરવીને.'

રાજા પણ હસ્યા વગર ન રહી શકયા. ધન શેઠની પાસે હર્ષના સમાચાર પહોંચી ગયા. ઘણી ધામધૂમથી યુવરાજ સિંહલકુમાર અને ધનશ્રીનાં લગ્ન થઈ ગયાં. ધનશ્રી યુવરાજ્ઞી બની ગઈ. બંનેનું જીવન મધુર અને સુખ પૂર્વક વીતવા લાગ્યું. ધનશ્રી જ્યારે પહેલી વાર પોતાના પિતાને ત્યાં આવી તો સખીઓએ તેને ખૂબ સતાવી. એક કહેવા લાગી–

'સખી !' હાથીનું ઉઠાવવું તારા માટે વરદાન બની ગયું.'

ધનશ્રી ક્યાં કમ હતી ? તેણે મજાક કરતાં કહ્યું–

'તું પણ કોઇ હાથીની નીચે સૂઈ જા ને. સૂંઢથી નહીં ઊઠાવે તો પછી પગ તો મૂકી જ દેશે.'

બીજીએ ધનશ્રીને સમર્થન આપ્યું–

'સાચું તો છે. કુમાર તો સાંજ સવાર નગરમાં ફરે જ છે. ચટ લઇને બચાવી લેશે.'

એક સખી બોલી–

'કુમારનું કાંઈ ન પૂછો. અહીંની સેંકડો બાળાઓ તેમના સૌન્દર્ય પર ન્યોછાવર છે. જ્યારે ગલીઓમાંથી નીકળે છે, તો વહુ-દીકરીઓથી છાપરાં છજાં ભરાઇ જાય છે.'

'તેમનામાં એવું શું છે જે અહીંની સ્ત્રીઓ આવી

ઝુકી જાય છે ?' ધનશ્રીએ કહ્યું- 'એ તો કોઈના સામું જોતા પણ નથી.'

સખી બોલી—

'ધનશ્રી ! આ જ તું એ કહેવા બેઠી છે કે એમનામાં એવું શું છે....? એક દિવસ તું જ તેમના રૂપ પર લટ્ટુ થઈ ગઇ હતી.'

'જા જા હવે ! હું તો એમના શૌર્ય પર ન્યોછાવર હતી.'

તે જ વખતે મા આવી ગઈ. સખીઓની ચુગલબાજી બંધ થઇ ગઈ. થોડી વાર પછી સખીઓ પોત પોતાને ઘેર જતી રહી. સિંહલકુમારને મેળવીને ધનશ્રી ધન્ય હતી અને કુમાર તેના રૂપ અને સેવા-ભાવ પર મુગ્ધ હતો. ઘણા સારા દિવસો વીતી રહ્યા હતા.

*

સાચેસાચ જ સિંહલકુમાર નગરના લોકો માટે એક સમસ્યા બની ગયો. પ્રશ્ન ઘરની આબરૂનો હતો. જ્યારે કુમાર નગરમાં ફરતો ત્યારે પનિહારીઓ પાણી ભરવાનું ભૂલી જતી. ટીકી ટીકીને તેને એવી રીતે જોતી કે જેવી રીતે ચકોર ચંદ્રને જુએ છે.

નગરની વહુઓ ઘુંઘટના આગલા ભાગમાં બે આંગળીઓ

નાખીને જોવા માટે સાંકડી ગલી બનાવી લેતી. તેઓ ઘુંઘટની દૃષ્ટિ ગલીમાંથી જોતી અને કુમારીઓ ખુલ્લા મોંએ જડ મૂર્તિ બનીની જોતી. વહુ દીકરીઓનાં ઘરનાં કામ કાજ બંધ થઈ જતાં. બાળકો વાળી સ્રીઓનાં બાળકો રડતાં રહેતાં.

આ બધા જમેલામાં ન તો નગરની બાળાઓ દોષિત હતી અને ન તો કુમાર જ દોષિત હતો. દોષિત હતું કુમારનું સૌંદર્ય. કામદેવ તો કોઇને જોતો નહોતો. પણ સ્રીઓ કહેતી હતી, કામદેવ આવો જ દેખાતો હશે.

જે દિવસે કુમારની જાન ધન શેઠના મકાન તરફ જઈ રહી હતી, એ જ દિવસથી આ બાબતો બનવા લાગી હતી. વાજિંત્રોના અવાજથી મોટી-વૃદ્ધાઓ અને યુવતીઓ છાપરાં પર ચઢી ગઇ. જેના કાને વાજિંત્રોનો અવાજ ન પહોંચ્યો, તેમને સખીઓએ બોલાવી લીધી-આ યુવરાજની જાન જુઓ. જુઓ તો ખરા ધનશ્રીનો વર કેવો છે! જ્યારે બધાંએ જોયું તો જોતાં જ રહી ગયાં. પણ ત્યારે કોઇ સારી રીતે ન જોઇ શકી, કારણ કે માથા અને કાનની પટ્ટી સુધીનો ભાગ મુગટ અને મુગટની લટકતી મોતીની કડીઓથી ઢંકાયેલો હતો. માથાથી ચિબુક સુધી ફૂલની કળીઓની ઝાલરો લટકતી હતી. આ બધાની વચ્ચે અલપ-ઝલપ સૌંદર્ય નગરવાળાએ

જોયું હતું, એટલા માટે રુપના દર્શનની તરસ બુઝાઈ નહોતી. તેથી જ્યારે કુમાર લગ્ન પછી નગરમાં નીકળે તો સ્ત્રીઓનાં ઝુંડ તેને જોવા ઉમટી પડે. હવે આ રોજનો ક્રમ બની ગયો હતો. જેણે એક વખત જોયો તે બે વાર જોવા ઇચ્છતી હતી અને જેણે કાનોથી સાંભળ્યું, તે આંખોને લાભ આપવા ઇચ્છતી હતી.

'આ જ હાલ રહેશે તો ઘરની વહુ દીકરીઓ બગડી જશે.' મોટાઓ અને ઘરડાઓ આવું કહીને યુવકોને ભડકાવતા હતા.

વાત પણ સાચી હતી. જો બધી ધનશ્રીની જેમ ઉપવાસ કરી દે તો પછી શા હાલ થાય? વહુઓની સમસ્યા બધાથી વધારે હતી. કુમારને જોવા માટે તેઓ પોતાનાં બાળકોને પણ રડતાં-કકળતાં છોડી દેતી હતી. નગરના પુરુષોએ એક મત થઈને નિશ્ચય કર્યો કે જો યુવરાજનું નગરમાં ફરવાનું નહીં અટકે તો આપણે નગર છોડી દઈશું.

મહામંત્રી શ્રુતસિંહના કાને આ વાત આવી તો તેણે રાજાને કહ્યું. રાજાએ મંત્રીને પૂછ્યું—

'મંત્રી! પ્રજાના માણસો મને કેમ નથી કહેતા? મારી પ્રજાને કોઈ દુઃખ હોય અને તેઓ મને ના કહે?'

'રાજન્! તમને કેવી રીતે કહે? આખરે કુમાર જ તો

એક દિવસ અહીંના રાજા હશે. પ્રજાને પોતાના રાજા પર ગર્વ છે અને ભાવિ રાજા સિંહલકુમાર પાસે આશાઓ. રાજાનું સન્માન, સંકોચ અને રાજભય પણ તો કોઇ ચીજ છે. એટલા માટે પ્રજા તમને નથી કહી શકી.'

'તો આપણે પણ આપણી પ્રજાના સુખ માટે કાંઈ કસર નહીં રાખીએ. રામે તો ધોબીના કહેવાથી સીતાને કાઢી મૂકી હતી. હું પણ હૃદય પર પત્થર મૂકીને મારા પ્રાણપ્રિય પુત્રને કહીશ કે તું નગર છોડી દે.'

મંત્રી ધ્રૂજી ઊઠયો અને બોલ્યો—

'રાજન્ ! એવું તો પ્રજા પણ નહીં ઇચ્છે- પ્રજાનું દુઃખ બીજી રીતે પણ દૂર થઇ શકે છે.'

'બીજી રીતે ?'

'હા, બીજી રીતે. કુમારને દેશ નિકાલ કરો, એનાથી સારું તો એ છે કે તેમને મકાનમાંથી ન નીકળવા દેવા. કુમારની ઉંમર પણ હવે આમ-તેમ રખડયા કરવાની નથી. તેઓ પરણેલા છે. મકાનમાં જ રહે. મકાનમાં જ ભવનવાટિકા આમોદ ભવન, ક્રીડા-મેદાન, વિહારકુટીર વિગેરે મન બહેલાવી શકે છે. ગલીઓમાં ફરવાની એમને જરૂર જ શી છે ?'

રાજા સહમત થઈ ગયા. તેમણે તરત જ એક આજ્ઞા પત્ર લખ્યો. પિતાના રુપમાં પણ દબાણ કરવામાં આવ્યું

અને શાસકના રુપમાં પણ આજ્ઞા કરવામાં આવી કે યુવરાજ સિંહલકુમાર ભવન તથા ભવનમાં બનાવેલાં જુદાં જુદાં કેન્દ્રો તથા રાજ સભાને છોડીને નગરમાં ના ફરે. પિતા અને વળી શાસક, આજ્ઞા તો માનવી જ પડે. પહેલા જ દિવસે કુમારને બહુ જ મૂંઝવણ થઈ. આ મૂંઝવણમાં તે ધનશ્રી સાથે પણ સારી રીતે ના બોલ્યો. ધનશ્રીને હજુ કાંઈ ખબર નહોતી. રાત્રે એણે પૂછ્યું-

'આજે સવારથી જ તમે ઉદાસ છો. ક્યાંય ફરવા પણ નથી ગયા. મને પણ તો કાંઈ જણાવો.'

'તને જણાવું ? તો સાંભળ. જે પક્ષીની પાંખ કાપી નાખવામાં આવે, તે કેવી રીતે ખુશ રહી શકે ? આ આજ્ઞા પત્ર જો.'

ધનશ્રી હસી. યુવરાજે આશ્ચર્યથી પૂછ્યું-

'તું તો એવી રીતે હસી રહી છે જાણે કાંઈ બન્યું જ નથી.'

'થયું તો છે, પણ મારે અનુકૂળ થયું છે, એટલા માટે હું ખુશ છું. તમે મારી સાથે વધારે સમય રહી શકશો.'

'વધારે સમય ? એમ કહે, હવે તો હું આ નગરમાં જ નહીં રહું. આ તો મારું અપમાન છે. અપમાનનો ભાર લઈને ભવનમાં બંદીવાન બનીને રહું. એનાથી તો એ જ

સારું કે આ નગરને છોડી દઉં.'

'તમે નગર છોડી દેશો તો શું મને પણ છોડી દેશો? જ્યાં તમે જશો, હું પણ તમારી પાછળ પાછળ ચાલી નીકળીશ.'

'પણ હું તો આગ્રહ કરીશ કે તું અહીં રહે. હું કોણ જાણે ક્યાં ક્યાં ભટકીશ? મારું શું ઠેકાણું? વન, પર્વત વિગેરેમાં ફરતો ફરતો, હું તો મારા ભાગ્યની પરીક્ષા કરીશ.'

'સ્વામી! આગ્રહ કરવાનું શું તમે જ જાણો છો? હું પણ તમને આગ્રહ કરું છું, તમારા પગ પકડું છું કે મને પણ સાથે લઈ જાવ.'

'તો પછી ચાલ.'

'અત્યારે?'

'અત્યારે, આ જ વખતે ભવનની પછવાડેથી નીકળવું છે. સમુદ્ર કિનારા પરથી કોઈ વહાણ મળી જશે. દિવસે કોણ જવા દેશે?'

સિંહલકુમાર અને ધનશ્રી ચુપચાપ ઊઠયાં અને પછવાડેથી નીકળીને સમુદ્ર કિનારે પહોંચ્યાં. ત્યાં શ્રીપાલ નામના શેઠનું વહાણ તૈયાર ઊભું હતું. સિંહલકુમાર ધનશ્રી સહિત તેમાં બેસી ગયો. સવારે બ્રાહ્મમુહૂર્તમાં વહાણનાં લંગર ઉઠાવાયાં અને વહાણ ચાલી નીકળ્યાં

આ તરફ બપોર સુધી કોઈનું ધ્યાન કુમારની ગેરહાજરી પર ન પડ્યું. પછી તો બધાને ખબર પડી ગઇ. સ્પષ્ટ ખબર તો ત્યારે પડી કે જ્યારે એક રેશમ પર ધનશ્રીના હાથે લખાયેલો શ્લોક મળી ગયો. શ્લોક હતો–'પ્રણમામી જનક જનીતા। સ્નેહ કૃપા વૃદ્ધિ કુરુ। સર્વપ્રજા સુખ ભવ:। ગતો દુ:ખ: દાતા જન:। મમ અસદ્‌ગુણ સંતા: ક્ષમામર્પિત: બંધુ વર્ગ:। સુખસ્ય કરણાર્થમ્ । વિદેશગમના દંપતિ યુગમ્ ।

એ તો સ્પષ્ટ થઇ ગયું કે માત–પિતાને પ્રણામ કરીને અને બધાની કલ્યાણ કામના કરતાં કરતાં સિંહલકુમાર અને ધનશ્રીએ વિદેશગમન કર્યું છે. પણ આ બંને કયાં ગયાં એ એક પ્રશ્ન હતો. આ પ્રશ્નને હલ કરવા માટે રાજા સિંહરથે પોતાના સૈનિકોને ચારેય તરફ મોકલ્યા, પણ પ્રશ્ન પ્રશ્ન જ બની રહ્યો.

શોધકો નિષ્ફળ ગયા. અંતમાં જ્યોતિષ જ એક ઉપાય રહ્યો. રાજા સિંહરથે નગરના શ્રેષ્ઠ–ભવિષ્ય વેત્તાઓને બોલાવ્યા. બધાએ જુદા જુદા ફળાદેશ કાઢયા. પણ બધામાં થોડી વાતો સમાન હતી.

એક તો એ હતી કે સિંહલકુમાર અવશ્ય આવશે. પણ તરત જ નહીં આવે. બીજી એ કે સફળ મનોરથ થઇને આવશે. આ બંને કયાં છે, આ બાબતમાં બધા મૌન હતા.

તો પણ રાજાને સંતોષ થયો. રાણીએ પુણ્ય દાન કર્યાં અને પ્રાર્થના કરી-જ્યાં પણ રહે, મારો લાલ સુખેથી રહે.

ક્રોધિત રાણીએ પ્રજાને ધિક્કારી-પ્રજા જ મારા દીકરા પાછળ પડી હતી. તેમણે જ મારા પુત્રને કાઢયો છે. ત્યારે રાજાએ તેને સમજાવી-

'રાણી! તું ભૂલે છે. મુનિજનો આ જ તો સમજાવતા ફરે છે કે કોઇ કાંઇ જ નથી કરતું. કર્તા-હર્તા તો જીવ પોતે જ છે. બીજાં તો બધાં બહાનાં છે. કુમારની ભાગ્ય લિપિમાં આ જ લખ્યું હશે કે તેના સૌંદર્યથી સ્ત્રીઓ આકર્ષિત થશે અને પ્રજા-પુરુષો આની ફરિયાદ મને કરશે. હું કુમારનું નગરમાં ફરવાનું રોકીશ અને તે નગર છોડીને કાંઈક બનવા ચાલ્યો જશે.'

*

સમુદ્રની યાત્રામાં ડગલે ને પગલે ભય હોય છે. વાયુની પ્રતિકૂળતા, સંભવિત તોફાન અને જળમાં મગ્ન અદૃશ્ય પહાડથી ટકરાવું. આ બધાથી બચીને જ કિનારો મળે છે. આ બધાની ઉપર બધાને ભાગ્યનો સહારો હોય છે. તેથી યાત્રી સમુદ્રનો છાતીને ચીરતો આગળ વધે છે.

શ્રીપાલ શેઠનો કાફલો પણ આગળ વધી રહ્યો હતો. પણ દુર્ભાગ્યની ટક્કર વાગી તેથી તેમનો કાફલો ગુપ્ત પહાડ

સાથે ટકરાઈને ચૂરેચૂરા થઇ ગયો બધું જ રત્નાકરમાં સમાઈ ગયું.

ડૂબતાને તણખલાનો સહારો ઘણો જ હોય છે અને ધનશ્રીને વહાણનો તૂટેલો ટૂકડો-સહારો મળી ગયો. સિંહલ-કુમારના હાથમાં પણ એક પાટિયું આવી ગયું. લહેરોએ સહારો આપ્યો તો બંને જુદી જુદી દિશાઓમાં આગળ વધવા લાગ્યાં. આ બંનેની પાસે એક બીજો પણ સહારો હતો, અને એ હતો નવકાર મંત્રનો. આ જ બધાથી મોટો સહારો હતો. આ તો પાણીનો સમુદ્ર હતો, પણ ધર્મથી તો ભવસાગર પણ ખાબોચિયા જેવો નાનો થઇ જાય છે.

ધનશ્રીને કિનારો મળી ગયો. પણ થાકને કારણે તેનું અંગે અંગ દુઃખી રહ્યું હતું. તેને તેના પતિની ચિંતા હતી.

'કોણ જાણે તે કયાં હશે ? તેમને હું ખોળી પણ કેવી રીતે શકીશ ?'

સાગર તટ પર પડેલી ધનશ્રી પોતાના પતિ બાબતમાં જ વિચારતી રહી. પછી જયારે ચાલવાની શકિત આવી તો ચાલી નીકળી. જ્યારે થાકી જતી ત્યારે બેસી જતી. અને પાછી ચાલવા લાગતી. ધનશ્રી એક નગરની નજીક પહોંચી ગઈ. નગરની બહાર એક મંદિર હતું. આસ-પાસ કેળ અને તુલસીના છોડ હતા. મંદિર પર લાલ ધજા ફરકતી હતી.

છુટા છવાયા લોકો પણ ત્યાં હતા. ધનશ્રીએ એક મહિલાને પૂછ્યું-

'મા ! આ કોનું મંદિર છે ?'

વૃદ્ધ મહિલાએ જણાવ્યું-

'દીકરી ! બધું જ જણાવીશ. પણ તું કોણ છે ? લાગે છે કે બહુ જ દૂરની છો. આસ-પાસની હોત તો એ ના પૂછત કે આ કોનું મંદિર છે.'

'મા ! હવે હું શું જણાવું ? એટલું જ જાણી લો કે આફતોની મારી હું એક દુખિયારી છું અને મારા પ્રિયતમથી છુટી પડી ગઇ છું.'

'દીકરી ! ત્યારે તો તું યોગ્ય ઠેકાણે આવી ગઇ. દેવ ઘણા ચમત્કારી છે.'

ધનશ્રીએ ઉત્સુકતાથી પૂછ્યું-

'મા ! તો શું મારા પતિ અહીં ક્યાંય છે ? ક્યાં છે?'

'દીકરી ! એ ક્યાં છે એ તો હું નથી જાણતી. હવે હું તને બધી વાતો જણાવું છું. આ જે પાસે નગર છે, એનું નામ છે કુસુમપુર ! અહીંના રાજા છે, કુસુમસેન.

'આ સ્થાન આ જ નગરનું તીર્થ છે. આ તીર્થસ્થળનું નામ છે. 'પ્રિયમેળક તીર્થ.' આ મંદિરમાં સ્થપાયેલી યક્ષની પ્રતિમાને પણ પ્રિયમેળક યક્ષ કહે છે. અહીંનું મહાત્મ્ય

ઘણું અદ્દભુત છે.

'જો વિરહિણી અહીં બેસીને મૌન તપ કરે તો તેને તેનો પ્રિયતમ અવશ્ય અને નિસંદેહ મળે છે. એટલા માટે આ સ્થાન પ્રિયમેળકના નામથી પ્રખ્યાત છે. એટલા માટે તો મેં તને કહ્યું હતું કે તું યોગ્ય જગ્યાએ આવી ગઇ.'

બસ, હવે શી વાર હતી ? શ્રદ્ધા અને વિશ્વાસનો સહારો લઈને ધનશ્રી મૌન તપ કરવા બેસી ગઇ. ધર્મ-નૈયા પર બેસીને એ જ પાર ઉતરે છે, કે જેની પાસે વિશ્વાસ રુપી પવનની અનુકૂળતા અને શ્રદ્ધા રુપી સઢ પણ હોય. સઢ વિના વહાણ ચાલતાં નથી.

આ તરફ સિંહલકુમારને પણ કિનારો મળી ગયો. તે ધનશ્રી માટે ચિંતિત હતો. પણ તેને કયાં ખોળે ? પરંતુ બેસવાથી તો કાંઈ કામ થાય નહીં. જે બેસી જાય છે, તેનું ભાગ્ય પણ બેસી જાય છે. તેથી સિંહલકુમાર ચાલવા લાગ્યો. તે કોઇ નગરની શોધમાં હતો. રાત્રે કોઇ ઝાડની નીચે સૂઈ જતો અને સવારે ચાલી નીકળતો.

એક રાત્રે તે સઘન વનમાં સૂતો હતો. ઘણી જ રાત ગઈ ત્યાં સુધી એને ઊંઘ ન આવી. ચિંતા અને ઊંઘનું વેર તો જગત-વિખ્યાત છે. વિચારોની હારમાળામાં સિંહલકુમાર પાસા બદલતો રહ્યો.

જે ઝાડની નીચે ધનશ્રીનો પ્રિયતમ સિંહલકુમાર સૂતો હતો, એની ઉપર એક ગરુડ દંપતી રહેતું હતું. માદા ગરૂડે પોતાના પતિ ગરુડને પૂછયું-

'હું તો આજે બહુ જ જલ્દી આવી ગઇ, પણ તમે કયાં રહી ગયા હતા ? આજે ત તમે ઘણા મોડા આવ્યા.'

ગરૂડે કહ્યું-

'ચાલો, તે સારુ પૂછી લીધું, નહીંતર તો મને કહેવાનું યાદ પણ ન આવત. હું કયાંય દૂર નહોતો ગયો. અહીં નજીકમાં જ રત્નપુર છે ને ? ત્યાં રાજભવનના કાંગરા પર બેઠો બેઠો એક કૌતુક જોઇ રહ્યો હતો.'

'એવું શું જોયું જે આટલી વાર સુધી બેસી રહ્યા ?'

'તો સાંભળ, હું તને આખી વાત સંભળાવું છું. તું તો જાણે જ છે કે રત્નપુરના રાજા રત્નપ્રભ છે. અને રાણી રત્નસુંદરી છે. રત્નવતી તેમની એક કન્યા છે. તે બિચારીને સાપે ડંખ માર્યો. આજે જ તો ડંખ માર્યો હતો.

અડધો દિવસ તો રડવા કકળવામાં વીતી ગયો. પછી ચિકિત્સકોની હાર લાગી ગઈ. મંત્રવિદ પણ આવ્યા, પણ બધાએ માથું હલાવી દીધું. અંતમાં બધા નિરાશ થઇ ગયા.

રાજકુમારીના અગ્નિસંસ્કારની તૈયારીઓ થવા લાગી.

'પ્રિયે ! રુદ્ર નામનો રાજાનો મહામંત્રી છે. બ્રાહ્મણ છે ને એટલા માટે ગુણિયલ પણ છે. તેણે રાજાને કહ્યું– રાજન્ ! સાપે ડંખ મારેલો માણસ જલ્દી નથી મરતો. થોડા દિવસ સુધી ઝેરને કારણે મૃતવત જ રહે છે. ત્રણ દિવસ સુધી તો નિશ્ચિત જ જાણો. રાજાએ પૂછયું-ત્યારે શું કરૂં ? તો રુદ્રે સલાહ આપી. ઢંઢેરો પિટાવો કે જે કોઇ રાજકુમારીનું ઝેર ઉતારશે, તેની સાથે રાજપુત્રી રત્નવતીનાં લગ્ન કરવામાં આવશે. પ્રાણ પ્યારી ! આ બધું કૌતુક હું જોતો રહ્યો.'

ગરૂડ પત્નીએ પૂછયું—

'તમે આખું રામાયણ સંભળાવી દીધું પણ એ ન જણાવ્યું કે રાવણનું શું થયું ? ચિકિત્સક અને મંત્રવિદ, ગારૂડી નિષ્ફળ ગયા તો રાજકુમારી સારી કેવી રીતે થઈ શકે ?'

'અરે ! તું પણ એ પૂછે છે ? આપણી વિષ્ટાને પાણીમાં ઘોળીને રાજકુમારીના મોં અને નસકોરામાં નાખવામાં આવે તો રાજકુમારીનું ઝેર ઉતરી જવામાં સંદેહ નથી. પણ આપણા પક્ષીઓની ભાષાને સમજશે કોણ ?'

'એ જ તો લાચારી છે.' ગરૂડ-પત્નીએ એક નિશ્વાસ

છોડયો. અત્યાર સુધી તો સિંહલકુમાર વિચારોની હારમાળાને કારણે નહોતો સૂઇ શકયો પણ હવે ખુશીના કારણે ના સૂઈ શકયો.

ચકલીઓની ચીં–ચીંના અવાજથી સવારે ઊઠયો. ગરૂડ અને ગરૂડ પત્ની તો ઊડી ગયાં હતાં અને સિંહલકુમાર ઝાડની નીચે પડેલી વિષ્ટા વીણવા લાગ્યો. થોડી વીણીને ઉત્તરીયના છેડે બાંધી લીધી.

સિંહલકુમાર રત્નપુર પહોંચી ગયો અને ઢોલનો સ્પર્શ કર્યો. રાજસેવકોએ તેને સંદેહની દષ્ટિથી જોયો, આ ભલા શું કરી શકશે ? પણ તેને પોતાની સાથે લઇ ગયા. બધા એક ખુલ્લા ભવનમાં પહોંચ્યા. લીમડાનાં પાન પાથરેલાં હતાં અને તેના પર રાજકુમારી રત્નવતી મૃતવત સૂતી હતી. આજુ–બાજુ મંત્રી, આગંતુકો તથા ચિકિત્સકો પણ બેઠા હતા. મહારાજ રત્નપ્રભ નહોતા. તેમનાથી બેસી શકાતું નહોતું. જયારે પુત્રીને મરણ દશામાં જોતા તો રડતા, એટલા માટે મંત્રીઓએ બળજબરીથી તેમને રાજકુમારીની પાસેથી ઉઠાડી લીધા હતા.

બધાની વેશભૂષા ઊંચા પ્રકારની હતી. રાજકુમાર સિંહલનાં કપડાં મેલાં હતા. એટલે બધા તેને ટગર ટગર સંદેહની દષ્ટિથી જોઇ રહ્યા હતા- કયાંક કયાંક માણસની

ઓળખાણ કપડાંથી થાય છે. પણ મહારાજ રત્નપ્રભ માણસને ઓળખતો હતો. એ જ્યારે આવ્યા તો તેમનું ધ્યાન સિંહલકુમાર ઉપર ગયું, તેનાં કપડાં પર નહીં. આટલા માણસોમાં કોણ જાણે તેમણે કેવી રીતે ઓળખી લીધો ? તેથી સિંહલકુમાર તરફ જોઈને બોલ્યા—

'તમે ?'

'જી.'

'સાધન ?'

'બસ, થોડું ચોખ્ખું પાણી.'

તરત એક સોનાના પાત્રમાં પાણી લાવવામાં આવ્યું. કુમારે ઉત્તરીયના છેડામાંથી ગરૂડની વિષ્ટા કાઢી. પાણીમાં ઘોળીને તેણે થોડાં ટીપાં રાજકુમારીના નાકમાં નાખ્યાં અને થોડાં હોઠને ખોલીને મોંમાં નાખ્યાં. એકદમ સન્નાટો. કાંઇ ન થયું. મહારાજા શાંત હતા. આગંતુક ચિકિત્સક બોલી ઊઠયા–

'પરીક્ષણ કરવા માટે જ ઢાલનો સ્પર્શ કર્યો હતો ? કોણ જાણે કયાં કયાંથી ચાલ્યા આવે છે ? પહેલાં એ જણાવો સાપ કેટલી જાતના હોય છે !'

'હું શું જણાવું ? બધું સમય જણાવશે.'

કુમારની ક્ષત્રિયોચિત નિર્ભીકતાથી નરેશ પ્રભાવિત

થયા. તે હસી રહ્યા હતા. કારણ કે રાજકુમારીના હોઠ ફરકવા લાગ્યા હતા. દવા થોડી પહોંચી હતી. કુમારે થોડાં ટીપાં બીજાં નાખી દીધાં, જે ગળામાંથી પસાર થઇને પેટમાં પહોંચી ગયાં. દસ-વીસ ક્ષણ પછી જ રત્નવતીએ આંખો ખોલી દીધી. હવે તો બેસવા માટે ઊઠી. મહારાજે તેને સહારો આપ્યો. બધાની ચક-ચક બંધ થઇ ગઇ. રત્નવતી બોલી—

'પિતા !'

'દીકરી ! તને કેમ છે ?

'સારૂં છે પિતાજી પણ આ ભીડ કેમ ?'

'હમણાં બધું જણાવીશ. પહેલાં તારા પ્રાણદાતાને જો. તને સાપે ડંખ દીધો હતો ને દીકરી ? આ જ તને બચાવી શકયા છે. તારૂં જીવન બચાવવા માટે મેં જે પ્રતિજ્ઞા કરી હતી, તે પ્રમાણે હવે તું એમની છે.'

રાજકુમારી શરમાઇ અને ઊઠીને અંદર જવા લાગી. દાસીઓ તેને પકડીને લઇ ગઇ. રાજાએ મંત્રી રૂદ્રને કહ્યું-

'હવે તમે કોઠારોનાં દ્વાર ખોલી નાખો. કોઈ ખાલી હાથે ન જાય. હું જમાઇની સાથે વાતો કરૂં છું.'

જમાઇ શબ્દ રૂદ્રને ખૂંચી ગયો. મનનો ગણભણાટ સંતાડીને તે પોતાના કામમાં લાગી ગયો. રાજાએ સિંહલ-

કુમારને પૂછ્યું-

'તમારૂં નામ શું છે ?

'અત્યારે તો નામ વગરનો થઇ ગયો છું. બધું જ ખોઈ ચૂકયો છું.'

'કુળ-ગોત્ર ?'

'અજ્ઞાત!'

'દેશ અને નગર ?'

'આ સમયે તમારૂં રત્નપુર.'

'સારૂં. તમે ન જણાવવા ઈચ્છતા હો તો ના જણાવશો, પણ એમ છુપા નહીં રહી શકો. બધું જ છુપાવી શકો છો, પણ રૂપ, શાલીનતા અને ઉચ્ચ કુળના સંસ્કાર તો નથી છુપાવી શકયા. કપડાં મેલાં કરવાથી પણ તમે તો ઉજળા જ બનીને રહ્યા. તમે કોઇ પણ હો પણ મારા તો જમાઈ છો.'

કુમાર કાંઈ જ ન બોલ્યો. રત્નપુરમાં હર્ષનો સાગર લહેરાવા લાગ્યો. ઘણા આનંદ સાથે રત્નવતી સિંહલકુમારને મળી. વરવેશમાં સિંહલકુમાર જોવા લાયક હતો. રત્નવતીએ પોતાના ભાગ્યને બિરદાવ્યું- સારૂં થયું કે મને સાપે ડંખ માર્યો. સાપે ડંખ ન માર્યો હોત તો આ મને કયાં મળત ?'

મિલન ખંડમાં રત્નવતી પતિની રાહ જોઇ રહી હતી. કુમાર આવ્યો તો ધરતી પર બેસી ગયો. તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી ધનશ્રી નહીં મળે ત્યાં સુધી ધરતી પર જ સૂઈશ. રત્નવતી આશ્ચર્યની સાથે પથારીમાંથી ઊઠી અને પ્રાણેશ્વરની પાસે આવીને બેઠી અને પૂછ્યું-

'આ તમે શું કરો છો ?'

સિંહલકુમારે વિચાર્યું.

'સાચી વાત કહી દઇશ તો આ ઘણું માન કરશે. શોકના માટે આ ત્યાગ શું એ સહન કરી શકશે ? થોડું ફેરવી ફેરવીને જણાવું-'

એવું વિચારી કુમારે જણાવ્યું-

'પ્રિયે ! હું મારા માબાપથી વિખૂટો પડી ગયો, તેથી એ નિયમ કર્યો છે કે ધરતી પર સૂઈશ અને બ્રહ્મચર્યથી રહીશ.'

રત્નવતીએ પોતાના પતિની માતૃ-પિતૃ ભક્તિને ખૂબ જ બિરદાવી અને બોલી—

'સ્વામી ! તમે ધન્ય છો. તમારા જેવા પુત્ર બધાને હોય. તમારા જેવા પુરૂષ જ માતા પિતાને સાક્ષાત્ દેવ સમજે છે. પણ મને દાસીને તેમનો પરિચય તો આપો. તે ક્યાં છે ? હું પણ મારાં સાસુ સસરાનાં દર્શનની આકાંક્ષિણી

છું.

સિંહલકુમારે પોતાનો પરિચય રત્નવતીને આપ્યો. રત્નવતીએ પોતાની માને જણાવ્યું અને જ્યારે રાણી રત્નસુંદરીએ રાજા રત્નપ્રભને કહ્યું તો રાજા આનંદના માર્યા ઉછળી પડયા અને રાણીને કહ્યું-

'હું તો ત્યારે જ જાણતો હતો કે કોઈ મોટા રાજાના દીકરા છે. મને તો કાંઇ જણાવ્યું જ નહીં. પણ આપણી પુત્રી ઘણી ચતુર છે, જેથી તેણે બધું પૂછી લીધું.'

'સ્વામી ! પણ દીકરીની આ ચતુરાઇ આપણા માટે દુ:ખદ બની ગઇ.'

'દુ:ખદ ? દુ:ખદ કેવી રીતે બની ગઇ ?'

'આપણે તો વિચારતાં હતાં કે દીકરી અને જમાઇ અહીંના બનીને રહેશે. પણ હવે તો દીકરીને સિંહલપુર મોકલવી જ પડશે.'

'મોકલવાનું કોણ કહે છે ? પરિચય મળી ગયો તો હવે અહીંયાં નહીં રહી શકે ?'

'તમે ઘણા ભુલકણા છો.' રાણીએ હસતાં હસતાં કહ્યું- 'જમાઇનો નિયમ તમે નથી સાંભળ્યો ?'

'હા, ત્યારે તો મોકલવી જ છે. પણ એ તો સંસારનો સનાતન નિયમ છે કે, દીકરી તો બધાની જાય છે. તું પણ

તો તારાં માતા પિતાને છોડીને અહીં આવી હતી.'

રાજા રત્નપ્રભે દીકરીની વિદાયની તૈયારીઓ કરાવી. દહેજનું (પરઠણનું) બધું જ મોટા વહાણમાં મુકાવ્યું. એક જુદા વહાણમાં દીકરી અને જમાઈ હતાં. સાથમાં મંત્રી રૂદ્ર હતો. રાજાએ રત્નવતીને કહ્યું-

'દીકરી ! રૂદ્ર કાકાને તારી સાથે મોકલી રહ્યો છું. તારાં સાસુ સસરાના સમાચાર પાછા આવીને તે મને આપશે.'

પછી મંત્રી રૂદ્રને કહ્યું-

'વિપ્રવર ! રત્નવતીએ તમને સદાય કાકા કહ્યા જ નથી, પણ માન્યા છે. હું પિતા છું તો તમે પિતૃવ્ય છો. રસ્તામાં મારી દીકરીને કાંઇ દુઃખ ન પડે. સારી રીતે પહોંચાડીને આવજો.'

'આ પણ કાંઇ કહેવાની વાત છે ?' રૂદ્રે કહ્યું-'તમે નિશ્ચિંત રહેજો.'

સાગર તટ સુધી બધા આવ્યા હતા. ખારા સાગરને છોડીને પાછા ફર્યા તો બધાની આંખોમાં ખારાં આંસુઓનો સાગર ઉમટી રહ્યો હતો.વિયોગનું દુઃખ આંસુઓના વહેવાથી પીગળી પીગળીને વહી જાય છે. યોગ્ય સમયે વહાણોએ સિંહલપુર તરફ પ્રયાણ કર્યું.

*

મંત્રી રૂદ્રની વાસના દષ્ટિ રત્નવતી પર જ લાગેલી હતી. તેના હૃદયમાં વાસનાનો સમુદ્ર લહેરાઈ રહ્યો હતો. જેમાં દ્રોહ અને કપટનો કીચડ ભર્યો હતો. તેના મનમાં વિચાર આવ્યો–

'હવે એવો કોણ છે, જે રત્નવતીને મારી પાસેથી ઝુંટવી શકે ? સિંહલકુમાર ! પણ તેને તો હું તક મળતાં જ સાગરમાં ડુબાડી દઈશ. તે પછી અહીં કોણ છે કે જે આને મારી પાસેથી ઝુંટવી લે ?'

સંજોગોવશાત રૂદ્રને તક મળી ગઈ અને તેણે સિંહલ-કુમારને સમુદ્રમાં ધકેલી દીધો. પછી ઘણા કરૂણ સ્વરમાં વિલાપ કરવા લાગ્યો. અભિનય ક્યાં સદાય સફળ રહે છે ? રૂદ્રના કરૂણ–વિલાપમાં એવી અતિશયોક્તિ હતી કે રત્ન-વતી તેનું કપટ જાણી ગઈ. આટલો શોક તો કોઇ સગાં સ્વજન પણ, ના કરે. તેની વારંવાર છાતી કૂટવની અને વાળ ખેંચ-વાની ક્રિયાથી રત્નવતી સમજી ગઈ કે આ પાપીએ જ મારા સ્વામીને ધકેલી દીધા છે અને હવે બનાવટ કરી રહ્યો છે !

'હવે ક્યાં સુધી રડશો ? જે થવાનું હતું એ તો થઇ ગયું. જુઓ, હું પણ નથી રડતી, કાકા ! તમારા વગર મને કોણ ધીરજ આપશે ?'

રત્નવતીની આ વાતોએ રૂદ્રના કપટનું રહસ્ય ખોલી

નાખ્યું. તે બોલ્યો-

'રત્ન ! તું ઘણી જ સમજદાર છે. હવે તું મારી બન. જો કેવું સુંદર વાતાવરણ છે. હું છું અને તું છે. એ દુષ્ટને તો મરવા દે.'

'કાકા ! તમે આ શું કહેવા લાગ્યા ? જેના માટે તમે આટલા બધા હાથ પગ પછાડતા હતા, તે દુષ્ટ ? મેં નાનપણથી તમને કાકા કહ્યા છે, અને તમે પોતાની ભત્રીજીના પ્રત્યે આવો ખરાબ ભાવ રાખો છો ?'

'હવે તું મને ઉપદેશ આપવા લાગી ! કોણ કાકા ? કોના કાકા ? હું તો તારા ભલા માટે જ કહું છું. રાજી થઈને માની જાઉં તો સારું છે, નહીંતર હું રુદ્ર છું, જે ઇચ્છું એ કરી શકું છું.'

રત્નવતી ધ્રૂજી ગઇ. આ દુષ્ટથી કેવી રીતે બચું ? જેવો એણે અભિનય કર્યો એવો હું પણ અભિનયનો સહારો લઉં. રત્નવતી બોલી—

'શું હું જાણતી નથી કે તમને છોડીને હું ક્યાં જઈ શકવાની છું ? હવે તો તમે જ મારા આધાર છો. પણ પતિનો વિયોગ થોડો ઓછો તો થવા દો. રહ તો તમારે જોવી જ પડશે.'

'રત્નવતી ! હું પણ એવો પ્રેમી નથી; જે તારી વાત ન

માનું! જ્યાં સુધી તું કહીશ ત્યાં સુધી હું તારી રાહ જોઇશ.'

રત્નવતીએ સંતોષનો શ્વાસ લીધો. તાત્કાલિક તો સંકટ ટળી ગયું. પણ આ સંકટ કદાચ એટલા માટે ટળ્યું હશે કારણ કે એક મોટું સંકટ આવવાનું હતું.

વહાણ તૂટી ગયું. રુદ્ર અને રત્નવતી બંને જ બચી ગયાં અને બંનેને વહાણના તૂટેલા પાટિયાએ બચાવ્યાં. સંજોગોવશાત્ બંને કુસુમપુર પહોંચી ગયાં. રત્નવતી પ્રિયમેલકે પહોંચી અને પ્રિયમેલક યક્ષની પ્રતિમાની સામે ધનશ્રીની નજીક જ મૌન તપ કરવા બેસી ગઈ. તેને પણ કોઇએ જણાવ્યું કે અહીં આગળ બેસીને મૌન તપ કરવાથી છૂટો પડેલો પ્રિયતમ મળી જાય છે. ધનશ્રી અને રત્નવતી-બંનેમાં કોઇ નહોતી જાણતી કે બંનેની ગતિ એક છે. બંને એક જ સિંહલકુમારની પ્રિયતમાઓ છે.

મંત્રી રુદ્રને તો હવે પોતાની જ પડી હતી. તેને એ ખબર નહોતી કે રત્નવતી આટલામાં જ ક્યાંક છે. તે સીધો કુસુમપુરના રાજા કુસુમસેનની પાસે પહોંચ્યો અને પોતાના પાંડિત્ય તથા વિચક્ષણતાના જોરે તેણે કુસુમપુરમાં મંત્રીપદ પ્રાપ્ત કરી લીધું. વિદ્વાન જ્યાં પણ જાય છે, પૂજાય છે. રત્નપુરમાં પણ તે મંત્રી હતો અને અહીંયાં પણ. જ્યાંનો ત્યાં જ રહ્યો. તે આરામથી રહેવા લાગ્યો.

*

પહેલી વાર તો સિંહલકુમાર લાકડાના ટુકડાના સહારે પાર થઇ ગયો હતો અને રત્નપુર પહોંચીને રાજા રત્નપ્રભનો જમાઈ બની ગયો. પણ જ્યારે મંત્રી રુદ્રે તેને સમુદ્રમાં ધકેલી દીધો તો લાકડાનો ટુકડો કયાંથી મળે ? વહાણ તૂટ્યું હોય તો લાકડાનું કોઈ પાટિયું પણ મળી જાય. તેથી હવે તે ડૂબવા લાગ્યો. પરંતુ તેને ડૂબતાને કોઇ અદૃશ્ય શક્તિએ કાઢીને એક વનમાં મૂકી દીધો. કોણ જાણે તેને કોણે કાઢયો. એવું તો કોઇ દેવ જ કરી શકે છે. સિંહલકુમારની આંખો ખૂલી તો ઘણા વિચારમાં પડયો—

'હું તો ડૂબી રહ્યો હતો. મને કોણે કાઢયો અને કોણે અહીંયાં પહોંચાડયો ? મને મળ્યો હોત તો ધન્યવાદના બે શબ્દો તો કહેત. હવે જવા દે. શી ખબર પાછો મળી પણ જાય. હવે તો આગળ ચાલું.'

સિંહલકુમાર થોડો જ આગળ ચાલ્યો કે તેણે એક ઝુંપડી જોઇ. આજુ બાજુ ફૂલના છોડ હતા. ઝુંપડીમાં એક વૃદ્ધ સંન્યાસી હતા.

પણ આશ્ચર્ય તો એ વાતનું હતું કે સંન્યાસીની સાથે એક સોળ વર્ષની બાળા પણ બેઠી હતી. આટલી સુંદર છોકરી આ સંન્યાસી પોતાની પાસે કેમ રાખે છે ? હશે કોઇ વાત? મારે શું ? મારે તો આ સાધુથી મતલબ છે. કાંઇક તો

સહારો આપશે જ. કુમારે સાધુને પ્રણામ કર્યા. સાધુ તેના રૂપ પર મુગ્ધ થઇ ગયા. પછી બોલ્યા—

'આવ ભદ્ર ! સારું થયું તું આવ્યો.'

'તો શું તમે મને ઓળખો છો ?' કુમારે પણ પૂછી લીધું. સાધુ બોલ્યા–નથી ઓળખતો. પણ હમણાં ઓળખી લઇશ.'

કુમાર બેસી ગયો. ઇચ્છા નહીં હોવા છતાં પણ વારંવાર યોગીની પાસે બેઠેલી છોકરીને તે જોઇ લેતો. યોગીએ છોકરીને કહ્યું-

'રુપ ! તું થોડાં ફૂલ જ ચૂંટીને લઈ આવ.'

છોકરીનું નામ રૂપવતી હતું. મનના ભાવ છુપાવવા શું એટલા સહેલા છે? સિંહલકુમાર પણ ન છુપાવી શકયો. તેથી પૂછી બેઠો–

'મહાત્મા ! આ બાળકી ?'

યોગી હસ્યા ! કહેવા લાગ્યા–

'તમને તો ઘણું આશ્ચર્ય થયું હશે. હું પહેલાં રાજા હતો. હવે હું તપસ્વી છું. નામ શિવસિંહ હતું. મારા પુત્રને રાજ્ય આપીને હું અણગાર બની ગયો. મારી સાથે રાણી પણ સાધ્વી બની ગઈ.

'સાધનાકાળમાં જ ખબર પડી કે રાણી ગર્ભવતી છે. દીક્ષા વખતે તે બિચારીને પણ કાંઈ ખબર નહોતી, નહીંતર

તો ગૃહસ્થ કાળના ગર્ભને લઇને દીક્ષા લેવાની ઉતાવળ ના કરત. મૂળ વાત તો એ છે કે આ રૂપવતીને જન્મ આપીને સાધ્વી મૃત્યુ પામી. ત્યારથી હું જ આને પાલવી રહ્યો છું. હવે તમે પણ તો ના છુપાવો. તમે પણ તો રાજપુત્ર છો. વત્સ ! આનો હાથ પકડી લો તો હું નિશ્ચિંત થઇ જાઉં.'

થોડું તો કુમારને પણ કહેવું હતું, તેથી બોલ્યો-

'ભાગ્ય મને ખેંચી ખેંચીને ક્યાંનો ક્યાં પહોંચાડી દે છે. ભાગ્ય અને દુર્ભાગ્ય-બંનેની વચ્ચે હું કુટાઇ રહ્યો છું. હું ભલા ના પણ શી રીતે પાડી શકું ? ભાગ્ય આપે છે અને દુર્ભાગ્ય છીનવી લે છે.'

છીનવું-ઝડપવું એ જ તો સંસાર છે. રૂપવતી ફૂલ લઈ આવી. કુમારની સાથે વાતો કરવાની બંધ કરીને યોગીએ પોતાની પુત્રીને કહ્યું-'દીકરી ! ઝટપટ બે માળા બનાવી દે !' ચટપટ લગ્ન થઈ ગયાં. કોઇ પણ જાતના ધૂમ ધડાકા ના થયા. બધું કામ ફૂલની માળાઓએ કરી નાખ્યું. બંનેને આશિષ આપ્યા. પછી કુમારને કહ્યું-

'કુમાર ! આ દેખાય છે ?'

'જોઉં તો છું. એક ખાટલો છે અને ખાટલામાં ગોદડી મૂકી છે.'

'હા, તો પહેલાં આ ગોદડીને જુઓ. કેટલી મેલી અને

ચિંથરા જેવી છે. આને ઓઢી લેશો તો જોવા વાળા તમારા પર દયા ખાશે. એમ જ સમજશે કે તમે ઘણા જ ગરીબ છો અને તમારા પર એક દુપટ્ટો પણ નથી. છે ને એવી વાત ?'

સિંહલકુમાર હસવા લાગ્યો અને બોલ્યો–

'એક વાત બીજી પણ તો છે.'

'શું ?'

'એ જ કે કયાંય પડી પણ જાય તો પાછી મળી પણ જાય. કોઇ ઊઠાવે નહીં. જોવા વાળા સમજશે કે કોઈ કચરો ફેંકી ગયું છે.'

યોગી પણ હસ્યા અને પછી બોલ્યા–

'એટલા માટે તો હું તને દહેજમાં આપવા ઇચ્છું છું. એક દિવસ અને રાતમાં એક વાર ઝાપટવાથી આ દરરોજ એક સહસ્ર સુવર્ણ મુદ્રાઓ આપે છે.'

'એવી વાત છે !' કુમારે આશ્ચર્ય પ્રગટ કર્યું.–

યોગીએ કહ્યું–

'આ જ બે વસ્તુઓ મારી પાસે છે. બીજો આ ખાટલો છે–ઊડતો ખાટલો. જયાં ઇચ્છશો ત્યાં પહોંચાડી દેશે.'

યોગીએ પુત્રી અને જમાઇને વિદાય આપી. પુત્રીને

શિખામણ પણ આપી. ગોદડી લઇને બંને ખાટલામાં બેઠાં. કુમારે મનમાં સંકલ્પ કર્યો કે હવે તો રત્નવતી અને ધનશ્રી પણ મળવી જોઇએ. આ ઇચ્છાના કારણે ઊડતો ખાટલો બંનેને લઇને કુસુમપુરના બાગમાં પહોંચી ગયો. બાગમાં બેઠેલી રૂપવતીએ કહ્યું-

"સ્વામી ! પાણી તો લાવો. ગળું સુકાઈ રહ્યું છે. આકાશમાં ઊડતાં રહ્યાં તો કયાંય પાણી ના મળ્યું. અહીં ધરતી પર તો મળશે.'

'એ પણ સારું થયું કે તારા પિતાએ દોરી-લોટો સાથે જ મૂકી દીધાં. હમણાં જ લાવું છું.'

લોટો લઇને સિંહલકુમાર એક કૂવા પર પહોંચ્યો. કૂવામાંથી એક અવાજ આવ્યો-મને કાઢો. કૂવામાં કોણ છે? કુમારે ધ્યાનથી જોયું. એક કાળો નાગ કૂવામાંથી માનવ વાણીમાં બોલી રહ્યો હતો-મને કોઇ કાઢી લો. સિંહલકુમારે લોટો લટકાવ્યો અને ઉપરથી જ બોલ્યો-નાગદેવતા, આ લોટામાં બેસી જાવ. લોટો ઉપર ખેંચ્યો. લોટામાંથી મોં કાઢીને સાપ સિંહલકુમારના કાંડામાં કરડયો. કુમાર પીડાથી ચીસ પાડી ઊઠયો અને બોલ્યો-

'ભલાઇનો બદલો તમે આ આપ્યો ? તમારૂં મેં શું

બગાડયું હતું ? અરે રે–હું તમારા ઝેરથી મર્યો નહીં અને કદરૂપો થઇ ગયો. મારો રંગ પણ કાળો થઈ ગયો. મારો નાગરાજ ! આવા જીવન કરતાં તો મરવું સારૂં. તમારામાં ઝેર થોડું છે. તેથી એક વાર ફરી કરડી લો. કાળો અને કદરૂપો બનીને રહેવું એના કરતાં તો મરવું સારૂં છે.'

'હવે તું તારી વાત કહી રહ્યો કે હજુ વધારે કહીશ?' સાપે કુમારને પૂછયું–'જાણે છે ભલાઈ કોને કહે છે ? અરે કુમાર! જેનુ પરિણામ સારૂં નીકળે, તે જ ભલાઇ. મેં પણ તારી સાથે ભલાઈ કરી છે. તું થોડા દિવસ કાળો કૂબડો બનીને જ રહે, એમાં તારી ભલાઈ છુપાયેલી છે. હું તારો હિત-ચિન્તક છું. કયારેક સંકટ સમયે યાદ કરજે, ત્યારે આવીશ. ત્યારે બધું જ જણાવીશ.'

જોત જોતામાં સાપ ગાયબ થઇ ગયો. કુમારને આશ્ચર્ય થયું. પણ શું બેઠા બેઠા આશ્ચર્ય જ કર્યા કરે ? રૂપવતી તરસી બેઠી હતી. એટલા માટે સિંહલકુમારે ઝટપટ એક લોટો ખેંચ્યો અને રૂપવતીની પાસે પહોંચ્યો. રૂપવતી મુઝાઇ.

દોરી-લોટો તે જ છે, પણ આ કોણ છે ? આ કૂબડો મારા પતિને કયાં મૂકી આવ્યો ? રૂપવતીએ પીઠ ફેરવી લીધી. કૂબડો સિંહલકુમાર ફરીને સામે આવ્યો. રૂપવતી

ઊઠીને ચાલી ગઈ. કુમાર પણ થોડે દૂર સુધી પાછળ ચાલ્યો પછી માથું ઠોકીને બેસી ગયો. વિચારવા લાગ્યો-

'હવે તે મને કેવી રીતે ઓળખી શકે ? આ ભાગ્ય કેવું છે ? ધનશ્રી ગઇ, રત્નવતી ગઇ. અને હવે રુપવતી ગઇ. હવે આ શું કરે છે ? એક હાથે આપે છે અને બીજા હાથે ઝુંટવી લે છે. હવે તો એકલા જ આ નગરમાં રહેવું પડશે.'

સિંહલકુમાર કુસુમપુરમાં એક ધર્મશાળામાં રહેવા લાગ્યો. સારું ખાતો, સારું પહેરતો અને ભરપુર દાન-પુણ્ય કરતો. તેની પાસે ધનની ખોટ જ કયાં હતી ? સવારે-સવારે એક સહસ્ર સોનાની મુદ્રાઓ પડી જતી.

આ તરફ રુપવતી પ્રિયમેલક દેવળમાં પહોંચી ગઇ. તેને પણ તીર્થના મહિમાની ખબર પડી ગઇ. તેથી ધનશ્રી અને રત્નવતીની પાસે જ મૌનતપ કરવા બેસી ગઈ. બેમાંથી ત્રણ થઇ ગઈ. ત્રણેયની ગતિ એક જ હતી, પણ ત્રણેય અજાણી હતી.

તપથી તો ધરતી ડગમગવા લાગે છે. આકાશ ધરતી પર આવી જાય છે. ત્રણેય સતીઓ તપ કરી રહી હતી, તેથી કુસુમપુરમાં હલચલ થવા લાગી. પ્રજાએ રાજાને ફરિયાદ કરી-



ચાલો

'પૃથ્વીનાથ ! સતીઓનું મૌન તોડો, નહીંતર શાસનદેવ કુસુમપુરને ડુબાડી દશે. કાંઈક કરો. આપણા રાજ્યમાં ત્રણ સતીઓ દુઃખ ભોગવે તો કલ્યાણ કેવી રીતે થશે?'

રાજા કુસુમસેન પ્રિયમેલક દેવળે આવ્યા. ત્રણેય સતીઓને આગ્રહ કર્યો. એકેય સતી ના બોલી. મૌન યથાવત્ રહ્યું. રાજા ગુસ્સે થઇ ગયા અને જેવા સતીઓને સ્પર્શ કરવા આગળ વધ્યા કે શાસનદેવ પ્રગટ થઈ ગયા. તેમણે રાજાને ઠપકો આપ્યો–

'ખબરદાર જો આગળ વધ્યો છે તો. નહીંતર તારા માથાના ટુકડે ટુકટા કરી દઈશ.'

કુસુમસેન ડરી ગયો. તેણે પોતાના નવા મંત્રી રુદ્રને પૂછ્યું—

'મંત્રી ! તમે જ જણાવો, હું શું કરું ? સતીઓને કેવી રીતે બોલાવું ?'

મંત્રી રુદ્રે સલાહ આપી–

'રાજન્ ! એમના પતિ જ એમને બોલાવી શકે છે. તમે ઢંઢેરો પિટાવો કે જે કોઇ આ સતીઓનું મૌન તોડશે, તેની સાથે રાજકુમારી કુસુમવતીનાં લગ્ન કરશો.'

'તમે કહો છો તે સાચું. આ ત્રણેયનું મૌનવ્રત મારા
લીધી.

તોડાવનારી કોઈ અસાધારણ વ્યક્તિ હશે. એ જ મારો જમાઇ બનશે, તો સારૂં જ રહેશે.'

રાજાએ ઢંઢેરો પિટાવ્યો. કૂબડાએ તેનો સ્પર્શ કર્યો. બધા હસવા લાગ્યા. મંત્રી રૂદ્રે વ્યંગમાં કહ્યું-

'આ તો જરૂર બોલાવી શકશે, કારણકે એને કૂબડો જોઇને જ ત્રણેય ખડખડાટ હસી પડશે.'

કૂબડા રૂપવાળા સિંહલકુમારે રૂદ્રની વાતનો કોઇ જવાબ આપ્યો નહીં અને રાજાને જ કહ્યું-

'રાજન્! મારી પાસે પોથી છે. જે પણ આ પોથીને વાંચીને સંભળાવશે, એ જ ત્રણેયનું મૌન તોડાવી શકશે.'

' પોથી વાંચીને તો હું સંભળાવી દઇશ.' મંત્રી રૂદ્રે હાથ આગળ વધાર્યો. પણ જ્યારે હાથમાં પોથી લીધી તો બોલ્યો— 'આમાં તો કાંઇ જ નથી લખ્યું ; તો કોઈ કેવી રીતે વાંચશે ?

' હું વાંચીશ. કૂબડાએ કહ્યું— 'અદૃશ્ય અક્ષર શું બધા વાંચી લે છે? હું સંભળાવીશ અને તે સાંભળશે તો અવશ્ય બોલશે.'

રાજા બોલ્યો—

'સારું તમે વાંચજો. તમે તો ચમત્કારી છો જ. ચાલો

ચાલો, ત્યાં ત્રણેય બેઠી છે.'

ઘણા બધા લોકો પ્રિયમેલક દેવળે પહોંચી ગયા. સારી એવી ભીડ જામી ગઇ. બધા યથાવત્ બેસી ગયા. થોડા ઊભા રહ્યા. ખાલી કોરા ભોજ-પત્રોનો સંગ્રહ કૂબડાના હાથમાં હતો. વાંચવાનું શું હતું ? વાંચવાનો તો અભિનય કરવાનો હતો. કૂબડાએ અભિનય કર્યો અને વાંચીને સંભળાવવા લાગ્યો

# સિંહલકુમાર–૨

'સિંહલદ્વીપમાં સિંહલપુર નામનું એક સુંદર, સોહામણું નગર છે. રાજા સિંહરથનો પુત્ર સિંહલકુમાર પોતાની પ્રિયા ધનશ્રીને લઈને ભાગ્યની પરીક્ષા કરવા નીકળ્યો. પતિ–પત્ની શેઠ શ્રીપાલના વહાણમાં સવાર થયાં. બંનેનું દુર્ભાગ્ય સાગરમાં છુપાયેલો જળમગ્ન પહાડ બની ગયું. પહાડની સાથે વહાણ ટકરાયું અને બધું જ છીન્ન ભીન્ન થઈ ગયું. સિંહલકુમારને તૂટેલો વહાણનો લાકડાનો ટુકડો તરવા મળી ગયો. તેના સહારે તરતો તે...

આટલું કહ્યા પછી કૂબડો મૌન થઈ ગયો. ધનશ્રી બોલી ઊઠી–

'પછી આગળ શું થયું ? તરતાં તરતાં કુમાર ક્યાં પહોંચ્યા ?'

કૂબડાએ રાજાને કહ્યું-

'રાજન્ ! જોઈ લો. એક તો બોલી ગઇ—'

પછી ધનશ્રીને કહ્યું–

'સુંદરી ! હવે આગળ કાલે વાંચીશ. આગળની વાત જાણવી હોય તો કાલે સાંભળજો.'

બીજા દિવસે ફરી પાછા બધા એકઠા થયા. કૂબડાએ ફરી કોરા ભોજપત્રોની પોથી ખોલી. વાંચવાનું શરુ કર્યું.

'તરતાં તરતાં સિંહલકુમાર કિનારે આવી ગયો. પછી રત્નવતીને નિર્વિષ કરીને મૃત્યુપાશથી મુકત કરી. રાજા રત્નપ્રભે રાજકુમારી રત્નવતીનાં લગ્ન સિંહલકુમારની સાથે કરી દીધાં.

'લગ્ન પછી મિલનની પહેલી રાતે કુમાર ધરતી પર સૂતો અને પત્ની રત્નવતીને જણાવ્યું કે માતાપિતાથી વિખૂટા પડી જવાના કારણે ભૂમિ પર સૂવાનું અને બ્રહ્મચર્ય પાળવાનું મારું પણ છે. એ જ ક્રમમાં તેનો પોતાનો સાચો પરિચય પણ આપ્યો. રાજા રત્નપ્રભે પુત્રી અને જમાઇને વિદાય કર્યાં. સાથે પોતાના મંત્રી રુદ્રને પણ મોકલ્યો.

કપટી રુદ્રે સિંહલકુમારને વહાણમાંથી નીચે સમુદ્રમાં ધકેલી દીધો. ડૂબતા કુમારને કોઇ અદૃશ્ય શકિતએ બચાવી લીધો....

પછી કુમાર.......'

'હા-હા, આગળ કહો. પછી કુમાર કયાં જતા રહ્યા ?' રત્નવતી બોલી પડી.

કૂબડો બોલ્યો-

'રાજન્ ! બીજીનું મૌન પણ તૂટી ગયું. હવે બાકીની વાત હું કાલે વાંચીશ. કાલે તમે બધા સાંભળવા આવજો. એમ કહેતાં કૂબડા રૂપવાળા સિંહલકુમારે પોથી બંધ કરી દીધી. ત્રીજા દિવસે પાછા રાજા આવ્યા, બધા શ્રોતાઓ પણ આવ્યા. કૂબડાએ ફરી વાંચવાનું શરુ કર્યું.

'સિંહલકુમાર શિવ યોગીની ઝુંપડીમાં પહોંચ્યો. યોગીએ પોતાની પુત્રી રૂપવતીનાં લગ્ન સિંહલકુમારની સાથે કરી દીધાં. અને દહેજમાં ગોદડી તથા ખાટલો આપ્યો. ઊડતા ખાટલા પર બેસીને બંને અહીં કુસુમપુરના બાગમાં ઉતર્યાં. રૂપવતી ઘણી જ તરસી હતી. દોરી-લોટો લઈને કુમાર પાણી લેવા ગયો અને જયારે......

'પછી શું થયું ?' રૂપવતી બોલી પડી.

કૂબડાએ રાજાને કહ્યું-

'રાજન્ ! હવે તો ત્રીજી પણ બોલી ગઇ. હવે તમે તમારી પ્રતિજ્ઞા પૂરી કરો, એટલે કે મારી સાથે કુસુમવતીનાં લગ્ન કરો.'

રાજા ઘણા વિચારમાં પડયો—

'એક તરફ વચન પાલનની મર્યાદા અને બીજી તરફ કુસુમના જીવન સાથેની રમત ! રાજા કુસુમસેન વિચારવા લાગ્યા— 'આ કૂબડાને હું મારી કન્યા કેવી રીતે આપી

દઉં ? આવું ભૂંડું રુપ અને વંશ ગોત્રની ખબર નહીં. આ તો અનર્થ થઇ જશે.'

પછી જાહેરમાં રાજાએ કૂબડાને કહ્યું—

'ચાલો, રાજસભામાં જઈએ છીએ, ત્યાં જ વાતે કરીશું.'

કૂબડો રાજાની પાછળ પાછળ ચાલવા તૈયાર થયો તો ધનશ્રી, રત્નવતી અને રુપવતીએ તેને ઘેરી લીધો અને કહેવા લાગી—

'અમને મધ દરિયે છોડીને ક્યાં જાવ છો ? અમારું મૌનવ્રત ખંડિત કરીને પણ હવે અમને અમારા પ્રિયતમ સાથે મેળાપ નહીં કરાવો ? તમને બધી જ ખબર છે. હવે તો તમે જ અમને તેમનો મેળાપ કરાવી શકો છો. અમે તમને નહીં છોડીએ.'

કૂબડાએ ત્રણેયને કહ્યું—

'ચોક્કસ જ હું તમને તમારા પ્રિયતમ સાથે મેળાપ કરાવી આપીશ. પણ પહેલાં મારાં લગ્ન કુસુમવતીની સાથે થઈ જવા દો. તમને તમારા પ્રિયતમ મળી જશે અને મને મારી પ્રિયતમા ન મળે તો પ્રિયમેલક તીર્થનું માહાત્મ્ય અધુરું રહી જાય. ત્યાં સુધી તમારે મારી બધી વાતો માનવી પડશે.'

કબડો ચાલ્યો તો ત્રણેય તેની પાછળ પાછળ ચાલવા

લાગી. રાજાનો દરબાર ભરાયો. રાજા કુસુમસેને કહ્યું—

'કૂબડાજી ! હવે તમે જ મને બચાવી શકો છો. ભલે તમે મારૂં રાજ્ય લઇ લો પણ મને વચન મુકત કરી દો. ભલા તમારી સાથે મારી દીકરી કેવી રીતે રહી શકશે ?'

કૂબડો બોલ્યો—

'રાજન્ ! તમે શું તમારી દીકરીનું ભાગ્ય બદલી શકો છો ? જે વિધાતાએ કુસુમવતીને પેદા કરી છે,તે જ વિધાતાએ તેનો વર પહેલાં જ પેદા કરી દીધો છે. હું જ વિધાતાએ નકકી કરેલો કુસુમવતીનો વર છું. ભાગ્યનું લખેલું ભૂંસાવાનું નથી. જો ભાગ્યમાં આ સંબંધ ન હોત તો તમે આવી પ્રતિજ્ઞા જ ન કરત અને તે પ્રતિજ્ઞાને પૂરી કરવા વાળો હું પણ ન હોત. જો ભાગ્યને મંજૂર નહીં હોય તો આ લગ્ન ના પણ થાય, પણ ત્યારે ના થાય જ્યારે તમે તમારૂં વચન તોડી દો.'

'વચન ભાગું ?' રાજા કુસુમસેને કહ્યું- 'વચન તોડવા કરતાં તો મરવું સારૂં છે. ક્ષત્રિય થઇને હું વચન તોડીશ નહીં. જો તમે આ હઠ જ લીધી છે તો હું આ લગ્ન કરીશ.'

નગરમાં સનસનાટી ફેલાઈ ગઇ. બધા જ આ લગ્નની વિરુદ્ધ થઈ ગયા. રાજાએ લગ્નમંડપની રચના કરાવી, પરંતુ કોઇ પણ સ્ત્રી ગીતો ગાવા ન આવી.

કુસુમવતી જ ઉદાસ જેવી મંડપમાં હતી. ભાગ્યનો પ્રસાદ સમજીને તેણે કૂબડાનો સ્વીકાર કરી લીધો હતો. મંગળગીતો ગાવા માટે ધનશ્રી, રત્નવતી અને રુપવતી આ ત્રણ સ્ત્રીઓ હતી. આ ત્રણેય મંડપમાં બેસીને ગીતો ગાઇ રહી હતી. ફેરા ફરતાં પહેલાં કરીયાવરની વિધિ થઈ તો રાજાએ શરમાઇને કહ્યું-લો, સફ (હાર) લો.

'કુમારને સર્પની યાદ આવી ગઈ. આ સંકટના વખતે તેણે નાગદેવને યાદ કર્યા તો તરત જ એક નાગ પ્રગટ થઇ ગયો. નાગને જોઈને બધા ભાગવા લાગ્યા. ત્યારે નાગ કૂબડાને કરડયો અને તે બેભાન થઇને પડી ગયો.

સિંહલકુમારની ત્રણેય પત્નીઓ મરવા માટે તૈયાર થઈ અને કહેવા લાગી–

'અમે પણ આમની સાથે મરીશું. એ નહીં તો અમારા પતિ પણ નહાં, અને જ્યારે પતિ નહીં તો અમે પણ નહીં.'

ત્યારે એક ચમત્કાર થયો. કૂબડાની જગ્યા પર પરમ રુપવાન સિંહલકુમાર સૂતો હતો. તે ઊઠીને બેસી ગયો. કુમારે કહ્યું—

'હું જ કૂબડો થઈ ગયો હતો. હવે તમારી સામે જ છું. હમણાં બધું જ જણાવું છું.'

મંત્રી રૂદ્રે આ જોયું તો સ્તબ્ધ બની ગયો. તે પોતાનું

મોં સંતાડવા લાગ્યો. રાજા કુસુમસેન પણ શરમથી સંકોચાઈ રહ્યા હતા. તેમણે કુમારની માફી માગતાં કહ્યું-

'મને શી ખબર કે મારા જમાઈ સિંહલપુરના રાજકુમાર છે. હું ધન્ય છું, મારી દીકરી ધન્ય છે.'

કુમારે કહ્યું-

'રાજન ! ફરી એ જ ભાગ્યની વાત આવે છે. તમારી પુત્રીના ભાગ્યમાં જે વર લખ્યો હતો તે જ તો મળ્યો. ભાગ્ય આગળ બધા હાર્યા છે.'

તે પછી બધાની ઈચ્છાઓ પૂરી થઈ. કુસુમવતી અને સિંહલકુમારનાં લગ્ન ઘણાં ધામધૂમથી થયાં. હવે તે ચાર દિશાઓની જેમ ચાર પત્નીઓનો સ્વામી હતો. હસીખુશીના લહેરાતા સાગરની વચ્ચે એક દિવ્ય રૂપવાળો દેવ પ્રગટ થયો. દેવને જોઇ બધાને આશ્ચર્ય થવા લાગ્યું. ત્યારે દેવે સિંહલકુમારને સંબોધતાં કહ્યું-

'સિંહલકુમાર ! હવે સમય આવી ગયો છે કે હું તને બધું જણાવી દઉં છું. તું મારો પૂર્વભવનો મિત્ર છે. પૂર્વભવ પૂરો કર્યા પછી આપણે બંનેય દેવ બન્યા. દેવભવમાંથી અવતરણ કરી તું તો રાજકુમાર સિંહલના રૂપમાં જન્મ્યો અને હું દેવ જ બનીને રહ્યો.

'કુમાર ! તારા જીવનમા ત્રણ વાર ચડતી-પડતી આવી. એનો સંબંધ પણ તારાં પૂર્વભવનાં કર્મોને આધા-

રિત છે. મિત્રના રૂપમાં મેં તારી ત્રણ વાર મદદ કરી.

'પહેલી વાર ત્યારે કે જ્યારે મંત્રી રૂદ્રે તને સમુદ્રમાં ધકેલી દીધો હતો. ત્યારે મેં જ મચ્છ રૂપમાં તને પાર ઉતાર્યો હતો. ત્યારે તું વિચારતો હતો કે કોણ જાણે કઈ શકિતએ મને ડૂબતો બચાવ્યો છે.

'બીજી વાર જ્યારે તું રૂપવતી માટે પાણી લેવા ગયો ત્યારે સાપના રૂપમાં તને કરડીને મેં જ કૂબડો કર્યો હતો. એવું મેં એટલા માટે કર્યું હતું, જેથી મંત્રી રૂદ્ર તને ઓળખી ના શકે. જો તે તને જીવતો જાણત તો તને ખૂબ જ હેરાન કરત.

'હવે ત્રીજી વાર પણ સર્પના રૂપમાં મેં તને કરડીને તને તારૂં અસલ રૂપ આપ્યું.'

કુમાર બોલ્યો—

'હું મારા ઉપકારી મિત્રને પ્રણામ કરૂં છું. પણ હવે મારો પૂર્વ ભવ તો મને જણાવી દો.'

દેવે જણાવ્યું-

'તો સાંભળ ! બહુ જ પહેલાં ક્ષિતિપતિ રાજા દ્વારા શાસિત ધનપુર નામનું એક નગર હતું. ત્યાં ધનંજય નામના એક દાનશૂર શેઠ રહેતા હતા. ધનવતી તેમની શેઠાણી હતી. બંને વચ્ચે ઘણો પ્રેમ હતો.

એક વાર જ્યારે હું પણ તારા ઘરે હતો ત્યારે એક મુનિ તારે ઘેર પધાર્યા. તે તરસ્યા હતા અને પાણી પીવા ઇચ્છતા હતા.

તારે ઘેર શેરડીનો રસ રાખ્યો હતો. મારા મનમાં ભાવ થયો કે મુનિને રસ આપવામાં આવે. મેં તને કહ્યું. તું મુનિને રસ પીવડાવવા લાગ્યો, પણ પિવડાવતાં પિવડાવતાં તારા મનમાં સંકલ્પ-વિકલ્પ જાગ્યો, તેથી તેં ત્રણ વાર રસની ધાર તોડી નાખી. પિવડાવ્યું, બંધ કરી દીધું, પાછું પિવડાવ્યું, પાછું બંધ કરી દીધું. આવું ત્રણ વાર કરવાને કારણે તેં તારા જીવનની રસધારા પણ ત્રણ વાર તોડવાનું બંધન કરી લીધું.

રસ પિવડાવ્યાની સંમતિ આપીને હું દેવત્વ અને રસદાન કરીને તું સુખ, સંપત્તિ અને સમૃદ્ધિ પામ્યો. પણ ત્રણ વાર જીવનના રસભંગનું દુઃસહ બંધન પણ થયું.

'હે કુમાર ! પૂર્વ ભવનો ધનંજય તું જ છે. ધનને બદલે તું ચાર પત્નીઓનો સ્વામી બન્યો, રાજ્યાધિકારી પણ બન્યો. પણ દુઃસહ બંધનને કારણે ત્રણ વાર સંકટમાં આવ્યો. બે વાર સાગરમાં પડયો અને ત્રીજી વાર કૂબડો બન્યો.'

પોતાનો પૂર્વ ભવ સાંભળી ને સિંહલકુમારને જાતિ-

સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેને પોતાનો પૂર્વભવ સ્પષ્ટ દેખાવા લાગ્યો. મનમાં વૈરાગ ભાવ પણ જાગ્યો કે બધું જ છોડીને દીક્ષા અંગીકાર કરી લઉં. પણ હજુ ભોગવવાનું બાકી હતું તેથી વૈરાગ ભાવ દબાઈ ગયો.

બધું જ જણાવ્યા પછી દેવ અંતર્ધાન થઈ ગયો, પણ રાજા કુસુમસેને મંત્રી રૂદ્રને બંદીવાન બનાવી દીધો અને તેને પ્રાણદંડની આજ્ઞા આપી. ત્યારે સિંહલકુમારે રાજાને કહીને તેને મુકત કરાવી દીધો. જમાઇની વાત રાજા પણ માની ગયા. બધાના દિવસો આનંદથી વીતવા લાગ્યા. પ્રિયમેલક તીર્થનો મહિમા પણ વધી ગયો.

સિંહલકુમાર રાજ્યના જમાઇના રુપમાં જુદા મકાનમાં રહેવા લાગ્યો, ચારેય પત્નીઓ તેની સેવા કરતી. સેંકડો દાસ-દાસી હતાં. તેનું દામ્પત્ય જીવન ઘણા સુખથી વીતી રહ્યું હતું. દુઃખોનો અંત પણ કયારેક તો હોય છે જ. સમય પોતાની શાશ્વત ગતિથી વીતી રહ્યો હતો.

*

કુસુમપુરના નરેશ કુસુમસેને પોતાના દૂતો દ્વારા રત્નપુરના રાજા રત્નપ્રભને સંદેશો મોકલ્યો, જેમાં મુખ્ય વાત એ હતી કે તમારા જમાઇ સિંહલકુમાર હવે મારે ત્યાં છે,

કારણ કે હવે તે મારા પણ જમાઇ છે. તેમણે ઘણું દુઃખ સહન કર્યું. મંત્રી રૂદ્રે વિશ્વાસઘાત કર્યો વિગેરે વિગેરે.

સંદેશો મળતાં જ મહારાજા રત્નપ્રભ દળ બળ સહિત કુસુમપુર આવ્યા. સસરા જમાઈ મળ્યા, પિતા-પુત્રી મળ્યાં અને બંને રાજા મળ્યા. થોડા દિવસો સુધી આ બધું ચાલ્યું. આ સમય દરમ્યાન જ કુસુમપુરમાં જૈન સાધુ આવ્યા. તેમની સાથે ઘણાં બધાં સાધુ સાધ્વીઓ હતાં. નગરની જનતા ધર્મની વાતો સાંભળવા, સમજવા અને મુનિનાં દર્શન કરવા પહોંચી.

કુસુમસેન અને રત્નપ્રભ પણ ગયા. સિંહલકુમાર પોતાની ચારેય પત્નીઓ સહિત ગયો. મુનિએ પોતાના ઉપદેશ દ્વારા સૂતેલાઓને જગાડયા. થોડાક જાગ્યા અને થોડા અર્ધ જાગૃત થયા. પૂર્ણ જાગૃત હતા બંને રાજા. તેમણે મોહરુપી અંધકારથી છુટકારો મેળવ્યો અને દીક્ષા ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. અર્ધ જાગૃતોમાં સિંહલકુમાર પણ હતો. તેણે શ્રાવક વ્રત ગ્રહણ કર્યું.

રત્નપ્રભ રાજાએ કહ્યું—

'સિંહલકુમાર! હું તો હવે અહીંયાંથી ગુરૂદેવનો સાથે વિહાર કરીશ. રત્નપુરનું રાજપાટ તમે સંભાળો.'

કુસુમસેને તો સમારંભ સહિત રાજ્યાભિષેક જ કરી દીધો. સિંહલકુમાર કુસુમપુરના રાજસિંહાસન પર શોભિત થયા અને તેણે બંને સસરાઓનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. રાજર્ષિ કુસુમાસેન અને રત્નપ્રભ અણગાર બનીને ચારિત્ર પથના મુસાફર બન્યા.

રાજ કાજ ચાલવા લાગ્યું. સિંહલકુમારની પાસે ઊડતો ખાટલો હતો. તેથી તેના પર બેસીને રત્નપુર પહોંચી ગયો. ત્યાંની રાજ્ય વ્યવસ્થા બરાબર કરી. આવી રીતે હવે તે બંને દેશોની વ્યવસ્થા કરી રહ્યો હતો. બંને રાજ્યોની જનતા સુખી અને ખુશ ખુશાલ હતી. એવા જ જ્યારે ઘણા દિવસો વીત્યા તો સિંહલકુમારે પોતાની પહેલી પત્ની ધનશ્રીને કહ્યું—

'પ્રિયે ! ઘરેથી નીકળે આપણને વર્ષો થઈ ગયાં. હવે તો માતા-પિતાની યાદ આવે છે. ક્યારે જઇશું ?'

ધનશ્રી ઘણી જ ખુશ થઈ ગઇ. અને કુમારને કહ્યું—

'હવે શું કહું તમને ? હું એકલી જ નહીં, બાકીની ત્રણેય પણ સાસુ સસરાનાં દર્શન કરવા માટે તલપાપડ છે. વાર શી, આજે જ જઇએ.'

બસ, પછી વાર ના થઇ. ચારેય પત્નીઓ સહિત

સિંહલકુમાર ઊડતા ખાટલા પર બેઠો અને સિંહલપુર તરફ પ્રયાણ કર્યું. રાજભવનના છજા પર ઊડતો ખાટલો ઉતર્યો.

એકાએક જ સિંહલકુમારને જોઇ રાજા સિંહરથ અને રાણી સિંહલા ઘણાં મૂંઝાયાં. ક્ષણ વાર તો આંખો પર વિશ્વાસ જ ન આવ્યો. પછી રાણીના મુખેથી નીકળ્યું-

'ઓ કુમાર, તું આવી રીતે કેમ ?'

'મા ! બધું જ જણાવીશ. પહેલાં આશિષ તો આપ.'

કુમાર માના ચરણોમાં પડી ગયો. પછી પિતાના પગે પડયો. વહુઓનો તો હજુ નંબર જ નહોતો આવ્યો. તેમના તરફ સાસુ સસરાનું પણ ધ્યાન નહોતું. રાણીએ પૂછ્યું—

'ધનશ્રી કયાં છે ?'

'ત્યાં જુઓ મા, તેની ત્રણ શોકયની સાથે બેઠી છે.'

'અરે વહુઓ...' રાણી સિંહલા હર્ષથી વિહ્વળ થઇ ગઈ. વહુઓ વારા ફરતી સાસુ સસરાને પગે લાગી. વચમાં જ રાજા બોલ્યા-

'મહારાણી ! હું હવે મારા બાકીના કામમાં લાગું છું. તમે વહુઓ સાથે હળો મળો.' કહેતાંની સાથે જ રાજા બહાર જતા રહ્યા અને મહામંત્રી શ્રુતસિંહને કહ્યું-

'મંત્રી ! જાણો છો શું થઇ ગયું ? તમે ભલા કેવી

રીતે જાણો? હું જણાવું છું. સિંહલકુમાર આવી ગયો.'

'કુમાર આવી ગયા? કયારે આવ્યા અને કયાં થઇને આવ્યા? કોઇ દ્વારપાળે પણ ન જોયા.'

'હવે બધું જોશો. તમે એ જ કરો જે કરવું જોઇએ.'

'હું બધું જ સમજી ગયો સ્વામી! નગરમાં ઘણો જ મોટો ઉત્સવ થશે.'

સિંહલકુમારના આગમનના ઉપલક્ષ્યમાં આખું નગર શણગારવામાં આવ્યું. દ્રવ્યની વહેંચણી તો એટલી થઇ કે રંક, નિર્ધન, ભિખારી દીન-એવા શબ્દો તો બસ કહેવા પુરતા થઈ ગયા.

સિંહલકુમાર ગોદડીને ઝાટકતો અને સોનાની મુદ્રાઓ વહેંચતો. રાજા સિંહરથનો ખજાનો પણ તો રત્નાકર જેવો હતો. બધાનાં દુઃખ દૂર થયાં. બધાએ અન્ન, વસ્ત્ર અને દ્રવ્ય મેળવ્યાં. સાર્વજનિક સભામાં સિંહલકુમારે પોતાનો અનુભવ સંભળાવ્યો. બધું જ સાંભળ્યા પછી રાજા સિંહરથ બોલ્યા-

'કુમાર! જે કામ તારા બંને સસરાઓએ કર્યું એ હવે હું પણ કરીશ. તારા રાજ્યને સંભાળ.'

સિંહલકુમાર બાળકની જેમ રડી પડયો અને બોલ્યો-

'હવે તમે પણ મને છોડી જશો? તમારા વગર હું કેવી રીતે રહીશ?'

'અરે પુત્ર ! તું મોહવશ જ આવું કહે છે. હું પણ તો મારા પિતા વિના રહ્યો છું. આ ક્રમ તો આવી રીતે જ ચાલે છે. અહીંયાં કોણ કોનું છે ? હવે તો તું મને સંયમ ગ્રહણ કરવાની અનુમતિ આપ. મારા ભાગ્યથી મુનિ આવે તો હું દીક્ષા ગ્રહણ કરું.

સિહલકુમારે પોતાના મનને સમજાવ્યું. અને પિતાના વિચાર સાથે સહમત થયો. થોડા જ દિવસો પછી આચાર્ય ધર્મઘોષ શ્રમણો સહિત બાગમાં પધાર્યા. નગરજનો બોધ સાંભળવા આવ્યા. રાજા સિંહરથ બોધિત થયા. તેમણે દીક્ષા અંગીકાર કરી લીધી. રાણી સિંહલાએ પણ પતિ અનુસનુંરણ કર્યું.

હવે સિંહલકુમાર સિંહલદ્વીપનો પણ રાજા હતો. સિંહલપુરમાં રહીને જ તે ત્રણેય રાજયોનું શાસન કરી રહ્યો હતો. તે સમય દરમ્યાન તેની ચારેય રાણીઓએ એક એક પુત્રને જન્મ આપ્યો. ધનશ્રીના પુત્રનું નામ રાખ્યું ધનેન્દ્ર. એવી રીતે બાકીના ત્રણ રત્નસેન, રૂપસેન અને કુસુમપાલ થયા. ચારેય પુત્રો મોટા થયા. વિદ્યા મેળવવા યોગ્ય થયા.

જયારે લગ્નની વાત આવા તો ધનેન્દ્રએ સ્પષ્ટ ના પાડી દીધી.

'પિતાજી! હું લગ્નના બંધનમાં નહીં ફસાઉં. મારે તો દીક્ષા અંગીકાર કરવી છે.'

સિંહલકુમારે મૂંઝાઈને પૂછયું-

'અરે પુત્ર! તું આટલી જલ્દી દીક્ષા લઈશ ? દીક્ષા લેવા માટે તો વૃદ્ધાવસ્થા જ યોગ્ય છે.'

ધનેન્દ્રએ કહ્યું-

'પિતાજી! જે મૃત્યુ સાથે મિત્રતા રાખે છે, તે ચાહે ગમે ત્યારે સંયમ લે, પણ મને તો મૃત્યુનો કોઇ ભરોસો જ નથી ને. બીજી વાત એ પણ છે કે જે વૃદ્ધાવસ્થામાં ચારિત્ર ગ્રહણ કરે છે, તે મોક્ષ નથી મેળવી શકતા, દેવત્વ જ પ્રાપ્ત કરી શકે છે. ' *

સિંહલકુમારને ધનેન્દ્રની વાત ધ્યાનમાં આવી ગઈ. વિચારવા લાગ્યો-'હું ત્રણ ત્રણ રાજયોનો રાજા બની ગયો અને મારી ઓળખ જ ભૂલી ગયો? ધનેન્દ્ર સાચું કહે છે.

* દશ વૈકાલિક સૂત્ર-અ. ૪ પ્રમાણે પાછલી અવસ્થા (વૃદ્ધાવસ્થા)માં દીક્ષા લઈને ચારિત્રનું પાલન કરે તો દેવલોક પ્રાપ્ત કરે.

હવે તો મારે ચેતવું જોઈએ. ભલા પુત્ર દીક્ષા લે અને પિતા વિષય-વિષમાં ડૂબેલો રહે? મુનિ આવ્યા છે. હું પણ ધનેન્દ્રની સાથે જ સંયમ ગ્રહણ કરીશ.'

રત્નસેન, રૂપસેન અને કુસુમપાલનાં લગ્ન થઈ ગયાં. સિંહલકુમારે ત્રણેયને ત્રણેય દેશનો રાજ્ય ભાર પણ સોંપી દીધો. રત્નસેનને તેના દાદા રત્નપ્રભના રાજ્ય રત્નપુરનો રાજા બનાવ્યો. કુસુમપાલને કુસુમપુરનો અને રૂપસેનને સિંહલપુરનો શાસક બનાવ્યો. હવે તે મુનિના આગમનની પ્રતીક્ષા ઘણી ઉત્કટતાથી કરી રહ્યા હતા.

એ સમય દરમ્યાન વિચરણ કરતા એક મહા જ્ઞાની મુનિ સિંહલપુરમાં પધાર્યા. સમગ્ર રાજપરિવાર મુનિનો ઉદ્‌બોધ સાંભળવા ગયો. ધનેન્દ્ર અને સિંહલકુમાર તો પહેલેથી જ પ્રતિબુદ્ધ હતા. ચારેય રાણીઓ પણ પ્રતિબુદ્ધ થઈ ગઈ. છ જીવોએ દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. રૂપસેને ભાઈ તથા માતા-પિતાનો દીક્ષા મહોત્સવ કર્યો. કુસુમપાલ અને રત્નસેન પણ આ શુભ અવસર પર આવી ગયા હતા.

હર્ષ અને કરુણના મિશ્ર વાતાવરણમાં નગર-વાસીઓએ પોતાના પ્રિય રાજાને વિદાય કર્યા. રાજસી વસ્ત્રો, અભૂષણોનો ત્યાગ કરીને છયે જણાએ કેશ-

લુંચન કરાવીને મુનિવેશ ધારણ કર્યો. આ છયે મોક્ષાર્થી હતા-મુનિ ધનેન્દ્ર, મુનિ સિંહલ, સાધ્વી ધનશ્રી, રત્નવતી, કુસુમવતી અને રુપવતી સાધ્વીઓ આર્ય સુવ્રતના સંઘમાં જોડાઈ ગઈ.

જીવનના અંત સુધી છયેએ કઠોર ચારિત્રનું પાલન કર્યું. આયુષ્ય પૂરું કરીને મુનિ ધનેન્દ્રએ મોક્ષ પ્રાપ્ત કર્યો. મુનિ સિંહલ દેવલોકમાં દેવ બન્યો. ચારેય સાધ્વીઓ લિંગચ્છેદ કરીને દેવતા બની અને દેવલોક મેળવ્યો. આવતા ભવમાં તપ કરીને આ પાંચેય જીવ મોક્ષ પદ પ્રાપ્ત કરશે. મનુષ્યના જીવનના વિચિત્ર અદ્દભુત ઘટના-ક્રમોનો અંત આવો જ હોય છે. *

---

આ કથા લગભગ પાંચસો વર્ષ જૂની તો છે જ. સં. ૧૬૭૨માં કવિવર સમય સુંદરજીએ આ પ્રાચીન 'સિંહલસી ચરિત્ર'ના આધાર પર પદ્યબદ્ધ કરી છે. (જુઓ, 'મરુભારતી'માં પ્રકાશિત શ્રી અગરચન્દજી નાહટાનો લેખ) શ્રી અમોલક ઋષિ મહારાજે સિંહલકુમાર ચરિત્ર ૧૯૫૭માં રચ્યું.

—સંપાદક

સમાપ્ત

# વચનનું તીર

આનંદપુર નામનું એક સુંદર નગર હતું. ત્યાંના રાજાનું નામ જિતશત્રુ અને મહારાણીનું નામ માલિની હતું. રાજા ન્યાય અને નીતિથી રાજ્યનું શાસન કરતો હતો. તેણે દરેક જગ્યા પર દાનશાળા ખોલાવી હતી. ત્યાં દેશ- વિદેશ-ના હજારો ગરીબ લોકો આવતા હતા. રાજા બધી વાતે સુખી હતો પણ તેને પુત્ર ન હોવાથી દુઃખી હતો. રાજા દિવસ–રાત વિચારતો હતો કે મારા મૃત્યુ પછી આ રાજ્ય-નું સંચાલન કોણ કરશે ?

એક દિવસ રાજા પાસે એક માણસ આવ્યો. તેણે આવી રાજાને કહ્યું:

‘તમે જે ચિંતામાં છો તેમાંથી મુકત થવાનો એક ઉપાય છે. મને વિશ્વસ છે કે જો તમે એ ઉપાય કરશો તો ચિંતામાંથી મુકત થશો.’

રાજાએ કહ્યું:

‘તે કયો ઉપાય છે તે બતાવો.’

તેણે કહ્યું કે રાજા ! અહીંથી પૂર્વ દિશામાં ચોવીસ માઇલ દૂર ભયાનક જાંગલમાં એક ગુફા છે. ત્યાં એક બહુ મોટા ચમત્કારી યોગી રહે છે. તે યોગીની ચમત્કારીક હજારો વાતો જનસમાંજમાં પ્રચલિત છે. મને વિશ્વાસ છે કે એ યોગી તમારી ઇચ્છા પૂરી કરશે.

રાજા પોતાની રાણી સાથે તે યોગી પાસે પહોંચ્યો અને પ્રણામ કરી નમ્રતાથી બોલ્યો:

'ભગવન્ ! તમે તો અંતરયામી છો. પરદુઃખ ભંજક છો. હું મારા માટે નહીં પણ પ્રજાના જીવન માટે સંતાનની ઇચ્છા રાખું છું. જેથી પ્રજાનું જીવન સુખ શાંતિમય રહી શકે.'

રાજા અને રાણી યોગીની સેવા કરતાં રહ્યાં. યોગી રાજાની સેવા પર મુગ્ધ થઇ ગયા. યોગીએ પોતાના યોગના પ્રતાપથી એક કેરી મંગાવી રાજાને આપતાં કહ્યું:

'ભગવાનનું નામ લઇ આ કેરી રાણીને ખવડાવી દેજો.'

રાજાએ તે લઇ લીધી. કેરીની છાલ અને ગોટલી રાજાની ઘોડીએ ખાધી. સમય પસાર થતાં રાણીને એક પુત્ર થયો અને ઘોડીને ઘોડો જન્મ્યો. રાજાએ આખા નગરમાં ઉત્સવ કર્યો.

નામકરણના દિવસે રાજાએ નગરના મહાન જ્યોતિષીઓને બોલાવી પૂછ્યું:

'મારા પુત્રના ગ્રહો કેવા છે ?' જ્યોતિષીઓ ગ્રહો જોઈને વિચાર કરવા લાગ્યા. તેમણે રાજાને કહ્યું:

'જ્યારે કુંવરનો જન્મ થયો હતો ત્યારે વાઘ ગર્જના કરતા હતા. પવન ફુંકાતો હતો. જે નક્ષત્ર હતું તે સારું ન હતું. એ નક્ષત્રથી પિતાનું જીવન કષ્ટમય બનશે. પિતાના જીવનમાં અનેક ઉપાધી અને વિઘ્ન ઊભાં થશે.'

રાજાએ પૂછયું:

'આ અશુભ નક્ષત્રથી બચવાનો કોઈ ઉપાય છે?'

જ્યોતિષીઓએ બતાવ્યું:

'વીસ વર્ષ સુધી પિતાએ પુત્રનું મોઢું જોવું નહીં અને બાળકને ભૂમિગૃહમા મોટો કરવો. જ્યારે બાળક છ મહિનાનો થાય ત્યારે તેની સગાઇ કરી નાખવી. યોગીએ તમને કેરી આપી હતી એટલે આ બાળકનું નામ રસાલકુમાર રાખવું.'

રાજાએ બગીચામાં એક મોટું ભૂમિગૃહ બનાવડાવ્યું. તેમાં રાજકુમારને રાખવામાં આવ્યો. જ્યારે એ છ મહિનાનો થયો ત્યારે નંદનપુરના રાજા સિંહદત્તની પુત્રી શીલવતી સાથે તેનો વિવાહ નક્કી કરવામાં આવ્યો.

જ્યારે કુમાર થોડો મોટો થયો ત્યારે યોગ્ય વિદ્વાનોના સંપર્કથી અધ્યયન કરવા લાગ્યો. ઉત્તમ બુદ્ધિને કારણે રસાલકુમારે થોડા સમયમાં જ બોતેર કળાઓ શીખી લીધી. જેણે રાજકુમારને જોયો તે બધા તેના રૂપ અને

શૌર્યની પ્રશંસા કરવા લાગ્યા.

રસાલકુમારની વિવાહીતા શીલવતીએ જ્યારે આ સાંભળ્યું ત્યારે એ પણ પોતાના પતિને જોવા અધીરી બની. તે પોતાના પિતાની રજા લઈ જાત્રા કરવાના બહાને આનંદપુરના બગીચામાં આવી. પુરુષવેશ ધારણ કરી રક્ષકોને ઈનામ આપી કહ્યું:

'મને રાજકુમારને મળવા દો.'

રક્ષક તેને રાજકુમાર પાસે લઈ ગયા. તે સમયે રાજકુમાર રસાલ રમી રહ્યો હતો. તેને જોઇ રાજકુમારીએ કહ્યું:

'મૂર્ખરાજ ! ક્યાં સુધી આ ભૂમિગૃહમાં ફરશો ? હવે તો બહાર નીકળો. હું તમારા ગળામાં વરમાળા નાખવા ખૂબ જ ઉત્સુક છું'

રાજકુમારે 'મૂર્ખરાજ' શબ્દ સાંભળ્યો એટલે તેને દુઃખ થયું. વાગદત્તા માટે તેના મનમાં વિવિધ કલ્પનાઓ ઊઠતી હતી. પરંતુ મૂર્ખ, શબ્દએ તેની કલ્પના પર પાણી ફેરવી નાખ્યું. તેને એટલો બધો ગુસ્સો આવ્યો કે જો પાસે હથિયાર હોત તો તેને ત્યાં જ મારી નાખી હોત.

કુમાર રસાલ સમજી ગયો કે આ જ મારી થનાર પત્ની છે. તેણે મને મૂર્ખ કહ્યો એટલે હવે એવાં મૂર્ખતા ભર્યાં કામ કરીશ કે જેથી તે જીવનભર પસ્તાય.

રસાલ કુમરે કહ્યું:

'શીલવતી ! તમે મને મૂર્ખ કહ્યો છે. હું નગરની વચ્ચે ચોરીમાં લગ્ન મંડપમાં લગ્ન કરીશ અને તમારી સાથે ત્રણ ફેરા ફરી અર્ધવિવાહિત અવસ્થામાં તમને છોડી દઈશ. ત્યારે તમને ખબર પડશે કે મને મૂર્ખ કહેવાથી કેટલું ખરાબ પરિણામ આવે છે.'

આ સાંભળીને રાજકુમારી ધ્રૂજી ઊઠી અને તેને લાગ્યું કે ભયંકર ભૂલ કરી. થોડી બેદરકારીને કારણે મારા દાંપત્ય જીવનનું ઝાડ મુરઝાઈ ગયું. પતિનો પ્રેમ મેળવવા આવી હતી પણ એક જ વાક્યમાં બધો સ્નેહ નષ્ટ કરી નાખ્યો. ભૂલ તો થઈ ગઈ. હવે હું મીઠાં વચનોથી પ્રેમ પાછો મેળવી લઉં. તેથી તેણે કહ્યું:

'હે સ્વામી ! તમે જલ્દી ભૂમિગૃહમાંથી બહાર આવો. મારા હાથથી બદામ- પિસ્તાવાળું કેસરિયા દૂધ પીવો. હું તમારી ખૂબ જ સેવા કરીશ મારા પર કૃપા કરો અને મારી ભૂલને ભૂલી જાઓ.'

કુમારે ખડખડાટ હસતાં-હસતાં કહ્યું:

'શરીર પર લાગેલો ઘા રૂઝાઈ જાય છે પણ વાણીનો ઘા રૂઝાતો નથી. હવે ભલે તમે મને દૂધ પીવડાવો પણ મારામાં જે મીઠાશ અને મધુરતા હતી તે જતી રહી છે.'

શીલવતીએ રડતાં-રડતાં કહ્યું:

'નાથ ! મારા ગુનાને માફ નહીં કરો ?'

'એક વાર મોતી તૂટી જાય પછી તેને જોડી શકાતું નથી. જો તેને જોડવામાં આવે તો વચ્ચે તીરાડ રહી જાય. તેમ દીલ પણ તૂટે પછી તેને જોડી શકાતું નથી.'

શીલવતીએ વિનયથી કહ્યું: 'તમે તમારો વરઘોડો લઇને જલ્દી આવજો. હું તમારી રાહ જોઇશ.'

રસાલે કહ્યું:

'હું જરૂરથી તમારી સાથે લગ્ન કરવા આવીશ અને ત્રણ ફેરા ફરી તમને છોડી દઇશ.'

'શીલવતી બોલી : નાથ તેનાથી તમારા કુળમાં ડાઘ લાગશે. જે સાંભળશે તે તમારી બુદ્ધિને તિરસ્કારશે. હું અબળા છું. તમે મોટા રાજાના પુત્ર છો. તમે મારા બોલેલા વચનને ભૂલી જઇ મારા ઉપર પ્રેમ રાખજો.'

રસાલઃ 'તમે અબળા છો તે સાચું છે. પણ તમારી વાણી સબળ છે. તે તીરની જેમ મારા હૃદયમાં ભોંકાઇ રહી છે. તમે વારંવાર તેને ભૂલી જવાનું કહો છો. આ બોલ અગ્નિ અને વીજળી જેવા છે. '

શીલવતીએ ઘણો જ પ્રયાસ કર્યો પરંતુ કુમાર રસાલ પોતાની જીદમાં અડગ રહ્યો. શીલવતી મનમાં વિચારવા લાગી. હું પ્રેમની અનુભૂતિ કરવા આવી હતી પણ દ્વેષની અનુભૂતિ કરૂં છું. તે પોતાના પિતાને ઘેર પાછી ગઇ. તેનું

મોઢું ઉદાસ થઈ ગયું હતું. તેની માતા તથા દાસીઓ એનું કારણ જાણવા ઉત્સુક હતાં, પણ તેણે કોઇને કારણ કહ્યું નહીં. તે જાણતી હતી કે ભૂલ મારી છે. મારી મૂર્ખતા પર કડવાં વેણ સાંભળવાં પડશે.

રાજકુમાર રસાલ વીસ વર્ષ પછી ભૂમિગૃહની બહાર આવ્યો. આખા નગરમાં આનંદ છવાઈ ગયો. તેણે માતા-પિતાને પ્રણામ કર્યા અને સારું ચોઘડિયું જોઈ લગ્ન કરવા રવાના થયો. નંદનપુર પહોંચી તેણે ચોરાની વચમાં લગ્ન કરવાની હઠ લીધી.

તેથી જિતશત્રુ રાજાએ સિંહદત્તને કહ્યું :

'આ મારો એકનો એક પુત્ર છે. તેણે કુળદેવી આગળ માનતા માની છે કે હું ચોરાની વચ્ચે જ લગ્ન કરીશ. તેથી તમે તેની વ્યવસ્થા કરો.'

રાજા સિંહદત્તે તે જ સમયે લગ્નની વ્યસ્થા કરાવી. લગ્ન મંડપમાં રાજકુમાર રસાલ શીલવતી સાથે ત્રણ ફેરા ફર્યો અને ચોથા ફેરા વખતે કહ્યું કે મારા પેટમાં બહુ જ દુખે છે. તે હસ્તમેળાપના દોરાને તોડી ત્યાંથી જવા લાગ્યો. રાજા જિતશત્રુ પોતાના પુત્રના આવા વ્યવહારથી ગુસ્સે થઇ ગયો અને બોલ્યો:

'અરે દુષ્ટ! તારે લગ્ન કરવાં ન હતાં તો આ અબળાને દુઃખી કેમ કરી? આખા સમાજમાં મને બેઆબરૂ કર્યો. તું

તારૂં મોઢું મને હવે ન બતાવીશ. તું અહીંથી ચાલ્યો જા.'

પોતાના પિતાના તીર જેવા શબ્દો રસાલના હૃદયને અસર કરી ગયા. જે ઘોડીને કેરીની ગોટલી ખવડાવી હતી અને તેના કારણે તેણે જે તેજસ્વી ઘોડાને જન્મ આપ્યો હતો તે ઘોડા ઉપર બેસી વહેલી સવારે રસાલ વિદેશ યાત્રા માટે રવાના થયો.

શીલવતીએ પોતાના ગુપ્તચરો પાસેથી જાણી લીધું કે રાજકુમાર સવારે વિદેશયાત્રા માટે રવાના થવાના છે. તેથી તેણે રસ્તો રોકી કહ્યું :

'પતિદેવ! તમારી પત્ની તમારા વગર તરફડી રહી છે. તે રડી રહી છે. તમારાં માતા-પિતા પણ ચિંતા કરે છે. પ્રિયતમ ! તમે આ સારૂં કામ નથી કર્યું.'

શીલવતીએ કાગડાને સંબોધીને કહ્યું:

' હે કાગરાજ! તું મારા પતિને જતાં રોક. હું મારા પતિને સમજાવી શકતી નથી. તે મારા ગુના માફ કરતા નથી. જો તું સમજાવીશ તો હું તારી ચાંચ સોને મઢાવીશ. તને ભાઈ સમાન માનીશ અને તારી પાંખોમાં હીરા જડાવીશ.'

રાજકુમાર રસાલનું હૃદય પત્નીના કરૂણ વિલાપથી પણ પિગળ્યું નહીં. તેણે ખડખડાટ હસતાં કહ્યું-

' હે કાગરાજ! તારે સોનાની ચાંચ મઢાવાની નથી અને પાંખમાં હીરા પણ જડાવાના નથી. હું પાછો ફરવાનો

નથી. હે શીલવતી! મને શા માટે દોષ આપી રહી છે ? તું તારી જાતને દોષ આપ, જેના કારણે તારો પતિ તારાથી રીસાયો છે.'

શીલવતી મનમાં સમસમી રહી ગઈ. કુમાર રસાલ ઘોડા પર બેસી દેશ-પરદેશમાં ફરતો ફરતો સુરપુર નગરીના બગીચામાં આવી પહોંચ્યો. બગીચામાં તેની રખેવાળ માલણ બેઠી હતી. માલણનું રૂપ સુંદર હતું. તેણે કુમાર રસાલનું સ્વાગત કર્યું. મીઠાં ફળો ખાવા આપ્યાં. કુમાર રસાલ માલણના રૂપ પર મોહિત થઇ ગયો. તેણે પૂછ્યું :

'માલણ ! આ બગીચો કોનો છે? આ બગીચામાં ફળોનાં ઝાડ બહુ જ છે. તું કોની પત્ની છે? આ બગીચો કયા રાજાનો છે?'

માલણે કહ્યું :

'આ બગીચો મારો છે. મારા પતિનું નામ હરિવલ્લભ છે. અને આ સુરપુર નગરના રાજાનું નામ પૃથ્વીસિંહ છે.'

રસાલઃ 'માલણ! તારા રૂપને જોઈ હું મુગ્ધ થઈ ગયો છું. તારું રૂપ આવા ઉપવનમાં વૃક્ષોને પાણી પીવડાવી પસાર કરવા માટે નથી. તું મારી સાથે ચાલ. હું તને સુંદર વસ્ત્રો અને અલંકારો આપીશ. તું મારા મહેલમાં આનંદથી રહેજે.'

આ સાંભળી માલણ ગુસ્સે થઈ બોલીઃ

શરમ નથી આવતી 'તને આવું બોલતાં ? તું અહીંથી પાછો ચાલ્યો જા. નહીંતર હું તારી ચામડી ઉતારી તેમાં મીઠું ભરાવી દઈશ.'

અપમાનિત થઇ કુમાર રસાલ ત્યાંથી આગળ વધ્યો. તેને યાદ આવ્યું કે જેવી રીતે શીલાવતીએ મને કટુવચન કહી પોતાની મૂર્ખાઈ પ્રગટ કરી હતી તેવી રીતે મેં પણ માલણ સાથે અવિવેકની વાત કરી મારી મૂર્ખાઈ પ્રગટ કરી. મારે આવું કરવું જોઈતું ન હતું. હું કામાન્ધ બની મારી ખાનદાનીનું ગૌરવ ભૂલી ગયો. મારી જાતને ધિક્કાર છે. તે આગળ વધતો ગયો અને પશ્ચાત્તાપ કરતો રહ્યો.

ભયાનક જંગલમાં ચારે બાજુ પ્રકૃતિ સૌંદર્ય પથરાયેલું હતું. ત્યાં એક મોટું મકાન બનાવેલું હતું. મકાન જોઈ કુમારરસાલ વિસ્મીત થયો. તેણે એ મકાનમાં પ્રવેશ કર્યો પણ તેમાં કોઇ હતું નહીં. કુમાર રસાલ એક જગ્યાએ છુપાઇને બેસી ગયો.

થોડા સમય પછી એક વિમાનમાંથી મહાન ચમત્કારિક પુરુષ અને સ્ત્રી ઉતર્યાં. તેઓ સૌ પ્રથમ ચોપાટ રમ્યાં. ત્યાર પછી પેલી સ્ત્રીએ નૃત્ય અને સંગીતથી પેલા ચમત્કારિક પુરુષને મુગ્ધ કર્યો. ચમત્કરિક પુરુષે પોતાની મંત્ર વિદ્યાથી વિવિધ પ્રકારનું ભોજન મંગાવ્યું. બંનેએ ખાધું અને એક મોટા પલંગ પર સૂઇ ગયાં.

મંત્રવાદીએ મંત્રના બળથી પેલી સ્ત્રીને ગાઢ

નિદ્રામાં નાખી અને બીજા ઓરડામાં જઇ એક પેટી ખોલી અને એક સુંદર કન્યાને બહાર કાઢી અને તેની સાથે કામક્રીડા કરવા લાગ્યો. જ્યારે તે કામ ક્રીડાથી તૃપ્ત થયો ત્યારે ફરી પેટીમાં પેલી કન્યાને મૂકી પોતાના પલંગ પર આવી સૂઇ ગયો. તેણે પેલી સ્ત્રીને મંત્રથી સુવાડી હતી તેને જગાડી અને એ પોતે સૂઇ ગયો.

તેને સૂઇ ગયેલો જોઈ પેલી સ્ત્રી ઉઠી. તેણે પણ પોતાની મંત્ર વિદ્યાથી પેલા પુરુષને ગાઢ નિદ્રામાં નાખ્યો અને બીજા ઓરડામાં ગઇ. તેની પાસે એક ડબ્બી હતી. તેને કાઢી અને મંત્ર ભણ્યો. ડબ્બી ખોલી ત્યાં જ એક દિવ્ય પુરુષ ડબ્બી-માંથી પ્રગટ થયો. તે સ્ત્રીએ પુરુષ સાથે ઘણો સમય રતિ-ક્રિડા કરી . જ્યારે તે થાકી ગઈ ત્યારે ફરીથી તે દિવ્ય પુરુષને ડબ્બીમાં મૂકી મંત્રથી તેને બંધ કરી દીધો.

કુમાર રસાલ છુપાઇને આ બધું જોઇ રહ્યો હતો. તેને ઘણું આશ્ચર્ય થયું. આ કેવાં સ્ત્રી પુરુષ છે જે સામે સારાં લાગે છે અને એમ લાગે છે કે એકબીજા વિના પ્રાણ આપી દેશે, પણ વાસ્તવમાં તેમનું જીવન કેટલું જુદું છે ! બંને ચરિત્ર ભ્રષ્ટ છે. બંનેમાં વાસનાનું સામ્રાજ્ય છે. બંને ભોળી જનતા સામે સિધ્ધપુરુષના રૂપમાં પોતાની જાતને જાહેર કરે છે અને આત્મવંચના કરે છે.

સવાર થતાં બંનેએ રસાલકુમારને જોયો. તેમણે પૂછ્યું :

'તું કયાંથી આવ્યો છે ? અને કયારે આવ્યો ?' રસાલકુમારે કહ્યું :

'હું કાલ સાંજનો અહીં આવ્યો છું. આગળ ભયાનક જંગલ હોવાથી હું અહીં વિશ્રામ કરવા રોકાયો અને આખી રાત અહીં રહ્યો. જગ્યા નવી હોવાથી આખી રાત ઊંઘી શકયો નહીં. રાત્રે ઉજાગરો થવાથી આંખો ભારે થઈ ગઈ છે.'

સ્ત્રી-પુરૂષે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેમના પગ નીચેથી જમીન ખસવા લાગી. સિધ્ધ પુરુષને લાગ્યું કે મારા ખરાબ કાર્યની વાત મારી પત્ની સામે પ્રગટ થશે તો ગજબ થઇ જશે. તેથી તેણે રસાલકુમારને ખુશ કરવા અને પોતાના પાપને ઢાંકવા માટે એક સુંદર ઉંદર આપ્યો. ઉંદર તે મંત્રનો બનેલો હતો. તેને એક બટન લગાવવામાં આવ્યું હતું. તે બટન દબાવતાં તે ઉંદર દોડવા લાગતો. સિદ્ધપુરૂષે કહ્યું :

'આ ઉંદરથી તને જીવતદાન મળશે.'

તે સમયે પેલી સ્ત્રીએ ચોપાટ આપતાં કહ્યું :

'આ ચોપાટ વિજય ચોપાટ છે. આ ચોપાટથી તને વિજય પ્રાપ્ત થશે.'

બંને વસ્તુ લઇ રસાલકુમાર ત્યાંથી ચાલ્યો ગયો. તે વિચાર કરવા લાગ્યો કે મારૂં કેટલું સદ્‌ભાગ્ય છે કે હું માલણની દઢતાને કારણે પરસ્ત્રીના પંજામાં ફસાયો નહીં

જો માલણે ધાર્યું હોત તો મારી દશા બગાડી નાખત. સિદ્ધ-પુરુષ અને સ્ત્રી ગણાતા લોકોની આ સ્થિતિ છે. સિદ્ધિ સ્ત્રીઓ પોતાનું પાપ છુપાવવા આ વસ્તુઓ મને આપી. હું પ્રતિજ્ઞા કરું છું કે સંસારમાં જેટલી પરસ્ત્રીઓ છે તે બધી મારી મા બહેન બરાબર છે અને જે સ્ત્રી મારી જેમ ભૂમિગૃહમાં મોટી થઈ હશે અને જેનું ચારિત્ર્ય પવિત્ર હશે તેવી સ્ત્રી સાથે હું લગ્ન કરીશ.

આ પ્રમાણે વિચાર કરતાં કરતાં તે તાંબાવતી નગરીમાં પહોંચ્યો. તેણે નગરીની બહાર કોઈક વ્યકિતને પૂછ્યું કે અહીંનો રાજા કોણ છે અને આ નગર કેવું છે ? તે વ્યકિતએ કહ્યું :

'આ નગરીના રાજા પૃથ્વીસિંહ છે. તે મિથ્યાભિમાની છે. તે બહારથી આવતી વ્યકિતઓને ફસાવી મારી નંખાવે છે. આ મનુષ્ય મારવાવાળી નગરી છે. તમે રાજકુમાર લાગો છો. તમારી પાસે ઘોડો અને શસ્ત્ર છે. તેથી મારી તમને વિનંતી છે કે તમે અહીંથી જતા રહો.'

રસાલકુમારે મૂછ પર હાથ ફેરવતાં કહ્યું :

'હું જોઉં છું કે મને કોણ મારે છે! મારા પ્રાણ લેવાની કોનામાં હિંમત છે?' રાજકુમાર રસાલ રાજમહેલ નીચે આવ્યો. તેણે ત્યાં રાખવામાં આવેલી ઘંટડી વગાડી રાજાને સૂચના આપી કે હું તમને મળવા આવ્યો છું.

ઘંટડીનો અવાજ સાંભળી રાજા પોતે રાજકુમાર રસાલ-ને મળવા પહોંચ્યા. રાજકુમાર જોડે ઔપચારિક વાત કરી રાજાએ કહ્યું :

'તમે મારી સાથે ચોપાટ રમશો ?'

રાજકુમારે કહ્યું :

'જો તમારી રમવાની ઈચ્છા છે તો હું જરૂરથી રમીશ.'

રાજાએ હસતાં હસતાં કહ્યું :

'મારો નિયમ એવો છે કે જે મારાથી ચોપાટ હારી જાય તેનું માથું હું કાપી નાખું છું એ તમને ખબર છે અને હું હારી જાઉં તો જીતનાર મારું માથું કાપી શકે છે ! જો તમને શરત મંજૂર હોય તો પંચની સામે રમવું પડશે જેથી પછી ફરી ન જાઓ.'

પંચે રાજકુમાર રસાલને કહ્યું :

'રાજકુમાર ! અમારા રાજા હજુ સુધી કોઈથી હાર્યા નથી. હજારો લોકો હારીને મરી ગયા છે. છતાં તમે નકામા રાજા સાથે ચોપાટ રમી જીવ શા માટે ગુમાવો છો ?'

રાજકુમારે કહ્યું :

'બીજા રાજકુમારો અને રાજાઓ જુદા હતા અને હું જુદો છું. મારી સાથે રમતાં પસીનો છૂટી જશે. હું પણ જોવા ઇચ્છું કે રાજા કેવી રીતે જીતે છે ?'

શરત સ્વીકારી રાત્રે રાજા ચોપાટ રમવા બેઠા. રાજકુમારે

જોયું કે રાજાએ એક બિલાડીના માથા ઉપર દીવો રાખ્યો છે. બિલાડી રાજાના ઇશારાથી પોતાનું માથું હલાવી અંધારૂં કરી નાખે છે. તેથી રસાલકુમારે પોતાની પાસે જે મંત્રવાળો ઉંદર હતો તેને છૂટો મૂકયો.

ઉંદરને જોતાં જ બિલાડી ઝાપટ મારી તેને પકડવા દોડી. તેથી અંધારૂં થઇ ગયું. કુમારે અંધારામાં રાજા પાસે જે પાસા હતા તે સંતાડી દીધા અને સિદ્ધ યોગિનીએ આપેલા પાસા ત્યાં મૂકી દીધા. કુમારે કહ્યું :

'આ બિલાડી વારંવાર અંધારૂં કરી નાખે છે તેથી રમવાની મઝા આવતી નથી. તેથી આ દીવાને કોઇ ઊંચી જગ્યાએ મૂકો તો સારૂં.

સિદ્ધ યોગિનીના મંત્રવાળા પાસાને કારણે રાજા ત્રણવાર રસાલકુમારથી હાર્યો. રાજા પૃથ્વીસિંહનો જીવ મુશકેલીમાં મૂકાયો. ને રસાલકુમારના પગમાં પડી ગયા અને તેમણે રસાલકુમાર પાસે પોતાના જીવની ભીખ માગી. રસાલકુમારે કહ્યું :

'તમે અભિમાનથી હજારો લોકોના પ્રાણ લીધા. તમે કેટલાને અભયદાન આપ્યું ? તે સમયે તમે કશું વિચાર્યું હતું ? અરે પાખડી ! આજે તારી પોલ ખુલ્લી પડી ગઇ છે. હું તને જીવતદાન આપી શકું તેમ નથી."

રાજાએ વારંવાર પોતાના જીવનની ભીખ માગતાં કહ્યું:

'તમે મારા જીવનની કોઈ પણ કિંમતી વસ્તુ માગી શકો છો.'

'તમારે જે છ વર્ષની પુત્રી છે તેનું લગ્ન મારી સાથે કરો'

રાજાએ કહ્યું : 'હજુ તો એ બહુ નાની છે.'

મહારાણીએ પણ કહ્યું :

'આ લગ્ન કેવાં ?'

રાજાએ કહ્યું:

'તું મારો જીવ ઈચ્છતી હોય તો લગ્ન કરી નાખવાં તેમાં જ આપણુ ભલું છે.'

મહારાણીની ઈચ્છા ન હોવા છતાં રાજાનો જીવ બચાવવા રાજકુમારી મંજુશ્રી સાથે રસાલકુમારનું લગ્ન થયું. રસાલકુમારે નગરની બહાર ઉપવનમાં એક ભૂમિગૃહ બનાવડાવ્યું અને વિશ્વાસપાત્ર દાસીઓને બધું સોંપી કહ્યું: 'તમે રાજ કુમારીનું રક્ષણ કરજો અને કળામાં સાથ આપજો. તેના જીવનનો ભાર તમારી ઉપર છે.' આટલું કહી બધી જવાબદારી સમજાવી કુમાર વિદેશ યાત્રા માટે આગળ વધ્યો.

રાજકુમાર રસાલ ચાલતાં ચાલતાં રત્નપુર પહોંચ્યો. તે ઘોડા ઉપર બેસી રાજમહેલની નીચેથી જતો હતો. રાજમહેલ બહુ જ કલાત્મક બનાવવામાં આવ્યો હતો. તેણે મહેલની

કારીગરીને ધ્યાનથી જોઇ. વિવિધ પ્રકારનાં ચિત્ર દોરવામાં આવ્યાં હતાં.

રાજકુમાર આ બધું જોઈ રહ્યો હતો ત્યારે રાજકુમારી સુંદરી ગોખમાંથી નગરને જોઇ રહી હતી. તેણે ઘોડા પર બેઠેલા તેજસ્વી રસાલકુમારને જોયો અને આશ્ચર્યથી જોઈ રહી. આ કોણ છે ? આજ સુધી મેં આવો કોઈ યુવાન જોયો નથી.

રાજકુમારીએ પોતાના ગળામાં પહેરેલી ફૂલોની માળા રાજકુમાર ઉપર ફેંકી. ફૂલોની માળા જોઈ કુમારે તે તરફ જોયું. રાજકુમારીના સંકતનો અર્થ એ હતો કે હું તમારા પર મુગ્ધ છું. તમે ક્યાંથી આવો છો ? તમે કયા કુળને ઊજાળનાર છો?

રાજકુમારે સુંદરીની મોકલેલી દાસીને બધી વાત કહી. રાજકુમાર નગરને જોઈ ઉપવનમાં જઇને રહ્યો. દાસીએ મહારાણીને કહ્યું :

'મહારાણી ! ઉપવનમાં એક રાજકુમાર આવ્યા છે. તે બહુ જ તેજસ્વી, સુંદર અને સાહસિક છે. રાજકુમારી માટે તમે અને રાજા યોગ્ય વરની ઘણા દિવસોથી તપાસ કરી રહ્યાં છો. પણ કોઈ યોગ્ય વર આજ સુધી મળ્યો નહીં. મારી દૃષ્ટિએ આનાથી ઉત્તમ વર મળવો મુશ્કેલ છે. એટલે તમે રાજકુમારીનાં લગ્ન આ રાજકુમાર સાથે કરાવી શકો

છો.'

મહારાણીએ આ વાત રાજાને કરી. રાજાએ પોતાના સેવકને મોકલી રાજકુમાર રસાલને અતિથિ ગૃહમાં રોકયો. રાજાએ રસાલ સાથે વાતચીત કરી. રાજાને વિશ્વાસ આવ્યો કે રાજકુમાર યોગ્ય છે. તેથી બહુ જ ઉત્સાહથી સુંદરીનાં લગ્ન રાજકુમાર સાથે કરી નાખ્યાં. રાજકુમાર રસાલ સુંદરીની સાથે આનંદથી ત્યાં રહેવા લાગ્યો.

દશ વર્ષ આમ ને આમ પસાર થઈ ગયાં. એક દિવસ રસાલકુમારને યાદ આવ્યું કે મેં તાંબાવતીમાં છ વર્ષની કન્યા મંજુશ્રી સાથે લગ્ન કર્યું છે અને તેને ભૂમિગૃહમાં રાખી છે. હવે તેની શું સ્થિતિ છે તે જોવી જોઇએ.

રાજકુમારીને કહી કુમાર ત્યાંથી ચાલ્યો ગયો. મંજુશ્રી યુવાન થઇ ગઇ હતી. એક દિવસ દાસીપુત્ર પોતાની માને મળવા ભૂમિગૃહમાં આવ્યો. તેણે રાજકુમારી મંજુશ્રીને જોઇ અને તે મુગ્ધ થઇ ગયો. મંજુશ્રી કામવિહ્વળ થઈ ગઈ.'

ધાય માતાએ કહ્યું :

'પુત્રી ! તારો પતિ રસાલકુમાર છે. તે સુંદર અને બળવાન રાજકુમાર છે.'

ધાયમાતાની ના હોવા છતાં મંજુશ્રી દાસીપુત્રને ચાહવા લાગી. દરરોજ દાસીપુત્ર ભૂમિગૃહમાં આવવા લાગ્યો. મુખ્ય દાસીનો પુત્ર હોવાથી કોઇ તેને રોકી શકતું નહીં. એક દાસીએ રાજકુમાર રસાલને જલ્દી આવવાનું

કહેવડાવ્યું.

રસાલકુમાર આવી રહ્યો હતો ત્યાં જ તેને દાસીનો માણસ મળ્યો. તેણે જણાવ્યું કે તમારા મહેલમાં ચોર પેસી ગયો છે. અને તમારા કિંમતી ધનને ચોરી રહ્યો છે. તમારે તેનું રક્ષણ કરવું જોઈએ.

કુમાર રસાલે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેને ઘણું જ દુઃખ થયું. તે ઉદ્યાનમાં બનાવેલા પોતાના ભૂમિગૃહમાં એકાંત જગ્યાએ જઈ સંતાઈને બેસી ગયો. સાંજ પડી એટલે તરત જ કિંમતી વસ્ત્ર અને આભૂષણો પહેરી દાસીપુત્રએ ભૂમિગૃહમાં પ્રવેશ કર્યો અને સીધો મંજુશ્રીના શયનખંડમાં પહોંચ્યો. મંજુશ્રીએ તેનું સ્વાગત કર્યું.

રસાલકુમાર સંતાઇને દાસીપુત્ર અને મંજુશ્રીની સ્થિતિ જોઈ રહ્યો હતો. તે દાસી ઉપર ગુસ્સે થયો. જ્યારે દાસીપુત્ર કામક્રોડા કરી બહાર આવ્યો કે તરત જ રસાલકુમારે તલવારના એક જ ઝાટકાથી તેને મારી નાખ્યો અને તેના લોહીને એક વાસણમાં ભરી લીધું. પછી તે મંજુશ્રીને તેણે પૂછયું :

'શયનખંડની આવી દશા કેમ છે? અહીં કોઇએ પાન ખાધું છે? કોણ પુરૂષ આવી આ પથારીમાં સૂઇ ગયો હતો?'

મંજુશ્રીએ કહ્યું :

'નાથ! અહીં કોણ આવે? આજ સુધી કોઇપણ

પુરુષે આ ભૂમિગૃહમાં પ્રવેશ કર્યો નથી.'

કુમારે વિચાર્યું કે વહી ગયેલી વાતને બોલવાથી ફાયદો નથી. સવારે ભૂલો પડેલો સાંજે ઘરે આવે તો તે ભૂલો પડેલો ગણાય નહીં.

રસાલકુમારની સૂચનાથી દાસીઓએ તે લોહીથી મંજુશ્રી માટે ઉત્તમ ભોજન બનાવ્યું, મંજુશ્રી બહુ જ મોજથી ખાવા લાગી. એક દાસીએ કહ્યું :

'જે યુવકને તું પોતાનો પ્રાણપ્રિય માનતી હતી. જેની સાથે તું આખી રાત ક્રીડા કરતી હતી. આ જ તે પ્રાણપ્રિય તારી થાળીમાં છે અને તું તેને બહુ જ પ્રેમથી ખાઈ રહી છે !'

આ સાંભળી મંજુશ્રી ધ્રૂજી ઉઠી. તેના ગળામાંથી ભોજન ઉતરવા ન લાગ્યું. તે પાછળની બારીમાંથી એક એક ખાવાની વસ્તુ બહાર ફેંકવા લાગી. બારીમાંથી તેણે જોયું કે તેના પ્રેમીનું મરેલું શબ ત્યાં પડયું હતું. તેની ઉપર ગીધ અને કાગડા ઊડતા હતા. કૂતરાં તેના શરીરને ચૂંથતાં હતાં.

મંજુશ્રી એકીટશે તે જોઇ રહી હતી. અને કહી રહી હતી:

'હે કાગરાજ ! મારા પ્રિયતમના શરીરને ચૂંથો નહીં. તમે તેના શરીરને ચૂંથો છો તે જોઇને મારું મન દુઃખી થાય છે.'

રાજકુમાર સંતાઇને પોતાની પત્નીને જોઈ રહ્યો હતો. તેનો પ્રિયતમ મરી ગયો છે છતાં હજુ પણ તેના ઉપર પોતાનો પ્રાણ પાથરી રહી છે ? રસાલકુમારે નજીક જઇ

મંજુશ્રીને પૂછ્યું :

'હે મંજુશ્રી ! આ જે માણસ મરી ગયો છે એ તારો કોઇ સંબંધી હતો ? તેના કારણે તું આટલી દુઃખી થઈ રહી છે ?'

મંજુશ્રી પાસે આ પ્રશ્નનો કોઈ જવાબ ન હતો. તેની આંખો આંસુથી ભરાઇ ગઈ. ગળું રુંધાઇ ગયું હતું. રાજકુમાર રસાલ ભૂમિગૃહમાંથી બહાર આવ્યો. ઉપવનની બહાર એક યોગી બેઠો બેઠો રડતો હતો. કુમારે યોગીને રડવાનું કારણ પૂછ્યું. યોગીએ કહ્યું :

'મારી પત્ની મરી ગઇ છે. તેના વિરહમાં હું દુઃખી છું.'

કુમાર રસાલે કહ્યું :

'તમારે દુઃખી થવાની જરૂર નથી. હું તમને મંજુશ્રી આપું છું. તે સુંદર છે. તેને પ્રાપ્ત કરી તમારૂં ગૃહજીવન આનંદમય થઈ જશે.'

યોગી મંજુશ્રીને ઝુંપડીમાં બેસાડી લગ્નનો સામાન લેવા નગરમાં ગયો. મંજુશ્રીએ દાસીને કહી દાસીપુત્રનું માથું પડયું હતું તે મંગાવ્યું. ઝુંપડીમાં ઘી ખૂબ પડયું હતું. તેથી માથું ખોળામાં લઈ ઘીને છાંટી આખી ઝુંપડીમાં આગ લગાવી દીધી. ઘીના કારણે અને ઘાસ લાકડાં વધુ હોવાથી જોત જોતામાં ઝુંપડી બળીને ભસ્મ થઈ ગઇ. જ્યારે યોગી પાછો આવ્યો ત્યારે ઝુંપડીને બળતી જોઈ

તેથી તે રડતો રડતો રસાલ પાસે ગયો અને કહ્યું :

'તમે મને આવી પત્ની આપી કે જેણે મારી ઝુંપડી અને તેમાં રહેલી સામગ્રી બાળીને ભસ્મ કરી નાખી ? હું પહેલાં કરતાં પણ વધુ દુઃખી થયો.'

કુમારે ઘણું ધન આપી યોગીને વિદાય કર્યો અને કહ્યું :

'જે નારી મારી ના થઈ તે તમારી ક્યાંથી થાય ? તેની સાથે મેં નાની ઉંમરમાં લગ્ન કર્યું હતું અને ભૂમિ-ગૃહમાં રાખી હતી છતાં પણ તે મને છોડી દાસીપુત્ર તરફ આકર્ષાઇ અને તેના માટે પ્રાણ પણ આપ્યા.'

કુમાર રસાલે ત્યાંનું બધું જ ધન ગરીબોને દાનમાં આપ્યું અને જે બહુ મૂલ્યવાન રત્નો હતાં તેને લઇ પાછો રત્નપુર નગર તરફ જવા ઉપડયો. તેને મનમાં વિચાર આવ્યો કે જેવી રીતે મંજુશ્રી ચરિત્ર ભ્રષ્ટ હતી તેવી સુંદરી તો ભ્રષ્ટ નથી ને ?

તેણે વેશ બદલી પોતાના ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. ઉદ્યાનમાં પોતાની સખીઓ સાથે સુંદરી કૂવા પાસે બેઠી હતી. વેશ પરિવર્તન કરેલો રસાલ સખીઓ પાસે પાણી માગી રહ્યો હતો. સખીઓએ પૂછયું :

'તમે ક્યાંથી આવો છો ?'

તેણે કહ્યું-

'હું બહુ જ દૂર રહું છું.' સુંદરીની નજર પણ તેના

ઉપર પડી. પરંતુ વેશ પરિવર્તન કરવાથી તે રસાલકુમારને ઓળખી શકી નહીં. તે બીજો યુવાન સમજી તેના પર મુગ્ધ થઇ ગઇ. તેણે એ યુવકની તરફ સંકેત કરતાં કહ્યું :

'હું મારા નખથી પાણી ભરી રહી છું. મને આવી રીતે પાણી ભરતી જોઈ મારી સખીઓ અહીંથી જતી રહી છે. હું તારી તરફ ટીકી ટીકીને જોઇ રહી છું. પરંતુ તું નીચી નજર રાખી ઊભો છે. તું હજી સુધી મારી ભાવનાઓ સમજ્યો નથી. તું મૂર્ખ લાગે છે.

યુવકે નીચી નજર રાખી કહ્યું :

'સુંદરી ! તમારી સામે જોવામાં જોખમ છે. જો હું તારી સામે જોઇશ તો મારી ચામડી ઉતારી નાખવામાં આવશે. મને બહુ મારવામાં આવશે. તેથી નીચી નજરે જોઈ રહ્યો છું. તે સમયે મને કોઈ બચાવશે નહીં.'

સુંદરીએ કહ્યું :

'યુવક ! ચિંતા કરવાની જરૂર નથી. હું તને છોડાવીશ. તું તારે સારી રીતે મારી સામે જો. વાતચીત કર અને મહેલમાં ચાલ.'

કુમાર રસાલે જોયું કે મારી આ પત્ની પણ મંજુશ્રીની જેમ ચરિત્ર ભ્રષ્ટ છે. પરીક્ષા કરવા માટે તે સુંદરીની સાથે મહેલમાં ગયો. શયનખંડમાં પહોંચતાં જ કહ્યું :

'મને પેટમાં બહુ જ દુઃખે છે. તેથી હું થોડો સમય આરામ કરવા માગું છું.'

આમ કહીને સૂઇ ગયો. સુંદરી વિચારવા લાગી કે જ્યાં સુધી તે ઊંઘે છે ત્યાં સુધી મારો બીજો પ્રેમી સોની છે તેની પાસે જઉં.

આમ વિચારી હાથમાં તલવાર લઈ સોનીના ઘરે ગઇ. દરવાજો ખખડાવ્યો. સોનીએ ધીરેથી દરવાજો ખોલ્યો. બહાર આવી કહ્યું :

'પ્રિયે ! તું આજ મને પહેલેથી જણાવ્યા વગર આવી ગઈ. ઘરમાં માતા-પિતા અને પત્ની ઊંઘે છે. આ સ્થિતિમાં હું તને કેવી રીતે ખુશ કરૂં ?'

સુંદરીએ કહ્યું :

'તું એની ચિંતા ન કર. હું હમણાં જ બધાને તલવારના ઝાટકાથી મારી નાખું છું.'

આ સાંભળી સોનીએ વિચાર્યું કે આ સમયે તે કામાંધ છે અને ખબર નહીં કે મારા પૂજનીય માતા-પિતા અને પત્નીને ક્યારે મારી નાખે. તેથી તેણે કહ્યું :

'મહેરબાની કરી તું એમને મારીશ નહીં. હું મારા બીજા મકાનમાં આવી તારી સાથે રાત્રી પસાર કરીશ.'

તે એને લઇ પોતાની પાસેના બીજા મકાનમાં ગયો. તેની સાથે રતિક્રીડા કરી. રસાલકુમાર છુપાઈ સુંદરીનું આખું દૃશ્ય જોઈ રહ્યો હતો. સોની અને સુંદરી ઊંઘી ગયાં. સવાર પડયું. સુંદરીએ વિચાર્યું હવે શું કરૂં ? તેણે પુરૂષનો વેશ લીધો અને પોતાના મહેલ તરફ ચાલી. રસ્તામાં

રસાલકુમારે એ પુરૂષધારી સુંદરીને પૂછયું :

'તમારા શરીર અને તમારા વાળ ઉપરથી તો એમ લાગે છે કે તમે સ્ત્રી છો. તો તમે પુરૂષવેશ કેમ ધારણ કર્યો છે ?'

સુંદરીએ કહ્યું :

'શું કરૂં ? પરિસ્થિતિને કારણે મારે પુરૂષવેશ ધારણ કરવો પડયો. મારા સસરા માંદા છે. તે અસાધ્ય બિમારીથી પીડાય છે. ને મારા પતિ પરદેશ ગયા છે. ઘરમાં કોઈ પુરૂષ નથી. તેથી પુરૂષવેશ ધારણ કરી હું દવા લેવા ગઈ હતી.'

કુમારરસાલ મનમાં હસવા લાગ્યો : 'વાહ રે વાહ ! શું સ્ત્રીનું ચરિત્ર છે ? કુમારે પ્રગટ થઈ સુંદરીને કહ્યું :

'હવે મારે તારી જરૂર નથી. મેં મારી આંખોથી તારું ચરિત્ર જોયું છે. હવે કાંઇ કહેવાનો જરૂર નથી. તેણે સોનીને બોલાવ્યો અને સુંદરીને સોંપતાં કહ્યું :

'આને સંભાળો. હું તમારા પ્રેમમાં નડતર રૂપ થવા નથી માગતો.'

મંજુશ્રી અને સુંદરીના ખરાબ ચરિત્રોથી રસાલનું મન નારી જાતિ તરફ શંકાશીલ બન્યું. તેને વિચાર આવ્યો કે જેની સાથે મેં લગ્ન કર્યું તે બંને ચરિત્ર ભ્રષ્ટ નીકળી. મેં જે શીલવતી સાથે ત્રણ ફેરા ફર્યા છે તેનું ચરિત્ર કેવું હશે ? શકય છે કે તે પણ આ બંનેની જેમ ચરિત્ર ભ્રષ્ટ

હશે ! તેથી હવે મારે તેની પણ પરીક્ષા લેવી જોઈએ. રસાલકુમાર ત્યાથી નંદનપુર પહોંચ્યો. તેણે રાજા અને શીલવતી બંનેને સમાચાર પહોંચાડયા.

રાજા અને શીલવતીએ જાણ્યું કે મારો જમાઈ અને મારો પતિ આવ્યો છે તો તેઓ ખુશ થઈ ગયાં. કારણકે તે બાર વર્ષ પછી આવ્યો હતો. તેના આવવાની કોઇ આશા ન હતી. રાજાએ પોતાના જમાઇ આવવાને કારણે દરેક જગ્યા પર તોરણ બંધાવ્યાં. નગરમાં ઉત્સવ મનાવવામાં આવ્યો.

જ્યારે કુમાર રસાલ શયનખંડમાં પહોંચ્યો ત્યારે શીલવતીએ તેનું સ્વાગત કર્યું. તે શીલવતી સાથે બોલ્યા વિના મોં ફેરવી સૂઈ ગયો. સૂતાં-સૂતાં બબડવા લાગ્યો કે નારીઓનાં ચરિત્રની શું ખબર ? આ સાભળી શીલવતીને લાગ્યું કે મારા પતિને મારા ચારિત્ર્ય પ્રત્યે શંકા છે. આ શંકાનું નિવારણ કરવા મારે પ્રત્યક્ષ પ્રમાણ જાહેર કરવું પડશે.

શયનખંડની સામે જ એક સુકાઇ ગયેલું ઝાડ હતું.

શીલવતીએ કહ્યું :

'પતિદેવ ! તમારા મનમાં શંકા છે. કૃપા કરી જુઓ. જો મેં મારા જીવનમાં તમારા વિના બીજા પુરુષની ઇચ્છા કરી ન હોય અને મારું ચરિત્ર અખંડિત હોય તો હું આ

ઠુંઠાને કહું છું કે હે ઠુંઠા ! મારા બ્રહ્મચર્યના તેજથી તું ફળ વાળું થઈ જા. જો મારું ચરિત્ર જીવનમાં પણ એક વાર ખંડિત થયું હોય તો ઠુંઠું જ રહેજે.'

આ કહેતાંની સાથે જ જોત જોતામાં ઠુંઠું લીલું થઇ ગયું. તેની ઉપર ફળ-ફૂલ આવી ગયાં. આ ચમત્કાર જોઇ રસાલકુમાર આશ્ચર્ય પામ્યો. તેને વિશ્વાસ થઈ ગયો કે મારી આ પત્ની જેને મેં ખૂબ દુઃખ આપ્યું તે શીલવતી છે.

કુમારરસાલે શીલવતીને પોતાના હૃદય સાથે લગાવીને કહ્યું:

'દેવી ! મારા ગુનાને માફ કરજે. મેં ભયંકર ભૂલ કરી છે. તને બહુ જ દુઃખ આપ્યું. તેં મને મૂર્ખરાજ કહ્યો. મેં પણ માન્યું નહીં. તારી ઇચ્છાને પણ ઠુકરાવી. હવે હું પશ્ચાતાપથી મૂંઝાઉં છું,'

શીલવતીએ કહ્યું :

'નાથ ! તમે કોઇ ભૂલ કરી નથી. ભૂલ મેં કરી હતી. લગ્ન પહેલાં તમને જોવા આવી અને મનને સંયમમાં રાખી શકી નહીં. જો મેં વાણી પર સંયમ રાખ્યો હોત તો આ રીતે મારે દુઃખી થવું ન પડત.'

રાજા સિંહદત્તને પણ ખૂબ જ આનંદ થયો. પોતાની પુત્રીનું પવિત્ર ચરિત્રા કુળ માટે ગૌરવની વાત છે. થોડા

દિવસ કુમાર રસાલ ત્યાં રહ્યો. ત્યાર પછી શીલવતીને લઈ પોતાના પિતાને ત્યાં ગયો.

રાજા જિતશત્રુ અને મહારાણી માલિની પુત્ર અને પુત્રવધૂને જોઈ ખૂબ જ ખુશ થયાં. તેમણે પોતાના પુત્રનું માથું ચૂમી લીધું. શીલવતીને આશીર્વાદ આપ્યા.

જ્યારે રાજા-રાણીએ પોતાની પુત્રવધૂના ચરિત્રની પરીક્ષા વાળી વાત જાણી તો તેઓ ખૂબ જ આનંદ પામ્યાં. રાજા સિંહદત્તે કુમાર રસાલને રાજ્યનો ભાર સોંપી સંયમ ધારણ કર્યો. શીલવતીને થોડા સમય પછી પુત્ર જન્મ્યો. તેનું નામ શીલકુમાર રાખવામાં આવ્યું. મોટો થયા પછી રાજ્યનો ભાર આપી રાજા રસાલ તથા રાણી શીલવતીએ પણ આધ્યાત્મિક સાધના કરી. અને સાધના કરી મોક્ષ પ્રાપ્ત કર્યો.

સમાપ્ત

# સત્યવાદી હરિશ્ચન્દ્ર

તાજા વિકસિત કમળની જેમ સદા રહેવાવાળા ધર્માત્મા રાજા હરિશ્ચન્દ્રના મુખને જ્યારે સુતારાએ ઉદાસ અને દુઃખી જોયું તો ચિંતાના સાગરમાં ડૂબી ગઈ. પતિના સુખમાં સુખી અને દુઃખમાં દુઃખ માનવાવાળી પતિવ્રતા રાણી સુતારા પોતાના સ્વામીને દુઃખી કેવી રીતે જોઈ શકે ? સાથે આશ્ચર્ય એ વાતનું હતું કે મોટામાં મોટી આફતમાં પણ મહારાજા હરિશ્ચન્દ્ર શાંત અને પ્રસન્ન રહેતા હતા. ધર્મ અને ધીરજ તો તેમના બે હાથ જેવા હતા. એટલા માટે સુતારા દુઃખી અને ચકિત હતી.

ભારતની અગણિત સીતાઓ, દમયંતી, મૃગાવતી વિગેરે વિશ્વને માટે આદર્શ રહી છે. ભારતની સતી સન્નારીઓમાં આવી ઘણી છે, જે સુખ અને સંપત્તિમાં પતિને અનુકૂળ રહે છે. પણ દુઃખ અને આફતોમાં પણ જેનો પતિ-પ્રેમ ઓછો થતો નથી અને જે આવા કપરા સમયે પણ પતિની સેવાની વધારે તક મળવાને કારણે સંતોષનો અનુભવ કરે છે, એવી

સાધ્વી સ્ત્રીઓ ઓછી જ છે. તેથી જ્યારે તેણે પોતાના સ્વામીને ઉદાસ જોયા તો વ્યાકુળ થઇ ગઇ અને વિચારવા લાગી.

મહારાણીએ પૂછ્યું-

'આજે એવી શી વાત છે કે મારા પ્રાણનાથ હંમેશની જેમ સ્નેહ વરસાવતા નથી?

'આર્યપુત્ર ! આજે તમે દુઃખી ? તમારા શાસનમાં ક્યાંય પણ દુઃખનું નામ નથી. સ્વામી ! મારા મનની મૂંઝવણ દૂર કરો.'

'પ્રિયે ! હવે હું રાજા નથી. ભિખારી છું, કારણ કે મારા મનમાં એ ધારણા બળ પૂર્વક બેઠેલી છે-

ધીરૈર્વીરૈઃ સમર્યાદૈઃ, સત્યં રક્ષ્યં વિવેકિભિઃ ।
સમાપન્ને નિજપ્રાણં, સંશયે સુમહત્યપિ ॥

'વલ્લભે ! ધીર-વીર અને મર્યાદાવાળા વિવેકવાળા પુરૂષ પ્રાણાત્મક દુઃખ હોવા છતાં પણ સત્યનો ત્યાગ નથી કરતા, પરંતુ દુઃખી તો એટલા માટે છું કે આ દશામાં તને અને પુત્ર રોહિતાશ્વને જે દુઃખ પડશે, એને હું કેવી રીતે જોઇ શકીશ ?'

સુતારાના મોં પર હાસ્યની રેખા લહેરાઇ ગઇ અને

બોલી-

'સ્વામી ! આ તો ઘણી ખુશીની વાત છે. આ રાજ્ય અને ધન-ધાન્ય ક્યાં સુધી રહે ? આપણા શરીરને આપણે ઘણી જ સાવધાનીથી સાચવીએ છીએ છતાં એ પણ તો સદા નથી રહેતું. ધર્મ જ નિત્ય છે અને એ જ પરલોકમાં સાથે જશે.

'આર્ય પુત્ર ! આ નશ્વર ધન અને નશ્વર શરીરથી ધર્મનું પાલન થાય એ તો ખુશીની જ વાત છે. રાજ્યના પ્રપંચમાં માણુસ ધર્મ પ્રત્યે પ્રમાદી બની જાય છે. જીવનમાં આવા અવસર ન આવે તો ધર્મની યાદ જ ન આવે. રાજ-કાજમાં ફસાઈને તમે મારાથી દૂર જ રહેતા હતા. હવે હું તમારી વધુ નજીક રહીને સેવા કરી શકીશ. આહ ! રાજ્યના ધનનો આ કેટલો સુંદર ઉપયોગ થયો ? પતિનો અખંડ પ્રેમ અને તેમની સેવાનું સતત સૌભાગ્ય આ જ તો પત્નીનું બધાથી મોટું સુખ છે. આના વિના તો ત્રણેય લોકનું રાજ્ય મેળવીને પણ પતિવ્રતા સ્ત્રીને શાંતિ થઈ શકતી નથી.'

સુતારાની આવી વાત સાંભળીને મહારાજા હરિશ્ચન્દ્રની બધી જ ચિંતા અને મૂંઝવણ દૂર થઈ ગઇ. તે મનમાં ને મનમાં પત્નીના સદ્વિચારો પર ચિંતન કરવા લાગ્યા. પછી પરસ્પર

ધર્મની ચર્ચાઓ થઇ. અરે ! વાતો કરતાં કરતાં જ બંને સૂઈ ગયાં. ધર્મનિષ્ઠ હરિશ્ચન્દ્ર હવે એ વિચારોને લઇને સૂતા હતા કે સવાર જલ્દી થાય અને કુલપતિ આચાર્ય આવે. હું તેમને રાજનો ખજાનો, સોનું, મહેલ વિગેરે બધું જ આપીને મારી પ્રતિજ્ઞા પૂરી કરૂં.

*

આદિ જિનેશ્વરના ઇક્ષ્વાકુ કુળમાં સત્યવત્સલ મહારાજ હરિશ્ચન્દ્રનો જન્મ થયો. ઉત્તરાધિકારમાં મળેલ અયોધ્યાના તે રાજા હતા. મોટા મોટા પ્રતાપી અને ગુણોનો ભંડાર એવા નરેશો આ ઇક્ષ્વાકુ કુળમાં થયા, પણ હરિશ્ચન્દ્ર એ તો હરિશ્ચન્દ્ર જ હતા. આખરે તેમની ઉપમા કોને આપવી ? સૂર્ય એ સૂર્ય જ છે. એમ તો એ પણ માનવી હતા. હર્ષ શોકની લાગણીની પ્રકૃતિ તેમનામાં પણ કેમ ન હોઇ શકે ? પણ એ એવા માનવી હતા, જેમના માટે તેમના જેવા નામ વાળા ભારતેન્દુ હરિશ્ચન્દ્રે લખ્યું છે-

ચંદ્ર ટરૈ સૂરજ ટરૈ, ટરૈ જગત વ્યવહાર ।
પૈ દઢ વ્રત હરિશ્ચન્દ્ર કૌ ટરૈ ન સત્ય વિચાર ।

આના પછી હવે કહેવાનું રહે છે જ શું ? સરયુના

કિનારે અયોધ્યા વસ્યું હતું. સરયુમાં જે લહેરો ઊઠતી હતી, તે અયોધ્યા વાસીઓની સુખોની લહેરો હતી. રાજા પ્રજાને અનુસરતા હતા. એટલા માટે ધર્માત્મા અને સત્યવ્રતી રાજા હરિશ્ચન્દ્રની પ્રજા પણ ધર્મનિષ્ઠ હતી.

જૈન જનતા સામાયિક, પ્રતિક્રમણ કરે તો હિંદુઓ સંધ્યા, અગ્નિહોમ કરતા હતા. અયોધ્યાના નરેશનો રાજમહેલ ઇન્દ્રભવન જેવો જ હતો. અને અયોધ્યા પણ અલકાપુરીથી કમ ન હતી. પરંતુ હરિશ્ચન્દ્ર તો ઇન્દ્રથી પણ મોટા હતા. કારણ કે દેવસભામાં બેસીને દેવ રાજ તેમના ગુણોની પ્રશંસા કરતાં ધરાતા ન હતા.

જેવા રાજા હરિશ્ચન્દ્ર ઉપમા ન આપી શકાય તેવા માનવ રત્ન હતા, એવી જ તેમની પ્રિયા સુતારા પણ હતી. તે મહારાજા ઉશીનરની લાડકી કન્યા હતી. * તેમણે એક પુત્રને પણ જન્મ આપ્યો હતો. નામ રોહિતાશ્વ હતું.

* હિન્દુ સાહિત્યમાં હરિશ્ચન્દ્ર-પત્નીને મહારાજ શિબિની કન્યા જણાવવામાં આવી છે, એટલા માટે તેને શૈબ્યા નામથી પણ ઓળખવામાં આવે છે. રાજા શિબિ ઉશીનરના પુત્ર હતા. જૈન વિદ્વાનો તેને ઉશીનરની કન્યા માને છે. નામમાં પણ એટલો તફાવત છે કે જૈન ગ્રંથોમાં સુતારા અને હિન્દુ ગ્રંથોમાં તારા જણાવવામાં આવ્યું છે.

ત્રણ જીવોની આ કુળમાં આનંદની વર્ષા થતી હતી.

એક રાત્રે મહારાજા હરિશ્ચન્દ્રને રાત્રીના ચોથા પહોરમાં એક ચિરસ્મરણીય સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં કોઇ તેમને કહી રહ્યું હતું કે ધીર-વીર અને મર્યાદાયુકત વિવેકવાન પુરૂષ મરતાં સુધી દુઃખ હોવા છતાં પણ સત્યને છોડતો નથી. સ્વપ્નમાં તેમણે એ પણ સાંભળ્યું કે સૂર્ય ચાહે પશ્ચિમમાં ઊગે, અને ચાહે ધરતી પોતાની ક્ષમતા છોડી દે અને ચાહે મેરૂ પર્વત ડગમગવા લાગે, પણ સત્યવ્રતી કયારેય સત્યનો ત્યાગ નથી કરતા. સત્યની રક્ષાથી વિશેષ બીજો ધર્મ નથી અને જેનું વચન નિરર્થક થઈ જાય છે, તેનાં બધાં જ પુણ્યો નષ્ટ થઈ જાય છે.

ઈક્ષ્વાકુ કુળના સૂર્ય મહારાજ હરિશ્ચન્દ્ર વારંવાર આ શબ્દો પર વિચાર કરવા લાગ્યા કે રક્ષાથી વધીને કોઇ ધર્મ નથી અને જેનું વચન નિરર્થક થઇ જાય છે, તેનાં બધાં જ પુણ્યો નષ્ટ થઈ જાય છે.

વિચાર કરતાં કરતાં હંમેશની જેમ બ્રાહ્મ મુહૂર્તમાં તેમની આંખ ઉઘડી ગઇ. તે હંમેશની ક્રિયામાં લાગી ગયા. નિત્યક્રમથી પરવારી જયારે તે રાજભવનમાં બિરાજમાન થયા તો તેમની સભામાં હાંફતો-હાંફતો એક તપસ્વી પ્રવેશ્યો. ભય, ગભરાટ અને શ્વાસ ચઢી જવાથી

તેનાથી કાંઇ બોલી શકાતું નહોતું.

મંત્રી વસુભૂતિએ તપસ્વીને આશ્વાસન આપ્યું—

'મુનિ ! શાંત અને નિર્ભય થઈને તમારી વાત કહો. ધર્મવીર મહારાજ હરિશ્ચંદ્રના શાસનમાં સરયુ તટ પર વાઘ અને હરણાં એક સાથે પાણી પીવે છે. પક્ષીઓ સ્વતંત્ર રીતે ફરે છે. તેમને કોઈ વાઘનો ભય હોતો નથી. તપસ્વી, સાધુ અને બ્રાહ્મણને તો સ્વપ્નમાં પણ કોઈ ભય નથી. તો પણ તમે આટલા ગભરાયેલા કેમ છો ?'

મહામંત્રીની યુકિત યુકત વાણી સાંભળી તપસ્વી થોડો શાંત અને સ્વસ્થ થયો. તેણે મહારાજ હરિશ્ચન્દ્રને સંબોધન કરતાં કહ્યું-

'રાજન ! એમાં કોઇ સંદેહ નથી કે તમારા સમુદ્ર જેવા વિશાળ રાજમાં વાઘ અને બકરી એક જ ઘાટ પર પાણી પીવે છે. પણ અમે તપસ્વી સાધકોને તો જીવ પર આવી જ બન્યું છે. આજે તો અમારો આશ્રમ જ તમારા સુશાસનનો અપવાદ બની ગયો છે.'

નરેશે કહ્યું-

'તપસ્વી ! મારા રહેતાં તમને કોઇ દુઃખ નહીં થાય. તમે કહો તો, મારા પ્રાણ પણ આપી દઉં.'

તપસ્વીએ જણાવ્યું—

'રાજન્ ! સરયુ કિનારે બનાવેલા અમારા આશ્રમમાં એક સૂવરે ઉત્પાત મચાવ્યો છે. તેના અણીદાર અને ચમકીલા દાંતોને જોઈને ઋષિ બાળકો ચીસો પાડી ઊઠે છે. તે હિંસક અને ઉપદ્રવી સૂવરે અમારા ઉગાડેલા ફૂલોના છોડોને નષ્ટ કરી નાખ્યા છે, ઝુંપડી તોડી નાખી છે. તેના રહેવાથી અમે અગ્નિહોમ, યજ્ઞ યાગ કાઈ પણ કરી શકતા નથી. અમારી બધી જ ધર્મ ક્રિયાઓ બંધ થઇ ગઈ છે. તે નિર્દય સૂવરથી અમારી રક્ષા કરો.'

મહારાજ હરિશ્ચન્દ્રનો જમણો હાથ ફરકી ઊઠયો. તેમનો જમણો હાથ તરત ધનુષ્ય પર ગયો. તેમની ઇચ્છાને મંત્રી વસુભૂતિએ સમજી લીધી અને તે સમજ પ્રમાણે તરત જ તેણે રાજાના અંગરક્ષકોને આદેશ આપ્યો—

'મહારાજનો ઘોડો તૈયાર કરો.' પછી તપસ્વીને કહ્યું—

'મુનિ ! તમે આશ્રમમાં પધારો. મહારાજ હમણાં લશ્કર સહિત આવે છે. ચોકકસ જ તે સૂવરનો વધ કરીને તમારો આશ્રમ નિર્વિધ્ન અને આફત વિનાનો બનાવશે.'

મહારાજ હરિશ્ચન્દ્રને આશિષ આપતાં તપસ્વીએ આશ્રમ તરફ પ્રયાણ કર્યું. અને આ તરફ મહારાજ હરિશ્ચન્દ્ર પસંદ કરેલા સશસ્ત્ર સૈનિકોની સાથે ઋષિના આશ્રમ તરફ ચાલી નીકળ્યા.

અયોધ્યા નગરીનાં મકાનોની સીમાથી દૂર સરયુ તટ પર વૈદિક ઋષિઓનો આશ્રમ છે. આશ્રમની શોભા નયન-રમ્ય અને દર્શનીય છે. ઋષિઓએ પોતાના હાથે ફૂલોના છોડ ઉગાડયા છે. ઋષિ બાળક અને બાળકીઓ તેને સિંચે છે. આસ પાસ છાયાદાર વૃક્ષ છે. ક્યાંક કયાંક ટેકરા અને ટેકરીઓ છે.

કરીલ, કરમદાં વિગેરેની સઘન ઝાડીઓ પણ ટેકરીઓ જેવી ઊંચી અને ફેલાયેલી હતી. વૈદિક તપસ્વીના સુગંધિત ધૂપે વાતાવરણને સુવાસીત કરી દીધું હતું. કબૂતર, કોયલ, ચક્રવાક, પોપટ વિગેરે પક્ષી નિર્ભય બનીને દાણા ચણી રહ્યાં છે. અને ઋષિની પત્નીઓ તેમની આગળ દાણા વેરી રહી છે.

આશ્રમના આચાર્ય કુલપતિ મૃગચર્મ પાથરીને બેઠા છે. તેમની સામે બેઠેલા ચાર પાંચ તપસ્વી કાંઈ કહી રહ્યા છે. આ તપસ્વીઓમાં કપિંજલ, કપિંગલ અને અંગાર મુખ નામના તપસ્વી પણ છે. બાકીના તપસ્વી સાધકો પોત પોતાની ઝુંપડીમાં યોગની ક્રિયાઓ કરી રહ્યા છે. દૂરથી ધૂળ ઊડતી જોઇ પાંચેય તપસ્વીઓ ઊઠીને ઊભા થયા અને 'આવી ગયા, આવી ગયા,' કહેતા પોતાની તરફ આવતા મહારાજ હરિશ્ચન્દ્રની પાસે જવા લાગ્યા. જયારે નરાધિપ

હરિશ્ચન્દ્ર ઋષિઓની નજીક આવ્યા તો તેમણે પૂછ્યું'—

'તપસ્વીઓ ! ક્યાં છે તે ઉપદ્રવી સૂવર ?'

કપિંજલે કહ્યું :

'રાજન ! તમારું કલ્યાણ થાઓ. હમણાં જ તે વિકરાળ સૂવર ત્યાં ઝાડીમાં છુપાઇ ગયો છે. પેલી જુઓ, ટેકરીની નીચે જે ઝાડી છે, તેમાં બેઠો છે .'

રાજાએ સાથે આવેલા સૈનિકોને આદેશ આપ્યો-

'ઝાડીને ચારેય તરફથી ઘેરી લો. પાંચ સાત સૈનિકો ટેકરીની ઉપર ચઢી જાવ. ધ્યાન રાખજો , સુવર સીધો જ ભાગે છે. નીકળી ના જાય.'

સૈનિકોએ સો દોઢસો પગલાં દૂર રહીને તેને ચારેય તરફથી ઘેરી લીધો. બધા સાવચેત અને સાવધાન અવસ્થામાં હતા. મહારાજા હરિશ્ચન્દ્ર જાતે ધનુષ પર બાણ ચઢાવી ઝાડીની નજીક પહોંચ્યા. ઘોડા પર બેઠા બેઠા જ તે વિચારી રહ્યા હતા કે સૂવરને ઝાડીની બહાર કેવી રીતે કઢાય ? ત્યારે તેમણે ઝાડીમાં ઘુર ઘુરનો અવાજ સાંભળ્યો.

બસ, તેમણે અવાજને લક્ષમાં લઇને તીર છોડી દીધું' અને એક દુઃખની ચીસ સાથે તેનું' શરીર ઢગલો થઇને ઢળી પડ્યું'. ઘોડા ઉપરથી નીચે ઉતરી મહારાજ ઉપર નોકળેલા બાણને જોતા મરેલા સૂવરને જોવા પહોંચ્યા, પણ તેમને

તો કાંઇ અણધાર્યું દૃશ્ય જ જોવામાં આવ્યું.

તે 'હે પ્રભો ! આ શું થયું ?' કહેતાં ધરતી પર બેસી ગયા. તેમને આ રીતે બેસતાં જોઇ અંગરક્ષક સૈનિક પણ તેમની પાસે આવ્યા. અદ્ભુત દૃશ્યને જોઇને સૈનિકો પણ અવાક્ થઇ ગયા. મહારાજ હરિશ્ચન્દ્રની દશા ઘણી વિચિત્ર હતી. શોકના માર્યા તેમનું મોં પીળું પડી ગયું હતું. આંખો ફાટેલી હતી. તે કાંઈ વિચારી શકતા નહોતા. થોડી વાર પછી તે વિચારવા લાગ્યા-

મારાથી આ મહા અનર્થ કેવી રીતે થઈ ગયો ? આ સૂવરનો જ ઘુર ઘુર અવાજ હતો કે આ નિર્દોષ પ્રાણીનો અવાજ હતો ? તો પછી એ સૂવર ક્યાં ગયો? કોઇ બીજી ઝાડીમાં સરકી ગયો હશે. આજુ બાજુ કેટલીય ઝાડીઓ છે. પણ તપસ્વીઓએ તો આ જ ઝાડી તરફ સંકેત કર્યો હતો.

અજાણમાં જ ભલે, પણ અપરાધી તો હું જ છું. મારાથી એક બાણથી બે નિર્દોષ જીવોની હત્યા થઇ ગઇ. આ તો ગર્ભવતી છે. અહો ! આનો ગર્ભ પણ બહાર નીકળી ગયો છે. અરે ! આ પાપનું હું શું પ્રાયશ્ચિત કરું? ધરતી ફાટી જાય તો એમાં સમાઈ જાઉં અથવા આ સરયુ-માં કૂદી પડીને પ્રાણ આપી દઉં ?

પણ એ તો એક વધુ પાપ થશે. ત્યારે ? ત્યારે હું શું

કરું ? કુલપતિ આચાર્યની પાસે જઉં. તે કોઇ પ્રાયશ્ચિત જણાવીને મારૂં કલ્યાણ કરશે.

શોકથી વ્યાકુળ મહારાજ ધરતી પર હાથ ટેકવીને ઉઠયા અને પગપાળા જ આશ્રમ તરફ ચાલી નીકળ્યા. જ્યારે તે આશ્રમમાં પહોંચી ગયા તો કુલપતિએ તેમને આશીર્વાદ આપ્યા :

'રાજન ! સ્વર્ગ સુધી તમારા યશનો વિસ્તાર થાય. તમે અમારી રક્ષા કરી છે. અમે તમારો શો સત્કાર કરીએ ? ઠંડા છાંયડામાં બેસો. મીઠાં ફળ ખાઓ.'

મહારાજ હરિશ્ચન્દ્ર બેસી તો ગયા પણ તેમની વાણી તો રૂંધાયેલી હતી. તે કાંઈ પણ કહી શકતા નહોતા. એ વિચારી રહ્યા હતા કે આચાર્યને કેવી રીતે મારા પાપનું પ્રાયશ્ચિત પૂછું ! ત્યારે થોડા તપસ્વીઓ ત્યાં આવી ગયા અને તેમાંથી એકે કહ્યું-

'આચાર્ય શ્રી ! અનર્થ થઇ ગયો વંચનાની પાળેલી ગર્ભવતી હરણી કોઇ પાપીએ મારી નાખી.'

'મારી નાખી ? કોણે મારી નાખી ? હરિશ્ચન્દ્રના રાજ્યમાં એવું કેવી રીતે બની શકે ? મારી દીકરીની હરણીને કોણે મારી છે ?' આચાર્યનું ગળું ભરાઇ આવ્યું ત્યારે એક તપસ્વીએ સ્પષ્ટ કર્યું-

'પૂજ્ય ! આ જ રાજાએ તેનો વધ કર્યો છે. બીજું કોણ મારે? ચરતાં ચરતાં તે ટેકરીની પાસે જતી રહી ....'

આચાર્યએ ધ્યાનથી રાજા હરિશ્ચન્દ્રને જોયા તો તે ડરી ગયા, અને આંખોને નીચે ઝુકાવી દીધી. ત્યારે આચાર્યનો ક્રોધ ફાટી પડયો. અને તે વચન બાણોની વર્ષા કરવા લાગ્યા :

'અરે દુષ્ટ ! તું રક્ષક છે કે ભક્ષક ? અમે તો તને અમારા આશ્રમની રક્ષા કરવા માટે બોલાવ્યો હતો. અને તેં તો મારા કુળને જ નષ્ટ કરી નાખ્યું. મારી દીકરી વંચનાએ તે મૃગલીને નાનપણથી જ પાળી હતી. એ તો તેના પર જીવ આપતી હતી. હરણી વિના મારી દીકરી જીવી શકશે નહીં. દીકરી વગર મારી ધર્મ સંગિની નિવૃત્તિ પણ નહીં બચે અને આ બંનેની સાથે હું પણ પ્રાણ ત્યાગી દઈશ. એકી સાથે તને પાંચ હત્યાઓનું પાપ લાગશે. મારી આંખો આગળથી ખસી જા, નહીં તો હું તને ભયંકર શાપ આપી દઇશ.'

રાજાએ કુલપતિ આચાર્યના પગ પકડી લીધા અને ઘણા કરૂણ સ્વરમાં બોલ્યા-

'ભગવાન ! અજાણતાં જ મારાથી આ અપરાધ થયો છે. તમે તો કરુણાના સાગર છો. પરાત્પર બ્રહ્મની પ્રાપ્તિ માટે

તમે સાધના કરી રહ્યા છો. આ વિશ્વરુપી બ્રહ્મમાં મારા જેવા દાસને પણ સાગરનું એક ટીપું માનીને રહેવા દો. જે પણ પ્રાયશ્ચિત તમે જણાવશો, એ હું કરીશ. આ અનિચ્છનીય હત્યાના દુઃખથી મારાં રોમે રોમ દુઃખી છે. મારો વિશ્વાસ કરો.'

કુલપતિ કાંઈ કહી શકે તે પહેલાં જ તેમની પુત્રી વંચના પોતાની માતા નિકૃતિની સાથે રડતી રડતી ત્યાં આવી અને વિલાપ કરવા લાગી —

'પિતા ! મારા માટે ચિતા તૈયાર કરાવો. હું પણ મારી હરણીની સાથે ચિતામાં સૂઈ જાઉં. મેં તેને કેટલા પ્રેમથી પાળી હતી. ગર્ભમાં રહેલું તેનું બચ્ચું પણ મરી ગયું.'

આ કરુણ વિલાપથી મહારાજ હરિશ્ચન્દ્રનું હૃદય ચિરાઈ જતું હતું. તેમને કોઈ બીજો માર્ગ પણ સૂઝતો ન હતો. જો બચવા માટે એક તણખલું પણ મળી જાય તો તેનો સહારો પણ લઈ લે. પોતાની દીકરીનું રડવું સાંભળી કુલપતિ રાજા પર વધારે ક્રોધિત થયા અને તેમના પર તૂટી પડયા —

'નરાધમ ! જોઇ લે મારી દીકરીની શી દશા છે. હવે આ કેવી રીતે બચશે ? મને પણ તો એ હરણી ઘણી જ વહાલી હતી. હું તો બંનેને મારી દીકરીઓ માનતો હતો. આજે

તારા કારણે અમે બધાં અગ્નિસ્નાન કરીશું.'

હરિશ્ચન્દ્રએ ફરીથી પ્રાર્થના કરી-

'ભગવાન ! તમે તો જ્ઞાની છો. વેદોનું તમને જ્ઞાન છે. તમે જ અમને બધાને બચાવી શકો છો. અપરાધ તો મારાથી થઇ જ ગયો છે. તમે સમર્થ છો. તમે કોઈ રસ્તો અવશ્ય કાઢી શકો છો.'

કુલપતિનો ક્રોધ એથી પણ વધી ગયો. રાજાની પ્રાર્થના તો યજ્ઞની આહુતિનું કામ કરતી હતી. તેમણે ગુસ્સામાં કહ્યું—

'હવે તું મીઠાં વચનો કેમ બોલે છે ? તારી અંદર તો ઝેર ભરેલું છે. અહીંથી જતો કેમ નથી ? ભાવિને એ જ સ્વીકાર્ય છે કે ગર્ભવતી હરણીની સાથે તું મારી પુત્રી, પત્ની અને મારા મૃત્યુનો નિમિત્ત બન.'

મહારાજ હરિશ્ચન્દ્ર માથું પકડીને બેસી ગયા. વંચના અર્ધ બેભાન અવસ્થામાં સૂતી હતી. ઋષિ પત્ની તેની પાસે બેઠી હતી. થોડી વાર સુધી બધા મૌન રહ્યા. કોઇ કાંઇ જ ન બોલ્યું. ત્યારે શાંતિનો ભંગ કરતાં અંગારમુખ નામના તપસ્વીએ કુલપતિને કહ્યું—

'આચાર્ય ! મરનારની સાથે કોણ મરે છે ? મહારાજ હરિશ્ચન્દ્ર સત્યવતી અને ધર્માત્મા છે. અજાણતાં અને

દગામાં જ તેમનું બાણ હરણીને વાગી ગયું. તેથી કોઈ પણ રીતે તેમને માફ તો કરવા જ જોઇએ. તે સત્યવ્રતી તમારા બતાવેલા પ્રાયશ્ચિતનો અવશ્ય સ્વીકાર કરશે.'

રાજાનું મોં કમળની જેમ ખીલી ઊઠયું. અંગારમુખની વાતો તેમને ડૂબતાને કિનારો મળી જાય એવી લાગી અને તેમનામાં સત્યપાલન અને ઉત્સાહના તરંગો ઊઠવા લાગ્યા. આજે સવારે જ સ્વપ્નમાં જે વચનો તેમણે સાંભળ્યાં હતાં, તેની સ્મૃતિ થઈ આવી અને જાતે જ આ વાકય તેમના મનમાં ગણગણવા લાગ્યા કે સત્યની રક્ષાથી વધીને કોઇ ધર્મ નથી અને જેનું વચન નિરર્થક થઈ જાય છે, તેનાં બધાં જ પુણ્યો નષ્ટ થઈ જાય છે. સત્યવ્રતી પ્રાણ જાય પણ સત્યને છોડતા નથી. આમ વિચારતાં મહારાજ હરિશ્ચન્દ્રે કૃતજ્ઞતાથી તપસ્વી અંગારમુખ તરફ જોયું અને નત મસ્તકે બોલ્યા-'મહાત્મા! મારા આ પાપ માટે તમે જે પણ ઉપાય પ્રાયશ્ચિત જણાવશો. તે હું ચોક્કસ જ કરીશ. જો મારા પ્રાણ જ એનું પ્રાયશ્ચિત હોય તો હું મારા પ્રાણ આપવા પણ તૈયાર છું.'

અંગારમુખ બોલ્યા-

'એ તો હું જાણું જ છું કે તમે સત્યવ્રતી છો. તેથી હું ચોક્કસ જ એવો ઉપાય કાઢીશ કે ઋષિની કન્યા વંચના,

તેની માતા અને કુલપતિ ત્રણેયના જીવ બચી જાય અને તમને પાપ ના લાગે.'

થોડી વાર વિચાર કર્યા પછી અંગારમુખે કહ્યું-

'રાજન ! શાસ્ત્રોમાં બધી રીતનાં પાપોનું પ્રાયશ્ચિત છે. જો કે તમારું કૃત્ય ઘણું જ ભયંકર છે. તો પણ મેં તેનો ઉપાય વિચારી લીધો છે. જો તમે તમારું સમસ્ત રાજ્ય, શાસન કરો છો તે ભૂમિ, નગર, ગામ, પ્રજા, મહેલ, રાજ્યનો ભંડાર અને સોનું કુલપતિને આપી દો તો તે તમારા અપરાધને માફ કરી દેશે અને તમે પણ પાપના બંધનમાંથી છૂટી જશો.'

મહારાજ હરિશ્ચન્દ્ર કોઇ પણ રીતે આ શોક સાગરમાંથી નીકળવા ઇચ્છતા હતા તેથી જેવી તેમને અંગારમુખના પ્રસ્તાવ રુપી નૌકા મળી કે તે તેના ઉપર ચઢી ગયા અને બોલ્યા : 'મને આ પ્રસ્તાવ સ્વીકાર્ય છે. તમે મને બચાવી લીધો. હું તમારો આભારી છું.'

મહારાજનું મોં આનંદથી ચમકી ઊઠયું અને તે કુલપતિ તરફ જોવા લાગ્યા. પછી બોલ્યા–

'આચાર્ય ! મારું રાજય સ્વીકારીને મારા પર પ્રસન્ન થાવ.' કુલપતિ દ્વિધામાં પડી ગયા. તેમણે રાજાને પોતાની સ્વીકૃતિ ન આપી ત્યારે અંગારમુખે સિફારશ કરતાં કુલપતિને કહયું :

'આચાર્ય! સત્યવ્રતી મહારાજ હરિશ્ચન્દ્રના રાજયનું દાન સ્વીકારી તેમને શોકમુકત કરો.' કુલપતિએ મહારાજ હરિશ્ચન્દ્ર પર અહેસાન બતાવીને સ્વીકૃતિ આપતાં કહ્યું:

'રાજન્ ! તમારો અપરાધ તો અક્ષમ્ય જ હતો. પણ અંગારમુખની વાત માનીને હું તમને ક્ષમા કરું છું. હવે તમારું સમસ્ત રાજય મારું થયું. પત્ની અને પુત્ર સિવાય જે જે તમારું છે અને જેના જેના પર તમારો અધિકાર છે, એ બધું મારું છે. હવે તમે નિશ્ચિંત થઈને તમારી નગરીમાં જાવ.'

મહારાજ હરિશ્ચન્દ્રે કુલપતિ આચાર્ય, અંગારમુખ અને કપિંગલ-કપિંજલ વિગેરે ઋષિઓને પ્રણામ કરીને જવા માટે મોં ફેરવ્યું તો કન્યા વંચના બોલી—

'પિતાજી ! રાજય મેળવીને તમોને તો સંતોષ થઇ ગયો, પણ મારું દુઃખ તો દૂર ન થયું. હું તો મારી હરણી સાથે જ અગ્નિસ્નાન કરીશ. જો તમે મને બચાવવા ઇચ્છતા હો તો આ પાપી રાજાને શાપ આપી ભસ્મ કરી નાખો.'

મહારાજ હરિશ્ચન્દ્ર અટકી ગયા. જાણે કે હાથમાં આવેલી નૌકા છૂટી ગઇ હોય.

તે ફરી દુઃખી થઇ ગયા. અને ઋષિ કન્યાને પ્રાર્થના કરવા લાગ્યા.

'ઋષિકન્યા!' તમારા પિતાએ મને માફ કરી દીધો તો તમે પણ કરી દો. એમ તો તમારા પિતાનું રાજ્ય તમારું પણ છે. તો પણ તમારા સંતોષ માટે તમને એક લાખ સોનાની મુદ્રાઓ આપવાનું વચન આપું છું.'

સોનાની ચમક કેવી અદ્ભુત છે. સોનાની મુદ્રાઓ જોતા પહેલાં, તેનું નામ સાંભળતાં જ ઋષિ-પુત્રીની આંખોમાં ચમક આવી ગઇ. તેનું બધું જ દુઃખ દૂર થઇ ગયું. એટલું જ નહીં, તેણે આશ્રમવાસી સાધુઓને કહ્યું.

'મારી પ્યારી હરણીનો વિધસર અગ્નિ-સંસ્કાર કરી દો.'

રાજાએ મોં ફેરવી લીધું અને નગરી તરફ ચાલી નીકળ્યા. જ્યારે તે થોડા આગળ ગયા તો કુલપતિએ તેમને કહ્યું :

'રાજન્ ! કાલ બપોર સુધીમાં અમે અમારો રાજ્યાધિકાર લેવા તમારી પાસે આવીશું. જ્યાં સુધી અમે ન આવીએ ત્યાં સુધી અમારા તરફથી તમે રાજસિંહાસન પર બેસો.'

કુલપતિને ફરી પ્રણામ કરીને મહારાજ હરિશ્ચન્દ્ર ઘોડા ઉપર સવાર થઈ ગયા. આ માથાકૂટમાં બપોરનો સમય થઈ ગયો હતો. મહારાજ હરિશ્ચન્દ્ર સીધા રાજસભા-

માં ગયા, તો થોડા ગંભીર અને દુઃખી હતા.

મંત્રી વસુભૂતિએ વિચાર્યું- 'સૂવર તો તેમણે મારી નાખ્યો જ હશે, પણ ઋષિના આશ્રમેથી ઉદાસ કેમ આવ્યા? મંત્રીએ મહારાજ હરિશ્ચન્દ્રને તો કાંઇ ન પૂછ્યું, પણ તેમની સાથે ગયેલા સૈનિકોને પૂછપરછ કરવા લાગ્યો.

આ તરફ મહારાજ પોતાની પરિસ્થિતિ પર વિચાર કરી રહ્યા હતા.

'મેં ભૂલમાં પણ એવું કાર્ય નથી કર્યું, જે કરીને મારે પસ્તાવું પડ્યું હોય. આજે પણ મેં કાંઈ અનુચિત નથી કર્યું. હું તો, તો પણ જીવતો છું, સત્ય માટે પ્રાણ પણ કાંઈ જ નથી. રાજ્ય ગયું તો શું થયું? શું રાજ્ય મારું હતું ? બસ એટલું જ દુઃખ છે કે ઉશીનર રાજાની લાડકી સુતારા અને રોહિતાશ્વને પણ દુઃખ વેઠવું પડશે. તેઓ કેવી રીતે રહેશે ?'

આ તરફ સૈનિકો પાસેથી બધી વાત જાણીને મંત્રી વસુભૂતિ મહારાજ હરિશ્ચન્દ્રની પાસે આવ્યો. ત્યારે મહારાજે કહ્યું-

'મંત્રી! આજે અજાણતાં જ મારાથી ઘણું મોટું પાપ થઇ ગયું. સૂવરના ભ્રમમાં એક ગર્ભિણી હરણી મારા બાણનો શિકાર બની ગઈ.'

'રાજન્! હું બધું જ સાંભળી ચૂકયો છું. સૂવર-બૂવર કયાંય કશું જ નહોતું. આ તો પાખંડીઓએ પહેલેથી જ કોઇ હરણી સંતાડી રાખી હશે. તમે પણ ઘણા ભોળા છો. હું તે પાખંડીઓની પોલ ખોલીને જ રહીશ.'

'અરે ! તમે કશું જ ના કરશો. દાન આપેલી વસ્તુ શું પાછી લઇ શકાય છે? થૂંકીને કોણ ચાટે છે? જો આ દુષ્ચક્ર જ છે તો ભાવિનું દુષ્ચક્ર છે, તપસ્વીઓનું નહીં. એમ તો એક દિવસ રાજય છૂટી જ જાત. હું વચન આપી ચૂકયો છું. હવે હું અયોધ્યાની પ્રજા છું. જયાં સુધી કુલપતિ ન આવે ત્યાં સુધી તેમનો પ્રતિનિધિ છું. '

મંત્રી વસુભૂતિ આગળ કાંઇ જ ન બોલી શકયો. હવે કાંઇ કહેવાની જરૂર જ નહોતી. રાજસભા વિસર્જિત કરી-ને મહારાજ મહારાણી સુતારાની પાસે આવી પહોંચ્યા. તેમને દુઃખી જોઈને તે સુકુમારી-સન્નારી પણ દુઃખી થઇ અને જયારે દુઃખનું કારણ પૂછ્યું તો મહારાજ હરિશ્ચન્દ્રએ બધું જ જણાવી દીધું. આનાથી સુતારા જરા પણ દુઃખી ન થઇ અને બોલી-

' સ્વામી ! આ સમાચારથી હું ઘણી જ ખુશ છું. તમને તમારી ચિંતા નથી, તમારા સત્યની ચિંતા છે. તો

શું તમારા સત્ય પાલનમાં સહયોગ આપવામાં મારો ધર્મ નથી ? શું હું તમારી અર્ધાંગિની નથી ? હું અને તમે એક તો છીએ. કાલે કુલપતિ આવે તો તમે તરત જ તેમને રાજ્ય સોંપી દેજો. જ્યાં તમે ત્યાં હું. રોહિત પણ આપણા બંનેનો છે. તેની ચિંતા તમે ન કરશો. '

સુતારાની આવી નીતિયુકત વાતો સાંભળી સત્યવતી હરિશ્ચંદ્રનું બધું જ દુઃખ દૂર થઈ ગયું અને તે ઘણા સંતોષ-ની સાથે સૂતા.

❊

મહારાજ હરિશ્ચન્દ્ર અને મહારાણી સુતારા- બંને યોગ્ય સમયે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠયાં અને હંમેશના કાર્યથી નિવૃત્ત થઇ ધર્મક્રિયાઓ કરી. મહારાજ હરિશ્ચન્દ્રને કુલપતિ આચાર્યના આગમનની પ્રતિક્ષા હતી, તેથી તે સીધા જ રાજસભામાં પહોંચ્યા. રોહિતાશ્વ થોડો મોડો ઊઠયો હતો. હજુ બાળક જ તો હતો. તેને સવારે ઊઠીને સ્નાન વિગેરે પછી દૂધ પીવાની આદત હતી. દાસીએ તેને સ્નાન કરાવ્યું અને બીજી ધાય સોનાના કટોરામાં દૂધ લઈ આવી. મહારાણી સુતારા પાસે જ બેસીને રોહિતની લટ સરખી કરી રહી હતી. તેમણે રાજસભામાં થોડો કોલાહલ સાંભળ્યો તો સભા ભવનના રાણીવાસના ઝરુખામાં પહોંચી ગયાં. રોહિત

પણ તેમની પાછળ પાછળ ચાલ્યો ગયો. સભામાં જે કાંઇ થઇ રહ્યુ હતું. તેને તે ઝરુખામાંથી જોઈ રહી હતી.

અંગારમુખ તથા અન્ય ચાર તપસ્વીઓની સાથે કુલપતિ આચાર્ય રાજસભામાં આવ્યા. જે તેમને જોતાં જ મહારાજ હરિશ્ચન્દ્ર સિંહાસન પરથી ઉતર્યા અને બધા તપસ્વીઓને વંદન કરીને આચાર્યને આ રીતે કહ્યું—

'પ્રભો ! તમે તમારા સિંહાસન પર બિરાજો.'

'હા, હા સિંહાસન પર તો બિરાજીશું જ, પણ પહેલાં તમે અમને એક લાખ સોનાના સિકકા તો આપો.'

'હમણા આપું છું.' કહ્યા પછી મહારાજે ખજાનાના અધ્યક્ષને આદેશ આપ્યો—

'પૂજય આચાર્યને એક લાખ સોનાની મુદ્રાઓ લાવીને આપો.'

બસ, અંગારમુખ પોતાના નામને અનુરુપ અગ્નિવચન બોલવા લાગ્યો-

'રે નરાધમ ! તું તો સાચેસાચ જ પાખંડી છે. રાજયના ખજાના પર હવે તારો શો અધિકાર છે ? આ રાજય તો હવે આચાર્યનું થઈ ચૂકયું.'

મહારાજ હરિશ્ચન્દ્રએ તરત જ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો અને બોલ્યા—

'મુનિ ! મારાથી ભૂલ થઈ ગઈ. ક્ષમા કરો.'

કુલપતિ બોલ્યા—

'ક્ષમા કરવાથી શું કામ ચાલશે ? દક્ષિણાની મુદ્રાઓ તો હું ત્યારે છોડી શકું છું, જ્યારે તું તારું વચન પાછું લઈ લે. હવે તારું તો કાંઈ પણ નથી. જે વસ્ત્રો તેં પહેર્યાં છે તે પણ અમારાં છે. તરત જ વલ્કલ પહેરીને મારા રાજ્યની સીમા છોડી દે અને કહી દે કે હું એક લાખ સોનાના સિક્કા નહીં આપી શકું.'

ઈક્ષ્વાકુ કુળ ભૂષણ હરિશ્ચન્દ્રે કહ્યું—

'મુનિ ! સૂર્ય પશ્ચિમમાં નીકળે એ પણ અસંભવીત નથી, પરંતુ હરિશ્ચન્દ્રનું વચન ટળી જાય, એ અસંભવ છે. હું કોઈ પણ રીતે તમને સોનાના સિકકા આપીશ.'

'તને તારા સત્ય પર આટલું બધું અભિમાન છે?' કુલપતિએ હરિશ્ચન્દ્રને લાત મારતાં કહ્યું— 'તો પછી વાર કેમ કરે છે ? આપતો કેમ નથી ?'

મહારાજનું આ અપમાન જોઈને મંત્રી વસુભૂતિથી ના રહેવાયું, તેથી તેણે કહ્યું—

'આચાર્યશ્રેષ્ઠ ! તમે કેવા તપસ્વી છો, જે કારણ વગર જ યશસ્વી રાજાને ઠોકર મારી રહ્યા છો ! તેમનું બધું જ લેવા છતાં તમને સંતોષ નથી થયો?'

'અરે દુષ્ટ ! તને એ બતાવું કે હું કેવો તપસ્વી છું, તો આ લે.' કુલપતિએ મંત્ર ભણીને વસુભૂતિ પર જળના છાંટા નાખ્યા તો તે તરત જ પોપટ બની ગયો અને એક મકાનની ટોચ પર બેઠો. બેઠાં બેઠાં કુલપતિનો અસહ્ય કઠોર વ્યવહાર જોવા લાગ્યો. રાજસભામાં અયોધ્યાના અનેક શેઠિયાઓ પણ હતા. મહારાજ હરિશ્ચન્દ્રે તેમને કહ્યું—

'શેઠિયાઓ ! હું તમારી પાસે એક લાખ સોનાની મુદ્રાનું ઋણ માગું છું. વ્યાજ સહિત પાછા આપી દઈશ.'

'ના, ક્યારેય નહીં' 'કુલપતિએ ગરજીને કહ્યું— 'મારા શાસિત રાજ્યમાંથી તું ઋણ પણ નહીં લઈ શકે. અહીંના કોઈ પણ પ્રજાજન પાસેથી લેવા દેવાનો તને કોઇ અધિકાર નથી.' મહારાજ હરિશ્ચંદ્ર દ્વિધામાં પડી ગયા. તેમને કોઇ જ માર્ગ સૂઝતો નહોતો. ત્યારે કુંતલ નામના એક રાજભકત અંગરક્ષકે મહારાજ હરિશ્ચન્દ્રને કહ્યું—

'સ્વામી ! મેં તમારું અન્ન ખાધું છે. મને આચાર્યના હાથે વેચી દો. હું તેમની સેવા કરીશ અને તમે ઋણમુકત થઇ જશો.'

હવે અંગારમુખનું મોં ખુલ્યું—

'તને અમે શું કરીએ ? અને અમે કોઈ વેપારી તો નથી, વળી જે પાછા લે વેચ કરીએ. ત્રીજું, તારી કિંમત પણ બહુ

જ થોડી. અમે આ ઝંઝટમાં નહીં પડીએ.'

કુંતલના મનમાં થયું કે કાંઇ ખરુંખોટું સંભળાવું. પણ મંત્રી વસુભૂતિની દશા જોઇને તે ઠરી ગયો અને કાંઈ ના બોલ્યો. મહારાણી સુતારા બધું જ જોઈ રહી હતી. તેની આંખો આંસુઓથી ભરાયેલી હતી. તેનાથી ના રહેવાયું તો તે રોહિતને લઈને બધાની સામે આવી ગઈ અને પોતાના આરાધ્ય મહારાજ હરિશ્ચંદ્રને કહ્યું—

'આર્યપુત્ર ! મને વેચી દો. મને વેચીને તમને એટલું બધું ધન મળશે કે ગુરૂનું ઋણ ચૂકવી આપો. હવે વિલંબ કેમ કરો છો ?'

મહારાજ હરિશ્ચંદ્રની આંખો પણ ભરાઈ આવી. પત્નીને કહ્યું—

'તને વેચવાની કલ્પનાથી હું પ્રાણ છોડી દઇશ. એવું ના કહે. હું જાતે જ વેચાઇને આચાર્યનું ઋણ ચૂકવીશ.'

'આ કુલટાને કોણ ખરીદશે ?' કુલપતિએ સુતારાની મજાક કરતાં કહ્યું- 'તારે તો હવે આ જ મહેલમાં રહેવાનું. તું અહીં રહીશ તો આ નરાધમ હરિશ્ચંદ્રને પકડવામાં મને મુશ્કેલી નહીં પડે. કારણ કે પોતાના વચનનું પાલન કરવામાં અસમર્થ હોવાના કારણે એ ભાગી જશે.'

હવે કુંતલથી ના રહેવાયું અને તેણે કુલપતિને પડકારી

જ દીધા—

'તમે તપસ્વીના વેશમાં કોઇ અસુર છો, જે સતી-સાધ્વી મહારાણી સુતારાને કુલટા કહો છો. સ્વામીની વચન બદ્ધતાનો અયોગ્ય લાભ ઉઠાવી રહ્યા છો.'

કુલપતિએ અંજલીમાં જળ લીધું અને ક્રોધિત સ્વરમાં બોલ્યા 'લે તું પણ લે,' તેના પર જળ ફેંકવા અંજલી ઊઠાવી અને મહારાજ હરિશ્ચન્દ્ર પગમાં પડીને 'નહી નહી' કરતા રહ્યા. ત્યાં સુધી તો કુલપતિએ અભિમંત્રિત જળ છાંટી જ દીધું અને કુંતલ શિયાળ બનીને વનમાં ભાગી ગયો. આચાર્યે મહારાજ હરિશ્ચંદ્રને શાપની ધમકી આપતાં કહ્યું–

'નરાધમ! તારા મંત્રી અને સેવકની દશા તેં જોઇ જ લીધી. મારા તપનો પ્રભાવ આ જ છે. તું અથવા તો મને એક સોનાના સિક્કા તરત આપી દે અથવા તારું વચન પાછું લઇ લે. નહીં તો હું તને શાપ આપીને ભસ્મ કરી નાખીશ.

સત્યવ્રતી હરિશ્ચન્દ્રએ કુલપતિના પગ પકડી લીધા અને કહ્યું—

'દયાનિધાન! મને એક મહિનાનો સમય આપો. હું આ સમયમાં તમારું ઋણ ચોકક્સ ચૂકવી દઈશ. જેવી રીતે રાજ્ય લઇને તમે મારા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે, હવે

એક મહિનાનો સમય આપીને મારો ઉદ્ધાર કરો.'

અંગારમુખે પહેલાંની જેમ ફરીથી કુલપતિને રાજાની સિફારસ કરતાં કહ્યું—

'આચાર્ય ! આને એક મહિનાનો સમય આપી દો. આ સમય દરમ્યાન જો તમારું ઋણ ન આપે તો જે ઈચ્છો એ કરજો.'

મહારાજ હરિશ્ચન્દ્રે અંગારમુખ તરફ કૃતજ્ઞતાથી જોયું અને સુતારાને કહ્યું-

'પ્રિયે ! તું મારી સાથે નહીં આવી શકે. તું તારા પિયર જતી રહે. હું કયાંક દાસત્વ કરીને અથવા તો જાતે વેચાઈને ઋષિના ઋણમાંથી મુક્ત થઈને જ તારી પાસે આવીશ.'

સુતારા પોતાના સ્વામીના ચરણોમાં પડી ગઈ અને આંસુઓથી ચરણો ધોતાં બોલી-

'આર્યપુત્ર ! એ તો અસંભવ છે કે હું તમારાથી જુદી રહું. કાયાની સાથે છાયા રહેશે. મને પણ સાથે લઈ જાવ.'

અંગારમુખે સુતારાને કહ્યું-

'કુલક્ષણી ! આ બધાં જ આભૂષણો ઉતારી દે અને વલ્કલ પહેરીને જ અહીંથી જા.'

'તમે હવે મારા રાજ્યની સીમામાં કયાંય પણ મહેનત

મજૂરી નહીં કરી શકો. જ્યાં સુધી મારું રાજ્ય છે, ત્યાં તમારે રહેવું નહીં. એક મોહનાના છેલ્લા દિવસે હું મારું ધન લેવા તારી પાસે આવીશ.'

મહારાજે કુલપતિની આજ્ઞા માથે ચઢાવી. ત્રણેય જીવોએ વલ્કલનાં વસ્ત્રો પહેર્યાં અને ખૂલ્લા પગે જ રાજભવનેથી ચાલી નીકળ્યા. તેમની પાછળ પાછળ સમસ્ત અયોધ્યાવાસી સ્ત્રી પુરૂષો હતાં. કોઇ પણ આંખ એવી નહોતી, જેમાં આંસુ ના હોય. મહારાજ હરિશ્ચન્દ્રે બધાને પાછા ફરવા કહ્યું. પરંતુ કોઇ પણ તેમને છોડીને પાછા ફરવા નહોતા ઇચ્છતા. જ્યારે અયોધ્યા નગરીની સીમા પર બધા પહોંચ્યા તો મહારાજ હરિશ્ચન્દ્રે ફરીથી કહ્યું-

'પ્રજાજનો ! શાસકનો ધર્મ ઘણો કઠોર છે. ભૂલે- ચૂકેય મેં તમને કંઇ પણ દુઃખ આપ્યું હોય તો તેને ભૂલી જઇને મને માફ કરીને પાછા જાઓ.'

રાજાએ આ કહેતાં જ લોકોનાં ગળાં રૂંધાઇ ગયાં અને બધાં ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યાં. એવું લાગ્યું કે જાણે કરૂણા-નો બંધ જ તૂટી ગયો હોય. થોડી સ્ત્રીઓ મહારાણી સુતારાના ચરણોમાં બેસીને રડી રહી હતી. એક વૃદ્ધાએ રોહિતને પોતાના ખોળામાં લીધો હતો અને તે પણ આંસુ વહાવી રહી હતી. ત્યારે મહારાજ હરિશ્ચન્દ્રએ બધાને ફરીથી

સમજાવ્યું-

'અયોધ્યા વાસીઓ ! તમારી જેમ હું પણ પ્રજા છું. આચાર્ય કુલપતિ આપણા બધાના રાજા છે. તેથી તમારા બધાનું મારી સાથે આવવું એ વર્તમાન રાજાની અવગણના થશે. પ્રજાએ રાજ ભકત થવું જોઇએ. હવે મર્યાદાની રક્ષાને માટે તમારે જવું જ પડશે.'

એક નાગરિકે બધા તરફથી કહ્યું-

'મર્યાદા ભંગ કરવાથી આપણું શું થશે ? એ જ થશે કે કુલપતિ આપણને શાપ આપીને ભસ્મ કરી નાખશે ! એનાથી અમે નથી ડરતાં. તમે તો અમારા પિતા છો. શું સંતાન પોતાના પિતાને છોડે છે ? મર્યાદાની જ વાત છે તો મર્યાદા એ જ છે કે સંતાને પિતાની સાથે જ રહેવું.'

મહારાજ હરિશ્ચન્દ્રનું હૃદય પણ ભરાઇ આવ્યું. તે પણ રડવા લાગ્યા. પરંતુ અયોધ્યા વાસીઓના ન જવાથી તેમના વ્રતનો ભંગ થતો હતો અને આ તરફ એ બધાનો પ્રેમ પણ અદ્‌ભુત હતો. ત્યારે રાજાએ આ રીતે સમજાવ્યું-

'અયોધ્યા વાસીઓ ! સત્ય-પાલનથી કોઇ પણ વસ્તુ મોટી નથી. સત્ય માટે જ હું બધું જ છોડીને જઇ રહ્યો છું. જો તમે નહીં જાવ તો મારા વ્રતનો ભંગ થશે. તમે બધા પણ સત્યવ્રતી તો છો. સત્ય પાલનમાં સ્વાર્થને ત્યાગવો

જ પડે છે. હું તમારા પ્રેમનો આદર કરું છું. સત્યપાલન માટે જ હું હૃદય પર પથ્થર મૂકીને તમને છોડી રહ્યો છું. જો તમે મને પ્રેમ કરતા હો તો તમને મારા સોગંદ છે. પાછા જાવ.'

મહારાજાના સોગંદે અયોધ્યાવાસીઓના પગ જકડી દીધા. તેઓ આગળ વધ્યા નહીં. પત્ની અને પુત્રને લઈને મહારાજ હરિશ્ચન્દ્ર ચાલી નીકળ્યા. તેમણે પાછા ફરીને બે ચાર વાર પાછળ જોઈ પણ લીધું, પણ વારંવાર જોવાથી વધારે દુઃખ થતું હતું. માટે પાછળ જોયા વગર તે ચાલી ગયા.

આ તરફ જ્યાં સુધી તે આંખોની પકડથી દૂર ના થયા, ત્યાં સુધી અયોધ્યાવાસી ઊભા ઊભા પોતાના રાજાને જોતા રહ્યા. લાચાર થઈને જ તેઓ પોત પોતાને ઘેર પાછા ફર્યા.

અયોધ્યામાં બધું જ ત્યાં હતું. ત્રણ જીવો જ ઓછા થયા હતા, પણ એવું લાગતું હતું કે અયોધ્યામાં આજે કોઈ જ નથી. બધા નગરવાસીઓ ક્યાંક ચાલ્યા ગયા છે. ત્રણ જીવોના ઓછા થવાથી જ અયોધ્યા સૂની થઈ ગઈ હતી. પોતાના સ્વામીના વિયોગમાં ઘોડા હણહણી રહ્યા હતા. ગૌશાળામાં બાંધેલી ગાયો ભાંભરી રહી હતી. રાજના રસ્તાઓ, શેરીઓ, ગલીઓ, ઘર, આંગણાં બધું જ સૂનું હતું. કોઈ

કોઇની સાથે બોલતું ન હતું. એવું લાગતું હતું કે કોઇ લૂંટારા હમણાં જ અયોધ્યાને લૂંટીને ગયા હોય અને બધા તેમની લૂંટના શોકમાં મગ્ન બની ગયા હોય!

સમયની સાથે અયોધ્યા વાસીઓનાં બહારનાં આંસુ સુકાઈ ગયાં હતાં, જાણે તે બધાં સરયુમાં મળી ગયાં હોય! આજે તો સરયુ પણ રડવા જેવી લાગતી હતી. પ્રજાને સંતાનની જેમ માનવા વાળા ધર્માત્મા રાજાનું આમ ચાલ્યા જવું શું સાધારણ દુઃખ હતું? પણ લાચાર થઇને દેવનો માર બધાને સહેવો જ પડે છે. કોને ખબર હતી કે આમ થઇ જશે. હવે અયોધ્યામાં તપસ્વીઓનું શાસન હતું. સુખી-દુઃખી કોસલની પ્રજા તેમના રાજ્યમાં રહેતી હતી અથવા તેમને રહેવું પડયું હતું. બધા સમયની સાથે બંધાયેલા હતા. અને સમય બધાને ઘસડી રહ્યો હતો. આ ઘસડાવાનું તો સાંસારિકતા છે.

જેને ધાય માતા ખવડાવતી હતી અને દાસીઓ હાથમાં ને હાથમાં રાખતી હતી, તે અયોધ્યાનો ભાવિ સમ્રાટ પરમ સુકુમાર રોહિતાશ્વ પગે ચાલી રહ્યો હતો. રાણી સુતારાને પણ પગે ચાલવાનો અભ્યાસ નહોતો, પરંતુ આજે તેને પણ ચાલવું પડતું હતું. ક્યારેક મહારાજ હરિશ્ચન્દ્ર રોહિતને ઉંચકીને ચાલતા હતા અને ક્યારેક સુતારા લઇને ચાલતી હતી. જ્યારે બંને થાકી જતાં તો તેને ઉતારી દેતાં. તેને પગે

ચાલવાની લાલચ આપતાં મહારાણી કહેતી—

'રોહિત જો, સામે જે ઝાડ ઊભું છે. ત્યાં તું જઈને બેસી જા. અમે તારી સાથે આવીને બેસીશું.'

રોહિત નાના-નાના પગ વડે ઠુમક ઠુમક દોડીને ઝાડની નીચે બેસી જતો. પછી માતા પિતા વારાફરતી તેડીને ચાલતાં. આખો દિવસ આવી રીતે ચાલતાં અને રાત્રે ક્યાંય પણ રોકાઇ જતાં. આવી રીતે ત્રણેય ચાલતાં રહ્યાં. ઉનાળાનો તાપ ઘણો સખત પડી રહ્યો હતો. પણ તાપની ચિંતા કરે તો રસ્તો કેવી રીતે કપાય ? ધરતી તવાઇની જેમ બળી રહી હતી. ખુલ્લા પગે ચાલવું કેટલું મુશ્કેલ હતું ? માથા ઉપર પણ સૂર્ય આગ વરસાવી રહ્યો હતો. મહારાજ હરિશ્ચન્દ્રે આકડાના પાન તોડયાં અને કાંટાથી જોડીને રાણી, પુત્ર તથા પોતાના માટે પગરખાં બનાવી લીધાં. આનાથી થોડે દૂર સુધી તો જવાતું, પણ પાંદડાનાં પગરખાંમાં ધૂળ ભરાઈ જતી અને કાંટા નીકળવાથી પાંદડાં વીખરાઇ જતાં. મહારાજ ફરીથી જોડતા સાંઠતા અને ચાલતા રહેતા. માથાના તાપથી બચવા ત્રણેયે થોડું થોડું ઘાસ માથા પર રાખ્યું હતું. એવું લાગી રહ્યું હતું કે રાજા, રાણી અને રાજપુત્ર છત્ર ધરીને ચાલી રહ્યાં છે. રોહિતના માથા પર ઘાસનો ભાર જોઈ મહારાજ મનમાં વિચારતા.

'અયોધ્યાના ભાવિ સમ્રાટના માથા પર આ ઘાસનો મુગટ કેટલો સુંદર લાગી રહ્યો છે!'

ચાલતાં ચાલતાં જ્યારે થોડા દિવસ થઇ ગયા તો મહારાણી સુતારાએ મહારાજ હરિશ્ચન્દ્રને પૂછ્યું–

'આર્યપુત્ર ! આપણે કયા નગર તરફ જઇ રહ્યાં છીએ? તે નગર હવે કેટલું દૂર છે?'

મહારાજ હરિશ્ચન્દ્ર સમજી ગયા કે મહારાણી થાકી ગઈ છે. તેથી તેમણે કહ્યું–

'પ્રિયે ! આપણે કાશીની નજીક આવી ગયાં છીએ. હવે વધારે દૂર નથી ચાલવાનું. સામે ચંપક વૃક્ષની નીચે બેસીને આરામ કરીશું, ત્યાર બાદ આગળ ચાલીશું.'

આ વાકયો સાંભળીને રાણી સુતારાને ઘણી જ શાંતિ થઇ. પણ રોહિતે તેમને વિચલિત કરી દીધા—

'મા ! મને ઘણી જ ભૂખ લાગી છે! ખાવાનું આપ.'

'હા બેટા, ખાવાનું આપીશ. આવ ખોળામાં લઉં.

પરંતુ રોહિત તો ભૂખથી વ્યાકુળ હતો. માની વાતોથી તેનું પેટ ન ભરાયું અને કૂદીને ધરતી પર બેસી ગયો. ત્યારે પિતાએ ખોળામાં લઇ લીધો અને આમ તેમ વાતો કરીને ખુશ કરવા લાગ્યા. રસ્તામાં તેમને અનેક રાહદારીઓ મળ્યા. થોડા એવા પણ હતા, જે બળદ ગાડામાં જઈ રહ્યા

હતા તથા તેમની પાસે ખાવાનો ખાસો સામાન હતો.

ક્ષત્રિય હોવાને કારણે મહારાજ હરિશ્ચન્દ્ર ભીખ તો માગી શકતા જ નહોતા. ઘણી જ લાચારી હતી. જેમ તેમ કરીને રાજા રાણી ચંપક વૃક્ષની નીચે પહોંચી ગયાં. રાણીએ પહેલાં પોતાના પગના કાંટા કાઢયા. પછી સ્વામીના કાઢયા. બંનેના પગ લોહી લુહાણુ થઈ ગયા હતા. તેમાંથી લીલા ઘાસ પર જે લોહીનાં ટીપાં પડયાં હતાં, તે વરસાદની ઋતુમાં સરકતી લાલ ગાય જેવાં લાગતાં હતાં. થોડા કાંટા રોહિતના પગમાં પણ વાગ્યા હતા. રાણીએ રોહિતના પણ કાંટા કાઢી નાખ્યા. કાંટા વાગવાથી તેને જેટલું દુઃખ થયું હતું, તેના કરતાં પણ વધારે રોહિતને વાગવાથી થયું હતું. તેનાથી પણ વધારે તેને કાઢવાથી થયું, કારણ કે કાંટાથી જ કાંટા નીકળતા હતા. મહારાણીએ તેને શાન્ત કરતાં કહ્યું-

'બેટા ! કાંટા કઢાવીશ તો તને મિઠાઈ ખાવા મળશે.'

મિઠાઈનું નામ સાંભળતાં જ રોહિતની ભૂખ ફરી જાગી ઊઠી અને તે મિઠાઈ માગવા લાગ્યો. ઘણી જ વિકટ સમસ્યા થઈ ગઈ. પિતાએ ઘણો જ લલચાવ્યો. પણ તે કેવી રીતે માને ? આખરે બાળક જ તો હતો, જ્યારે ભૂખ તો ભલ-ભલાને વ્યથિત કરી દે છે.

એક ડોશી પણ આ ઝાડની નીચે બેઠી હતી. ઘણા

સમયથી તે ત્રણેયને જોઇ રહી હતી. રોહિતને રડતો જોઇ તે તેની પાસે આવી અને ઘણા સ્નેહથી બોલી—

'બેટા! મારી પાસે તારા માટે મિઠાઈ છે. લે તું ખાઈ લે.'

સ્નેહમય ડોસી પોતાની પોટલી ખોલવા લાગી તો મહારાજ હરિશ્ચંદ્ર બોલ્યા—

'મા! આ ક્ષત્રિય છે. ભિક્ષા અને દાન ના લઇ શકે.' આમ કહેતાં મહારાજ હરિશ્ચંદ્રની આંખ સજળ થઇ ગઇ અને તે આગળ કાંઈ ન બોલી શકયા. રાણી સુતારાએ રોહિતને ખોળામાં લઇ લીધો અને તેને ફોસલાવવા લાગી–

'બેટા! હમણાં જ કાશી જઈએ છીએ, ત્યાં તને મિઠાઇ આપીશું.'

થોડીક વાર તો વૃદ્ધા અટકી ગઈ. તે ઘણી જ વિવેક–વાળી હતી. તેણે રાજાને કહ્યું-

'મહાભાગ! ના તો આ ભિક્ષા છે, ન તો આ દાન છે. હું તમને તો કાંઇ નથી આપી રહી. લોક રીતે આ બાળક મારો પણ તો કાંઇ છે. રકત સંબંધ કરતાં પણ સ્નેહ સંબંધ મોટો છે. શાસ્ત્ર નીતિથી પણ આ બાળક હજુ ક્ષત્રિય નથી. કારણ કે જન્મથી બધા શુદ્ર હોય છે. યજ્ઞોપવીત કર્યા પછી જ જાતક દ્વિજ, (બ્રાહ્મણ), ક્ષત્રિય, વૈશ્ય, બને છે.'

રાજા રાણી નિરુત્તર બની ગયાં અને ડોશીની પાસે જે કાંઈ મિઠાઇ હતી, તે તેણે રોહિતાશ્વને આપી દીધી. રોહિતે મા તરફ જોયું તો મહારાણીએ કહ્યું–

'ખાઈ લે બેટા ! ખાઇ લે !'

હવે ત્રણેય અહીંથી કાશી નગરી તરફ ચાલી નીકળ્યાં. થોડે દૂર ચાલવાથી કાશીનાં ઊંચાં ઊંચાં મકાનો દેખાવા લાગ્યાં. ભવ્ય મકાનોના સોનાના કળશ દૂરથી જ ચમકી રહ્યા છે. કાશી નરેશના ભવન પરની ધજા જાણે સંકેતથી તેમને બોલાવી રહી હતી. ચાલતાં ચાલતાં મહારાણી સુતારાએ કહ્યું–

'સ્વામિન્ ! કાશીના રાજા તો તમને શત્રુ માને છે. તમે શત્રુની નગરીમાં કેમ જઈ રહ્યા છો ?'

'પરંતુ હું તો તેમને શત્રુ માનતો જ નથી.' મહારાજ હરિશ્ચન્દ્રે કહ્યું—'પ્રિયે ! જેવી સ્થિતિમાં આપણે છીએ, એનાથી વધારે ખરાબ સ્થિતિ શત્રુ પણ આપણી કેવી રીતે કરશે ? તેથી શત્રુની નગરીમાં આપણને કોનો ડર છે ?'

આવી રીતે વાતો કરતાં કરતાં રાજા રાણી કાશીના મુખ્ય બજારમાં પહોંચી ગયાં. રોહિત સુતારાના ખોળામાં હતો. એક ધર્મશાળાની નીચે જ સુતારા રાણીએ રોહિતને ઉતાર્યો અને ત્રણેય ત્યાં જ બેસી ગયાં. બજારમાં હલચલ

હતી. સ્નાનાર્થીઓ ગંગા સ્નાન કરીને પાછા ફરી રહ્યા હતા. બ્રાહ્મણ વિગેરે અછૂતો-ચંડાળોથી બચીને ચાલી રહ્યા હતા. ક્યાંક ક્યાંક ઊંટ ફરી રહ્યાં હતાં. જેને કેટલાક લોકો જવનો બાંધેલો લોટ ખવડાવી રહ્યા હતા. બજારની આ હલચલને રોહિત ઘણા ધ્યાનથી જોઈ રહ્યો હતો. એકદમ ચમકી જતાં રાણી સુતારાએ મહારાજ હરિશ્ચન્દ્રને કહ્યું—

'આર્યપુત્ર! આજે એક મહિનો પૂરો થઈ ગયો. બ્રાહ્મણનું ઋણ ચૂકવવાનો આજે છેલ્લો દિવસ છે.'

'અરે! તો આ ત્રીસ દિવસ યાત્રામાં જ નીકળી ગયા? પ્રિયે! હવે હું શું કરું! આટલું ધન ક્યાંથી લાવીશ?'

'સ્વામી! તમે તો ધર્મને જાણવાવાળા છો, પછી આટલા લાચાર કેમ થાવ છો? કાશીના બજારમાં મને વેચી દો. તમારું સત્યવ્રત અખંડિત રહેશે.'

'તને વેચી દઉં? તેં ધર્મની દુહાઈ પણ ખૂબ આપી. પોતાની પત્નીને વેચવાનો જ તો પતિનો ધર્મ હોય છે? મારો જીવ અત્યારે નીકળી કેમ નથી જતો?'

માથું પછાડીને મહારાજ હરિશ્ચન્દ્ર ધરતી પર બેસી ગયા, ત્યારે રોહિત ભૂખ-ભૂખ બૂમો પાડવા લાગ્યો. ડોસી દ્વારા અપાયેલી થોડી સરખી મિઠાઈથી તેનું શું થાય? આ તરફ બ્રાહ્મણની ચિંતા, ત્યાં પુત્રની ભૂખ! રાણીએ

ફરી રાજાને આગ્રહ કર્યો-

'સ્વામી! હું પુત્રને જન્મ આપી ચૂકી છું.....' રાણીથી આગળ બોલી શકાયું નહીં અને તે રડવા લાગી. ત્યારે રાજાએ તેને ધીરજ આપતાં કહ્યું-

'પ્રાણેશ્વરી ! જે કાંઈ કહેવું હોય તે સ્પષ્ટ કહે. તું પુત્રને જન્મ આપી ચૂકી છે તેનો શો આશય છે ?'

રાણીએ ધીરજ રાખીને કહ્યું—

'આર્યપુત્ર ! મારાથી પુત્રનો જન્મ થઈ ચૂક્યો છે. શ્રેષ્ઠ સ્ત્રી પુરુષ સંપદાનું ફળ પુત્ર જ બતાવે છે. માટે એ ફળ તમને મળી જ ગયું છે. તેથી હવે મને વેચીને ઋષિના ઋણને ચૂકવો.'

રાણીની આ વાત સાંભળીને મહારાજ હરિશ્ચન્દ્ર બેભાન થઈને પડી ગયા. પતિની આવી દશા જોઈને રાણી સુતારા પણ બેભાન થઇ ગઇ. રોહિત ભૂખથી વ્યાકુળ થઈને રડી રહ્યો હતો.

ત્યારે અંગારમુખને સાથે લઈને કુલપતિ આચાર્ય પણ આવી પડયા. તેમણે જળથી છાંટા નાખીને રાજા રાણીની મૂર્છા દૂર કરી. હરિશ્ચન્દ્રે જ્યારે પોતાની સામે કુલપતિને જોયા તો એવા ડરી ગયા કે જેવી રીતે કસાઇને જોઈને ગાય ડરી જાય છે. ક્રોધે ભરાઇને કુલપતિ બોલ્યા-

'રાજન્ ! એક મહિનાની મુદત પૂરી થઈ ગઈ. હવે મારું ઋણ લાવ અથવા પછી તારા વચનનો ભંગ કર.'

હરિશ્ચન્દ્ર રાજાએ વિનય ભાવથી કહ્યું—

'સ્વામિન ! હજુ તો અડધો દિવસ બાકી છે. સંધ્યા સુધી હું તમારા ઋણની વ્યવસ્થા અવશ્ય કરી દઈશ.'

'અરે દુષ્ટ ! એક મહિના સુધી તું કાંઇ ન કરી શક્યો, તો હવે અડધા દિવસમાં શું કરીશ ? યાદ રાખ, જો સૂર્યાસ્ત સુધી તેં મારું ઋણ ન ચૂકવ્યું. તો હું તને શાપ આપીને ભસ્મ કરી નાખીશ.'

શાપની ધમકી આપીને કુલપતિ જતા રહ્યા. રોહિત હજુ પણ રડી રહ્યો હતો. મહારાજ હરિશ્ચન્દ્ર ફાટેલી આંખોથી શૂન્ય આકાશ તરફ જોઇ રહ્યા હતા. ત્યારે સુતારાએ તેમના પગ પકડી લીધા અને બોલી—

**ન ધુતહેતોર્ન ચ મદ્યહેતોર્ન રાજ્યહેતો ચ ભોગ હેતોઃ ।**
**દયસ્વ ગુર્વર્થમતો મયા ત્વં સત્યવ્રત ત્વં સફલં કુરુસ્વ ॥**

'સ્વામી ! મારી પ્રાર્થના સ્વીકારી લો. બીજો કોઈ રસ્તો નથી. નહિંતર બ્રાહ્મણના શાપનો ભોગ બનવું જ પડશે.

દારુ, જુગાર અથવા ભોગ માટે તો તમે મને નથી વેચી રહ્યા. આ દુર્ગુણોથી તો તમે એવી રીતે દૂર છો, જેવી રીતે સસલાથી શિંગડાં દૂર રહે છે. તમે તો ગુરુદક્ષિણા ચૂકવવા માટે જ મને વેચી રહ્યા છો, કારણ કે મને વેચીને તમે તમારા સત્યવ્રતની રક્ષા કરશો.'

મહારાજ હરિશ્ચન્દ્ર ઉંચા અવાજે બૂમો પાડવા લાગ્યા–

'લોકો સાંભળો! કોઈને દાસીની જરૂર હોય તો આને ખરીદી લો. હું મારી પત્નીને વેચું છું. જલ્દી કરો, જ્યાં સુધી મારા દેહમાં જીવ છે, ત્યાં સુધી ખરીદી લો. પછી કોની પાસેથી ખરીદશો?.... શું કહ્યું? હું કોણ છું? મારો પરિચય પૂછો છો? તો સાંભળો! હું નરાધમ છું. હું રાક્ષસ છું. હું પથ્થર હૃદયનો છું. હું મારી પત્નીને વેચી રહ્યો છું.'

સુતારા પગમાં પડી ગઈ અને બોલી–

'સ્વામી! એવું ના કહો. તમે સત્યવાદી છો. તમે ધર્મના રક્ષક છો.'

ચારેય તરફ ભીડ જામી ગઇ. બધા જોવા લાગ્યા. એટલામાં એક બ્રાહ્મણ ભીડમાંથી બહાર આવ્યો અને એક પોટલીમાં બાંધેલા સોનાના સિક્કા મહારાજ હરિશ્ચન્દ્રને

આપતાં બોલ્યો—

'હું આ દાસીને ખરીદું છું. મારી બ્રાહ્મણી અત્યંત કોમળ છે. આ તેનું કામ કરશે.'

બ્રાહ્મણે સુતારાનો હાથ પકડી લીધો અને તેને ખેંચવા લાગ્યો. ત્યારે રોહિત પણ તેની પાછળ પાછળ ભાગ્યો. ખરીદનાર બ્રાહ્મણે રોહિતને એક લાત મારી અને ઘૂરકીને બોલ્યો—

'અહીંયાંથી ભાગ. દૂર ખસ.'

માતા પિતાનો તો જીવ જ ઊડી ગયો. શું આ ન બનવા જેવી વાત નહોતી કે અયોધ્યાના રાજપુત્રને આવી રીતે મારવામાં આવે? મહારાણી સુતારાએ દૂરથી જ કહ્યું-

'બેટા! મને ના અડીશ. હું દાસી છું. તું તારા પિતાની પાસે જ રહે.'

પરંતુ રોહિત ના માન્યો. તેણે માનું વલ્કલ-ચીર પકડી લીધું અને સાથે જવા માટે હઠ કરવા લાગ્યો. મહારાજ હરિશ્ચન્દ્રે કહ્યું—

'ભૂદેવ ! આ બાળકને પણ ખરીદી લો. મા વિના એ નહીં રહી શકે. તમારી ઘણી કૃપા થશે.'

બ્રાહ્મણે કહ્યું-

'આને મફતનું કયાંથી ખવડાવું ? આ તો તેની માને પણ કામ નહીં કરવા દે. એને પકડી લો.'

આમ કહીને બ્રાહ્મણે રાણી સુતારાને ખેંચી, પણ રોહિતે માનો પાલવ ના છોડયો. તે રાણીના પગમાં લપેટાઈ ગયો. ત્યારે સુતારાએ બ્રાહ્મણને કહ્યું-

'સ્વામી! હું તો ઘણી અભાગણી છું. આ પુત્ર વગર હું મન કરીને સેવા નહીં કરી શકું. એ મારી સાથે રહેશે તો રાત દિવસ સ્વામીનીની સેવા ઘણા મનથી કરીશ. કૃપા કરીને આને પણ ખરીદી લો.'

ઘણું અહેસાન જેવું બતાવતાં બે હજાર સોનાના સિકકા બ્રાહ્મણે રોહિતાશ્વના પણ આપી દીધા, અને બંનેને લઇને ચાલવા લાગ્યો. મહરાણીએ પોતાના પતિના પગે પડવા ઈચ્છા કરી, પણ તેના ખરીદનાર માલિકે તેને અનુમતિ ના આપી. ત્યારે વેચાયેલી એ મહારાણીએ ભાવનાથી પતિના પગનો સ્પર્શ કરતાં મનમાં કહ્યું-

'જો મેં દાન કર્યું હોય, તપ કર્યું હોય, સદાય અહિંસામાં ધ્યાન રાખ્યું હોય અને પતિને જ આરાધ્ય માન્યા હોય તો આ પુણ્યોના પ્રભાવથી મારા પતિ હરિશ્ચન્દ્ર મને પાછા મળી જાય-

ન પુણ્યેન મે ભતાં હરિશ્ચન્દ્રોઽસ્તુ ગૌ પુના'

ત્યાર પછી બ્રાહ્મણ પોતાની દાસી અને તેના પુત્રને લઈને ભીડમાંથી નીકળી ગયો હતો અને હરિશ્ચન્દ્ર રાજાનું દિલ ડૂબી જઈ રહ્યું હતું. કારણ કે કિંમત ઘણી જ થોડી હતી. કુલપતિ પણ આવી ગયા. માગ્યા વિના જ મહારાજ હરિશ્ચન્દ્રે તરત જ પોતાના વલ્કલમાંથી સોનાના સિક્કા કાઢીને આપી દીધા. આંખો કાઢીને કુલપતિ બોલ્યા-

'પૂરી કિંમત કેમ નથી આપતો ? આને તારી પાસે જ રાખ. મારે પૂરી કિંમત જોઇએ.'

મહારાજે પ્રાર્થના કરી-

'ગુરુદેવ ! હું જાતે વેચાઈને તમારી કિંમત પૂરી કરું છું.'

સત્યવાદી હરિશ્ચન્દ્રે પોતાને વેચવા માટે બૂમો પાડી. પણ કોઈ ખરીદનાર ભીડમાંથી ના નીકળ્યો. ઘણી જ કઠોર પરીક્ષા હતી. સૂર્ય ડૂબવા જ આવી રહ્યો હતો. સત્યની કેવી વિકટ કસોટી છે. ત્યારે ભીડમાંથી એક ચંડાળ આવી ગયો અને બોલ્યો-

'હું ખરીદીશ. બોલ, શું લઈશ ?'

ચંડાળને ત્યાં જવા તો તે ઇચ્છતા જ નહોતા. પરંતુ બીજો કોઈ ખરીદનાર પણ નહોતો. સત્યવ્રતનું પાલન પણ

કરવું હતું, તેથી મહારાજ હરિશ્ચન્દ્રે પૂછ્યું-

'તમે કોણ છો અને મારે તમારે ત્યાં શું કામ કરવું પડશે?'

જમદૂત જેવા લાગતા ચંડાળે કહ્યું-

'હું કાલદંડ નામનો ચંડાળ છું. ગંગા કિનારાનું સ્મશાન મારે આધીન છે. તેની રખેવાળી માટે જ તને ખરીદું છું. શબના મૃત્યુ ઉપરના કફનમાંથી અડધું કફન લઈને જ શબનો અગ્નિસંસ્કાર કરાવવો એ તારું કામ છે. શબના ઈંધણમાંથી પણ તારે અડધા પૈસા વસુલ કરવા પડશે. આ બધાની અડધી કિંમત રાજા લેશે. બાકીનામાંથી અડધી તું લેજે અને અડધી હું. હવે બોલ.'

રાજાએ કહ્યું-

'કાલદંડ! મને તારું દાસત્વ સ્વીકાર્ય છે. પરંતુ મને એટલી કિંમત આપ કે આચાર્યની એક લાખ મુદ્રાઓ પૂરી થઈ જાય.'

ચંડાળ સ્વીકૃતિ આપે તે પહેલાં જ અંગારમુખે કહ્યું-

'ધિક્કાર છે! તમે કેવા ક્ષત્રિય છો? સ્મશાનની રખેવાળીનું હીન કાર્ય કરશો? ચંડાળના દાસત્વથી તો મરવું સારું. તમે કાશીનરેશ ચંદ્રશેખર પાસેથી એક લાખ સોનાની મુદ્રાઓ માગી લો. હું સિફારસ કરી દઈશ. તે

અવશ્ય આપી દેશે.'

મહારાજ હરિશ્ચન્દ્રે હાથ જોડીને કહ્યું–

'સ્વામિન! ભીખ માગવી એ તો ક્ષત્રિયના નામ પર કલંક લાગે. ભૂખે મરવા છતાં પણ હંસ મોતી સિવાય કાંઈ બીજું ચરતો નથી. મને ચંડાળની સેવા સ્વીકાર્ય છે. આમ કરીને હું મારા સત્યવ્રતનું પાલન કરી શકીશ.'

ચંડાળે રાજાએ કહેલી કિંમત આપવાનું સ્વીકારી લીધું અને ઢગલો સોનાની મુદ્રાઓ કુલપતિ આચાર્યને આપી દીધી. હવે અયોધ્યાના નરેશ હરિશ્ચન્દ્ર કાલદંડ ચંડાળના ખરીદાયેલા દાસ હતા. તે તેની પાછળ પાછળ ચાલી નીકળ્યા. ધન્ય ત્યાગ! ધન્ય હરિશ્ચન્દ્ર! ઋણ મુક્ત થઇને હરિશ્ચન્દ્ર ઘણા જ સંતુષ્ટ હતા. બધાં જ વિખૂટાં પડી જવા છતાં પણ એ પરમ પ્રસન્ન હતા, કારણ કે ધર્માત્મા પુરુષ ધર્મપાલનમાં જેટલા પ્રસન્ન હોય છે તેનો સોમો ભાગ પણ ત્રિલોકનું રાજ્ય મેળવીને નથી થતા. કારણ કે 'ધર્મ સારમિંય જગત' અને સત્ય વિના ધર્મ પણ ટકતો નથી; જેમ કે–નાસૌ ધર્મો યત્ર ન સત્યમસ્તિ: । *

---

* હિન્દુ સાહિત્યમાં કુલપતિ આચાર્યની જગ્યાએ મહર્ષિ વિશ્વામિત્રનો ઉલ્લેખ છે. આ નામના તફાવત સિવાય બાકીના પ્રસંગો લગભગ સરખા જ છે.

(અનુસંધાન 'હરિશ્ચન્દ્ર-૨)

# સત્યવાદી હરિશ્ચંદ્ર–૨

પતિવ્રતા મહારાણી સુતારાના થોડા નિયમ હતા. તે પર પુરુષ સાથે વાતચીત કરતી નહોતી. બ્રાહ્મણે તેને દાસત્વ માટે ખરીદી હતી, તેનું પણ તે કામ કરતી નહોતી. રોહિતાશ્વ બ્રાહ્મણને માટે ફૂલની વાડીમાંથી ફૂલો ચૂંટી લાવતો હતો. કયારેક કયારેક તે પંખાથી બ્રાહ્મણને હવા નાખતો હતો. મહારાણી સુતારા બ્રાહ્મણીની સેવા કરતી હતી. ગંગા નદીએથી પાણી ભરી લાવતી, કપડાં ધોતી તથા ઘરનું બધું કામ કરીને સ્વામિનીના પગ પણ દબાવતી. તેને ભલા કામનો અભ્યાસ જ કયાં હતો ?

એક દિવસ એ પણ હતો, જ્યારે તે પથારીમાંથી ઊઠતી તો દાસીઓ ચંપલ લઈને તૈયાર ઉભી રહેતી. કયારેય પાણી પણ પોતાના હાથે નહોતી પીતી. તેને દાસીઓ ઘેરાયેલી રહેતી. અને આજે તે પોતે કોઈની દાસી હતી. આવા કપરા સંકટમાં પણ તેણે પોતાનું શીલ અખંડ રાખ્યું. તે પતિને ભોજન કરાવીને જ ભોજન કરતી હતી. કામ કરતાં

કરતાં થાકીને લોથ થઇ જતી તો પોતાના લાડકા રોહિતને જોઇને બધો જ થાક ભૂલી જતી હતી. એક રીતે તો તે તપ જ કરી રહી હતી.

કાશીના રાજા ચંદ્રશેખર ધર્મનિષ્ઠ અને ન્યાય પરાયણ હતા. તેની પ્રજા પણ ધર્મનિષ્ઠ હતી. એટલા માટે કાશીમાં સદાય સુકાલ રહેતો હતો. પરંતુ થોડા દિવસથી કાશીમાં મહામારી ફેલાઈ ગઈ. એક પછી એક બાળકો-વૃદ્ધો મરવા લાગ્યાં. રાજાને ઘણી ચિંતા થઈ. કારણ કે આ મહામારી ન બનવા જેવી વાત હતી.

એક દિવસ કાશીના મહાત્મા પોતાની સાથે એક શિકારી-ને લઈને રાજસભામાં આવ્યા. શિકારીના હાથમાં પાંજરામાં પૂરેલો એક પોપટ હતો. રાજા ચંદ્રશેખરને પોપટ બતાવતાં મંત્રીએ કહ્યું—

'રાજન્ ! આ ઘણો વિચિત્ર પોપટ છે. માનવીની ભાષામાં બોલે છે.'

રાજાએ કાંઇ બીજી જ વાત કહી—

'મહામંત્રી ! પોપટ તો વિચિત્ર હશે જ, પણ આ દિવસોમાં આપણી પ્રજાની દશા પણ વિચિત્ર છે. નગરમાં મહામારી ફેલાઈ રહી છે. અકાળે મૃત્યુ થઇ રહ્યાં છે. એના પર નિયંત્રણ લાવવું પડશે. આપણી ધર્મ નગરીમાં આવું

કેમ થઈ રહ્યું છે, એની તપાસ કરાવો.'

મંત્રીએ કહ્યું—

'રાજન્ ! કાશીની મહામારીથી હું અજાણ નથી. એના માટે મેં જે ઉપાય વિચાર્યો છે, તે સાંભળો. આપણી નગરીમાં એક તાંત્રિક મંત્રસિદ્ધ આવ્યા છે. સેંકડો લોકોને તેમણે નવું જીવન આપ્યું છે. આખો દિવસ તેની આજુબાજુ ભીડ ઘેરાયેલી રહે છે. તેને અહીં બોલાવો તો તે ચોક્કસ જણાવી દેશે કે કાશીમાં આ ઉપદ્રવ કેમ થયો છે. કારણ કે તે પુષ્પ દર્શન, દૃષ્ટિબંધ, મુઠ્ઠી બંધ, આકાશબંધ તથા સારા વિચાર વિગેરે અનેક વિદ્યાઓને જાણવા વાળા છે. મહામારીનું કારણ બતાવવાની સાથે તે તેનું નિવારણ પણ જણાવશે.'

'એવું જ કરો. ઉજ્જયિનીના મંત્ર જાણનારને તરત જ બોલાવો.'

રાજાએ અનુમતિ આપી તો મંત્રીએ ચાર રાજસેવકોને મંત્ર જાણનારને બોલાવવા મોકલી દીધા. જ્યારે રાજસેવકો મંત્ર જાણનારને બોલાવવા ચાલ્યા ગયા, ત્યારે રાજાનું ધ્યાન શિકારી તરફ ગયું. તેમણે તેના પોપટની બાબતમાં પૂછ્યું-

'તારા આ પોપટમાં શી વિશેષતા છે ? ભણાવવાથી માનવ વાણી તો બધા જ પોપટ બોલે છે.'

શિકારીએ જણાવ્યું—

'પૃથ્વીનાથ ! ગોખાવેલા શબ્દોનું ઉચ્ચારણ તો ઘણા જ પોપટ કરે છે. પણ આ પોપટ તો ઘણો જ અદ્ભુત છે. પોતાના તરફથી શાસ્ત્રની વાતો જણાવે છે. દરેક વિષય પર વાત કરે છે.'

રાજા પોપટની વાત સાંભળવા ઉત્સુક થઈ ગયા. તે કાંઈ કહેવા ઈચ્છી રહ્યો હતો કે તરત જ કાશીની એક વેશ્યા રડતી કકળતી સભામાં આવી અને રડતાં રડતાં કહેવા લાગી-

'અન્નદાતા, રક્ષા કરો. ઉછેરેલી પાછરેલી સાજી નરવી મારી જુવાન પુત્રી અચાનક જ મરી ગઈ. તે મારી એકની એક પુત્રી હતી. થોડી વાર પહેલાં તો સારી હતી અને બેઠાં બેઠાં જ તેનું પ્રાણ પંખેરુ ઊડી ગયું.

'અન્નદાત્તા ! જો તમે કશો જ ઉપાય નહીં કરો તો અમે બધાં કાશી છોડીને ચાલ્યા જઈશું.'

વેશ્યા ધ્રસકે ને ધ્રસકે રડી રહી હતી. ત્યારે મંત્ર જાણનાર પણ આવી પહોંચ્યા. રાજાએ વેશ્યાને આશ્વાસન આપતાં કહ્યું—

'સુંદરી ! તારી કન્યાના મૃત્યુનો અમને ઘણો જ શોક છે. એટલા માટે આ મંત્ર જાણનાર અહીં પધાર્યા છે. એ મહામારીના કારણનું નિવારણ જણાવી આપણને બધાને કૃતાર્થ કરશે.'

હવે તો વેશ્યા મંત્ર જાણનારના પગમાં પડી ગઇ અને બોલી—

'મહારાજ ! હું તો લુંટાઈ ગઈ. કારણ કે નિવારણથી મને શું મળશે ? મારા ઘરમાં તો અંધારું થઈ ગયું. મારી દીકરી મને પાછી અપાવી દો.'

મંત્ર જાણનારે પોતાના પગ પાછા ખસેડતાં વેશ્યાને કહ્યું—

'કલ્યાણી ! તું મારી સાધનાનો ચમત્કાર તો જો.'

આમ કહેતાં મંત્ર જાણનારે અંજલિમાં જળ લઇને સભાની ભૂમિ પર છાંટયું અને બોલ્યા-

'કલ્યાણી ! થોડી જ વારમાં તારી પુત્રીને જીવતી થવાના સમાચાર આવવાનો જ છે.'

બધા આશ્ચર્યથી મંત્ર જાણનારના મોં તરફ જોવા લાગ્યા. રાજા ચંદ્રશેખર તો ઘણા જ ચકિત અને પ્રભાવિત થયા. તેમણે મંત્ર જાણનારને કહ્યું-

'હે મહાભાગ ! મેં જેવું સાંભળ્યું એવું જ મેળવ્યું. હવે કૃપા કરીને એ પણ જણાવો કે મારા ધર્મ રાજ્યમાં મહામારીનો આ પ્રકોપ કેમ થયો. કયા પરોક્ષ પાપાચારને કારણે મારી પ્રજા ત્રાહિમામ ત્રાહિમામ થઈ ગઇ છે ?'

રાજા ચંદ્રશેખર મંત્ર જાણનારના મોં તરફ જોવા

લાગ્યા. ત્યારે વેશ્યાની બે દાસીઓ દોડતી દોડતી આવી અને હર્ષિત થઈને વેશ્યાને કહેવા લાગી-

'સ્વામિની ! તમારી પુત્રી મદનજા શિવ-શિવ કહેતાં જીવતી થઈ ગઇ. ઘણો મોટો ચમત્કાર થઇ ગયો. હવે તમે તરત જ ભવનમાં પધારો.'

વેશ્યાએ પછી તો મંત્ર જાણનાર કે રાજાની તરફ ના પણ જોયું અને પોતાની દાસીઓની સાથે સભામાંથી બહાર નીકળી ગઈ. હવે તો રાજા ચંદ્રશેખર મંત્ર જાણનારને જ ભગવાન સમજવા લાગ્યા. તેમણે ફરીથી પ્રાર્થના કરી-

'મહાભાગ ! મારા પર અને મારી પ્રજા પર ઉપકાર કરો. જો તમે મને કૃતકૃત્ય કરશો તો તમારા માટે કાંઇ પણ આપી ન શકાય તેવું નહીં હોય. હું જીવન ભર તમારો ઋણી અને આભારી રહીશ.'

મંત્ર જાણનારે કહ્યું-

'રાજન્ ! એક ચમત્કાર તો તમે જોઇ જ ચૂકયા છો. સાધક માટે કાંઈ પણ અસંભવ નથી. ગુરુ ચરણોની કૃપાથી હું સૂર્યને પણ સ્થિર કરી શકું છું. તમે કહો તો શેષનાગને પણ નચાવી બતાવું. તમારી સમસ્યા તો કંઈ પણ નથી.'

આમ કહેતાં મંત્ર જાણનારે આંખો બંધ કરી દીધી. તેને ધ્યાનમગ્ન. જોઇ બધા શાંત થઇ ગયા. થોડીવાર પછી

આંખો ખોલીને મંત્ર જાણનારે કહ્યું—

'રાજન્ ! તમારી નગરીમાં એક રાક્ષસી આવી છે. તેના કારણે આ ઉપદ્રવ છે. જ્યાં સુધી તે કાશીમાં રહેશે, ત્યાં સુધી લોકો મરતાં રહેશે.'

રાજા સ્તબ્ધ થઇ ગયા. તેમણે મંત્રી તરફ જોયું. મંત્રીએ મંત્ર જાણનારને પૂછયું-

'પરમ પૂજ્ય ! તે રાક્ષસી નગરના કયા ભાગમાં છે ? તેને કેવી રીતે મારી શકાય છે ? તમે અમને બધું જ જણાવવાની કૃપા કરો.'

મંત્ર જાણનારે જણાવ્યું—

'મંત્રીવર ! તે અદૃશ્ય થઇને જ કાશીમાં રહે છે. હું મારા મંત્ર બળ વડે તેને હમણાં જ સભામાં બોલાવું છું.'

મંત્ર જાણનાર મંત્ર ભણવા લાગ્યો અને મંત્ર ભણીને ધરતી પર જળ છાંટવા લાગ્યો. પછી તેણે ઘણા જોરથી કહ્યું-

'દુષ્ટા ! આવતી કેમ નથી ? તારો અંત આવી ગયો છે. જલ્દી આવ. આવ, આવ, આવ.........!'

બધાએ જોયું, વાળ વીખરાયેલા એક ગોરા વર્ણ વાળી સ્ત્રી સભામાં આવી ઊભી થઈ ગઈ. તેની આંખો ફાટેલા જેવી હતી. જોવામાં સુંદર અને ઉજળી હતી, પણ હિમ-પીડિત કમલિની જેવી લાગતી હતી. તેને જોઇને બધા આશ્ચર્યમાં

ડૂબી ગયા. ત્યારે મંત્ર જાણનારે રાજાને કહ્યું-

'રાજન્ ! તે રાક્ષસી આ જ છે. તેને બોલાવવાનું મારું કામ હતું. હવે એનો વધ કરવો, કરાવવો તમારું કામ છે.'

રાજાએ ક્રોધથી દાંત કચકચાવ્યા અને હાજર રહેલી રાક્ષસીને કહ્યું-

'દુષ્ટા ! જો તું સ્ત્રી ના હોત તો મારી તલવારથી જ તારો વધ કરત, પણ હવે કાલદંડ ચંડાળ જ તારો પ્રાણ લેશે.'

રાજાએ કાલદંડને બોલાવવા માટે માણસ મોકલ્યો. પોતાના દાસ હરિયા (હરિશ્ચન્દ્ર)ને લઇને કાલદંડ હાજર થયો. રાજાએ કાલદંડને આદેશ આપ્યો અને કાલદંડે પોતાના દાસને કહ્યું-

'આ રાક્ષસીનો વધ કરી નાખ.'

હરિશ્ચન્દ્ર ઘણી જ મૂંઝવણમાં પડી ગયા. વિચારવા લાગ્યા–

'હા દેવ ! મારે અકૃત્ય પણ કરવું પડશે ? મારી જ પ્રિયાનો હું વધ કરું ? મારા હાથે જ તે વેચાઈ, તો પણ તમને શાન્તિ ના મળી ? ઈશ્વર ! તું મારો જ જીવ કેમ નથી લઈ લેતો ?'

શિકારીના હાથમાં રહેલા બંધ પાંજરાનો પોપટ એકાએક જ બોલી પડયો-

'હે ઈક્ષ્વાકુ કુળભૂષણ રાજા હરિશ્ચન્દ્ર! વસુભૂમિ નામનો આ પોપટ તમને પ્રણામ કરે છે. પરમ સતી સુતારાને પણ હું નમન કરું છું.'

બધા આશ્ચર્યથી પોપટ તરફ જોવા લાગ્યા. રાજા પર તો મંત્ર જાણનારનો અમિટ પ્રભાવ હતો, એટલા માટે પોપટના વાકયથી તેમને ચીડ ચડી અને બોલ્યા-

'પોપટ! તું બોલે છે તો સારું, પણ આ વિચાર વિનાની વાતો કેમ કરી રહ્યો છે? અયોધ્યાના નરેશ હરિશ્ચન્દ્ર અને તેમની ધર્મ પત્ની અહીંયાં ક્યાંથી આવ્યાં?'

પોપટ મૌન થઇ ગયો. મંત્રીએ રાજા હરિશ્ચન્દ્રને પૂછ્યું-

'ચંડાળદાસ! તું આ પોપટને જાણે છે? એ શું કહી રહ્યો છે? શું તું હરિશ્ચન્દ્ર છે?'

મહારાજ હરિશ્ચન્દ્રે કહ્યું-

'મંત્રીશ્વર! હું તો કાલદંડનો ખરીદાયેલો દાસ છું. પોપટની વાતો તો પોપટ જ જાણે.'

રાજાએ મંત્રીને કહ્યું-

'મંત્રી! પોપટની વાતોમાં શું ધ્યાન આપવું? એ તો આખરે પક્ષી જ છે. તમે આ રાક્ષસીના વધની વ્યવસ્થા

કરો. એને એક ગધેડા પર બેસાડીને નગરમાં ફેરવો. પછી કાલદંડનો આ દાસ તેનો વધ કરશે.'

મંત્ર જાણનાર મનમાં ને મનમાં ઘણો જ ખુશ થઇ રહ્યો હતો. ઝટપટ એક ગધેડો પણ મંગાવી લેવામાં આવ્યો. આમ થતું જોઇ પોપટે ફરીથી કહ્યું-

'કાશી નરેશ! આ માયાવી મંત્ર જાણનારના ચક્કરમાં ફસાઇ જઇને તમે ઘણો મોટો અનર્થ કરી રહ્યા છો. તમે એક સતીનો વધ કરાવશો તો તમે અને તમારી પ્રજા મહા દુઃખ ભોગવશે. હું સાચું કહું છું. મારા પર વિશ્વાસ કરો. જેને તમે રાક્ષસી માની રહ્યા છો, એ મહારાણી સુતારા છે અને દાસ રૂપ મહારાજ હરિશ્ચન્દ્ર છે.'

'પોપટ! તારી વાત સાચી હોય કે જૂઠી, પણ તેનો કોઇ આધાર નથી, આધાર વગરનુ સત્ય પણ જૂઠું માનવામાં આવે છે. મંત્ર જાણનારનો ચમત્કાર તો મેં પ્રત્યક્ષ જોયો છે. હું મંત્ર જાણનારના વાકયને કેવી રીતે ઉથાપી શકું ?'

પોપટે કહ્યું—

'રાજન ! હું પ્રમાણ આપી રહ્યો છું. તમે એક ચિતા તૈયાર કરાવો. તેમાં અગ્નિ પ્રગટાવડાવો. જો આ મહારાણી સુતારા અને આ મહારાજ હરિશ્ચન્દ્ર હશે તો સળગતી ચિતામાં કૂદી પડવા છતાં પણ હું નહીં બળું. શીલ-પાલન

અને સત્યવ્રતની આ જ ઓળખાણ થશે.'

રાજાએ તરત એક ચિંતા તૈયાર કરાવી. તેમાં અગ્નિ જવાળાઓ પ્રગટાવવામાં આવી. જ્યારે આગની જવાળાઓ ઉંચે જવા લાગી તો રાજાના સંકેતથી શિકારીએ પાંજરાનું દ્વાર ખોલી નાખ્યું. ચમત્કાર થયો. પોપટ સળગતી ચિતામાં આળોટવા લાગ્યો. પણ તેની પાંખો પણ ના બળી. બધા ઘણા વિચારમાં પડી ગયા. રાજા ચંદ્રશેખર કિંકર્તવ્ય વિમૂઢ થઇ ગયા. તેમણે મંત્રીને પૂછયું-

'મંત્રી ! બોલો, કોણ સાચું છે ? મંત્ર જાણનાર પણ ચમત્કારી છે અને પોપટે પણ ચમત્કાર કર્યો છે.'

મંત્રી ઘણો જ બુદ્ધિશાળી હતો. તેણે કહ્યું—

'સ્વામી ! સાચા જૂઠાના ચકકરમાં ના પડો. પણ એટલું માની લો કે આ સ્ત્રી રાક્ષસી ના હોઇ શકે. આ બંને અયોધ્યાનાં રાજા રાણી ભલે ના હોય, પણ નિરપરાધ અવશ્ય છે. મને તો મંત્ર જાણનારો જ પાખંડી લાગે છે. આ મહામારી તેની જ માયા છે. પહેલાં ઝેર આપીને પછી સારવાર કરવા વાળા માણસો આવું જ કરે છે.'

પોતાની પોલ ઉઘડતી જોઇ મંત્ર જાણનાર ખસવા લાગ્યો. ત્યારે રાજાએ તેને ઊઠતાં જોઇ લીધો. રાજાએ પોતાના સેવકોને તેને પકડવા માટે આદેશ આપ્યો.

પણ એ તો એકાએક અદૃશ્ય થઈ ગયો. હવે બધાને વિશ્વાસ થઈ ગયો કે આ કોઈ દેવ અથવા અસુર હતો. એણે જ પોતાની માયા ફેલાવી હતી. રાજાએ રાક્ષસી રૂપ સુતારાને છોડી દીધી. હરિશ્ચન્દ્ર પણ પોતાના માલિક કાલદંડની સાથે ચાલ્યા ગયા. બધાના ગયા પછી રાજાએ શિકારીને તેના પોપટની કિંમત પૂછી તો શિકારીએ કહ્યું—

'રાજન ! પક્ષીઓને વેચવાં એ તો મારી જીવિકા છે. પણ આ પોપટને હું વેચીશ નહીં કારણ કે તેણે મને મનાઈ કરી છે. આની વાતો સાંભળીને જ લોકો મને એટલું ધન આપી દે છે કે મારું કામ થઈ જાય છે.'

રાજા ચંદ્રશેખરે પણ શિકારીને ધન આપીને વિદાય કર્યો. ધીરે ધીરે તેની જાતે જ કાશીમાં ફેલાયેલો મહામારીનો પ્રકોપ શાંત થઈ ગયો. બધા સુખેથી રહેવા લાગ્યા.

*

કાશી નગરીના રહેઠાણથી દૂર ગંગાના કિનારે જમણા હાથ પર એક સ્મશાન છે. તેનું ક્ષેત્રફળ વિસ્તૃત છે. ગંગાના બીજા કિનારા પર ગાઢ વન છે અને જે કિનારા પર આ સ્મશાન છે, તેના પર પણ વનશ્રી ફેલાયેલી છે. સ્મશાનની ભૂમિમાં જ્યાં ત્યાં દૂર દૂર વડ, પીપળો, બાવળ વિગેરેનાં ઝાડ છે. ક્યાંક-ક્યાંક ખજૂર અને તાડનાં વૃક્ષ પણ છે.

મહારાજ હરિશ્ચન્દ્ર આ સ્મશાનના રખેવાળી કરે છે અને રાત્રે પણ ત્યાં જ રહે છે. તેમનો માલિક ચંડાળ તેમને હરિયો કહીને બોલાવે છે. બધાનું અંતિમ શરણ આ સ્મશાન જ છે. ઓલવાઈ ગયેલી ચિતાઓની રાખ ઠેર ઠેર ફેલાઈ છે. કયાંક કયાંક ચિતા પણ સળગી રહી છે. રાતનો સમય છે. શિયાળોના બોલવાનો અવાજ આવી રહ્યો છે. અને કાલદંડનો ખરીદાયેલો દાસ હરિયો હૂ-હૂનો અવાજ સાંભળવાને ટેવાઈ ચૂકયો છે.

હરિયો એક ઝાડની નીચે બેઠો છે. આખું શરીર ઉઘાડું છે. ઘુંટણથી ઉપર સુધી ધોતીયું લપેટયું છે. હાથમાં દંડ છે. દાઢી વધેલી છે. માથા પર સફેદ અને કોરું કપડું લપેટયું છે, જે કદાચ શબના કફનમાંથી ફાડીને બાંધ્યું છે. વૃક્ષમાં લગાવેલી મસાલ સળગી રહી છે. શરીરના સહારે લાકડી રાખી છે. એક પાથરણું નીચે બીછાવેલું છે અને ઓઢવા માટે કાળો કામળો એક તરફ રાખ્યો છે. જળની ઝારી ગંગા જળથી ભરી રાખી છે. દિવસમાં બે વાર કાલદંડ પોતાના દાસ હરિયાના કાર્યની હાજરી જોવા આવે છે, ત્યારે તે તેમના માટે જાડી જાડી ચાર રોટલી લઈ આવે છે. ભોજનનો ચોથો ભાગ હરિયો વન બિલાડા, કૂતરા વિગેરેને ખવડાવી દે છે. દિવસે તે આખા સ્મશાનમાં ફરે

છે. અને રાત્રે આ વૃક્ષની નીચે પડયો રહે છે.

જ્યારે કોઈ શબને અગ્નિ સંસ્કાર માટે લાવવામાં આવે છે તો તે તરત જ સમજી જાય છે કે કોઈ આવી ગયું છે. રાતના શાંત વાતાવરણમાં ડાઘુઓનો પગરવ તે સ્પષ્ટ સાંભળી લે. મોટા ભાગના શબોની સાથે તેમનાં સ્વજનો, પરિવાર રડતાં રડતાં આવે છે. અને તેમના કરુણ વિલાપોએ જાણે તેમના હૃદયને પત્થરનું બનાવી દીધું છે.

હરિયાને તો કરુણ આક્રંદ સાંભળવાનો અભ્યાસ જ થઈ ચૂકયો છે. તેથી જરા પણ પ્રેમ બતાવ્યા વિના તે પરિવારના માણસો પાસેથી અડધું કફન માગી લે છે. કોઈ કોઇ શું, વધારે પડતાં લોકો તેમને ધમકાવે છે. મહારાજ હરિશ્ચન્દ્રને બધું જ સાંભળવું પડે છે. કોઈ કહે છે—

'ઊભો રહે. હમણાં દઇએ છીએ. અમારું તો માણસ ગયું અને તને કફનની પડી છે.'

'હા, આ લોકોનું તો આ જ કામ છે. જમદૂત જેવા આવીને ઊભા રહે છે. આપીએ છીએ ભાઈ, બેસવા તો દે.'

કોઇ કહેતું-

'ચંડાળનો આ દાસ તો એવી જ પ્રાર્થના કરતો હશે કે વધારે મરે તો વધારે વસ્ત્ર મળે.'

'અરે, આ લોકો માણસો થોડા હોય છે ? કોઈનાં આંસુ તેમના માટે ખુશાલી હોય છે.'

મહારાજ હરિશ્ચન્દ્ર બધું જ સાંભળતા. શું તે સાચે-સાચ પત્થર હૃદયના હતા ? તેમને કોણ જાણતું હતું કે કોઈના મૃત્યુથી તેમનું રોમે રોમ રડતું હતું. પણ આંસુ બહાર નહોતાં આવતાં, કારણ કે કર્તવ્ય ધર્મ ઘણો કઠોર હોય છે. ધન્ય પરીક્ષા !

આવી વાતો તો મોટા ભાગે કાયમ જ થતી હતી. મહારાજ હરિશ્ચન્દ્ર પથારી પર સૂઇ ગયા. અડધી રાત ઉપર વીતી ગઇ હતી. હવે તેને કોઈ શબને આવવાની રાહ જોવાની નહોતી. કારણકે આસ્તિક લોકો અડધી રાત પછી અગ્નિ સંસ્કાર કરવા આવતા નહોતા. વિશેષ ચુસ્ત માણસો તો સૂર્યાસ્ત પછી અગ્નિ સંસ્કાર નહોતા કરતા. પણ કયારેક કયારેક થોડા સુધારાવાદી શાસ્રોની ઉપેક્ષા કરી ઇચ્છે ત્યારે આવી જતા હતા. મહારાજ હરિશ્ચન્દ્રે વિચાર્યું, સૂઇ લઉં. કોઇ આવશે તો આંખ આપો આપ ખૂલી જશે.'

મહારાજ હરિશ્ચન્દ્રની આંખ મીંચાઇ જ હતી કે તેમણે એક સ્રીનો કરુણ વિલાપ સાંભળ્યો. ઝબકીને જાગી ગયા-'અરે, શું કોઇ આવી ગયું ? એક હાથમાં લાકડી

અને બીજામાં મશાલ લઈને રડવાના અવાજ પકડતાં એક ષોડશી સ્ત્રીની પાસે પહોંચ્યા. તે કોઈ રાજવધૂ અથવા કોઇ શેઠની પુત્રવધૂ જેવી લાગતી હતી. એકલી હતી. તેની પાસે કોઇ શબ નહોતું. મહારાજ હરિશ્ચન્દ્રે પૃછયું-

'સુભાગે ! તું અહીં બેસીને કેમ રડી રહી છે ? રડવાથી હવે શું મળશે ? બધાની જીવનયાત્રા અહીં જ પૂરી થઈ જાય છે. આજે સવારે જે શેઠનો પુત્ર મરી ગયો હતો, તેમની તું પત્ની તો નથી ને ?'

'મહારાજ હરિશ્ચન્દ્રે સારા એવા પ્રશ્નો પૂછી નાખ્યા. વિલાપ કરતી તે તેમની સામે ટગર ટગર જોતાં બોલી-

'મારા પુણ્ય પ્રતાપથી હજુ તો હું સધવા છું. પણ મારો સુહાગ અસ્ત થવા ઇચ્છે છે. ત્યાં જુઓ, વડના વૃક્ષની ડાળી પર ઉંધા લટકેલા મારા સ્વામી છે. તે જ તમને જણાવશે.'

મહારાજ હરિશ્ચન્દ્ર ઉંધા લટકેલા યુવક પાસે પહોંચ્યા. તેમણે ધ્યાનથી જોયું તો તે યુવક રાજકુટુંબનાં બધાં લક્ષણોથી યુકત હતો. તેમણે વિચાર્યું, આ તો રાજકુમાર જ હોવો જોઇએ અને આ રાજાની પુત્રવધૂ-આ રાજપુત્રની પત્ની હશે. પણ આની આવી દશા ? તેને પૂછું. તેમણે પૂછયું-

'ભાઈ ! તું કોણ છે ? તારી આવી દશા કોણે કરી છે ?'

યુવક બોલ્યો-

'પેલા કુંડમાં સળગતો અગ્નિ તો તમે જોઇ જ રહ્યા છો ને ? ભાઈ, હવે એમાં મારી આહુતિ અપાશે. અમે બંને અમારા સૂવાના ઓરડામાં સૂતાં હતાં ત્યારે એક વિદ્યાધરી અમને અહીં લઇ આવી. તેણે મને ઉંધો ટીંગાડયો છે. હવે સ્નાન કરવા ગઇ છે. આવતાં જ મારો હોમ કરશે અને કોણ જાણે શું સિદ્ધ કરશે.'

હવે મહારાજ હરિશ્ચન્દ્ર વિચારવા લાગ્યા અને ઈશ્વરને વારંવાર ધન્યવાદ આપતાં નિશ્ચય કરવા લાગ્યા-આહ ! આ કેવો સુંદર અવસર છે. પરોપકારની સાથે જ આ ભાર રૂપ જીવનથી છુટકારો. રાજકુમારની જગ્યાએ હું ટિંગાઈ જાઉં તો મારા શરીરથી હોમ થશે. એકી સાથે ત્રણ કામ-રાજકુમારનું જીવન બચશે, વિદ્યાધરીને સિદ્ધિ મળશે અને આત્મહત્યાના પાપમાંથી બચીને હું મૃત્યુને વરીશ. હવે જીવવામાં શું આકર્ષણ છે, જેથી હું જીવતો રહું ?'

મહારાજ હરિશ્ચન્દ્રે મરવાનો નિશ્ચય કરી જ લીધો અને રાજકુમારને કહ્યું-

'રાજપુત્ર હું ! તને બંધન મુકત કરું છું. તું તારી

પ્રિયાને લઈને ઘેર જા. તારી જગ્યાએ હું ટિંગાઈશ.’

રાજકુમાર ઘણી મૂંઝવણમાં પડયો અને બોલ્યો-

‘ચોકકસ જ દાસના વેશમાં તમે કોઇ દેવ છો. આટલા પરોપકારી તો દેવ પણ નથી હોતા. તમને ધન્ય છે. તમારા જેવા પરોપકારીઓના બળથી જ તો ધરતી ટકી છે. પણ શું મારું કોઈ કર્તવ્ય નથી ? હું તો મારા જ મોત પર મરી રહ્યો છું. હું મારું સ્થાન તમને કદાપિ ના આપી શકું.’

હરિશ્ચન્દ્ર રાજાએ આગ્રહ કર્યો-

‘રાજકુમાર ! જ્યારે વરસાદ વરસે છે ત્યારે ખેડૂતો માટે આનંદ અને ધોબીઓ માટે શોક પેદા કરે છે. આ મૃત્યુ મારા માટે આનંદનું કારણ છે. તું મને તારું સ્થાન આપે એ તારો મારા માટે ઉપકાર જ છે. તારે તો હજુ ઘણું બધું કરવાનું છે. મારા માટે કોઈ રડવા વાળું પણ નથી. જલ્દી કર. કયાંક વિદ્યાધરી ના આવી જાય.’

રાજકુમારે મહારાજ હરિશ્ચન્દ્રનો અતિ આગ્રહ સ્વીકારી લીધો. તરત અદલા-બદલી થઈ ગઈ. હરિશ્ચન્દ્રને ધન્યવાદ આપતાં પતિ-પત્ની પોતાના ભવન તરફ ચાલી ગયાં. થોડી જ વાર પછી વિદ્યાધરી સ્નાન વિગેરેથી પરવારી આવી પહોંચી. તે હોમ કરવા અગ્નિ કુંડની પાસે બેઠી. મહારાજ

હરિશ્ચન્દ્ર પોતાનાં અંગો કાપી કાપીને વિદ્યાધરીની પાસે ફેંકવા લાગ્યા. લોહીની ધારા વહેવા લાગી. અગ્નિકુંડમાં માંસના બળવાથી દુર્ગંધ ફેલાવા લાગી. એનાથી આકર્ષાઈ, માંસનાં લોભી શિયાળ આવી ગયાં. તે કયારેક લોહીચાટતાં અને કયારેક માંસના ટુકડા લેવા અગ્નિકુંડ તરફ ધસતાં. આનાથી વિદ્યાધરીના સિદ્ધ કાર્યોમાં વાંધો પડવા લાગ્યો. ત્યારે લાચાર થઈ વિદ્યાધરીએ તેના પતિ વિદ્યાધરનું સ્મરણ કર્યું અને સ્મરણ કરતાં જ વિદ્યાધર આવી પહોંચ્યો. ત્યારે વિદ્યાધરીએ તેને કહ્યું-

'આ જડ શિયાળોને રોકો. આ તો હાથ પણ નથી ઊઠાવવા દેતાં.'

પરંતુ જડ શિયાળોને વિદ્યાધર પણ ના રોકી શકયો. તે ઘણો જ ઉપદ્રવ કરવા લાગ્યાં. થોડી વાર માટે સિદ્ધિનું કાર્ય રોકાઈ ગયું. બળતા માંસની દુર્ગન્ધ વાયુ વેગની સાથે નજીક જ તપોવનમાં પહોંચી. ત્યાંના સાધુ તરત જ ઘટના સ્થળ પર આવ્યા. તેમને જોતાં જ વિદ્યાધરી રફુચકકર થઈ ગઈ. આ સાધુઓમાં મહર્ષિ કૌટિલ્ય પણ હતા. તે મહારાજ હરિશ્ચન્દ્રને જાણતા હતા. સાથે જ તેમનું સત્ય-વ્રત, સાધુ-સેવા વિગેરે સદ્‌ગુણોથી પરિચિત હતા. તેમણે જોયું કે મંદ શ્વાંસ સિવાય મહારાજ હરિશ્ચન્દ્રમાં જીવનનું

કોઇ લક્ષણ બાકી નથી. તેમણે તરત હરિશ્ચન્દ્ર રાજાને નીચે ઉતાર્યાઅને દિવ્ય વન ઔષધો તથા પોતાના તપ બળથી તેમને પૂર્ણ નીરોગી અને સ્વસ્થ કરી દીધા. આ જીવદાન માટે તેમણે મહર્ષિને ધન્યવાદ તો આપ્યા, પણ આને પોતાના માટે તો અભિશાપ જ માન્યું. પણ વિધાતાના લેખને કોણ ટાળી શકે છે? હજુ તો તેમને વધારે તપ કરવાનું હતું. સવાર પડવાની તૈયારી હતી, તો પણ અંધારું હતું. મશાલ અને લાકડીને લઈને સત્યવાદી હરિશ્ચન્દ્ર પોતાની પહેલાંની જગ્યા પર આવી ગયા. આવી રીતે સ્મશાનની રખેવાળીમાં તેમના દિવસો વીતી રહ્યા હતા. તેમણે પોતાને એકલા માની લીધા હતા. સુતારા અને રોહિતાશ્વને મળવાની તેમને આ જીવનમાં કોઇ આશા નહોતી. પરંતુ આ તરફ સુતારાને તો પોતાની આ પ્રાર્થના પર વિશ્વાસ હતો કે—'તેન પુણ્યેન મે ભર્તા હરિશ્ચન્દ્રોઅસ્તુ વૈ પુનઃ । !'

❊

'હે લાલ! તું મને છોડીને ક્યાં જતો રહ્યો ? તારા વિના હું કેવી રીતે જીવીશ ? ઊઠ લાલ, એક વાર તો મા કહી દે!'

સ્મશાનના રખેવાળ હરિયાએ આ કરુણ આક્રંદ સાંભળ્યું તો પોતાના સ્થાન પરથી ઊઠયો—'જઉં, અડધું કફન લઉં.

મારું કાર્ય પણ કેવું છે ! મારે રોજ ચીસો અને વિલાપ સાંભળવા પડે છે.'

ભયાનક અંધારી રાત હતી. મહારાજ હરિશ્ચન્દ્ર મશાલ લઈને ગયા હતા, પણ તીવ્ર વાયુએ તેને પણ હોલવી નાખી હતી. તે રુદનના સહારે જ મૃત બાળકને ખોળામાં લઇ તે વિલાપ કરી રહી હતી. મૃત પુત્રની માતાએ વિલાપ કરતાં કહ્યું-

'લાલ! તારે તો અયોધ્યાના રાજા બનવાનું હતું. પણ ક્રૂર દેવ તને દાસત્વ કરતાં પણ ના જોઇ શકયા. હવે જ્યારે હું કયારેક મારા સ્વામીને મળીશ તો તેમને શું જવાબ આપીશ ?'

મહારાજ હરિશ્ચન્દ્ર થોડા ચમકયા. ત્યારે વાદળોના આછા પ્રકાશમાં તેમણે પોતાના પુત્ર રોહિતાશ્વ અને સુતારાને ઓળખી લીધાં. તેમનું હૃદય ચિરાઇ જઇ રહ્યું હતું. ભારે સ્વરમાં બોલ્યા-

'પ્રિય સુતારા.........!' અને તે બેભાન થઇ ગયા. રાણી સુતારાએ પણ પોતાના પ્રાણનાથને ઓળખી લીધા અને તે પણ બેભાન થઈ ગઈ. ઘણી વાર પછી જ્યારે જાતે જ બંનેની મૂર્છા ઉતરી તો તેઓ આંસુઓથી ધરતી પલાળવા લાગ્યાં. બંને મળ્યાં પણ કેવી દશામાં મળ્યાં? ધીરજ ધરીને હરિશ્ચન્દ્ર

રાજાએ પૂછ્યું--

'પ્રિયે! આપણા હૃદયનો ટુકડો કેવી રીતે ચાલ્યો ગયો? હું ઘણો અભાગી છું. મને મોત કેમ નથી આવતું ?'

સુતારાએ પોતાના કાન પર હાથ મૂકી દીધા અને તેણે પુત્રના મરણનો આખો અહેવાલ સંભળાવ્યો- 'રોહિતાશ્વ બ્રાહ્મણના માટે ફૂલ લેવા ગયો હતો. ત્યારે વાડીમાં એક સાપે તેને ડંખ માર્યો અને તમારો લાડકો સદાને માટે સૂઇ ગયો.' સુતારા આ બધું જણાવી જ રહી હતી ત્યારે હરિશ્ચન્દ્ર રાજાએ પોતાના માલિક કાલદંડ ચંડાળનો આ પોકાર સાંભળ્યો-

'હરિયા! હરિયા, તું ક્યાં છે?'

મહારાજ હરિશ્ચન્દ્ર તરત જ સાવધાન થઈ ગયા અને પોતાના કર્તવ્યનું ધ્યાન રાખીને સુતારાને કહ્યું-

'પહેલાં મને અડધું કફન આપ. તેના વિના તું આપણા પુત્રનો અગ્નિસંસ્કાર નહીં કરી શકે.'

'સ્વામી! આ પુત્ર શું મારો જ છે? તમારો નથી? હું તેના માટે કફન ક્યાંથી લાવું?'

'સુતારા ! આ સમયે ન તો હું તારો પતિ છું કે ન તો આ બાળકનો પિતા, પરંતુ મારા માલિકનો દાસ છું. કફન આપ્યા વિના તું અગ્નિસંસ્કાર નહીં કરી શકે.'

મહારાણી સુતારા ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગી અને બોલી-

'હું પણ તો એક બ્રાહ્મણની દાસી છું. કફન ક્યાંથી લાવું ? બ્રાહ્મણે મારા ઉપર એટલી કૃપા કરી છે કે પુત્રના અગ્નિ સંસ્કાર માટે રજા આપી દીધી. મારા પર દયા કરો.'

'હું લાચાર છું. કફન તારે આપવું જ પડશે.'

રાણીએ કહ્યું-

'મારી અડધી સાડી ફાડીને તમને આપું છું. અડધીથી મારી લાજ બચાવીશ.'

રાણી પોતાની સાડી ફાડવા તૈયાર થઈ. કેવું અદ્ભુત દૃશ્ય હતું !' પિતા પોતાના પુત્રનું કફન માગી રહ્યા છે. માતા પોતાની લજ્જા અડધી કરી રહી હતી. શું મા સરસ્વતી પણ આ કરુણ દૃશ્યનું વર્ણન કરી શકશે? પવન પણ થંભી ગયો. દિશાઓ ડોલવા લાગી. આકાશમાં દેવોનાં ટોળાં ધસી આવ્યાં. રાણીએ પોતાના બંને હાથોથી સાડીને પકડી અને-

**ધર્મ રહે પતિ કા અમર, સોચ સતી મતિધીર ।**
**મૃત સુત કા દેતી કફન, રાની આંચલ ચીર ।।**

જેવો જ સતીએ સાડીનો પાલવ ફાડ્યો કે આકાશમાં રહેલા દેવ'ધન્ય ધન્ય' કહી ઊઠ્યા. સ્મશાન ભૂમિમાં દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો. અનેક દેવોના કંઠોમાંથી એક સાથે આ

સ્વર ગૂંજ્યો-
અનેક દેવો ધરતી પર ઉતરી આવ્યા. 'હરિયો હરિયો' કરતો
'હરિશ્ચન્દ્ર સમો રાજા ન ભૂતો ન ભવિષ્યાતિ.'

હરિશ્ચન્દ્ર અને સુતારા આંખો ફાડી ફાડીને જોવા લાગ્યાં. અનેક દેવો ધરતી પર ઉતરી આવ્યા. હરિયા હરિયા કરતો કાલદંડ પણ ત્યાં આવી પહોંચ્યો અને તે પણ દેવ રુપમાં પરિવર્તિત થઇ ગયો. આકાશમાંથી દેવગણ પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા. દુન્દુભિનાદ અને જય-જયકારથી ધરતી અને ગગન બંને જ ગૂંજી ઊઠયાં. રોહિતાશ્વકુમાર પણ જીવતો થઈને સ્તબ્ધ બનીને આમતેમ જોઈ રહ્યો હતો. જયારે જય જયકાર અને દુન્દુભિનાદનો કોલાહલ શાંત થયો ત્યારે એક દેવ આ રીતે બોલ્યા—

'રાજન્ ! સત્યની છેલ્લી પરીક્ષા થઈ ગઇ. તમારા જેવા સત્યવાદી મનુષ્યોમાં જ શું, દેવ, ગંધર્વો અને કિન્નરોમાં પણ ન તો કોઇ થયું છે અને ન તો કોઈ થશે. મહારાણી સુતારા જેવી પતિવ્રતાઓ પણ ત્રિલોકમાં નથી.

'રાજન્ ! તમારી સત્યની પરીક્ષા માટે આ બધો દેવોનો પ્રપંચ રચાયેલો હતો. કુલપતિ આચાર્ય, અંગારમુખ કપિંજલ વિગેરે ઋષિ-કન્યા વંચના, ઋષિ-પત્ની નિકૃતિ, સૂવરના ત્રાસની સૃષ્ટિ, ગર્ભવતી હરણીનો વધ વિગેરે બધી

દેવની સૃષ્ટિ હતી. કાશી નરેશ ચંદ્રશેખરની સભામાં ઉજ્જયિનીના મંત્ર જાણનારના ચમત્કારનું પ્રદર્શન, વિદ્યાધરીનો હોમ વિગેરે બધું જ દેવની માયા હતી. કાલદંડ વિગેરે પણ દેવ જ હતા.

'રાજન ! એક વાર દેવસભામાં દેવોના રાજા ઈન્દ્રે તમારા સત્યવ્રતની પ્રશંસા કરતાં કહ્યું હતું કે એક વાર તો સૂર્ય પણ શીતળ થઈ શકે છે, પણ ઈક્ષ્વાકુ કુળભૂષણ મહારાજ હરિશ્ચન્દ્ર પોતાના સત્યવ્રતથી ના ડગી શકે. થોડા દેવોને દેવરાજના આ વાકયમાં શંકા થઈ. તેથી તેમણે તમારા સત્યવ્રતની પરીક્ષા માટે આ માયા ફેલાવી.

'રાજન ! દેવ દ્વારા તમને આ પરીક્ષા લેવામાં જે જે દુઃખ પડયાં, એના માટે અમે બધા ક્ષમા માગીએ છીએ. હવે તમે તમારી ઈચ્છા અનુસાર કોઇ પણ વરદાન અમારી પાસે માગી લો.'

મહારાજ હરિશ્ચન્દ્રે કહ્યું—

'દેવગણ ! ન માગવું તે પણ મારા સત્યવ્રતની પરીક્ષાનો જ એક ભાગ છે. કોઇની પાસે પણ માગવું ક્ષત્રિય માટે નિષિદ્ધ છે. ક્ષત્રિય તો પોતાના પુરૂષાર્થનું ફળ મેળવે છે. આપવું જ ક્ષત્રિયત્વની શોભા છે. મારે કાંઈ

જ ના જોઇએ.'

ત્યારે એક ચતુર દેવે કહ્યું-

'માગવું તમારા માટે અકલ્પિત છે,પણ દેવું તો નથી. તેથી તમે અમને કાંઈ આપો.'

'દેવ ! તમે માગો. પહેલાંની જેમ હું અત્યારે પણ આપીશ.'

દેવે માગ્યું-

'હું એ જ માગું છું કે તમે અમારી પાસે કાંઇ માગો. કારણ કે દેવનાં દર્શન કયારેય વ્યર્થ નથી જતાં.'

મહારાજ હરિશ્ચન્દ્ર દ્વિધામાં પડી ગયા. કારણ કે 'દેવ પાસે કાંઈ માગો.' આ વચન તેમણે દેવોને આપ્યું હતું. તેથી બોલ્યા-

'મારા માટે તો નહીં', પણ હું બધા સત્યવાદીઓ માટે એ વરદાન માગું છું કે તમે સત્ય પર ચાલવા વાળાઓ-ની આટલી કઠોર પરીક્ષા કયારે ય ના લો કે સત્યથી તેની આસ્થા જ ઊઠી જાય. કારણ કે પરીક્ષાનો ઉદ્દેશ્ય સત્યવ્રત પાલનના માટે ઊત્સાહિત કરવું અને સત્યમાં આસ્થા પેદા કરવાનું જ હોવું જોઇએ. આવી પરીક્ષાઓથી નવા અભ્યાસી વિચલિત થશે અને સત્યની ગરિમા ઘટશે !

દેવે કહ્યું-

'રાજન ! તમારા સત્યપરીક્ષણે સત્યની ગરિમાને એવી અમર કરી દીધી છે કે હવે તેના ઘટવાનો તો કોઈ પ્રશ્ન જ નથી. તમારા જેવો છેલ્લો સત્યવાદી હવે થશે પણ નહીં. તો પણ ભવિષ્યમાં જે સત્યવાદી થશે, તે તમને આગળ રાખીને ચાલશે. તમારાથી મોટી પરીક્ષા હવે છે જ ક્યાં ?

'રાજન્ ! હવે તો તમે સત્યવાદીના પર્યાય બની ગયા. યુગો યુગ સુધી વિદ્યાર્થીઓ વાંચ્યા કરશે -હરિશ્ચન્દ્ર એટલે સત્યવ્રત- સત્યવાદી. તો પણ અમે તમને આપીએ છીએ કે ભવિષ્યમાં આવું નહીં થાય, કારણ કે જેવી રીતે સૂર્ય એક છે, એવી રીતે સત્યવાદી હરિશ્ચન્દ્ર પણ એક જ છે.'

દેવે પોતાની માયા ફેલાવી. થોડી વાર માટે અંધારું થયું. પછી જ્યારે પાછો પ્રકાશ થયો તો તે દિવસનો હતો અને હરિશ્ચન્દ્ર મહારાજ અયોધ્યામાં બેઠા હતા. રાજ-ભવનમાં સુતારા અને રોહિતાશ્વની વચ્ચે બેઠેલા હરિશ્ચન્દ્ર મહારાજ. એવું લાગ્યું કે તેમની સાથે બન્યું, તે એક સ્વપ્નું જોઈને ઊઠયા હોય. એમ પણ સુખના દિવસોમાં વીતેલાં દુઃખ સ્વપ્નવત જ લાગે છે.

મહારાજ હરિશ્ચન્દ્ર પહેલાંની જેમ અયોધ્યાના રાજ-સિંહાસન પર અવસ્થિત હતા. કુલપતિ આચાર્ય રુપી દેવના

પ્રભાવથી તેમનો મંત્રી વસુભૂતિ પોપટ બની ગયો હતો અને સ્વામિભક્ત કુંતલ શિયાળ. હવે તે બંને પહેલાંના જેવા રુપમાં આવીને મહારાજ હરિશ્ચન્દ્રને મળ્યા. એક વખત મહારાજ હરિશ્ચન્દ્ર સરયુના કિનારે ચાલીને તે જગ્યા પર પહોંચ્યા. અંગારમુખ વિગેરે તપસ્વીઓનો આશ્રમ હતો અને જ્યાં તેમનાથી એક હરણીનો વધ થઇ ગયો હતો. પણ હવે ત્યાં કશું જ નહોતું. સુમસામ- વેરાન વન હતું.

અયોધ્યામાં આવીને મહારાજ હરિશ્ચન્દ્રે અનેયેક પુણ્ય-નાં કાર્ય કર્યાં અનેક ઔષધ ગૃહો બનાવડાવ્યાં. નવી દાનશાળાઓ પણ ખોલી. પ્રજાના કલ્યાણમાં તેમનું જીવન વીતી રહ્યું હતું. રાજકુમાર રોહિતાશ્વ વિદ્યાભ્યાસ કરતાં કરતાં વધતો જતો હતો— સમય તો વીતે છે જ. સમય વીતવાની સાથે રોહિતાશ્વકુમાર વિદ્યાનિષ્ણાત થઇને યુવાન થઈ ગયો. હવે મહારાજ હરિશ્ચન્દ્ર પુત્રને રાજ્ય આપીને જાતે ચારિત્ર ગ્રહણનો વિચાર કરવા લાગ્યા. તેમની શુભ ભાવનાના પ્રભાવથી એકવાર અયોધ્યા-માં એક નિગ્રન્થ મુનિ આવ્યા. રાજા અને પ્રજા બધા જ તેમનો બોધ સાંભળવા ગયા. મુનિએ વિવિધ ઢંગથી ધર્મનો બોધ આપ્યો. બોધ સાંભળ્યા પછી મહારાજ હરિશ્ચન્દ્રે પૂછ્યું—

'ભગવાન ! ઘણું જ દુઃખ પડવા છતાં પણ સત્ય ના છોડયું

એ તો એક જુદી જ વાત છે. પણ જેવી રીતે તમે કહ્યું કે દરેક જાતનું ભોગવવાનુ કૃત કર્મનું ફળ હોય છે. તો મેં પૂર્વ ભવમાં એવું શું દુષ્કાર્ય કર્યું હશે, જેના કારણે હું એક ચંડાળનો ખરીદાયેલો દાસ બન્યો. મારા હાથે જ મારે મારી પત્નીને વેચવી પડી ?'

મુનિ બોલ્યા–

'રાજન ! તમે ઘણો જ ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે. બધું જ દુઃખ તમે પહેલાંનાં કરેલાં કર્મોને કારણે જ ભોગવ્યું છે. કર્મનું ફળ તો અટલ છે. પહેલાંના કરતાં કર્મોનું ફળ ભોગવતાં — ભોગવતાં પણ તમે સત્યના વ્રતને ન છોડયું. એ તમારું આ જન્મનું કર્મ છે. તમે અખૂટ પુણ્યોનો સંચય કર્યો છે. પોતાના સત્યા પાલનની અડગતા અને દઢતાને કારણે જ્યાં સુધી સૂર્ય–ચંદ્ર રહે ત્યાં સુધી તમારું નામ રહેશે. હવે એ સાંભળો કે કયા કર્મોના પ્રભાવથી સત્યની પરીક્ષા-ના બહાને તમારે આટલાં દુઃખ મળ્યાં.'

રાજા હરિશ્ચન્દ્ર, મહારાણી સુતારા વિગેરે બધા એકાગ્ર મનથી મુનિની વાત સાંભળવા લાગ્યાં–

ઘણા સમય પહેલાંની વાત છે. અમરાવતી નામની નગરીમાં અમરસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેમની પટરાણી-નું નામ પણ નગરીને અનુરુપ અમરાવતી જ હતું. રાજાનો

મંત્રી મત્રિસાર ખૂબ જ બુદ્ધિશાળી અને ચતુર હતો. એક વખત નગરીમાં ચુવાન વયના બે યતિ આવ્યા. બંને બાળ બ્રહ્મચારી હતા અને પોતાના સંપ્રદાય અનુસાર તપશ્ચર્યા કરતા હતા. વ્રતનું પારણું કરવા માટે નગરીમાં ફરી રહ્યા હતા. જ્યારે મહારાણી અમરાવતીએ તેઓને મકાનની નીચેથી જતાં જોયા તો દાસી દ્વારા ઉપર બોલાવી લીધા. એક યતિને તો બહાર જ બેસાડયો અને બીજો જે વધારે સ્વરુપવાન હતો—તેને રાણી અંદર લઇ ગઇ. રાણીએ તે જુવાન સાથે ભોગ ભોગવવાની માગણી કરી. સાધુએ સમજાવ્યું—'

'તમે મારી મા સમાન છો. હું તમારો પુત્ર છું. આવી પાપભરેલી વાતો કેમ કરો છો?'

પણ રાણી તો કામાન્ધ થઇ રહી હતી. તેણે અનેક યુક્તિઓથી યતિને ડગાવવાનો પ્રયાસ કર્યો, પણ તે યતિ મેરુની જેમ અડગ જ રહ્યો. ત્યારે તે રાણી અમરાવતી ખિજાઇ ગઈ અને બૂમાબૂમ કરી મૂકી. તરત જ રાજા દોડી આવ્યા. યતિએ આ બનાવને પોતાના કર્મનો ઉદય સમજી મૌન લઈ લીધું. તેનું મૌન જોઈ રાજા અમરસેનને એ નિશ્ચય થઈ ગયો કે આ સાધુ પાપી છે. તેણે મારી રાણીને ચોક્કસ જ છંછેડી હશે. તેથી રાજાએ બંને યતિઓને પોતાનું સ્પષ્ટીકરણ ના

આપ્યું. તેને તો એ ખબર નહોતી કે મારા સાથી સાધુએ શું કર્યું છે.

એક મહિનો વીતી ગયો. એક રાત્રે બંને યતિ એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા. બીજા સાધુએ પહેલાને પૂછયું-

'રાણીએ તને શું કહ્યું હતું? તેણે ધમાલ કેમ કરી? તું કેમ પકડાઇ ગયો?'

ત્યારે સાધુએ બધી વાત સાચે સચી જણાવી દીધી. તે સમયે રાજા જાગી રહ્યા હતા. તેથી તેમણે પણ સાધુઓનો વાર્તાલાપ સાંભળી લીધો. રાજાએ તે જ વખતે બંને સાધુઓને મુકત કર્યા અને તેમની પાસે વારંવાર ક્ષમા માગી દયાના સાગર મુનિઓએ રાજાને માફ કરી દીધા. પરંતુ તેમને માફ કરવાથી કર્મોનું બંધન તો ટળતું નથી. મુનિશ્રીએ મહારાજ હરિશ્ચન્દ્રને કહ્યું-

'રાજન્! પૂર્વ જન્મના અમરસેન તમે છો અને અમરાવતી સુતારા બની છે. તમે સાધુઓને જે દુઃખ આપ્યું તેનું ફળ તમને વ્યાજ સાથે મળ્યું છે.

મુનિની વાણી સાંભળી રાજા રાણી બંને બોધિત થયાં. રોહિતાશ્વને રાજ્યનો ભાર સોંપી મહારાજ હરિશ્ચન્દ્ર અને મહારાણી સુતારાએ શ્રામણી દીક્ષા લઇ લીધી. બંનેએ ઉગ્ર

તપ કરીને કૈવલ્ય પ્રાપ્ત કર્યું અને પછી મોક્ષના અધિકારી બન્યા.*

(શ્રી કનકસુંદર રચિત (સં.૧૬૯૭) હરિશ્ચન્દ્ર રાજાના રાસ' પ્રકાશક બાલાભાઇ છગનભાઈ શાહ અમદાવાદના આધાર પર)

---

હિન્દુ સાહિત્ય પ્રમાણે સત્યવ્રત પાલનના પ્રભાવથી મહારાજ હરિશ્ચન્દ્ર અને પાતિવ્રત્યના પ્રભાવથી મહારાણી શૈવ્યા(સુતારા) એ અયોધ્યાવાસીઓ સહિત સ્વર્ગ પ્રાપ્ત કર્યું. રાજા-રાણીના પુણ્ય પ્રભાવથી જ તેમની પ્રજાને સ્વર્ગ પ્રાપ્ત થયું હતું. તેમના સત્યની પરીક્ષા ઇન્દ્ર અને વિશ્વામિત્રે લીધી હતી. અંતિમ કસોટી કફન માટે સાડી ફાડતી વખતે દેવ, વિષ્ણુ શિવ વિગેરે બધા પ્રગટ થયા હતા અને ત્યારે રાજા-રાણી અયોધ્યા-વાસીઓ સહિત વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયાં.

# જ્ઞાનનો અપચો

મોતથી કોણ નથી ડરતું? બધા જ ડરે છે. રોગની પથારીએ પડેલા જર્જરિત શરીરવાળા વૃદ્ધની પણ તૃષ્ણા જુવાન હોય છે અને તે મરવા નથી ઇચ્છતો. એ વાત જુદી છે કે બહુ જ દુઃખી થવાથી તે કહે છે, 'અરે મોત! તું ક્યારે આવીશ? મને ઊઠાવી કેમ નથી લેતું?' પણ જ્યારે સાચેસાચ જ તેને મોતની આશંકા થાય છે, ત્યારે? ત્યારે તે કહે છે, 'પૌત્રનું મોં તો જોઇ લઉં.'

પણ વીર સૈનિક અને મુનિઓ ઘણા જ નિર્ભય ભાવથી મોતનું સ્વાગત કરે છે. મુનિ આત્માની રક્ષા કરવાવાળા ધર્મવીર હોય છે. કલુષિત દુર્ગુણોથી તે આત્માની રક્ષા કરે છે અને તેની સાથે લડતાં લડતાં મરી ફિટે છે અને વીર સૈનિક? રણઘેલા સૈનિક પોતાના દેશ અને પોતાની રક્ષા માટે કાળ સાથે લડે છે. શત્રુનો અવાજ અને રણભેરી સાંભળીને તેનો હાથ પ્રિયાની ડોકમાંથી ઊઠીને આપોઆપ જ વિદ્યુત ગતિથી તલવારની મૂઠ પર પડે છે.

મદનસિંહ વીર સૈનિક પણ હતો અને રસિક પણ. તેના નામમાં જ બંને રુપો પ્રગટ થતાં હતાં. તેની વાંકી અણીદાર તલવાર દુશ્મન પર સીધો ઘા કરતી હતી. જાતે તો પાણીદાર હતી. પણ શત્રુઓનું પાણી ઉતારતી હતી. મદનસિંહ એક નાના સરખા રાજ્યના રાજાનો સૈનિક હતો. કોણ જાણે તેનું હૃદય કેવું હતું કે અજાણમાં પણ કીડી મરી જાય તો પણ શિવ! શિવ! કહીને બેસી જતો અને દુઃખી થતો.

પરંતુ જ્યારે યુદ્ધમાં ઉતરતો ત્યારે શત્રુઓને એવી રીતે સાફ કરતો જેવી રીતે ખેડૂત ખેતરમાં ઘાસ કાપે છે. તેનું રેખા ચિત્ર હતું—ગોરું અને બળવાન શરીર, પહોળી છાતી અને ઉન્નત લલાટ. નાની નાની વાંકી મૂછો. માનરક્ષાને માટે કમરમાં ઝુલતી તલવાર અને હાથમાં ભાલો.

મદનસિંહ અઢાર વર્ષની ઉંમરે લશ્કરમાં ભરતી થયે હતો. તેના પિતા કીર્તિસિંહ પણ વીર સૈનિક હતા, તેથી તેની નસોનું લોહી પણ શૂરવીર હતું. હવે તેની ઉંમર પચ્ચીસ વર્ષની થઈ ચૂકી હતી. આ સાત વર્ષોમાં તેણે ત્રણ મોટાં યુદ્ધો જીત્યાં હતાં.

અંતિમ યુદ્ધની યાદ તેને હમેશાં રહ્યા કરતી હતી, કારણ કે આ વખતે તે મોતના મુખમાંથી

બચીને આવ્યો હતો. તેના ગળા નીચે ભાલાનું એક ઘા-ચિન્હ આ મૃત્યુ–યુદ્ધની યાદ અપાવતું રહેતું હતું. ઘા રુઝાઈ ગયો છે, પણ નિશાન તો ક્યારેય નહીં ભુંસાય. તેને બરાબર યાદ છે કે શત્રુ પક્ષના સૈનિકે તક જોઈને તેને ભાલો માર્યો હતો, જે તેને ગળાની નીચે હાંસડીની પાસે વાગ્યો હતો.

તે વખતે મદનસિંહે પોતાના ઘાની ચિંતા કર્યા વગર એક જ ઝાટકે દુશ્મન સૈનિકનું માથું ઉડાવી દીધું હતું અને પોતાના જ હાથે ભાલો કાઢીને ફેંક્યો હતો. ત્યારથી તેનું માન પણ ઘણું વધી ગયું હતું. સાત વર્ષના સૈનિક જીવન પછી હવે તે દિવાસ્વપ્ન જોવા લાગ્યો છે. એ દિવા–સ્વપ્નો તેના મદન નામને સાર્થક કરવાવાળાં છે.

મદનસિંહનું દિવા–સ્વપ્ન એક દિવસ ત્યારે સાકાર થયું, જ્યારે તેનાં લગ્ન સુભાભાની સાથે થયાં. રાજ્યના મહારાજે તેને એક મહિનાની રજા આપી હતી. આ અવકાશ માનો કે વીર રસના આ સ્વાદની અતૃપ્તિનું પ્રતીક અને શૃંગારરસમાં રસ–મગ્ન થવા માટે હતો. સુભભાને મેળવીને મદનસિંહ હવે 'સિંહ'ને રજા આપી દેવા માગતો હતો. અને ઇચ્છતો હતો કે હવે સુભાભાની સાથે તે ફક્ત મદન જ રહે. એવો મદન, જેનાં બાણ ફૂલનાં હોય છે અને

જે ફૂલના બાણુથી જ સમગ્ર જગતને પોતાને આધીન રાખે છે.

❊ ❊ ❊

મદનસિંહના આંગણામાં હરિયાળી હતી. ચાર છ કેળનાં ઝાડ હતાં અને એક ઝાડ કેરીનું તથા બે દાડમનાં. લીલી ઘરોથી છવાયેલી થોડી ખુલ્લી જમીન પણ હતી. આજે તેની સુહાગરાત હતી. ઘરમાં સુભભા જ તેની પોતાની હતી. તેને શણગારવા અને ગીતો ગાવા માટે પડોશણો આવી હતી. સરખે સરખી ઉંમરવાળી સ્ત્રીઓ, સૈનિકની પત્નીઓ સુભાભાની મજાક-મશ્કરી કરી રહી હતી અને મદનસિંહ આંગણાની લોનમાં પોતાના સૈનિક સાથીઓની સાથે બેસીને ગપસપ કરી રહ્યો હતો. સંધ્યાનો સમય હતો. પૂર્ણિમાનો ચંદ્ર સૂર્યાસ્ત થતાંની સાથે જ નીકળી આવ્યો હતો. થાળી જેવો ગોળ, પણ ચાંદની ફેલાવામાં હજુ વાર હતી. યુદ્ધની વાત નીકળી હતી. શકિતસિંહ કહી રહ્યો હતો-

'મુનિજનો ચારેય તરફ કહેતા ફરે છે કે હિંસા ના કરો. અનેક રાજા આ મુનિઓના અનુયાયી પણ છે, તો પછી એ યુદ્ધ રોકી શકતા કેમ નથી?'

સુજાનસિંહ બોલ્યો—

'યુદ્ધ ન હોય તો માણસ મરે કેવી રીતે? મોતને પણ

તો કાંઈ બહાનું જોઈએ. અનેક બહાનાઓમાં એક બહાનું યુદ્ધની માર-કાપનું પણ છે.'

પછી આ હિંસાનું પાપ? સૈનિકોને પેટના માટે આ પાપ કરવું પડે છે.' રામસિંહના આ વાક્યનો ઉત્તર મદનસિંહે આપ્યો—

'પાપનો ભાગીદાર રાજા હોય છે. સૈનિકનો હેતુ કોઈને દુઃખ દેવાનો નહીં, પરંતુ સ્વામી માટે મરી ફિટવાનો હોય છે.'

સુજાનસિંહે પોતાના વાત કહી—

'એ પણ તો જરૂરી નથી કે દરેક યુદ્ધ હિંસાના રુપમાં જ હોય. કોઈ કોઇ વાર એક પક્ષે હિંસાનું રુપ હોય છે, તો બીજું જીવતી જાગતી અહિંસાનું ચિત્ર.'

'વાહ ! આ પણ કોઈ વાત થઈ ? યુદ્ધ અહિંસક કેવી રીતે થાય ?' રામસિંહે પૂછ્યું. સુજાનસિંહ બોલ્યો-

'ગામડાં પર ભીલો આક્રમણ કરે છે અને ગામવાળાઓને ગાજર-મૂળા સમજીને મારકાપ કરે છે, ત્યારે જીવ બચાવવા માટે ગામવાળા થોડા ભીલોને મારી નાખે છે, તો આ પક્ષ અહિંસાનું રુપ જ થયો.'

'એ તો વિવાદની વાતો છે.' મદનસિંહ બોલ્યો-'હિંસા હિંસા જ છે. યુદ્ધ અહિંસક કેવી રીતે થાય? જ્યાં સુધી

રાજાઓ એમ સમજે છે કે રાજ્ય મારું છે ત્યાં સુધી યુદ્ધ રહેશે. એક વાર એક રાજાએ એક બ્રાહ્મણને કહ્યું કે મારા રાજ્યમાંથી નીકળી જા. ત્યારે બ્રાહ્મણે પૂછયું : તારા રાજ્યમાંથી નીકળી જઈશ, પણ બતાવ તારું રાજ્ય કયાં છે? ત્યારે રાજાની આંખો ખુલી ગઈ અને તેને ખબર પડી કે સમજ્યા વિચાર્યા વગર હું શું બોલી ગયો?'

કુસુમસિંહ અત્યાર સુધી ચુપ બેઠો હતો. હવે તે બોલ્યો-

'તમે બધા લોકો ખીરમાં મીઠું નાખી રહ્યા છો. આજે મદનસિંહની સુહાગરાત છે. વાતો જ કરવી હોય તો રસ-રંગીન વાતો કરો, નહીં તો પછી ચાલો.'

મદનસિંહ હસ્યો. સુજાનસિંહ બોલ્યો-

'હવે રાત ઘણી થઇ ગઈ છે, મદનનો પીછો પણ છોડશો કે નહીં?'

❊

મદનસિંહ અને સુભાભા-ઘરમાં બે જ છે અતે આજે બંને એક થઈ જવા ઇચ્છતાં હતાં. મદનસિંહના દૂરના સંબંધની માસી અને માસીની છોકરી નગરના બીજા સંબંધીને ત્યાં ચાલી ગઇ છે, જે સવારે આવશે. સુભાભા અજોડ સુંદરી છે. લાલ સાડી પહેરી છે. માથા સુધી ઓઢેલું છે.

બાકીનું કામ ઝુકેલી આંખો કરી રહી છે. મદનસિંહે પોતાના મિત્રો સાથે થયેલી ચર્ચા કરવા માંડી. સુભાભા સાંભળતી રહી. જ્યારે સુભાભા કાંઇ જ ન બોલી ત્યારે મદને કહ્યું-

'તારી પાસે કહેવા માટે કાંઈ પણ નથી? તારી વાત ના કહી શકે તો મારી જ વાતો પર થોડી ટીકા કર.'

'તમારી ટીકા કરવાની મારામાં ક્યાંથી આવડત હોય?' અને હાસ્યનો સહારો લઇને કહ્યું- 'તમે વીર સૈનિક છો અને હું ચૂલો ફૂંકવા વાળી ગૃહિણી.'

'સુભાભા ! મહિનાની જ રજા છે. ત્રીસ દિવસ સુધી તો હું પણ તારી સાથે ચૂલો જ ફૂંકીશ. યુધ્ધ શું હંમેશાં થાય છે?'

'પણ ત્રીસ દિવસ પછી શું થશે ? જો યુધ્ધ થઈ ગયું તો ?'

'હવે તું મારા યુધ્ધની વાત છોડ, તારા યુધ્ધની વાતો કર.'

'ચાલો હટો ! આખો વખત યુધ્ધની જ વાતો. આજે તો યુધ્ધનું નામ પણ ન લો. કોણ જાણે કેમ, યુધ્ધના નામથી જ મારૂં હૃદય ધડકે છે.'

મદનસિંહ ઊઠીને બેઠો થઇ ગયો અને બોલ્યો—

'સુભાભે ! તું વીર-પુત્રી અને હવે વીર-પત્ની પણ છે.'

સુભાભાએ પણ કહ્યું—

'સ્વામી! વીર-પત્ની પણ સ્ત્રી હોય છે. તે સ્ત્રી જે પુરૂષ વિના પૂર્ણ નથી હોતી. હું યુદ્ધથી નથી ડરતી, પરંતુ તેની ભયંકરતાથી ડરું છું. સિન્દૂરનો લાલ રંગ સુહાગરાતને રંગીન બનાવે છે. યુદ્ધનો લાલ રંગ સોહાગણોની માંગનું સિંદૂર ભૂંસે છે. એવું ખરાબ છે, એ યુદ્ધ. જ્યાં સુધી વીર-પત્નીઓનો પ્રશ્ન છે, સુભાભા તે સ્રીઓમાંની છે, જે પોતાના હાથથી તલવાર આપીને અને આરતી ઉતારીને પતિને વિદાય કરે છે અને યુદ્ધથી ભાગી આવેલા પતિને જોઇને ધિક્કાર કરે છે.'

'સુભાભે, હું ધન્ય થઈ ગયો!' કહેતાં મદને તેને પોતાની સાવ નજીક બેસાડી દીધી. રાત્રી ધીરે ધીરે વીતી રહી હતી. મદન અને સુભાભા સૂઈ રહ્યાં હતાં. રાત ઘણી જ વીતી ચૂકી હતી. સર્વત્ર શાંતિ હતી. હવાના ઝોકાથી આંગણામાં ઊભેલાં કેળનાં પાન એકબીજા સાથે ટકરાઇને રાત્રીની શાંતિને ક્યારેક ક્યારેક ભંગ કરી દેતાં હતાં અને પછી એકાએક રણભેરીએ શાંતિનો ભંગ કર્યો. મદન એકાએક ઝબકીને બેઠો થઇ ગયો. સુભાભા પણ તેની સાથે જ ઊઠીને બેઠી થઈ ગઈ. રહી રહીને વાગતી રણભેરીનો અવાજ સાંભળીને સુભાભાએ ચોંકી જઈને પૂછ્યું—

'સ્વામી! આ રણશીંગાં કેમ વાગવા લાગ્યાં?'

મદસિંહની નજર દિવાલ પર ટીંગાડેલી તલવાર, ઢાલ અને ભાલા પર મંડાયેલી હતી. ત્યાં જ જોતાં મદને કહ્યું—

'સુભાભે ! રણનું તેડું આવી ગયું હશે. આ રણભેરીને સાંભળીને બધા સૈનિક ભેગા થઈ ગયા હશે.'

'તમે ?'

'હું પણ તો સૈનિક છું. દેશની રક્ષા એ મારો ધર્મ છે.'

'હું પણ વીર પત્ની છું. તલવાર ના ઊઠાવો. હું મારા હાથોથી તલવાર આપીને યુધ્યમાં જવા માટે વિદાય કરીશ.'

'સુભાભા ! હું તારી પાસે આવી જ આશા રાખતો હતો.'

'સ્વામી ! પણ અચાનક જ એ યુધ્ધનું તેડું કેમ ?'

'આ બધો રાજનીતિનો પ્રપંચ છે. મહિનાથી અમારા ગુપ્તચર બહાર હતા. લાગે છે, તેમણે કોઇ એવી સૂચના આપી હશે કે અમારી સેનાને અંધારામાં જ પ્રયાણ કરી દેવું જોઈએ. કોઈ વનમાં સવાર થશે. ઘણે દૂર જવાનું છે.' એમ કહીને મદન-સિંહ સાજ સજવામાં લાગી ગયો. સુભાભા પણ પોતાના

કામમાં જોડાઈ ગઈ.

યોગ્ય સમયે સુભાભાએ મદનના બંને હાથોમાં તલવાર સોંપી. તેણે તિલક કરીને આરતી ઉતારી અને તેની આંખોમાંથી બે મોતી ટપકી પડયાં.

'આ શું સુભાભા ! રડીને વિદાય કરીશ ?'

'સ્વામી ! આ આંસુ ઉત્સાહનાં છે. મારું ડાબું અંગ ફરકી રહ્યું છે. વિજયને વરીને જ આવજો.'

'કાંઇ પણ હોય, આ વિજયનું શ્રેય રાજા અને સેનાપતિને મળશે. સૈનિકને કોણ પૂછે છે ?'

'સ્વામી ! સૈનિક રાજાના હાથનો જ વિસ્તાર હોય છે. શરીરથી જુદા પડેલા હાથનું અસ્તિત્વ જ શું હોય છે? તમારો પરિતાપ મિથ્યા છે.'

'સાચે સાચ તું વીર બાળા છો, સુભાભા ! હું હથેળીમાં મોત રાખીને લડીશ. આજની રાત કયારેય નહીં ભૂલું.'

પત્નીની વિદાય લઈને મદન બહાર આવ્યો. તેને જોતાં તેની ઘોડી હણહણી. મદને તેની પીઠ પર હાથ ફેરવ્યો અને ચડી ગયો. રણશિંગું હજી પણ વાગી રહ્યું હતું. મદન ઘોડા પર ચડેલો સૈનિક હતો. પગપાળા સૈનિકો પ્રયાણ કરી ચૂકયા હતા. ઘોડે ચડેલા સૈનિકોએ તેમની પાછળ જ

પ્રયાણ કર્યું. સુભાભા હજુ સુધી ઘરના દરવાજા પર જ બેઠી હતી. ચકલીઓ ચહકવા લાગી હતી. સવાર થઇ રહ્યું હતું. સુભાભા વિચારી રહી હતી– 'હવે તો 'એ' કેટલાય ગાઉ દૂર નીકળી ગયા હશે.'

મહિનાઓ વીતી ગયા– છ મહિના પૂરા થવામાં થોડાક જ દિવસો બાકી રહી ગયા હતા. મદનસિંહ પાછો નહોતો આવ્યો અને યુદ્ધના કોઇ સમાચાર પણ ના મળ્યા. સુહાગરાત પછી જ આટલો લાંબો વિયોગ સુભાભાને સહેવો પડયો હતો. તો પણ તે નિશ્ચિત તો નહોતું જ કે તેનો વિયોગ મિલનમાં બદલાશે.

સુભાભા ઉદાસ, ખિન્ન અને શૂન્યમન– રહેતી હતી. તેના દિવસો પહાડથી ભારે અને રાતો નાગણ જેવી ઝેરીલી વીતતી હતી. સુભાભા પતિના વિયોગમાં બેઠી બેઠી આંસુ વહાવતી રહેતી. લૂછયા વગર જ તેનાં આંસુ સુકાઈ પણ જતાં હતાં. જો આશા હોય તો લાંબી પ્રતીક્ષા પણ મધુર હોય છે. પણ સુભાભા તો આશા–નિરાશાના હિંચકામાં ઝુલતી રહેતી હતી. યુદ્ધનું પરિણામ શું હોય ? કોણ જાણે ઊંટ કયા પડખે બેસે ? કયારેક સુભાભા વિચારતી :

'સ્વામી વીર છે, પરાક્રમી છે અને હંમેશાં વિજયી

થયા છે. પણ શું ક્યારેય પાસું ના પલટાય ? દસ- વીસને મારીને મરવું પણ તો વિજય છે. વીરગતિ પણ તો વીરને મળે છે. આખરે આ યુદ્ધ કેટલું લાંબું થઈ ગયું ? કોણ જાણે ક્યારે આવશે....?'

સુભાભા ઘરના દરવાજા પર બેઠી છે. તેનું ચંદ્રમુખ દિવસમાં નીકળેલા ચંદ્ર જેવું તેજહીન છે. આંખો સૂની છે. વિચારી રહી છે અને સૂના રસ્તા પર જોઈ રહી છે, કે કોઈ મુસાફર આવે તો યુદ્ધના સમાચાર પૂછું. તેણે સામેથી આવતા એક મુનિને જોયા.

મુનિએ સફેદ પોશાક પહેર્યો હતો. હાથમાં રજોહરણ છે. ઉઘાડા પગે અને ઉઘાડા માથે. હૃદયમાં સમતાનો સાગર લહેરાઇ રહ્યો છે. મુનિ મહાજ્ઞાની છે. ભૂત ભવિષ્યનું જાણે છે. લોક કલ્યાણની ભાવના તેમના રોમેરોમમાં સમાયેલી છે. ઈર્યાસમિતિ યુક્ત ભિક્ષા માટે ફરી રહ્યા છે.

સુભાભાને ઘરના દરવાજે બેઠેલી જોઈ મુનિ તેના બડભાગી બનવા તેની તરફ આવી રહ્યા હતા. નજીક આવતાં જ વિરહ પામેલી સુભાભાએ તેમને વંદન કર્યાં અને પછી ઊઠીને આહાર લાવી. મુનિએ આહાર લીધો અને સુભાભાના મુખ પર વ્યાપેલો વિષાદ જોઈને દ્રવી ઊઠયા. તેમણે પૂછ્યું-

'બહેન ! તને શું દુઃખ છે ?'

'શું બતાવું ભગવાન ! ઘણી દુઃખી છું. કોણ જાણે મારા દુઃખનો અંત આવશે કે નહીં ?'

'બહેન ! આ જગતમાં બધાનો અંત હોય છે. ધર્મ સિવાય અહીં કોઈ પણ બાબત અનંત નથી. જયારે તારા સુખનો અંત આવી ગયો તો દુઃખનો કેમ નહીં આવે ? કદાચ હું કાંઈ કરી શકું. તારું દુઃખ તો કહે.'

'પ્રભો ! મારા સ્વામી યુદ્ધમાં ગયા છે. છ મહિનાથી તેમના કોઈ સમાચાર નથી મળ્યા. આ યુદ્ધનો અંત કયારે આવશે ? તે કયારે આવશે ?'

'વિષાદ ન કર બાળા !' કહેતાં મુનિએ આંખો બંધ કરી અને અંદરની આંખો દ્વારા મદનસિંહને જોવા લાગ્યા. પછી બોલ્યા—

'તારા પતિનું નામ મદનસિંહ જ છે ને?'

'હા ભગવાન ! 'સુભાભા મુનિના ચરણોમાં પડી ગઇ' અને હર્ષથી વિહ્વળ થઇને બોલી– 'તમે તો તેમનું નામ પણ જાણો છો. બતાવો, તે યુદ્ધમાં જીતી ગયા? કયારે...?'

'સુભાભા ! મને બધી જ ખબર છે. લગ્નની પ્રથમ રાત્રે જ તેમણે પ્રયાણ કર્યું હતું. સુભાભે ! હવે તું શોકને ત્યાગ.

વિજયને વરીને મદનસિંહ કાલે વહેલી સવારે જ તને આવીને મળશે.'

'સાચે! તેઓ કાલે આવી રહ્યા છે? વિજયને વરીને?'

'સુભાભે! જેવી રીતે પ્રકાશથી અંધારું દૂર થઇ જાય છે, એવી રીતે જ જ્ઞાનથી અજ્ઞાન મળે છે. અને જ્યારે અજ્ઞાન દૂર થઇ જાય છે, તો બધાં જ દુઃખો પણ મટી જાય છે. મેં મારા જ્ઞાનના બળ વડે જ આ સૂચના તને આપી છે. કાલ ઘણી દૂર નથી. મદન કાલે જ આવશે!'

'પ્રભો! હું જાણું છું કે તમારી વાણી વૃથા ના હોઇ શકે. કાલે હું તેમને લઈને તમારાં દર્શન માટે આવીશ. તમારી દેશના સાંભળીને અમે બંને ધન્ય થઈશું. તમે........?'

'હું નગરની બહાર બગીચામાં જ સાધના કરું છું. તમારું કલ્યાણ થાવ.' એમ કહીને મુનિ ચાલ્યા ગયા.

હવે સુભાભાના પગ ધરતી પર નહોતા પડતા. યુદ્ધ ભેરી સાંભળીને જેવો ઉત્સાહ સૈનિકના હૃદયને થાય છે, અથવા ગરીબને જોઇને જેવો ઉત્સાહ દાનવીરમાં થાય છે, તેનાથી પણ વિશેષ ઉત્સાહ સુભાભાના હૃદયમાં હતો. તે ઘરની સજાવટમાં પડી ગઈ. તેણે પોતાનું ઘર એવી રીતે સજાવ્યું, જાણે આજે જ સુહાગરાત હોય.'

સુભાભા વારંવાર ઊઠીને જોતી હતી કે સવાર પડવામાં હજુ કેટલી વાર છે ? ઘણી મુશ્કેલીથી તેની રાત પસાર થઇ. આજે વહેલી સવારે જ તેના પતિને આવવાનું હતું. સવારે ઊઠીને તેણે સ્નાન કર્યું અને નખશિખ શૃંગાર કર્યો. કપાળની વચ્ચો-વચ્ચ લાલ ચાંદલો આજે ઘણો જ શોભી રહ્યો હતો. હોઠ પણ લાલ હતા અને હાથમાં આરતીનો થાળ હતો. આવી રીતે પૂર્ણ સજાવટ કરીને સુભાભા ઘરના દરવાજા પર પતિની પ્રતીક્ષા કરવા લાગી.

આ તરફ મદનસિંહ ઘણા વેગ સાથે પોતાની ઘોડી દોડાવી આવી રહ્યો હતો. તેના વિચારોમાં સુભાભા જ સુભાભા હતી. કયારેક-કયારેક યુદ્ધના પ્રસંગો પણ વણ-બોલાવ્યા મહેમાનની જેમ આવી પડતા હતા. મદન તેને બળપૂર્વક કાઢી મૂકતો અને સુભાભા બાબતમાં જ વારંવાર વિચારતો— 'સુભાભા કેટલી સારી છે અને શકિતમાં દુર્ગાનું સ્વરૂપ છે. તે દિવસે કેવા ઉત્સાહની સાથે તેણે મને તલવાર પકડાવી હતી! આજે હું તેને તલવાર આપીશ અને કહીશ- સુભાભા! હવે આને ટીંગાવી દે. આને છુટ્ટી.'

આવા વિચારોમાં મદન પોતાના ઘરની નજીક આવ્યો અને તેની નજર ઘરના દરવાજા પર બેઠેલી સુભાભા પર

પડી. લગામ ખેંચીને ઘોડીની ગતિ ધીમી કરી દીધી અને પછી ધ્યાનથી જોયું-'સુભાભા ! આ જ તો સુભાભા છે. પણ એ સજી ધજીને કેમ બેઠી છે ? આખરે તો સ્ત્રી છે. એ સ્ત્રી, જેની રચના કરીને વિધાતા પણ તેના હૃદયની ગતિને નથી જાણી શકી.

વાહ રે સુભાભા ! તો તું તારા પ્રેમીની રાહ જોઈ રહી છે ? વિચાર્યું હશે કે આટલા દિવસો થઈ ગયા. મદન તો કદાચ યુદ્ધમાં માર્યો ગયો હશે. હું શા માટે મારી યુવાનીને ધૂળમાં રગદોળું. તેથી કોઇની સાથે સંબંધ જોડી લીધો. ત્યારે તો પંડિત લોકો કહે છે કે મોટાં મોટાં અસંભવ કાર્યો સંભવ થઇ જાય છે, પણ સ્ત્રીચરિત્ર જાણવું કોઇના માટે સંભવ નથી, એ સાચું છે.

મદનનો ઉત્સાહ બેસી ગયો. મનમાં થયું કે પાછો જતો રહું. બધું જ તો સ્પષ્ટ છે. તેના શૃંગારને જોઇને તો સંદેહને પણ સંદેહ નહીં થાય. આવી કુલટાનું મોં જોવું એ પણ પાપ છે. પછી બીજી જ ક્ષણે વિચાર આવ્યો : પહેલાં એ તો જાણું કે આજે તેનો કયો પ્રેમી આવવાનો છે. પછી બંનેને એક સાથે મારીને જ મારી તલવારની તરસ છિપાવીશ. ઘણું જ લોહી પીધું તો પણ મારી આ

તલવાર હજુ એ જીવોનું બીજું લોહી પીવા માગે છે.

આમ વિચારતાં જ મદને પોતાના આંગણામાં પ્રવેશ કર્યો. ઘોડી એક તરફ બાંધી દીધી અને ઉદાસ મનથી ધીરે ધીરે સુભાભા તરફ આગળ વધ્યો. તેની મુખાકૃતિને જોઈને સુભાભા ડરી ગઈ, પણ પોતાના હર્ષને ન દબાવી શકી. તેથી ઝટપટ આરતીનો થાળ લઈને આગળ વધી. મદને એક જ ઝાટકે થાળને દૂર ફેંકી દીધો અને વ્યંગમાં બોલ્યો–

'હવે આ ઢોંગની શી જરૂર છે, પતિવ્રતા ? જેના માટે આ શૃંગાર કર્યો છે, એ પણ હવે આવતો જ હશે. મને બુદ્ધુ ના સમજીશ. આજે હું તમને બંનેને હંમેશને માટે એક જ જગ્યાએ સૂવડાવી દઈશ.'

'તમે શું કહો રહ્યા છો ? હું તમારી પ્રતીક્ષામાં જ બેઠી હતી. તમને આવી શંકા કેમ થઈ ?'

'મને પ્રશ્ન પૂછે છે ? આ પથારી શું મારા માટે સજાવી છે ? છ મહિનાથી જેના કોઇ સમાચાર નથી મળ્યા, તેની બાબતમાં તારો આટલો અટલ નિશ્ચય કે તે આજે જ આવી રહ્યો છે ? તને કયાં ખબર હતી કે હું આજે જ આવીશ. હું એ કેવી રીતે માની લઉં કે તને તારા ઉપ-

પતિની પ્રતીક્ષા નહીં હોય ? બતાવ, મારી પાછળ કોણ આવે છે, તારી પાસે ?'

સુભાભા ના રડી, ન ગદ્‌ગદિત થઈ. તે સાચી હતી, એટલા માટે નિર્ભય હતી, પરંતુ નિર્ભયતાની સાથે તેનામાં વિનય પણ હતો, તેથી પરમ આદર અને વિનયની સાથે તેણે કહ્યું—

'સ્વામી ! હું એ નહોતી જાણતી કે તમે કાલે આવશો. કાલે એક મહાજ્ઞાની મુનિ અહીં ભિક્ષા માટે આવ્યા. તેમણે જ પોતાના જ્ઞાનબળથી જણાવ્યું હતું કે તમે વિજયને વરીને આજે વહેલી સવારે આવશો. મુનિની વાણી ખોટી ના હોય, એમ વિચારી મેં ઘણા જ ઉત્સાહથી ઘરને સજાવ્યું અને સાજ-શણગાર કરીને આરતીનો થાળ લઇને સવારથી અહીં બેઠી છું. તેથી તમે તમારી ખોટી ધારણાને કાઢો અને મુનિના વચનને પ્રમાણ માનો....'

મદનસિંહ વચમાં જ બોલ્યો—

'સુભાભા ! સ્ત્રી ઘણી જ ચતુર હોય છે. સ્ત્રી આકાશને ફાડીને તેને પાછું સીવી શકે છે. તેં મુનિના વચનની આડ તાત્કાલિક તૈયાર કરી લીધી. પણ હું આ બહાનાને નહીં ચાલવા દઉં.'

'સ્વામી ! મુનિઓની બાબતમાં બધા જ એ જાણે છે કે પોતાના જ્ઞાનબળના સહારે તે લોકોના પૂર્વભવ સુધીનું બતાવી દે છે. પછી જો મુનિશ્રીએ તમારા આગમનની સૂચના આપી તો એમાં કયું આશ્ચર્ય હોઈ શકે ?'

'સુભાભા ! તે મુનિ કયાં છે ? હું પણ તો જોઉં કે તે કેટલા જ્ઞાની છે. જો મુનિની વાત સાચી જ હોય તો તેમને બોલાવી લાવ. જ્યાં સુધી મુનિ વચન પ્રમાણિત નહીં થાય ત્યાં સુધી હું અન્ન-જળ લઈશ નહીં.'

સુભાભા તરત જ બગીચામાં પહોંચી અને મુનિને બધી જ વાત જણાવી. સુભાભાના પતિની શંકા દૂર કરવી તેમણે ઉચિત સમજી, તેથી તેની સાથે જ તેને ઘેર આવ્યા. મદનસિંહના હાથમાં ખુલ્લી તલવાર જોઈને સુભાભા તો થરથર કંપવા લાગી, પણ મુનિને જોતાં જ મદને પૂછ્યું-

'સાધુ ! તમે કેવા સાધુ છો, જે એકલી સ્ત્રીઓની પાસે, તેના પતિની ગેરહાજરીમાં આવો છો ?'

'વત્સ ! સાધુ માટે સ્ત્રી-પુરુષનો કોઈ ભેદ હોતો નથી, તેમના માટે તો બંને આત્માઓ છે. આત્માઓ સ્ત્રી-પુરુષ નથી હોતા. આભૌતિક શરીર ભેદ તમારા માટે જ છે.'

'હું તમારો ઉપદેશ સાંભળવા નથી ઈચ્છતો. મને તો એ જણાવો કે તમે એ કેવી રીતે જાણી લીધું કે વિજયને વરીને હું આજે જ આવી રહ્યો છું, જ્યારે હું સેંકડો ગાઉ દૂર યુદ્ધભૂમિમાં હતો ?'

'જ્ઞાનબળથી બધું જ જાણી શકાય છે.'

'જો તમે એવા જ જ્ઞાની છો તો બતાવો, મારી આ ઘોડીના ગર્ભમાં શું છે ?'

મુનિએ મદનનો પડકાર સ્વીકારી લીધો. તે પોતાના જ્ઞાનને પચાવવામાં અસમર્થ રહ્યા અને તેમણે તરત જ કહી દીધું–

'તમારી ઘોડીના પેટમાં વાછડો છે.'

'અને જો વાછડી થઈ તો ?'

'અસંભવ ! વાછડો જ છે.'

મદને તીવ્ર પ્રહારથી ઘોડીને મારીને પાડી નાખી અને પછી તેનું પેટ પણ ચીરી નાખ્યું. પેટમાંથી વાછડો જ નીકળ્યો, જે તરત જ મરી ગયો. મદનની શંકા તો દૂર થઈ ગઈ' પણ મુનિ શોક સાગરમાં ડૂબી ગયા. તે તરત જ બાગમાં પહોંચ્યા અને વિચાર કરવા લાગ્યા–

'હું મારા જ્ઞાનને પચાવી ન શક્યો. જ્ઞાનનો અપચો

કેટલો ઘાતક નીવડયો ? મારે એની આવશ્યકતા જ કયાં હતી, જે મેં સુભાભાને મદનના આગમનની ઘડી બતાવી. સુભાભાનું દુઃખ દૂર કરવાનો મેં અહંકાર કર્યો. આવેશમાં આવીને વાછડાની વાત કહી દીધી. કાંઈ પણ ન વિચાર્યું. મારા નિમિત્ત વાકયથી બે પંચેન્દ્રિય જીવોની હિંસા થઇ ગઇ. મારે આ નિમિત્તો હિંસાનું પ્રાયશ્ચિત કરવું પડશે.'

આમ વિચારતાં મહાજ્ઞાની મુનિ ઉપવાસ કરીને કાયોત્સર્ગમાં બેસી ગયા. મદન પણ ઘણો જ દુઃખી થયો. તેણે વિચાર્યું:

'મેં સુભાભા પર શંકા કરી તો કરી, પણ મુનિ ઉપર પણ કરી. મારી શંકાને કારણે બે નિર્દોષ પ્રાણી માર્યાં ગયાં, મારે હવે મુનિના શરણમાં જઇને પ્રાયશ્ચિત કરવું જોઇએ.'

સુભાભા તો શોકમાં મગ્ન હતી જ. તે વિચારી રહી હતી કે, ભોગની ઇચ્છા જ પતિમિલનની ઉત્કટતાનો પર્યાય છે. મારા કારણે જ બે નિરપરાધી પ્રાણીઓની હિંસા થઇ. આ ભોગ જ દુઃખદાયી છે. જ્ઞાની મુનિના શરણમાં જાઉં, ત્યાં શાંતિ મળશે.'

મદનસિંહ અને સુભાભા- બંને મહાજ્ઞાની મુનિ

સુમતિસાગરના શરણમાં પહોંચ્યાં.

કાયોત્સર્ગ પૂર્ણ કરી મુનિએ તેમને સૂચના આપી. બંનેને પરમ શાંતિ પ્રાપ્ત થઈ, અને બંને શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કરીને પાછાં આવ્યાં તથા ધર્મ આરાધના કરતાં કરતાં દામ્પત્ય જીવન વિતાવવા લાગ્યાં. આ તરફ ઉપવાસ પૂર્વક શરીર છોડીને મુનિ સુમતિસાગરે મોક્ષ પ્રાપ્ત કર્યો.

સમાપ્ત

# દાડમિયા શેઠ

આકાશમાં ઘટાટોપ વાદળો છવાયાં હતાં. બે મુનિ ચોમાસું કરવા વસન્તપુર તરફ જઈ રહ્યા હતા. વસંતપુર ચાર ગાઉ દૂર હતું. તેઓ રાત્રે વિશ્રામ કરવા એક ગામમાં પહોંચ્યા. સાંજ પડવા આવી હતી. તેથી એક આદિવાસીની ઝુંપડીમાં એ બંને મુનિ રોકાઈ ગયા. રાત્રે વરસાદ શરૂ થયો. પાણી અને જમીન એક થઈ ગયાં. વરસાદ બંધ થતો ન હતો. દિવસો પસાર થતા હતા. પરંતુ વરસાદ બંધ ન થવાને કારણે બંને મુનિ ત્યાંથી નીકળી શકતા ન હતા.

અષાઢી પૂનમ આવી. તેથી મુનિઓએ નિશ્ચય કર્યો કે હવે ક્યાંય જઈ શકાય તેમ નથી. ચાર મહિના અહીં રોકાવું પડશે. મુનિઓ વરસાદ બંધ થવાની રાહ જોવા લાગ્યા. શ્રાવણ મહિનાના કૃષ્ણપક્ષમાં વરસાદ બંધ થયો. સૂર્યનાં કિરણો ચમકવા લાગ્યાં. મુનિઓએ આદિવાસીને પૂછ્યું:

'અહીં શાકાહારીઓનું ઘર છે ?'

આદિવાસીએ કહ્યું–

'અહીં એક શેઠ છે તે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેના સિવાય આ ગામની નજીક બીજું એવું કોઇ ગામ નથી કે જયાં શાકાહારી લોકો રહેતા હોય.'

આદિવાસીએ શેઠને કહેવડાવ્યું કે આપણા ગામમાં સાત દિવસથી જૈન મુનિ આવ્યા છે. તેઓ મારી નવી બનાવેલી ખાલી ઝુંપડીમાં રહે છે. સાત દિવસથી એમણે અન્ન પાણી લીધું નથી. મેં તેમને કહ્યું કે તમે ઈચ્છો તો અમારું અનાજ લઈ તમારા હાથે ભોજન બનાવો. તમને પાણી જોઇએ તો હું ગાળીને કૂવામાંથી તાજું પાણી લાવી આપું.' પણ તેમણે કહ્યું:

'અમે આમારા હાથે રાંધતા નથી, અગ્નિને અડતા નથી અને અનાજ કે શાકભાજીને હાથ લગાડતા નથી. કૂવા-સરોવરનું પાણી અમારા ઉપયોગમાં આવતું નથી. જે શાકાહારી હોય અને અમારા માટે ભોજન બનાવે તેમાંથી અમે કશુંક લઇએ છીએ.'

શેઠ ગુણપાલે આ સાંભળ્યું એટલે તેને એમ લાગ્યું કે આ મારા ગુરુ હોવા જોઇએ. તે પોતાની પત્નીને લઈ મુનિઓનાં દર્શન કરવા ઝુંપડીએ ગયો અને કહ્યું:

'ગુરુદેવ ! મને ખબર ન હતી કે તમે સાત દિવસથી

અહીં છો. મારૂં ધનભાગ્ય છે કે તમારાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. મારે ત્યાં ભોજન તૈયાર છે. નાહવા માટે ગરમ પાણી પણ તૈયાર છે. કૃપા કરી મારે ત્યાં પધારો અને તે ગ્રહણ કરી મને સેવાનો લાભ આપો.'

ધર્મઘોષ મુનિએ કહ્યું:

'સુશ્રાવક ! ચોમાસું પસાર કરવા વસંતપુર જવું હતું પરંતુ રસ્તો જડયો નહીં એટલે અહીં રોકાઇ ગયા. અને સાત દિવસ સતત વરસાદ પડવાને કારણે અમે વિહાર પણ કરી શકયા નહીં અહીં ચાર મહિના રોકાવું પડશે. અને તેથી તને જૈનધર્મનું શ્રવણ કરવાનો અનેરો લાભ મળશે.'

શેઠે કહ્યું:

'ગુરૂદેવ ! આવો લાભ મળે એ તો મારૂં સદભાગ્ય છે. તમે પહેલાં આહાર માટે પધારો. તમને ખાધે સાત દિવસ થઇ ગયા છે.'

ધર્મઘોષ મુનિ પોતાના શિષ્ય સાથે તે શેઠને ત્યાં ગયા. તેમણે જોયું કે ઘરમાં પત્ની સિવાય કોઇ નથી. તેની પત્ની પણ સંસ્કારી છે. તેની આર્થિક સ્થિતિ સામાન્ય છે.

શેઠે કહ્યું:

'ગુરુદેવ ! અહીં આજુબાજુ આદિવાસીઓ રહે છે

અને બધા માંસાહારી છે. તેથી ખેતી કરી હું મારૂં ગુજરાન ચલાવું છું. તમે શાંતિથી ખાઓ. તમે એ શંકા ન રાખશો કે અમે ફરીથી રાંધીશું. આ અમારા માટે બનાવેલું ભોજન છે. આ ખાવાથી તમને સહેજ પણ દોષ લાગશે નહીં. અમે ઘરમાં બે વ્યકિતઓ છીએ. તમે ખાઓ. અમને બંનેને ઉપવાસ ગ્રહણ કરાવો.'

ધર્મઘોષ મુનિએ બહુ જ ના પાડતાં કહ્યું કે અમને થોડું આપો, બધું નહીં. પણ શેઠ અને શેઠાણી માન્યાં નહીં અને બધું જ રાંધેલું આપી સંતોષ માન્યો. બંનેએ ગુરુ પાસેથી ઉપવાસ ગ્રહણ કર્યો.

ધર્મઘોષ મુનિ દસ-પંદર દિવસ પછી તપ કરી તેના ઘરે ભિક્ષા માગવા આવતા ત્યારે ઉદારતાથી દાન આપતો અને બંને ઉપવાસ ગ્રહણ કરી લેતાં. દરરોજ બંને મુનિઓનું પ્રવચન સાંભળતાં અને તેમની સેવા કરતાં. દિવસો પસાર થતા હતા. ચાર મહિના પછી મુનિઓ ત્યાંથી આગળ ગયા. તે શેઠ-શેઠાણીએ અનેક નિયમો ગ્રહણ કર્યા અને મુનિઓને વિદાય આપી પોતાના ઘરે આવ્યાં.

બંને મુનિ વસંતપુર પહોંચ્યા. મુનિઓનાં પ્રભાવ-શાળી વચનોથી ધર્મની પ્રભાવના થઇ. એક દિવસ મુનિએ

આહાર કરવા વંસતપુર નગરના કોટયાધીશ શેઠને ઘરે પહોંચ્યા. શેઠે મુનિઓનું સ્વાગત કર્યું. આહાર કરી ધર્માઘોષ મુનિ પોતાના શિષ્ય સાથે પાછા ફર્યા. શેઠ મુનિઓને વિદાય આપવા પાછળ ચાલતો હતો. શિષ્યએ ગુરુદેવને કહ્યું:

'ગુરુદેવ! શેઠના જેવી ઉત્કૃષ્ટ ભાવના મેં બીજી કોઇ વ્યકિતમાં જોઇ નથી.'

ધર્મઘોષ મુનિએ વિરોધ કરતાં કહ્યું:

'પેલાની હતી તેવી ઉત્કૃષ્ટ ભાવના શેઠની ન હતી.'

ધર્મઘોષના આ શબ્દો કોટયાધીશના કાનમાં પડયા. તે મનમાં વિચારવા લાગ્યો કે આ તો તેના જેવો નહીં તો તે કોણ છે? મારે તે વ્યકિતનાં દર્શન કરવાં જોઈએ. પરંતુ આ સમયે જિજ્ઞાસા પ્રગટ કરવી ઠીક નથી. કારણ કે મુનિઓનો આહારનો સમય થઈ ગયો છે.

શેઠ બપોરે મુનિ જયાં રોકાયા હતા ત્યાં ગયો. ગુરૂને પ્રણામ કરી નમ્રતાથી કહ્યું:

'ગુરૂદેવ! તમે આહાર લઇ પાછા ફરતાં શિષ્યની જિજ્ઞાસાનું સમાધાન કરતાં કહ્યું હતું કે મારી તેના જેવી ભાવના નથી. હું તે શ્રેષ્ઠ પુરૂષનાં દર્શન કરવા માગુ છું.'

ધર્મઘોષ મુનિએ પોતાની વાતનું સ્પષ્ટકરણ કરતાં કહ્યું:

'શેઠ ! તમારે ત્યાં કોઈ વાતની ખોટ નથી. વિપુલ આહારમાંથી તમે અમને જે આપ્યું તેમાં કોઇ ફરક પડવાનો નથી. પણ જેની આર્થિક સ્થિતિ નાજુક હોય તે બધું જ આપે તો તેની બલિહારી છે.

'ચોમાસું પસાર કરવા અમે અહીં આવતા હતા, તે સમયે સાત દિવસ સતત વરસાદ પડવાથી એક ગામમાં અમારે રોકાવું પડ્યું. ત્યાં એક શ્રાવક રહેતો હતો, તેની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. તેની ઉત્કૃષ્ટ ભાવનાથી હું ગદગદીત થઇ ગયો. જ્યારે અમે તેના ઘેર ભિક્ષા લેવા જતા ત્યારે તે રાંધેલું બધું જ અમને આપી દેતો અને પોતે ઉપવાસ ગ્રહણ કરતો. આ પ્રમાણે ચાર મહિના સુધી ચાલ્યું. તેની ઉત્કૃષ્ટ ભાવનામાં કોઇ ખામી ન હતી. એટલે જ મેં કહ્યું કે તેના જેવી ભાવના નથી. તેણે બધું જ ત્યાગી આદર્શ ઊભો કર્યો છે.'

શેઠ અને ગુરુ વાતો કરી રહ્યા હતા- તે સમયે ગ્રામ-વાસી ગુણપાલ કોઇક જરુરી કામ માટે વંસતપુર આવ્યો હતો. તેણે વિચાર્યું કે ગુરુદેવ આ નગરમાં રહ્યા છે. મને

તેમના દર્શનનો લાભ મળશે. તેથી તે ધર્મઘોષ મુનિનાં દર્શન કરવા આશ્રમે પહોંચ્યો. ગુરૂદેવને પ્રણામ કર્યા.

ગુરૂદેવે કોટયાધીશ શેઠને કહ્યું કે હમણાં આપણે જેની વાત કરી રહ્યા હતા, તે શ્રાવક આ છે. કોટયાધીશ શેઠે ઉભા થઇ તેને પ્રણામ કર્યા અને કહ્યું:

'મારૂં સદ્ભાગ્ય છે કે તમારા જેવા પુણ્યશાળી આત્માનાં દર્શન થયાં.'

કેટલોક સમય બંને ગુરુની સેવામાં બેઠા. જ્યારે ગ્રામવાસી શેઠ જવા માટે તૈયાર થયો તો કોટ્યાધીશ શેઠ પણ તેની પાછળ ચાલવા લાગ્યો.

આશ્રમની બહાર આવી કોટ્યાધીશ શેઠે કહ્યું:

'તમે મહેરબાની કરી મારા ઘરે પધારો.'

ગુણપાલે કહ્યું:

'ભાઇ! મેં નિયમ કર્યો છે કે કોઈના ઘરનું અન્ન પાણી કશું જ લેવું નહીં. તેથી આવવાથી શું ફાયદો?'

કોટ્યાધીશ શેઠે કહ્યું:

'હું તમારો સ્વધર્મી ભાઈ છું, બીજો કોઇ નથી. ભાઇને ત્યાં આવવામાં કોઇ પણ જાતનો સંકોચ રાખવો જોઇએ નહીં.'

ગુણપાલે કહ્યું:

'પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા. એમાં મારો અને તારો એવો કોઇ ભેદ નથી. માત્ર મારે મારી પ્રતિજ્ઞા પાળવી છે.'

શેઠે કહ્યું :

'તમે ભોજન વિગેરેનો નિયમ લીધો છે. બીજી વસ્તુ લેવાનો તો નિયમ કર્યો નથી ને ? મહેરબાની કરી તમે જરૂરથી પધારો.'

શેઠનો આગ્રહ હોવાથી ગુણપાલ તેને ત્યાં ગયો. શેઠે ગુણપાલને પચાસ હજાર સોનાની મુદ્રાઓ લેવા આગ્રહ કર્યો.

ગુણપાલે કહ્યું :

'શેઠ ! આ સંપત્તિ હું લઇ શકતો નથી. મારો નિયમ છે કે બીજાની સંપત્તિ લઈ વેપાર પણ નહીં કરવો. તેથી હું આ લઇ શકતો નથી. તમારી કૃપા બહુ મોટી છે.'

શેઠે તેને લેવાનો બહુ આગ્રહ કર્યો. પણ તેણે લેવાની ના પાડી ત્યારે શેઠે કહ્યું :

'તમારે ત્યાં કઇ વસ્તુ પાકે છે ?'

ગુણપાલે કહ્યું :

'મારા ખેતરમાં કૂવાની આજુબાજુ દાડમનાં બહુ જ ઝાડ છે. તેની ઉપર બહુ જ દાડમ આવે છે. તે મીઠાં અને

રસદાર હોય છે. જો તમારે તેની જરૂર હોય તો હું મોકલી આપું.'

કોટ્યાધીશ શેઠે કહ્યું:

'જેટલાં દાડમ હોય તેટલાં તમે મોકલી દેજો. કારણ કે મારે ત્યાંથી માલ લઇ ૫૦૦ વહાણ વિદેશ જવાનાં છે. તેથી તમારાં દાડમ હું વિદેશ મોકલાવી દઇશ. અને તેના જેટલા પૈસા આવે તે તમે લઈ જજો.'

ગુણપાલે કહ્યું :

'તમારી આ આજ્ઞા માથે ચઢાવું છું.'

તેણે ગામ જઇ દાડમનો થેલો ભરી કોટયાધીશને મોકલાવ્યો. શેઠે પોતાના પ્રધાન મુનિમને બોલાવી કહ્યું :

'મારો માલ વેચાય કે નહીં તેની મને ચિંતા નથી, પણ આ દાડમનો થેલો સંભાળીને રાખજો. એની જે પણ કિંમત આવે તેને થેલીમાં ભરી બંધ કરી દેજો. આની કિંમત વધારે આવે તેવો પ્રયત્ન કરજો.'

આ પ્રકારની સૂચના આપી શેઠ પોતાના કામમાં લાગી ગયો. ૫૦૦ વહાણ આગળ વધ્યાં. અનેક નગરમાંથી પસાર થઇ એક ટાપુ પર પહોંચ્યાં. મુનિમ દાડમ વેચવાનું ભૂલી ગયો હતો.

એ ટાપુના રાજા સમરસિંહને ચતુરસિંહ નામનો પુત્ર હતો. તે બહુ જ પ્રતિભાસંપન્ન હતો. રાજ્યાના કામને પોતાના પ્રતિભાથી સમૃધ્ધ કરતો હતો. પરંતુ તેના શરીરમાં બળતરાનો રોગ લાગુ પડયો તેના કારણે તે છંછેડાયેલો રહેતો. અનેક ઉપચાર રાજાએ કરાવ્યા, પણ તેનાથી કોઇ ફેર પડયો નહીં. રાજાને બહુ જ ચિંતા થતી હતી.

તે સમયે એક બહુ જ વૃધ્ધ અનુભવી રાજપ્રસાદ વૈદ્ય ત્યાં આવ્યા. તેમણે રાજકુમારને જોઇને કહ્યું :

'હું આ રાજકુમારને રોગમાંથી મુકત કરી શકું છું. મારી પાસે બહુ સરસ દવા છે, પણ શરત એ છે કે એ દવા દાડમના રસમાં લેવી પડશે.'

રાજા સમરસિંહ આ સાંભળી આ ચિંતા કરવા લાગ્યો કે અમારા રાજ્યમાં એક પણ દાડમનું ઝાડ નથી. દાડમ કયાંથી આવે ? ત્યારે પ્રધાને કહ્યું :

'રાજન્ ! બંદર ઉપર ૫૦૦ વહાણ વિદેશથી આવ્યાં છે. તેમાં વિવિધ પ્રકારનો માલ છે. જો તમે આજ્ઞા આપો તો નોકરને મોકલી તપાસ કરાવું કે તેની પાસે દાડમ છે કે નહીં ?'

રાજાએ કહ્યું :

'આ તો ઘણી જ સરસ વાત છે. તમે જલ્દી જાઓ અને દાડમની તપાસ કરો. જેટલા પૈસા માગે તેટલા આપો

અને દાડમ લઈને આવો.'

પ્રધાન બંદર પર પહોંચ્યો. તેણે વહાણના મુખ્ય સંચાલકને પૂછ્યું :

'તમારી પાસે દાડમ છે ?'

મુનિમે જવાબ આપતાં કહ્યું :

'સારૂ થયું તમે મને યાદ દેવડાવ્યું. મારી પાસે એક બહુ મોટો થેલો ભરી દાડમ રાખેલાં છે. તમે એને લઇ જાઓ.'

પ્રધાને કહ્યું :

'આની કિંમત શું છે ?'

મુનિમે કહ્યું :

'તમે જેટલી કિંમત આપવા માગતા હો તે આ થેલીમાં ભરી દો. તમે જેટલા વધારે આપવા માગો તેટલા આપી શકો છો.'

પ્રધાન દાડમ લઈ ખુશ થયો. દાડમનો થેલો લઈ જઇને રાજાને આપ્યો. દાડમ જોઈ વૃદ્ધ વૈદ્ય ખુશ થઇ ગયા અને બોલ્યા :

'આ તો બહુ જ સરસ દાડમ છે. રાજકુમાર જલ્દી સાજા થઇ જશે.'

દાડમના રસમાં વૈદ્યે દવા આપી. ત્રણ દિવસમાં જ રાજકુમાર સાજો થઈ ગયો. રાજાની ખુશીનો પાર ન હતો.

૨૮

પ્રધાનને બોલાવી રાજા એ કહ્યું :

'તમે દાડમના પૈસા આપ્યા કે નહીં ?'

પ્રધાને કહ્યું :

'મેં મુનિમને પૂછ્યું તો તેમણે કહ્યું કે શેઠનો આદેશ છે કે આના જે પૈસા આવે તે થેલીમાં બંધ કરી દેવા. તેથી એમણે દાડમના પૈસા લીધા નહીં. અમે થોડા દિવસ અહીં છીએ. તેથી તમે પૈસા થેલીમાં બંધ કરી અમને આપી જજો.'

રાજાએ પોતાનો ખજાનો ખોલાવ્યો અને બહુ કિંમતી રત્ન તથા સોનાની મુદ્રાઓ એ થેલામાં ભરી અને સારી રીતે બંધ કરી થેલો મુનિમને આપી દીધો.

વહાણનો માલ વેચી નવો માલ લઇ મુનિમ વસંતપુર પાછો આવ્યો. શેઠે મુનિમને પહેલો પ્રશ્ન કર્યો કે મને મારા માલની ચિંતા નથી. તેમાં કેટલો નફો થયો તેની પણ ચિંતા નથી. પરંતુ એ જણાવો કે દાડમનો થેલો ત્યાં વેચાયો કે નહીં ? તેના પૈસા કેટલા આવ્યા ?'

મુનિમે કહ્યું :

'કેટલા પૈસા આવ્યા તે ખબર નથી. એ થેલામાં તમારા કહ્યા પ્રમાણે બંધ કર્યા છે.'

શેઠે પણ તે થેલો ખોલ્યો નહીં. તેણે પોતાના વિશ્વાસુ માણસ સાથે તે બંધ થેલો ગુણપાલને મોકલાવી દીધો.

ગુણપાલે જ્યારે થેલો ખોલીને જોયું ત્યારે એમાં બહુ મૂલ્યવાન રત્ન તથા સોનાની મહોરો નીકળી. તેને ખાતરી થઈ ગઈ કે આ શેઠે દાડમના બહાને મને આ ધન મોકલાવ્યું છે, પણ આ સંપત્તિ હું લઈ શકું નહીં. આ સંપત્તિ પર મારો કોઈ અધિકાર નથી.

એ સંપત્તિમાંથી કશું જ લીધા વિના પાછું મોકલાવ્યું અને સમાચાર મોકલ્યા કે આવી રીતે હું ધન રાખી શકું નહીં. મારો પ્રેમ બહુ છે. પણ આ પ્રમાણે ધન રાખવાથી મારા વ્રતનો ભંગ થાય છે. તેથી તમારૂં ધન તમે સંભાળી લો. આ સાંભળી શેઠે ગુણપાલને પોતાની પાસે બોલાવ્યો અને પરિસ્થિતિ જણાવતાં કહ્યું :

'મેં આમાં એક પણ પૈસો મૂકયો નથી. રાજકુમારનું શરીર સારૂં ન હોવાથી ટાપુના રાજાએ દાડમના બદલામાં આ ધન આપ્યું છે.'

મુનિમે પણ આખી વાતની સ્પષ્ટતા કરી.

ગુણપાલને લાગ્યું કે શેઠ ખોટું નથી બોલતા તેથી તે ધન લીધું. તે સંપત્તિ દાડમમાંથી મળી હોવાથી તે દાડમિયા શેઠના નામે પ્રચલિત થયા. તેણે ઉદારતાથી દાન આપી વ્રતના નિયમો ગ્રહણ કર્યા અને પોતાના જીવનને પવિત્ર બનાવ્યું.

સમાપ્ત

# કર્મની પરીક્ષા

ક્ષિતિપ્રતિષ્ઠા એક બહુ સુંદર નગર હતું. ત્યાંના રાજાનું નામ રિપુમર્દન હતું. રાણીનું નામ મદનરેખા હતું. મદનરેખા બહુ જ શ્રદ્ધાળુ તત્ત્વ વિચારક શ્રાવિકા હતી. થોડા સમય પછી તેણે એક કન્યાને જન્મ આપ્યો. તેનું નામ મઈરાવતી રાખવામાં આવ્યું. મઈરાવતી રૂપાળી હતી. તેનમાં માતાના ધાર્મિક સંસ્કારો હતા. રાજાએ મઈરાવતીના અધ્યયન માટે યોગ્ય વ્યવસ્થા કરી. થોડા સમય પછી તે ચોસઠ કળાઓમાં નિષ્ણાત થઈ ગઈ. પોતાની માતા પાસેથી ધર્મ, દર્શન અને તત્વનું જ્ઞાન મેળવ્યું.

એક દિવસ મહારાજ રિપુમર્દન રાજસભામાં બેઠો હતો. મહારાણી મદનરેખાએ મઈરાવતીને કિંમતી વસ્ત્રા-ભૂષણોથી તૈયાર કરી કહ્યું :

'દીકરી ! રાજસભામાં પિતાને પ્રણામ કરવા જાઓ.'

માતાના હુકમનું પાલન કરવાનું હતું. તેથી તે રાજ-

સભામાં પહોંચી. રાજાએ પોતાની પુત્રીને પોતાની નજીક આસન પર બેસાડી. રાજસભામાં સભાસદો રાજાની પ્રશંસા કરતા હતા. તેથી રાજાએ અનુભવ્યું કે મારા જેવો પ્રતાપી સમ્રાટ આ વિશ્વમાં કોઇ નથી. રાજાએ પોતાના પ્રધાનને પૂછયું :

'મારા જેવી બુદ્ધિ અને સમૃદ્ધિ બીજા રાજાઓ પાસે છે ?'

બધા સભાસદોએ એક અવાજે જવાબ આપ્યો :

'રાજન ! કોઇની પાસે નથી. બીજા રાજાઓ સ્વપ્નમાં પણ આ પ્રકારની બુદ્ધિની કલ્પના કરી શકતા નથી. તમે તો તમે જ છો. સુંદર તમારો રાજમહેલ. તમારા નગરની છટા અપૂર્વ છે. તમારી રાજસભાનું ગૌરવ નિરાળું છે. તેમાં મોટા મોટા વિદ્વાનો છે, જ્યોતિષીઓ છે.'

સભાસદોના મોંએથી રાજાની ખોટી પ્રશંસા સાંભળી રાજકુમારી હસવા લાગી. રાજકુમારીને હસતી જોઇ રાજાએ પૂછયું :

'શું વાત છે ?'

રાજકુમારીએ કહ્યું :

'સભાસદોએ જે વાતો કરી તે સાચી નથી. તેમાં તથ્ય

નથી. તેમાં માત્ર ચાપલૂસી છે. આ વિરાટ વિશ્વમાં અનેક રાજાઓ છે. તમારાથી વધારે તેમની પાસે બુદ્ધિ અને સમૃદ્ધિ છે, કુટુંબ છે, રાજસભાઓ છે. ખોટી પ્રશંસા કરી તમને અભિમાની બનાવવામાં આવે છે તે યોગ્ય નથી.'

રાજાને રાજકુમારીનો આ જવાબ ગમ્યો નહીં. તે બાળક છે, તેમ સમજી તેની ઉપેક્ષા કરી સભાસદોને બીજો પ્રશ્ન પૂછયો :

'તમે લોકો કોની કૃપાથી સુખી છો ?'

સભાસદોએ એક અવાજે કહ્યું :

'આ તો પૂછવા જેવો પ્રશ્ન છે! તે સૂર્યની જેમ સ્પષ્ટ છે. અમે બધા તમારી કૃપાથી જીવીએ છીએ. ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષની જેમ બધી ઈચ્છાઓ પૂરી કરો છો. તમારા સિવાય અમારે બીજા કોઈની જરૂર નથી. જો તમે હશો તો દેવ ગુસ્સે થાય, તો પણ અમારો વાળ વાંકો થશે નહીં.'

રાજકુમારીએ સભાસદોને કહ્યું :

'તમે આવી રીતે ખોટી પ્રશંસા કેમ કરો છો ? કર્મના ફળ રૂપ સુખ અને દુઃખ આવે છે. જે વ્યકિતએ જેવું કર્મ કર્યું હોય તે પ્રમાણે સુખ સાગર હોય છે અને દુઃખના

દાવાનળમાં પડે છે: જો મારા પિતા બધાને સુખી અને દુઃખી બનાવવા વાળા છે તો પછી સેવકની પાસે રહેવા મકાન અને ખાવા અન્ન કેમ નથી ? કેટલાક સેવકો પાસે અપાર સમૃદ્ધિ છે. અને કેટલાક પાસે અનાજનો ભંડાર ભર્યો છે. જેણે જેવું કર્મ કર્યું હશે તેને તેવું ફળ પ્રાપ્ત થશે. તેમાં કોઇ પણ માણસ પરિવર્તન લાવી શકશે નહીં.

પુત્રી દ્વારા પોતાનું અપમાન સાંભળી રાજાને ગુસ્સો આવ્યો. તેમણે ગર્જના કરીને કહ્યું :

'તું મૂર્ખ છે. આવી નિરર્થક વાતો કરતાં તને શરમ નથી આવતી ? મારી પુત્રી થઇ મારી વિરુદ્ધ બોલતાં તને સંકોચ નથી થતો ? તને ખબર નહીં હોય કે જેની ઉપર મારી કૃપા ઉતરે છે તે સુખી થઇ જાય છે. ગરીબ ધનવાન બની જાય છે. અને જેની તરફ ગુસ્સાથી જોઉં છું તે ધન-વાનમાંથી ગરીબ બની જાય છે. ત ૧ મારા તેજની ખબર નથી. તને ત્યારે જ ખબર પડશે જ્યારે તારું લગ્ન ગરીબ સાથે કરવામાં આવશે.'

રાજકુમારીએ હસીને કહ્યું :

'પિતાજી ! આ તમારું મિથ્યાભિમાન છે. જો મારું નસીબ પ્રબળ હશે-તો ગરીબ સાથે કરેલું લગ્ન પણ શ્રેષ્ઠ

બની જશે અને નસીબ નિર્બળ હશે તો ધનવાન સાથે કરેલું લગ્ન ગરીબ બની જશે. આ બધો પાપ અને પુણ્યનો ખેલ છે.'

રાજા રિપુમર્દનને લાગ્યું કે પુત્રીને પાઠ ભણાવવો પડશે. ત્યારે તેનું અભિમાન ઉતરશે. જો હું તેનું લગ્ન કુળવાન રાજપુત્ર સાથે કરીશ તો મારા પુણ્યનો પ્રતાપ તેને નહીં સમજાય. તેથી રાજાએ પોતાના સેવકોને આદેશ આપ્યો કે નગરમાં જાઓ. જે વ્યકિત બહુ કુરૂપ હોય, બદસૂરત હોય, જેના શરીરમાં વિવિધ પ્રકારના રોગ હોય અને નીચા કુળમાં જન્મ્યો હોય તેને લઈ આવો.

રાજાના કહેવાથી સેવકો ગયા. પણ રાજકુમારીના મનમાં જરા પણ ચિંતા થઈ નહીં. સેવકોએ ચોરા ઉપર એક વ્યકિતને જોયો. તેનું શરીર કોલસા જેવું કાળું હતું. શરીરમાં રકતપિત્તના કારણે હાથ-પગની આંગળીઓમાંથી પિત્ત નીકળતું હતું. નાક બેસી ગયું હતું. હોઠ મોટા હતા. કપાળમાં ગાંઠો પડી ગઈ હતી. તેને લઇ તે લોકો રાજા પાસે ગયા. એ કુરૂપ અને મહારોગીને જોઈ રાજા બહુ ખુશ થયો.

રાજા વિચારવા લાગ્યો કે તે એની સાથે પોતાના

ભાગ્યને રોશે અને વિચારશે કે મેં મારા પિતાને નારાજ કર્યા એનું આ પરિણામ છે.

રાજાએ પોતાની પુત્રી મદનાવતીને કહ્યું:

'આની સાથે તારૂં લગ્ન કરાવું છું. તું તારા કર્મનાં ફળને ભોગવજે.'

રાજકુમારીએ કહ્યું :

'પિતાજી ! હું તૈયાર છું. મને કર્મના સિદ્ધાંત પર વિશ્વાસ છે. જો મારું પુણ્ય પ્રબળ હશે તો મારો વાળ પણ કોઈ વાંકો કરી શકશે નહીં.

રાજાએ કુષ્ટ રોગી સાથે લગ્ન કરવાની તૈયારી કરી. ત્યાં જ આખી સભામાં હાહાકાર મચી ગયો. આ તમે શું કરી રહ્યા છો ? રાજકુમારી તો હજુ બાળક છે. પણ તમે તો સમજદાર છો. તમારે આ પ્રમાણેનો ખરાબ વ્યવહાર કરવો ન જોઈએ. પણ રાજાએ કોઈનું માન્યું નહીં. રાજાએ તે રોગી સાથે રાજકુમારીનું લગ્ન કરાવી દીધું અને કહ્યું:

'આની પાછળ જા.' રાજકુમારી જ્યાં તેની પાછળ જવા તૈયાર થઈ ત્યાંજ રાજાએ કહ્યું:

'આ કિંમતી આભૂષણ પહેરીને ક્યાં જાય છે ? આ આભૂષણો અને કિંમતી સાડી કાઢી નાખ. દાસીને પહેરવા

લાયક કપડાં પહેરીને તેની સાથે જા.'

રાજકુમારીએ રાજાના કહ્યા મુજબ વસ્ત્રાભૂષણો ઉતારી નાખ્યાં. સામાન્ય વેશ ધારણ કરી ખુશીથી તેની સાથે વિદાય થઇ. તે પોતાના પતિ સાથે નગરની બહાર ચાલી ગઈ અને ધર્મશાળામાં જઇ બંનેએ આરામ કર્યો. પેલા રોગિષ્ટે રાજકુમારીને કહ્યું:

'પ્રિયે ! તારા પિતાએ ગુસ્સે થઇ આવેશમાં આવી જે કાંઇ કર્યું તે યોગ્ય નથી. કયાં તું રાજહંસિની અને કયાં હું કાગડો ? તારો અને મારો જરા પણ મેળ બેસે તેમ નથી. કયાં તારૂં રૂપ અને લાવણ્ય અને કયાં હું કુરૂપ રોગી. હું તને ખુશીથી રજા આપું છું કે જે યુવક તને પસંદ પડે તેની સાથે આનંદથી લગ્ન કરી શકે છે. મને જરા પણ દુઃખ નહીં થાય.'

આ વચન તીરની જેમ રાજકુમારીના હ્રદયમાં ભોંકાઈ ગયું, તેણે રડતાં રડતાં કહ્યું:

'પ્રાણનાથ ! હું તમારા મોંએથી આ શું સાંભળી રહી છું ? તમને ખબર છે. નારીનું આભૂષણ ચારિત્ર છે. યૌવન સૌંદર્ય અને સંપત્તિ અનેક વાર પ્રાપ્ત થાય છે. પરંતુ ચારિત્ર્યરત્ન મળવું બહુ મુશ્કેલ છે. ભલે તમે રોગી છો,

કુરુપ છો, નિર્ધન છો પણ મારા માટે તમે સર્વસ્વ છો. તમારા વિના મારી કોઇ ગતિ નથી. તમે આજે આવું બોલ્યા પણ ભવિષ્યમાં ક્યારેય ફરી આવું બોલશો નહીં.'

મઈરાવતીના કથનથી રોગી ખુશ થયો. સૂર્ય પશ્ચિમ દિશા બાજુ ગયો હતો. ચારે તરફ અંધારૂં છવાઈ ગયું હતું. તે રોગી સૂઈ ગયો. તેને ગાઢ નિદ્રા આવી ગઈ. રાજકુમારી તેના પગ દબાવી રહી હતી અને મહામંત્રનું સ્મરણ કરતી હતી. તે સમયે ધર્મશાળામાં એક દિવ્ય સ્ત્રીએ પ્રવેશ કર્યો. તે સ્ત્રીની સાથે એક તેજસ્વી રૂષ્ટ-પુષ્ટ યુવક હતો. આવેલી સ્ત્રીએ રાજકુમારીને સંબોધી કહ્યું:

'રાજકુમારી ! તું મને ઓળખે છે ? હું આ નગરની આરાધક દેવી છું. તારા પિતાએ જે કામ કર્યું તેનાથી મને બહુ દુઃખ થયું. તેથી તારા માટે એક યુવક લઈને આવી છું. આ યુવક અદ્દભુત રૂપવાન છે, બળવાન છે, બુદ્ધિમાન છે અને વિલક્ષણ પ્રતિભા ધરાવે છે. એક પુરૂષમાં જે ગુણની અપેક્ષા હોય તે બધા ગુણ આ યુવકમાં છે. એટલા માટે તું આ રોગીયે છોડી આની સાથે જીવનનો આનંદ માણ. હું બધી વ્યવસ્થા કરીશ. તું કોઇ પણ જાતની ચિંતા કરીશ નહીં.

મઈરાવતી પોતાના વિચારોમાં મક્કમ હતી. તેણે કહ્યું:

'માતાજી! હું તમારી કૃપાનો આભાર માનું છું, પણ મારા પિતા અને સભાસદોની વચ્ચે મારાં લગ્ન આની સાથે થયાં છે. હું આને કેવી રીતે છોડી શકું? તમે આને રોગી કહીને બોલાવો છો, પણ તે મારા માટે ઇન્દ્રથી પણ સુંદર છે. તમે જે વ્યક્તિને મારા માટે લાવ્યાં છો, તેને પાછો પોતાના સ્થાને પહોંચાડી દો. સંસારમાં મારા પતિ સિવાય જેટલા પણ પુરૂષો હોય તે બધા મારા માટે ભાઈ અને પિતા સમાન છે. પતિ મારૂં સર્વસ્વ છે. તેના સિવાય મારો કોઈ આધાર નથી. હું હવે એને છોડી શકતી નથી.

જયારે મઈરાવતીએ દેવીના હુકમને ઠુકરાવ્યો તો તેણે ગુસ્સે થઇ રાજકુમારીને પગ પકડીને આકાશમાં ઉછાળી. જ્યારે તે આકાશમાંથી નીચે પડવા લાગી ત્યારે તેણે ત્રિશૂળથી પકડી લીધી. ત્રિશૂળથી તેનું શરીર વિંધાઈ ગયું. પછી દેવી બોલી:

'હવે પણ મારા હુકમનું પાલન નહીં કરે? મારું માનવાથી સ્વર્ગીય સંસાર તારા માટે નિર્માશે અને આદેશની અવગણના કરવાથી તારૂં જીવન ઝેર બની જશે.'

મઈરાવતીએ ફરી કહ્યું.

'માતાજી ! ભલે મારા પ્રાણ જતા રહે, પણ હું મારો પતિવ્રતા ધર્મ નહીં છોડું. શરીર વિનાશી તે. તેની મને જરા પણ ચિંતા નથી.'

તે અખંડ મહામંત્રનો જાપ જપવા લાગી. થોડા સમય પછી જ્યારે તેણે આંખો ખોલી ત્યારે જોયું તો તે ભદ્રાસન પર બેઠી હતી. ત્યાં કોઈ દેવી ન હતી. કોઈ પુરૂષ ન હતો. અને તેનો પતિ પણ ન હતો. તે વિચારવા લાગી કે મારા પતિ ક્યાં ગયા ?'

તે એકલી હતી. તે સમયે વસ્ત્રાભૂષણોમાં તૈયાર થઈ એક પુરુઝ હાજર થયો. તેણે પ્રશ્ન કર્યા વિના મઈરાવતીને કહ્યું:

'હું વૈતાઢ્ય પર્વતના મણિપુરમાં રહું છું. મારૂં નામ મણિચૂડ છે. હું વિદ્યાધરોનો રાજા છું. એક વાર મેં એક શ્લોક સાંભળ્યો. તે શ્લોક આ પ્રમાણે હતો.

'બધે કાગડા કાળા, બધે પોપટ લીલા.
બધી જગ્યાએ સુખી માટે સુખ, દુઃખી માટે દુઃખ.'

બધી જગ્યાએ કાગડા કાળા હોય છે અને બધી જગ્યાએ પોપટ લીલા હોય છે. સુખી વ્યકિતઓ માટે બધે

સુખ છે. અને દુઃખી વ્યકિતઓ માટે બધે દુઃખ હોય છે.

મેં આ તથ્યની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. મેં વિદ્યાબળથી રોગીનું રૂપ ધારણ કર્યું અને તમારા નગરના ચોરા ઉપર આવી બેઠો. તે સમયે તમારા પિતાના સેવકો મને પકડી તમારા પિતા પાસે લઈ ગયા. જોત-જોતામાં તમારી સાથે મારાં લગ્ન થઇ ગયાં. લગ્ન પછી મેં તમારી પરીક્ષા કરી અને તમે પરીક્ષામાં સફળ થયાં. તમારા જેવી પતિવ્રતા નારીને પ્રાપ્ત કરી હું ખૂબ ખુશ થયો.'

રાજકુમારીને પોતાની આંખ અને કાન ઉપર વિશ્વાસ આવતો ન હતો કે સાચું શું છે. કેટલોક સમય તે વિચાર કરવા લાગી. તેને વિશ્વાસ થઈ ગયો કે આ મારો પતિ છે, ત્યારે તેને ઘણો જ આનંદ થયો. તેણે કહ્યું :

'મેં પૂર્વજન્મમાં જે કાંઇ કર્યું હશે તેનું આ પરિણામ છે. સારા કાર્યથી તમારા જેવા પતિ પ્રાપ્ત થયા.'

મણિચૂડ વિદ્યાધરે પોતાની વિદ્યાથી સાત માળનું ભવ્ય મકાન બનાવ્યું. વિરાટ સંપત્તિ અને દાસ-દાસીઓ બધા હાજર હતા. મણિચૂડે મઈરાવતીને કહ્યું.

'પ્રિય ! હું મારા સસરાને મળવા માગુ છું તેથી

તેમને ખબર પડે કે તારાં લગ્ન જેની સાથે કર્યાં હતાં, તે સાધારણ પુરુષ નથી. તેની બધી શંકાઓ દૂર થાય. તારી શું ઈચ્છા છે ?'

મદિરાવતીએ કહ્યું:

'મારા પિતાને બહુ અભિમાન છે. એ અંહકાર દૂર કરવા તેમને ખેડુતના રૂપમાં તમારી પાસે બોલાવો.'

મણિચૂડે વિદ્યાનું સ્મરણ કર્યું અને એક વિરાટ સેના તૈયાર થઈ ગઇ. એ વિરાટ સેનાએ ક્ષિતિપ્રતિષ્ઠ નગરને ચારે બાજુથી ઘેરી લીધું અને મણિચૂડે રાજા રિપુમર્દન પાસે દૂત મોકલ્યો. દૂતે કહ્યું:

'તમે અમારા સ્વામી સાથે યુદ્ધ કરો. નહીંતર ખેડુતનો વેશ લઈ અમારા સ્વામીની સેવામાં હાજર થાઓ.'

રાજા રિપુમર્દન અને બધા પ્રધાન, સભાસદોએ વાત ઊપર ચર્ચા-વિચારણા કરી. પ્રધાન અને સભાસદોએ રાજાને કહ્યું:

'રાજન ! સમાન અથવા બળવાન સાથે યુદ્ધ કરવું યોગ્ય છે, પણ આ રાજા તો વિદ્યાધર છે. આપણાથી બહુ શકિત-શાળી સૈનિકો તેની પાસે છે. તેથી આપણે તેની સામે ટકી

શકીશું નહીં. એટલે એ જ યોગ્ય છે કે તમે ખેડૂતના વેશમાં રાજા મણિચૂડ પાસે જાઓ.'

વિવશ થઇ રાજાએ તે વાતનો સ્વીકાર કર્યો. ખેડૂતનો વેશ ધારણ કરી મણિચૂડ રાજા પાસે પહોંચ્યો. મણિચૂડે પોતાને હાથે રાજાનો ખેડૂત વેશ કાઢયો અને કિંમતી રાજાનો વેશ પહેરાવ્યો. રાજા રિપુમર્દને જોયું કે વિદ્યાધર રાજા મણિચૂડની પાસે સિંહાસન પર મદરાવતી બેઠી હતી. તેણે જોયું તો તેનું મન ખિન્ન થઇ ગયું. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે આ દુષ્ટાએ પોતાના ધર્મ અને સત્યને છોડી દીધું. મેં રોગીની સાથે તેનાં લગ્ન કરાવ્યાં હતાં અને તે આની સાથે જતી રહી.

તે સમયે મદરાવતીએ કહ્યું:

'પિતાજી! તમે મનમાં ખિન્ન ન થશો. જે રોગી સાથે તમે મારાં લગ્ન કર્યાં હતાં, તે આ વિશિષ્ટ પુરુષ છે. તેમણે રોગીના રૂપમાં મારી સાથે લગ્ન કર્યું અને મારા પુણ્ય પ્રભાપથી ઈન્દ્રની જેમ શોભી રહ્યા છે. તેમણે જ પોતાના સસરાના સંબંધને સમજી તમારો ખેડૂતનો વેશ દૂર કર્યો.'

રાજા રિપુમર્દન પોતાની પુત્રીનું આવા પ્રકારનું ભાગ્ય

પરિવર્તન જોઈ આશ્ચર્ય પામ્યા. રાજા મણિચૂડે સારી રીતે લગ્નથી માંડી અત્યાર સુધીની વાત સંભાળાવી કે મેં તમારી પુત્રીની પરીક્ષા લીધી હતી અને તે સફળ થઈ. તમે તમારી સંપત્તિ અને સમૃદ્ધિ પર ગર્વ કરતા હતા. તમારે સંપત્તિ અને સમૃદ્ધિ જોવી હોય તો હમણાં બતાવું છું.'

વિદ્યાના બળથી તેણે એવો ચમત્કાર બતાવ્યો કે તેને જોઈ રિપુમર્દનનો ગર્વ બરફની જેમ પીગળી ગયો. તેને અનુભવ થયો કે મારા સભાસદોએ મારી મિથ્યા પ્રશંસા કરી મારા મનમાં એ ભ્રમ પેદા કર્યો કે મારા જેવું વિશ્વમાં કોઈ નથી. પણ હું જોઈ રહ્યો છું કે જમાઈ મણિચૂડની સામે હું કશું જ નથી. મારી છોકરીએ સાચા તથ્યનું સમર્થન કર્યું હતું પણ મેં ગુસ્સે થઈ તેને દુઃખ આપ્યું. પરંતુ તેના પુણ્ય પ્રતાપથી તેને સુખ પ્રાપ્ત થયું.

મદિરાવતીને લઈ મણિચૂડ વૈતાઢ્ય પર્વત પર આવ્યો. મદિરાવતી જૈન ધર્મની આરાધના કરતી જીવનની અંતિમ ક્ષણો પસાર કરી દેવલોકમાં ગઈ. ત્યાંથી મનુષ્ય થઈ અને સંયમ ગ્રહણ કરી તે મોક્ષ પામશે.

સમાપ્ત

# આચાર્ય સ્કંધક

મહાન નગરોમાં શ્રાવસ્તી નગરી નામનું એક નગર હતું. ત્યાંનો રાજા જિતશત્રુ હતો. મહારાણીનું નામ ધારિણી હતું. રાજા અને રાણી બંનેમાં ખૂબ જ પ્રેમ હતો. લગ્નનાં કેટલાંક વર્ષો પછી તેમને એક પુત્ર પુત્રી અને થયાં. બંને વિનમ્ર સ્વભાવનાં અને ધર્મપરાયણ હતાં.

પુરંદરયશા બહુ જ પ્રતિભાસંપન્ન બાલિકા હતી. યુવાન થઇ ત્યારે તેનું લગ્ન કુંભકાર કટપુર નગરના રાજા દંડક સાથે કર્યું. મહારાજા અને રાણી બંને વચ્ચે ખૂબ જ પ્રેમ હતો. મહારાજા દંડકના રાજ પુરોહિતનું નામ પાલક હતું. તે જૈનધર્મ પ્રત્યે દ્વેષી અને કલહપ્રિય હતો.

એક વાર મહારાજા દંડકે પોતાના રાજપુરોહિત પાલકને કોઇક કામ માટે જિતશત્રુ પાસે શ્રાવસ્તી મોકલ્યો. તે સમયે ત્યાં રાજસભામાં જૈનધર્મની ચર્ચા ચાલી રહી હતી, પાલકે તેનો વિરોધ કર્યો. પરંતુ રાજકુમાર સ્કંધકના વિરોધ સામે તે ટકી શકયો નહીં. શરમથી તેનું માથું નમી ગયું. વિરોધ

કરવાની શકિત ન હોવાથી તે ચૂપ રહ્યો. પરંતુ તેણે નિર્ણય કર્યો કે એક દિવસ વિરોધ કરીને રહીશ. તે પાછો કુંભકાર કટપુર આવી ગયો.

તે સમયે વીસમા તીર્થંકર મુનિ સુવ્રત આ પવિત્ર ધર્મ વિશે વિચરણ કરતા હતા. એક વાર તે શ્રાવસ્તી આવ્યા. તેમનું પવિત્ર વચન સાંભળી રાજકુમાર સ્કંધકે પોતાના પાંચસો સાથીઓ સાથે દીક્ષા લીધી. પહેલાંના ભગવંતો પાસે પાંચસો મુનિઓએ આગમ સાહિત્યનો અભ્યાસ કર્યો. કઠણ તપ કરવા લાગ્યા. આર્ય સ્કંધક મેધાવી અને પ્રતિભા સંપન્ન સંત હતા. તેમનામાં અનેક ગુણો હતા. તેને કારણે તેઓને પાંચસો શિષ્યના મુખ્ય આચાર્ય બનવવામાં આવ્યા.

એક દિવસ આચાર્ય સ્કંધકે ભગવાન પાસે મંજૂરી માગી કે ભગવાન! મારા મનમાં એક વિચાર ઘૂમી રહ્યો છે કે હું મારી બહેન પુરંદરયશા અને દંડકને ધર્મનો ઉપદેશ આપું!

પ્રભુએ કહ્યું :

'સ્કંધક! તમે ખુશીથી જઇ શકો છો. પરંતુ ત્યાં મરણાંતક ઉપસર્ગ ઉભો થશે.'

સ્કંધકે કહ્યું :

'ભગવન્! ભલે મરણાંતક ઉપસર્ગ ઊભો થાય પણ એ બતાવો કે તે ઉપસર્ગમાં હું આરાધક બનું કે વિરોધી?'

પ્રભુએ સ્પષ્ટતા કરતાં કહ્યું :

'સ્કંધક! તમારા સિવાય બીજા સંતો આરાધના કરશે. માત્ર તમે જ વિરોધ કરશો.'

જે થવાનું છે તેને કોઇ ટાળી શકતું નથી. આચાર્ય સ્કંધકે વિચાર્યું કે ભલે મારૂં પતન થાય. મારા બીજા સાથીઓનો ઉધ્ધાર થશે. તે ત્યાંથી ચાલ્યા અને લાંબો રસ્તો પસાર કરી કુંભકાર કટપુર પહોચ્યા.

જ્યારે પાલકે આચાર્ય સ્કંધકના આવ્યાના સમાચાર સાંભળ્યા તો તેના મનમાં બદલાની ભાવના પ્રગટ થઈ. તેણે વિચાર્યું કે આ સરસ સમય છે. હું સ્કંધક સાથે બદલો લઇ શકું. તેણે મારું અપમાન કર્યું હતું. બધાની સામે મને બોલતો બંધ કરી દીધો હતો. રાજા દંડક તો તેનો ઉપદેશ સાંભળી મુગ્ધ થઇ જશે. કારણકે સ્કંધક વાણીનો જાદૂગર છે. તેથી મારે પહેલેથી જ બંદોબસ્ત કરવો જોઈએ જેથી તે પણ યાદ કરે કે મેં આનું એક દિવસ અપમાન કર્યું હતું.

એ રાતે જ્યાં આચાર્ય સ્કંધક અને તેના શિષ્યો રહ્યા હતા ત્યાં બગીચામાં ગયો. તેણે રાત્રે બગીચાની ચારે બાજુ તીક્ષ્ણ હથિયાર અને યુદ્ધનાં બીજાં સાધનો ત્યાં ગોઠવી દીધાં. સવાર થતાં પાલક રાજા પાસે ગયો. રાજાને કહ્યું:

'રાજન! સમય બહુ ખરાબ આવી ગયો છે. જેને તમે પોતાના સાળો માનતા હતા અને જેને પ્રેમ કરતા હતા તે સાળો પાંચસો સૈનિકો લઈ શ્રમણ વેશમાં અહીં આવ્યો છે. તે તમારા રાજ્યને મેળવવા માગે છે. તે તમને મારવાના પ્રયત્નમાં છે. મારા ગુપ્તચરોએ આ સમાચાર આપ્યા છે. જ્યારથી મેં આ વાત સાંભળી છે ત્યારથી મને દુઃખ થાય છે.

'શ્રવણ વેશમાં રહીને આવું ષડયંત્ર રચ્યું ? હું મારું હૃદય ચીરીને તમને બતાવી શકતો નથી કે મને કેટલું દુઃખ છે. સ્વામી ભક્ત સેવક પોતાનું બધું અર્પણ કરીને પણ સ્વામીને જરા પણ દુઃખ પડવા દેતો નથી. જો તમને મારા વચન પર વિશ્વાસ ન હોય તો મારી સાથે ચાલો.'

રાજા દંડકને કશું સમજાયું નહીં કે વાસ્તવમાં શું છે ? તેના મનમાં આચાર્ય સ્કંધક અને રાજપુરોહિત ઉપર

જરા પણ શંકા ન હતી. તે સાચો નિર્ણય કરવા પાલકની સાથે ગયો. પાલકને તો ખબર જ હતી કે શસ્ત્રો કયાં મૂકયાં છે. તે વારાફરતી બધાં શસ્ત્રો બતાવતો હતો અને રાજાને કહેતો હતો કે હવે તો મારૂં કહેવું સાચું છે ને ?

વિવિધ પ્રકારનાં શસ્રો જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. તે ગુસ્સે થઇ ગયો. આચાર્ય સ્કંધક થઈને આવી રીતે મારૂં રાજ્ય પડાવવાનું કાવત્રું કરે છે ? પાલકને આજ્ઞા આપતાં કહ્યું :

'તમને જે યોગ્ય લાગે તે કરો. મને તેમાં જરા પણ મુશ્કેલી નથી. હું તમને બધો જ અધિકાર આપું છું.'

પાલક તો આ પ્રમાણે જ ઇચ્છતો હતો. તેને બદલો લેવાની તક મળી ગઈ. રાજા મહેલમાં ગયો. પાલકે બગીચામાં એક મોટું યંત્ર મૂકાવ્યું. તેમાં આચાર્ય સ્કંધકના એક-એક શિષ્યને શેરડીની જેમ પીસવા લાગ્યો. આચાર્ય પોતાના પ્રિય શિષ્યોને આત્મચિંતન માટે ઉશ્કેરતા અને કહેતા :

'શિષ્યો ! એક દિવસ બધાએ મરવાનું જ છે. પણ જે આત્મા ભાગ્યશાળી હોય તેને પંડિતોના હાથે મોત મળે છે. તેથી તમે પાલક ઉપર કયારેય ગુસ્સે થશો નહીં. તમે

એમ જ વિચારજો કે કરેલાં કર્મોનું ફળ ભોગવી રહ્યા છીએ. કોઇક જન્મમાં આની સાથે વેર બંધાયું હશે. તેના કારણે આના મનમાં આ વિચાર આવ્યો છે.'

આ પ્રમાણે આચાર્ય સ્કંધકની પ્રેરણાથી ૪૯૯ શિષ્યોએ સમાધિપૂર્વક આયુષ્ય પૂરૂં કર્યું. હવે એક છેલ્લા નાના શિષ્યનો વારો આવ્યો આ નાના શિષ્ય ઉપર આચાર્ય સ્કંધકને બહુ પ્રેમ હતો. પોતાની સામે આ પિલાશે તે વિચારતાં જ આચાર્યનાં રૂવાટાં ઊભાં થઈ ગયાં. તેમણે પાલકને કહ્યું:

'તેને પીલતા પહેલાં મને પીલી નાખો. કારણ કે તેનું મૃત્યુ હું મારી આંખો સામે જોઈ શકીશ નહીં.'

આ સાંભળી પાલક હસવા લાગ્યો અને બોલ્યો:

'અરે દુષ્ટ ! હજુ સુધી તને દુઃખ નથી થયું ? તો લે હું આને તારી સામે ધીરે ધીરે મારીશ, તેથી તારા મનમાં બહુ જ દુઃખ થશે.'

પાંચસો શિષ્ય સમાધિપૂર્વક મરી સિદ્ધ થઈ ગયા. આચાર્ય સ્કંધકને પાલકના આ ખરાબ કાર્ય ઉપર મનમાં ગુસ્સો આવ્યો. તેમને આવો વિચાર આવ્યો કે મારા તપ અને સાધનાનું ફળ હોય તો હું દુષ્ટ પાલક, પાપી રાજા અને અધાર્મિક જનતાને મારવાવાળો બનીશ.

આ ક્રોધમાં તેને પકડીને યંત્રમાં નાખવામાં આવ્યો. પાલક હસતો રહ્યો અને બોલ્યો કે આવા ધર્મ ઢોંગીઓથી હું ડરવાનો નથી. આચાર્યએ આયુષ્ય પૂરૂં કર્યું અને ભવનપતિ દેવોમાં અગ્નિકુમર દેવ બન્યા. આખા બગીચામાં લોહીની નદી વહેતી હતી. હજારો માંસાહારી પશુ-પક્ષી ત્યાં આવવા લાગ્યાં.

એક ગીધ પક્ષી આચાર્યશ્રીના લોહીથી ખરડાયેલું રજોહરણ પિંડ સમજી આકાશમાં લઇને ઉડયો. પણ તેમાં વજન વધારે હોવાથી તેના પંજામાંથી તે છૂટી ગયું અને મહારાણી પુરંદરયશાના મહેલની છતની સામે જઇને પડયું. લોહીથી ખરડાયેલા રજોહરણને જોઇ તે આશ્ચર્ય પામી. તે સમયે જ ગરમ પાણીથી એ રજોહરણ સાફ કરાવ્યું. અરે ! આ રજોહરણ તો મારા ભાઈનું છે. મેં મારા હાથે જ ભાઇ માટે બનાવ્યું હતું. શું મારો ભાઇ મરી ગયો ? તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

મહારાણીને દાસીઓએ કહ્યું કે તમારા ભાઇ મહારાજ જે જૈન આચાર્ય હતા તે પોતાના પાંચસો શિષ્યોની સાથે અહીં આવ્યા હતા. દુષ્ટ પાલકે મહારાજાને ચક્કરમાં નાખી પાંચસો મુનિઓને યંત્રમાં નાખી મારી નંખાવ્યા.

મહારાણી આ સાંભળી વિલાપ કરવા લાગી. તે સમયે આચાર્ય સ્કંધકનો જીવ જે દેવ બન્યો હતો તે પ્રગટ થયો અને તેણે પોતાની બહેનને કહ્યું :

'જો તું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માગતી હોય તો હું તને ભગવાન મુનિ વ્રત પાસે મોકલી આપું અને બીજું કોઈ પણ પ્રવ્રજ્યા લેવા ઈચ્છે તેને પણ ભગવાનના વાસમાં પહોંચાડી દઇશ. આ પ્રમાણે બહેન અને બીજી વ્યકિતઓને ભગવાનના ચરણોમાં પહોંચાડી દીક્ષા ગ્રહણ કરાવી.

પહેલાં કરેલા નિદાનને કારણે દેવે ભયંકર અગ્નિવર્ષા કરી. અગ્નિવર્ષાથી રાજા દંડક, પાપી પાલક અને આખી જનતા ચીસો પાડવા લાગી. ચારે બાજુ હોહાકાર મચી ગયો. બધા એ અગ્નિમાં બળીને મરી ગયા. જે લોકો અગ્નિથી બચીને ભાગતા હતા તેમને પણ દેવે પકડીને અગ્નિમાં હોમી દીધા. તે સમયથી લોકો એ પ્રદેશને દંડકારણ્યના નામથી ઓળખે છે.

સ્કંધકાચાર્યના કોપથી તે આખો પ્રદેશ ઉજ્જડ થઇ ગયો અને આજ સુધી આબાદ થઇ શકયો નથી. તેથી જ કહ્યું છે કે સંતને કયારેય સતાવો નહીં. સંતને સતાવવામાં નુકશાન છે. તેથી સંતની સેવા કરવી એ જ શ્રેષ્ઠ છે.

સમાપ્ત

# અવિનયથી અપ્રીતિ.

ઉજ્જયિની નગરીમાં અંબઋષિ નામનો એક સદાચારી બ્રાહ્મણ રહેતો હતો. તે જૈન ધર્મનો વિદ્વાન અને સાધુઓ પ્રત્યે પ્રેમ રાખવા વાળો હતો. તેની પત્નીનું નામ માલુગા અને પુત્રનું નામ નિમ્બક હતું. થોડા દિવસની બીમારીના કારણે માલુગાનું મૃત્યુ થયું. એનાથી બ્રાહ્મણનું મન સંસાર પરથી ઊઠી ગયું અને વિરકત થઈ ગયો. તેણે પુત્ર નિમ્બકની સાથે મુનિ-દીક્ષા લઈ લીધી.

નિમ્બક ખુબ જ નટખટ અને દુષ્ટ સ્વભાવનો હતો. ઉચ્છૃંખલ, અવિનયી અને અપ્રિય વાદી હોવાના કારણે તે બધા શ્રમણોને અપ્રિય લાગવા માંડયો. સ્વાધ્યાયના સમયે છીંકતો, ધર્મ-પ્રવચનના સમયે વિકથા કરતો, આ રીતે બીજાં પણ ઉંધાં કામ કરતો.

સાધુઓએ આચાર્યને જણાવ્યું- 'અહીં કાં તો નિમ્બકને રાખો અથવા અમને. એના કારણે અમારા સ્વાધ્યાય ધ્યાન સમાધિમાં ખુબ જ અંતરાય થાય છે.'

આચાર્યે નિમ્બકને સંઘમાંથી કાઢી મૂકયો, પુત્રપ્રેમવશ અમ્બઋષિ પણ તેની સાથે નીકળી ગયા. બીજા શ્રમણ સમૂહમાં ગયા, નિમ્બકના અપ્રિય આચરણને કારણે ત્યાંથી પણ કાઢી મુકવામાં આવ્યો. આ રીતે ઉજ્જયિનીના પાંચ ઉપાશ્રય (વસ્તી)માં તેને કયાંય સ્થાન ન મળ્યું.

અંબઋષિ પુત્રના ઉદ્દંડ સ્વભાવથી ખૂબ જ દુઃખી થઇ ગયા. તેને લઈને તે બાગમાં ગયા. એક વૃક્ષની નીચે બેસીને રડવા લાગ્યા. પિતાને દુઃખી અને આંસુ સારતા જોઈને નિમ્બકનું દિલ પણ ભાંગી ગયું. તેણે દુઃખી થઇને પૂછયું–'પિતાજી ! આ શું વાત છે ?'

અંબઋષિએ કહ્યુ.— 'તું બધાના માથાનો દુઃખાવો થઈ રહ્યો છે, આફતનું મંદિર તુ જ છે. તારા કારણે મારે પણ ઠેર ઠેરની ઠોકરો ખાવી પડે છે.

પિતાનું દુઃખ જોઇને નિમ્બકને સાચે સાચ પસ્તાવો થયો. તેણે પિતાના ચરણોમાં પડી જઈને ક્ષમા માગી અને કહ્યું– 'પિતાજી ! હવે ફકત એક તક બીજી આપો. મને એક વાર ઉપાશ્રયમાં સ્થાન અપાવી દો. હું બધા શ્રમણોને ખુશ કરી લઈશ.'

અંબઋષિ નિમ્બકને લઇને પાછા આચાર્યના પાસે આવ્યા. તેમને આવેલા જોઈ બધા શ્રમણો ખિન્ન થઇ ગયા અને તેને ધૂરકવા લાગ્યા. અંબઋષિએ ગુરૂને વિનયપૂર્વક

કહ્યું—

'ભગવન્ ! હવે નિમ્બક સમાચારીમાં સારો ચાલશે. તમે બે દિવસ એની પરીક્ષા કરી લો.' તો પણ શ્રમણોએ રાખવાનું ના ઇચ્છયું

આચાર્યે કહ્યું- 'એક દિવસ તો મહેમાન સમજીને રહેવા દે...'

નિમ્બકનો વ્યવહાર બદલાઈ ગયો હતો. તેણે બધા શ્રમણોનો વિનય કર્યો. એક દિવસમાં શ્રમણ તેના વ્યવહારથી સંતોષ પામ્યા અને પાછો તેને સંઘમાં સામેલ કરી લીધો.

કહ્યું છે—

વિણય-રહિઓ ન ઢાળં યાવરૂ,
ખહ નિંબઓ ચુળો લહઈ ॥ ૮૫ ॥

વિનય રહિતને ક્યાંય આશ્રય મળતો નથી, વિનયયુક્ત હોવાથી જ આશ્રય મળે છે, જેવી રીતે નિમ્બકને.......

—ધર્મોપદેશમાલા, વિવરણ, કથા ૧૪૨

